श्रीमद्-

भगवद्गीता भाषान्तर.

શ્રીધરી ટીકાને અનુસાર,

શુદ્ધ-સરલ ગુજરાતી ભાષામાં વ્યાખ્યાન સહ.

લખનાર.

કલ્યાણજી રણછોડજી વ્યાસ.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર.

અમદાવાદ—ત્રણદરવાજે.

સંવત ૧૯[illegible] સને ૧૯૦૦

श्रीमद्-

भगवद्गीता भाषान्तर.

શ્રીધરી ટીકાને અનુસારે

શુદ્ધ-સરલ ગુજરાતી ભાષામાં વ્યાખ્યાન સહ

રચનાર.

દયાળજી રણછોડજી વ્યાસ.

શ્રીમદ્ ભાગવત, તુલસીકૃત, અધ્યાત્મ અને વા-
લ્મીકિ રામાયણ, વિદુરનીતિ તથા મણિરત્નમાળા
ઇત્યાદિ ગ્રંથોનાં ભાષાંતર કર્તા.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર.

[illegible] સને ૧૯૦૮

મૂલ્ય આના દસ.

यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव विलीयते ।
येनेदं धार्यते चैव तस्मै ज्ञानात्मने नमः ॥

शंकर

AHMEDABAD.
Printed at The Diamond Jubilee Printing Press

૭૫૧૯

અનુક્રમ.

અધ્યાય	વિષય.	પૃષ્ઠ
	ઉપોદ્ઘાત	૧
	કરન્યાસ.	[illegible]
	હૃદયાદિન્યાસ.	[illegible]
	ધ્યાન	[illegible]
	મંગલ.	[illegible]
	ગીતામાહાત્મ્ય.	૨૦
૧	અર્જુનવિષાદયોગ	[illegible]
૨	સાંખ્યયોગ	[illegible]
	કર્મયોગ.	[illegible]
૪	જ્ઞાનવિભાગયોગ.	[illegible]
૫	સંન્યાસયોગ.	[illegible]
૬	અધ્યાત્મયોગ.	[illegible]
૭	જ્ઞાનયોગ	[illegible]
૮	અક્ષરબ્રહ્મયોગ	[illegible]
૯	રાજવિદ્યારાજગુહ્યયોગ.	[illegible]
૧૦	વિભૂતિયોગ.	[illegible]

અધ્યાય	વિષય.	પૃષ્ઠ.
૧૧	વિશ્વરૂપયોગ	૨૪૪
૧૨	ભક્તિયોગ.	૨૭૪
૧૩	ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ.	૨૮૪
૧૪	ગુણત્રયવિભાગયોગ.	૩૦૩
૧૫	પુરૂષોત્તમયોગ.	૩૧[illegible]
૧૬	દૈવાસુરસંપદ્વિભાગયોગ.	૩૨[illegible]
૧૭	શ્રદ્ધાત્રયવિભાગયોગ.	૩૩[illegible]
૧૮	સંન્યાસયોગ.	૩૫૧
*	જાહેર સૂચના.	૩[illegible]
*	નવીન [illegible] ખબર.	૩[illegible]

ॐ

यदायदाहिधर्मस्यग्लानिर्भवतिभारत ।

अभ्युत्थानमधर्मस्यतदात्मानंसृजाम्यहम् ॥

गी० अ० ४. श्लो० ७

प्रियाश्रमे विष्णुः स्वरूपमगादवेदानपूर्णं



व्यासजी
कल्याणजी
संशोधित.

श्रीमद्

भगवद्गीता भाषान्तर.

सुधारा वधारा साथे
आवृत्ति बीजी

मूल्य आना दस.

15712

यो देवोऽग्नौ योऽप्सु यो विश्वं भुवनमाविवेश ।
य ओषधीषु यो वनस्पतिषु तस्मै देवाय नमोनमः ॥

श्वेताश्वतरोपनिषद्

[આની પ્રથમાવૃત્તિ સં. ૧૯૫૪ માં પ્રગટ થઈ હતી.]

ॐ-तत्-सत् ॥

ઉપોદ્ઘાત.

यत्कटाक्षशशिसान्द्रचन्द्रिकापानधूतभवतापजश्रमः ।
प्राप्तवानहमखण्डवैभवानन्दमात्मपदमक्षयं क्षणात् ॥

શ્રીમદ્ ભગવદ્ગીતા એ સ્વતંત્ર પૃથક્ બનેલું પુસ્તક નથી, પણ ઈતિહાસોનો સાગર જે મહાભારત છે, તેનું ભીષ્મપર્વાન્તરગત એક પ્રકરણ છે. એને જ્ઞાનોપયોગી સમગ્ર મહાભારતથી નિરાળું કરી પ્રચાર કરેલો છે. તેમાં સંસારમાં ફરીફરીને જન્મ-મરણનાં દુઃખથી કેમ છુટાય, તે ઘણીજ સારી રીતે બતાવેલું છે. તેમાં બતાવેલી શિક્ષા એવી તો ઉત્તમ છે કે, પાશ્ચિમાત્ય દેશના લોકો પણ મોહ પામી ગયા છે, એ ઉપરથી એટલું તો નક્કી થાય છે કે, એ પુસ્તકમાં કોઈક અમૂલ્ય સાર રહેલો છે. ગીતા બીજી પણ છે, જેમકે—રામગીતા, શિવગીતા, ભિક્ષુગીતા, સતીગીતા, અંગીતા, પિંગલગીતા, શમ્પાકગીતા, બોધ્યગીતા, વૃત્રગીતા, પરાશરગીતા અને અનુગીતા—આદિ ગીતાઓ ઘણીછે, પણ તે બધી ગીતા, શ્રીમદ્ ભગવદ્ગીતાના સમાન પ્રશંસનીય નથી; કારણ કે ભગવદ્ગીતામાં જે ઉત્તમ બોધ સમાયેલો છે, તે શ્રીકૃષ્ણે, સંસારથી કંટાળેલા એવા મોહ માણસને આપ્યો નથી પ-

રન્તુ સાંસારિક ખટપટમાં અને રાજકાજના વ્યવહારમાં ગુંથાયલા અર્જુનને આપ્યો છે, એથી પુરવાર થાય છે કે, સંસારી જીંદગી કોઈપણ રીતે અટકાવ રૂપ થઈ પડતી નથી, માટે જ્યાં સુધી **ધર્મ, નીતિ** અને ગુપ્ત **જ્ઞાન**ની વૃદ્ધિ થઈ નથી, જ્યાં સુધી આ દેશના આર્યંતરેશુને જડવાદની જાળમાં ફસાતા બચાવવાનો અન્ય પુરૂષાર્થ કરવામાં આવશે નહિ, ત્યાં સુધી આ દેશની ઉન્નતિની આશા આકાશ કુસુમવત્ છે. એનું શ્રીમદ્ ભગવદ્ગીતા નામ એ માટે પ્રસિદ્ધ છે કે—અર્જુનનું હિત વિચારી તેના સારથી થયેલા એવા ભગવાન્ **શ્રીકૃષ્ણે** યુદ્ધના પ્રારંભમાં, ધર્મનીતિને વિચારી **અર્જુન**ને જે ઉપદેશ કરેલો છે, એ ઉપદેશનું નામ ભગવદ્ગીતા છે. ભગવદ્ એવા શ્રીકૃષ્ણે ગાયેલી તે ગીતા, 'ગૈ' શબ્દ ધાતુથી ગીતા શબ્દ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા એ એક અપૂર્વ અદ્વિતિય ગ્રન્થ છે. ગીતા એ અધ્યાત્મ વિદ્યાનું શિખર અને સઘળા લોક વ્યવહારનો આદર્શ છે. ગીતાની યોગ્યતાના વિષયમાં જે કાંઇ કહેવું, એ મનુષ્ય બુદ્ધિથી બાહાર છે. આ ગમ્ભીરાશય શાસ્ત્રના અભિપ્રાયનું વર્ણન કરવું અત્યન્ત દુર્ઘટ છે, જગત્ જીવ અને ઈશ્વર સત્ ચિત્ અને આનંદ આ ત્રણ પરમતત્વના સંબંધમાં જે જે પ્રશ્નો મનુષ્યનાં હૃદયમાં ઉદ્ભવે, તે સર્વનો પ્રત્યુત્તર આ એક શાસ્ત્રમા છે, ગીતા શાસ્ત્ર તત્વજ્ઞાનથી પૂર્ણ છે. મહાસમર્થ પંડિ-

તેનાં સેંકડો ભાષ્યો ઉપર લખાયા છતાં, તેના તત્ત્વવિચારના પારને પમાતું નથી એવું ગહન, સર્વ શાસ્ત્રોનો જેમાં અભિનિવેશ છે, વેદના શિરોભાગ ગણાતા ઉપનિષદોનું દોહન કરી **શ્રીકૃષ્ણે** નિર્માણ કરેલું, વેદના મંત્રો સમાન જેનાં વચનો પ્રબળ પ્રમાણ ગણાય છે એવું જે ગીતાશાસ્ત્ર તે સમાન મહાભારતના કોઈપણ પ્રકરણે સર્વમાન્યતા સંપાદન કરી નથી, એજ આ ગ્રન્થની મહત્તા છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા, વાંચવા તથા મનન કરવા બેઠેલા વિદ્વાન્ લોકોને નવીન નવીન આશયોનું સ્ફુરણ આપીને પોતાનામાં રહેલા અખૂટ જ્ઞાનમય ખજાનાની સૂચના આપે છે. પોતામાં રહેલા જ્ઞાનરૂપી રસના એકેક બિંદુથી પણ સહૃદય જનને જ્ઞાનમાં મગ્ન કરી દે છે. ગીતાના અઢારે અધ્યાયનો પરસ્પર અન્વય જો કે પ્રત્યેક્ અધ્યાયની શરૂવાતમાં જણાવ્યો છે; તો પણ આ ગ્રંથનો અભ્યાસ વિશેષ સરળ થવા અત્રે પણ તેનું સુચન કરવામાં આવ્યું છે. એટલે કે પ્રથમાધ્યાયમાં અધિકાર નિર્ણય કરી, બીજામાં ભેદ માત્રના મિથ્યાત્વદ્વારા કર્ત્તવ્ય દર્શાવ્યું છે. અને પછી એ નિશ્ચય ઉપર જે જે શંકાઓને જન્મ થવાનો સમ્ભવ છે, તે મનમાં રાખી બાકીના સોળ અધ્યાયની રચના છે. ત્રીજા તથા ચોથા અધ્યાયનો ઉદ્દેશ અનધિકારી માટે નિષ્કામ કર્મનિષ્ઠા દર્શાવવાનો છે. અને પાંચમા તથા છઠ્ઠા અધ્યાયમાં શમદમાદિ પુરઃસર યોગમાર્ગ જણાવેલ છે. આ પ્રમાણે

કર્મ-યોગ-અને-જ્ઞાન ત્રણે પ્રકાર દર્શાવી, અભેદ છે એજ તત્ત્વ છે, એ સમજાવતાં ' तत्त्वमसि ' એ મહાવાક્યના ' त्वम् ' પદાર્થનું સ્વરૂપ સ્પષ્ટ રીતે આ પ્રથમ ષટ્‌કમાં સમજાવવામાં આવેલ છે. બીજા ષટ્‌કમાં કનિષ્ઠાધિકાર-વાળાઓ માટે ઉપાસના-ભક્તિનો ઉપદેશ કરતાં ભક્તિ વિષય જે પરમાત્મા તેનું ' तत्त्वमसि ' એ મહાવાક્યના ' तत् '-પદાર્થનું સ્વરૂપ સમજાવ્યું છે. સાતમા અધ્યાયમાં પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન કહ્યું છે. આઠમામાં બ્રહ્મ શું ? કર્મ શું ? એ જે સાતમા અધ્યાયમાં પ્રશ્નો ઉઠ્યા છે, તેનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા અધ્યાયમાં ભક્તિયોગ, જ્ઞાન એ સર્વનું ઐક્ય દર્શાવીને તે સાધવાને માટે રહસ્યરૂપ રાજયોગ સમજાવવામાં આવેલ છે. દશમા તથા અગ્યારમા અધ્યાયમાં રાજ-યોગોક્ત સમાધિનું સ્થાન અખિલ બ્રહ્માન્ડ છે, એ અનુ-ભવવા તથા કર્તૃત્વ અને ભોક્તૃત્વ મિથ્યા છે એ સમ-જાવેલ છે. અને બારમા અધ્યાયમાં સાતમા અધ્યાયથી આરંભ કરેલ ભક્તિના પ્રકારનો ઉપસંહાર છે. આ પ્રમાણે બાર અધ્યાયની પ્રવૃત્તિ છે. હવે છેલ્લા ૭ અ-ધ્યાય એટલે તેરથી અઢાર સુધીમાં तत् અને त्वम् નો પરમ અભેદ દર્શાવવા, શ્રેષ્ઠ અધિકારીને ઉપદેશ સમ-જાવી સર્વ કર્મ સંન્યાસ કથેલ છે. તેમાં તેરમા અધ્યાયમાં પ્રકૃતિ પુરૂષના વિવેક દર્શાવ્યો છે. ચૌદમા અધ્યાયમાં પ્રકૃતિના ગુણ અને ગુણના કાર્ય અનું વિવેચ-

છે. પંદરમા અધ્યાયમાં ગુણાતીત માયા માત્રની પાર જઇ આત્મમય છે, એવી ભક્તિનું વર્ણન છે. સોળમા અધ્યાયમાં ગુણાનુસાર દૈવી–આસુરી–સંપત્નો વિષય છે. સત્તરમા અધ્યાયમાં ગુણાનુસાર આહાર કર્માદિની વ્યવસ્થા દર્શાવી અધમ અધિકારીને માટે ગુરૂ શાસ્ત્રાદિકજ નિયામક છે એમ સમજાવેલ છે. અને છેલ્લા અઢારમા અધ્યાયમાં સકળ શાસ્ત્રાર્થનો ઉપસંહાર કરી નિર્ભ્રાન્ત થઇ અભેદાનુભવમાં સર્વ કર્મ સંન્યાસનો અધિકાર વર્ણવેલ છે.

આપણા આર્યધર્મનું મૂળ વેદ છે, વેદના કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણ વિભાગમાંનો જે જ્ઞાન કાન્ડ તે બીજા બે કાન્ડનો નિયામક છે. ઉપનિષદ્ ભાગને અવલંબી વ્યાસકૃત બ્રહ્મસૂત્રોના સમાન ગીતા પણ માર્મિક રહસ્ય રૂપ ઉદ્ગાર છે, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ગીતા એ ત્રણની એક વાકયતા કરીને જે કોઈ તત્વદર્શન સ્થાપવામાં આવે તે પ્રમાણ ગણાય છે. ગીતાશાસ્ત્રનું મુખ્ય રહસ્ય મોક્ષ માર્ગની પ્રક્રિયા જણાવી માણસને પ્રવૃત્તિ ધર્મમાંજ નિવૃત્તિ ધર્મનો માર્ગ જણાવવાનું છે. વેદના જેમ ત્રણ ભાગ કહ્યા, તેમ ગીતાના પણ છ છ અધ્યાયના ત્રણ ભાગ મળીને અઢાર અધ્યાયમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન પ્રતિપાદન કરેલ છે. પ્રથમ ષટ્કમાં કર્મ નિષ્ઠાનું વર્ણન કરતાં યુક્તિ પ્રયુક્તિથી त्वं પદાર્થનું શોધન કર્યું છે, બીજામાં ભગવદ્ ભક્તિનું વર્ણન કરતાં સૂક્ષ્મ રીતે તત્ પદાર્થનો વિવેક કહ્યો છે, અને ત્રીજા ષટ્કમાં

જ્ઞાનનિષ્ઠા પ્રકટ કરતાં तत्त्वंનું ઐક્ય સિદ્ધ કર્યું છે. અર્જુનના હૃદયમાં વૈરાગ્યનો ઉદય થવો એ પ્રથમાધ્યાયનો વિષય છે. વૈરાગ્ય વગર જ્ઞાન, કર્મ કે ભક્તિનો અધિકારજ પ્રાપ્ત થતો નથી. અર્જુનને પરમતત્ત્વ જ્ઞાનનો ઉપદેશ ભગવાને કર્યો, તે યથાર્થ સમજમાં ન આવવાથી અર્જુને સમજવા માટે ભગવાનને જે સંશયો પૂછ્યા. તે સંશયોનું છેદન શ્રીકૃષ્ણે જે કર્યું તેજ બાકીના સોળ અધ્યાયોમાં છે; અર્થાત્ બીજા અધ્યાયની ટીકારૂપેજ બાકીના ૧૬ અધ્યાયો છે. પ્રત્યેક્ મનુષ્યે આ સંસારમાં જન્મ લઇ, ભવસાગરથી પાર થવા માટે, ગીતાશાસ્ત્રનો અભ્યાસ કરવો ઘટે છે. આ પુસ્તકનું આદ્યોપાંત અવલોકન કરવાથી જરાપણ સંશય રેહેતો નથી. આ પુસ્તકના અધ્યયનથી મનુષ્ય ચારે પુરુષાર્થ સમ્પાદન કરી શકે છે; માટે પ્રત્યેક્ મનુષ્ય પોતાના હૃદયમન્દિરમાં ગીતાને સ્થાન આપે, એજ પ્રભુને મારી પ્રાર્થના છે !

આ ભાષાન્તર સર્વને એક સરખી રીતે ઉપયોગી થઇ પડે એ માટે સ્થળે સ્થળે ટિપ્પણ આપવામાં આવ્યું છે. આ ગ્રંથનું ભાષાંતર મુમુક્ષુઓ સમક્ષ ધરતાં પેહેલાં સવિનય નમ્ર પ્રાર્થના એટલીજ છે કે દૃષ્ટિ દોષથી દોષો રહિ ગયા હોય, તો તે પ્રત્યે દૃષ્ટિ ન કરતાં વિદ્વાન્ લોકો સુધારીને વાંચશે; કારણ કે—सर्वः सर्वं न जानाति !

અમદાવાદ. } **કલ્યાણજી રણછોડજી વ્યાસ.**
અક્ષય તૃતીયા. } ભાષાન્તર કર્તા.

ॐ तत्सद्ब्रह्मणे नमः ॥

श्रीकृष्णाय नमः ॥ श्रीगोपालकृष्णाय नमः ॥

(अथ करन्यासः)

ॐ अस्य श्रीमद्भगवद्गीतामालामंत्रस्य भगवान्वेदव्यास ऋषिः ॥ अनुष्टुप् छंदः ॥ श्रीकृष्णः परमात्मा देवता ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषस इति बीजम् ॥ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रजेति शक्तिः ॥ अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥ नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावक इत्यंगुष्ठाभ्यां नमः ॥ न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुत इति तर्जनीभ्यां नमः ॥ अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव चेति मध्यमाभ्यां नमः ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातन इत्यनामिकाभ्यां नमः ॥ पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश इति कनिष्ठिकाभ्यां नमः ॥ नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेति करतलकरपृष्ठाभ्यां नमः ॥ इति करन्यासः ॥

ॐ (પરબ્રહ્મ) આ શ્રીમદ્ ભગવદ્‌ગીતા [વ-ચન] માલારૂપી મંત્રના ભગવાન્ વેદવ્યાસઋષિ+ છે, અનુષ્ટુપ્ છન્દ છે. શ્રીકૃષ્ણ* પરમાત્મા દેવતા છે. ॥[1]अशोच्या नन्व शोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ॥ 'શોચ્ય કરવાને અયોગ્ય તેનો તું શોચ કરે છે. (અને) બુદ્ધિ-માન્ પુરૂષોએ કહેવા યોગ્ય નહિ એવું કહે છે.' એ બીજ છે. ॥[2]सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं

+ ઋષિ—એટલે દૃષ્ટા; કારણ કે શ્રીમદ્‌ગીતાનાં વ-ચન શ્રી વ્યાસજીકૃત નથી, શ્રીકૃષ્ણનાં વચનો છે, તેનો વ્યાસે સંગ્રહ કરેલ છે, માટે દૃષ્ટા.

* ભક્તોના પાપોને દૂર કરે છે પાપ કર્ષણ કર-વાના કારણથી તેને કૃષ્ણ કહે છે. જે સકળ જીવોના આત્મા અર્થાત્ પરમાત્મા છે.

૧ આ પુસ્તકના બીજા અધ્યાયના ૧૧ મા શ્લોકનો પૂર્વાર્દ્ધ છે. તે બીજ—પ્રારંભનું કારણ છે. બીજનું આરોપણ ફળ માટેજ હોય છે. અહિં અર્જુનને શોક થવો એ બીજ છે, તે ઉપરથી તેનું ફળ તેવું થવાનું નથી. શોકનો તો આભાસ છે. તે શોકનાં આભાસનો જે અભાવ તે આ ગ્રન્થનું ફળ છે.

૨ અઢારમા અધ્યાયના ૬૬ મા શ્લોકનો પુર્વાર્ધ્ધ એ આ મંત્રની શક્તિ—ફળ મેળવવાનું સામર્થ્ય છે.

व्रज इति ॥ 'સર્વ ધર્મનો પરિત્યાગ કરી મને એકને શરણ જા.' એ શક્તિ છે. ॥ [3]अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुच ॥ 'હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. શોચ મા કરશ,' એ કીલક—કુંચી છે. ॥ [4]नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥ 'આને શસ્ત્રો છેદતાં નથી, પાવક દાઝ કરતો નથી.' એવડે કરીને એ અંગુઠાને નમસ્કાર. [5]न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ 'વળી આને જળ પલાળતું નથી, કે મારુત શોષતો નથી.' એવડે કરીને એ તર્જનીને નમસ્કાર. ॥ [6]अच्छेद्योऽयं मदाह्योऽयं

---

૩ અઢારમા અધ્યાયના ૬૬ મા શ્લોકનો ઉત્તરાર્ધ એ મંત્રની કુંચી છે. (કુંચી વગર જેમ તાળું ઉઘડતું નથી, અને તાળું ઉઘાડયા વગર પેટી-પટારા તિજોરી કે ઘરમાં શું છે ? તેની ગમ પડતી નથી. તેમજ આ ગ્રન્થમાં કથેલું જ્ઞાન પ્રાપ્ત થયા પછી શોકનો અભાવ થવાની કુંચી આ ભગવત્ પ્રતિજ્ઞા છે; એટલે કે જ્યારે ઈશ્વર પાપોથી મુક્ત કરે, ત્યારેજ પાપોથી મુક્ત થઇ શકાય છે.

૪ અધ્યાય બીજાના ૨૩ મા શ્લોકનો પૂર્વાર્દ્ધ.

૫ અધ્યાય બીજાના ૨૩ મા શ્લોકનો ઉત્તરાર્ધ.

૬ અ. બી. ૨૪ મા શ્લોકનો પૂર્વાર્ધ.

મક્લેદ્યોઽ શોષ્ય એવચ ॥ 'આ (આત્મા) નિત્ય—અ-ચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય, અને અશોષ્ય છે.' એ વડે કરીને બે મધ્યમાને નમસ્કાર. ॥ [૫]નિત્યઃ સર્વગતઃ સ્થાણુ રચલોઽયં સનાતનઃ ॥ '(આત્મા) નિત્ય, સર્વવ્યાપી, સ્થાણુ, અચળ અને સનાતન છે.' એ વડે કરીને બે અનામિકાને નમસ્કાર. ॥ [૬]પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ ॥ 'હે પાર્થ! મારા શત સહસ્રાવધિ રૂપ જો.' એ વડે કરીને બે કનિષ્ટ-કાને નમસ્કાર. ॥ [૮]નાના વિધાનિ દિવ્યાનિ નાના વર્ણાકૃતિ નિચ ॥ 'નાનાવિધ, દિવ્ય નાના વર્ણાકૃતિવાળાં (રૂપ જો.)' એ વડે કરીને હાથનું તળ અને કર-પૃષ્ટ ભાગને નમસ્કાર.

(આ પ્રમાણે કરન્યાસઃ)

અથ હૃદયાદિન્યાસઃ ॥

નૈનં છિન્દંતિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવક ઇતિ

---

૭ અધ્યાય બીજાના ૨૪ મા શ્લોકનો ઉત્તરાર્દ્ધ.

૮ અ. ૧૧ ના ૫ મા શ્લોકનો પૂર્વાર્દ્ધ.

૯ ૫ મા શ્લોકનો ઉત્તરાર્દ્ધ.

हृदयाय नमः ॥ न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुत इति शिरसे स्वाहा ॥ अच्छेद्योऽयमदाह्योऽयम्‌क्लेद्योऽशोष्य एव चेति शिखायै वषट् ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातन इति कवचाय हुम् ॥ पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश इति नेत्रत्रयाय वौषट् ॥ नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेति अस्त्राय फट् ॥ श्रीकृष्णप्रीत्यर्थे पाठे विनियोगः ॥

॥ नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥ 'આને શસ્ત્રો છેદતાં નથી, પાવક દાહ કરતો નથી.' એ વડે [1]હૃદયને નમસ્કાર. ॥ न चैनं क्लेदयं त्यापो न

---

૧ હૃદય જીવાત્મા તથા પરમાત્માનું રહેઠાણ છે, માટે પ્રથમ નમન કરવાનું કહ્યું છે. હૃદયાદિન્યાસમાં વાપરેલા સ્વાહા:, વષટ્, હુમ્, વૌષટ્ અને ફટ્ એ પાંચ વૈદિક યજ્ઞના પારિભાષિક અવ્યયો છે. વૈદિક યજ્ઞમાં જે પ્રમાણે અગ્નિમાં સ્વાહાકાર પૂર્વક, વષટ્કારથી પ્રોક્ષિત કરેલ શુદ્ધ દ્રવ્ય હોમાય છે, તે પ્રમાણેજ આ જપરૂપી યજ્ઞમાં વેદી જે મસ્તક તેમાં જ્ઞાનરૂપી અગ્નિ પ્રજ્વલિત છે, તેમાં જળયજ્ઞની આહુતિ આપવાની છે. યજ્ઞમાં જેમ બ્રહ્મા, ઉદ્ગાતા, હોતા અને અધ્વર્યું

शोषयति मारुतः ॥ 'વળી આને જળ પલાળતું નથી, કે મારૂત શોષતો નથી,' એ વડે શિરસે સ્વાહા. ॥ अच्छेद्योऽय मदाह्योऽय प्रक्लेद्योऽशोष्य एवच ॥ 'આ (આત્મા) નિશ્ચય—અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય અને

એ ચાર મુખ્ય કર્મ કરનારા પોતપોતાના કર્મના મંત્રો બોલતી વેળાએ મંત્રને છેડે સ્વાહા:, વષટ્, હુમ્ અને વૌષટ્નો ઉચ્ચાર કરી કર્મમાં પ્રવર્તે છે, તે પ્રમાણેજ આ હૃદયાદિન્યાસ—જપયજ્ઞમાં મસ્તક, શિખા, કવચ અને નેત્રની લક્ષપૂર્વક પ્રવૃત્તિ કરવાનું આમાં કથન છે. યજ્ઞના સ્થાનની અને યજ્ઞની નિર્વિઘ્ને સમાપ્તિ થવા માટે કવચ તથા શસ્ત્ર-અસ્ત્રથી સંરક્ષણ કરવામાં આવે છે, તે પ્રમાણેજ અમુક મંત્ર, કવચ, નેત્ર એજ શસ્ત્ર અને ફટ્ એટલે યજ્ઞમાં દિગ્બંધ માટે વપરાતા મંત્રના અંતનો અવ્યય શસ્ત્રને ઠેકાણે યોજેલ છે. બે નેત્રને બદલે ઉપર ત્રણ નેત્રને વૌષટ્કાર લગાડવાનું કારણ એ છે કે, મંત્રશાસ્ત્રના અધિષ્ઠાતા શ્રી સદાશિવજી છે, તેને ત્રણ નેત્ર છે, તે સદાશિવજીનું ધ્યાન તે સ્થળે ધરવા માટે તથા બે દેખતાં નેત્ર બાહ્ય વસ્તુ જોવા માટે છે, પરન્તુ અન્દરના પદાર્થનું અવલોકન તો ત્રીજાં જ્ઞાન નેત્રવડે થઈ શકે છે, અને તે જ્ઞાન નેત્રનું સ્થળ તે હોવાથી ત્રણ નેત્ર લખેલ છે.

અશોષ્ય છે.' એ વડે શિખાને વષટ્. ॥ नित्यः सर्वगतः स्थाणु रचलोऽयं सनातन ॥ '(આત્મા) નિત્ય, સર્વવ્યાપી, સ્થાણુ, અચળ અને સનાતન છે,' એ વડે કવચાયહુમ્, ॥ पश्यमे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ॥ 'હે પાર્થ ! મારાં શત સહસ્ત્રાવધિ રૂપજો.' એ વડે નેત્રત્રયાય વૌષટ્. ॥ नाना विधानि दिव्यानि नाना वर्णाकृतीनिच ॥ 'નાનાવિધ, દિવ્ય, નાનાવર્ણાકૃતિવાળાં (રૂપજો.)' એ વડે અસ્ત્રાય ફટ્. શ્રી કૃષ્ણની પ્રીતિને અર્થે જપમાં વિનિયોગ છે.

(આ પ્રમાણે હૃદયાદિન્યાસઃ)

(अथ ध्यानमः)

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं व्यासेन ग्रथितां पुराणमुनिना मध्येमहाभारतम् ॥ अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनीमंबत्वामनुसंदधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥ १ ॥ नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविं-

दायतपत्रनेत्र ॥ येन त्वया भारततैलपूर्णः प्रज्वा-
लितो ज्ञानमयः प्रदीपः ॥ २ ॥ प्रपन्नपारिजाताय
तोत्रवेत्रैकपाणये ॥ ज्ञानमुद्राय कृष्णाय गीतामृ-
तदुहे नमः ॥ ३ ॥ सर्वोपनिषदो गावो दोग्धा गो-
पालनंदनः ॥ पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गी-
तामृतं महत् ॥ ४ ॥ वसुदेवसुतं देवं कंसचा-
णूरमर्दनम् ॥ देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम्
॥ ५ ॥ भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनी-
लोत्पला शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेला-
कुला ॥ अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनाव-
र्तिनी सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः
केशवः ॥ ६ ॥ पाराशर्यवचःसरोजममलं गीता-
र्थगंधोत्कटं नानाख्यानककेसरं हरिकथासंबोध-
नाबोधितम् ॥ लोके सज्जनषट्पदैरहरहः पेपीय-
मानं मुदा भूयाद्भारतपंकजं कलिमलप्रध्वंसि नः
श्रेयसे ॥ ७ ॥ गीता सुगीता कर्तव्या किमन्यैः
शास्त्रसंग्रहैः । या स्वयं पद्मनाभस्य मुखपद्मा-
द्विनिः सृता ॥ ८ ॥ सर्व शास्त्रमयी गीता सर्वदे-
वमयो हरिः । सर्व तीर्थमयी गंगा सर्ववेदमयो
मनुः ॥ ९ ॥ मूकं करोति वाचालं पंगुं लंघयते

गिरिम् ॥ यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥ १० ॥ यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवैर्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ॥ ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति यं योगिनो यस्यांतं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥ ११ ॥ इति ध्यानम् ॥

શ્રી ભગવાન્ નારાયણે, પૃથાપુત્ર–અર્જુનને પોતે પ્રતિબોધ કરેલ છે એવી; પુરાણમુનિ (સર્વ પુરાણોના કર્તા) વ્યાસજીએ **મહાભારત**માં ગુંથેલ છે. અદ્વૈત–એકજ પરમાત્માના જ્ઞાનભક્તિરૂપી, અમૃતની વૃષ્ટિ કરનારી, અઢાર અધ્યાયવાળી, ભગવતી માતા–ભગવાન્ નારાયણની બીજી શબ્દમય મૂર્ત્તિ×

× ભગવાન્‌ની ગીતારૂપી વાણીમયી મૂર્ત્તિનું આ પ્રમાણે વર્ણન છે.

वक्त्राणि पंच जानीहि पंचाध्यायाननुक्रमात् ।
दशाध्याया भुजाश्चैक मुदरं द्वौ पदांबुजे ॥ १ ॥
एवमष्टादशाध्यायी वाङ्मयी मूर्तिरैश्वरी ।
जानीहि ज्ञानमात्रेण महापातक नाशिनी ॥ २ ॥

ગીતાના પ્રથમથી પાંચ અધ્યાય એ પાંચ મુખ જા-

સંસાર—અહંતા મમતાની દ્વેષી: હે અંબા! **ભગવદ્ગીતા** હું તારી સાધના કરૂં છું; અર્થાત્ ધ્યાન ધરૂં છું. ૧ વિશાળ બુદ્ધિવાળા અને પ્રકાશમાન પ્રફુલ્લિત નેત્રવાળા **હે વ્યાસજી!** આપને નમસ્કાર છે; કારણ કે (આપે) સંપૂર્ણ તેલથી ભરેલા મહાભારત ગ્રન્થરૂપી પાત્રમાં જ્ઞાન સ્વરૂપી મોટા દીપક (એવી ગીતા) ને પ્રકાશિત કરી. ૨ શરણાગતને પારીજાત રૂપ, હાથમાં છડી રાખનારા, જ્ઞાન સ્વરૂપ અને ગીતારૂપી અમૃતનું દોહન કરનારા **શ્રીકૃષ્ણને** નમસ્કાર છે. ૩ સર્વ ઉપનિષદોરૂપી ગાયોનું દોહન કરનાર **ગોપાલનન્દન** (શ્રીકૃષ્ણ) છે. (અને તે) ગીતારૂપી મોટું અમૃતફળ (જ્ઞાનરસ) તેના ભોક્તા (પીનાર) સદ્બુદ્ધિવાળા વત્સ **પાર્થ** (અર્જુન) છે. ૪ કંસ અને ચાણૂર (દૈત્ય) ને મારનારા, દેવકીને પરમઆનંદ આપનારા, વસુદેવજીના પુત્ર (અને) જગતનાગુરૂ

ણવાં ૭ થી પંદરમા અધ્યાય સુધીના દશ અધ્યાય તેને દશ હાથ જાણવા. ૧૬ મો અધ્યાય પેટ, અને ૧૭ તથા ૧૮ એ બે અધ્યાય ચરણકમળ. આ પ્રમાણે અઢાર અધ્યાયવાળી, મોટાં પાપોનો નાશ કરનારી, વાણીમયી ઈશ્વરની મૂર્તિ જ્ઞાનથી જાણવી.

દેવ **શ્રીકૃષ્ણને** વન્દન કરૂં છું. ૫ ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યરૂપી બે તટવાળી, જયદ્રથરૂપી જળવાળી, ગાંધારિના પુત્ર શકુનિરૂપી શ્યામ કમળવાળી, શલ્યરૂપી ગ્રાહવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી આકુલતરંગ (મોજા) વાળી, અશ્વત્થામા (અને) વિકર્ણરૂપી ભયંકર મગરવાળી, અને દુર્યોધનરૂપી વમળવાળી રણસંગ્રામરૂપી નદી, [1]કેશવરૂપી નૂકાની હોવાથી પાંડવો સહજ તરી ગયા ૬ ગીતાર્થરૂપી ઉત્કટ સુગંધવાળું, નાનાપ્રકારનાં આખ્યાનોરૂપી સંબોધનથી બોધિત હરિકથારૂપી કેસરવાળું લોકમાં સજ્જનરૂપી ભમરાઓએ અહર્નિશ જેના આનન્દરસનું પાન કર્યું છે, એવું કલિ—ક્લેશ તથા પાપના મળનો સમ્પૂર્ણ નાશ કરનારૂં, પરાશરના પુત્ર **વ્યાસની** વાણીરૂપી સરોવરમાં ઉગેલું **ભારત**રૂપી નિર્મળ કમળ અમારૂં કલ્યાણ કરો. ૭ જે ગીતા સાક્ષાત્ કમળનાભ (કેશવ)ના મુખ-

---

૧ જે બ્રહ્મ અને રૂદ્રના સ્વરૂપમાં આગમન કરે છે. અર્થાત્ પ્રલયકાળમાં ત્રણે મૂર્ત્તિઓને ત્યાગીને કેવળ નિજસ્વરૂપમાં સ્થિતિ કરે છે. અથવા જે પ્રલયકાળમાં ક્ષીરસાગરમાં શયન કરે છે.

કમળથી નિકળેલી છે. (તે) ગીતાનું સારી રીતે ગાયન કરવું. પણ અન્ય શાસ્ત્રના સંગ્રહ (મનનું) શું પ્રયોજન છે? અર્થાત્ જો ગીતા સારી રીતે જાણી અને ગાઇ હોય તો પછી બીજા શાસ્ત્રોની અપેક્ષા રહેતી નથી; કેમકે—ગીતા સર્વ શાસ્ત્રમયી, હરિ સર્વ દેવમય, ગંગા સર્વ તીર્થમયી. (અને) મનુ (ગાયત્રીમંત્ર) એ સર્વ વેદમય (છે.) ૮—૯ જેની કૃપા મુંગાને વાચાળ અને લૂલાને ગિરિનું ઉલ્લંઘન કરાવે છે, તે પરમાનન્દ ×માધવને હું નમસ્કાર કરૂંછું. ૧૦ જે પરમાત્માની બ્રહ્મા, વરૂણ, ઇન્દ્ર, રુદ્ર અને મરૂત દિવ્ય સ્તોત્રોવડે સ્તુતિ કરે છે, તથા સામવેદથી ગાયન કરનારા અંગ, પદ, ક્રમ અને ઉપનિષદોસહ જેનું ગાન કરે છે, તથા ધ્યાનમાં તત્પર એવા મને કરી યોગીઓ જેને જુએ છે, તથા જેના અન્તને સુર અને અસુરના સમુહ જાણતા નથી, તે દેવને નમસ્કાર છે. ૧૧

(ઇતિ ધ્યાનમ્)

×મા-લક્ષ્મી તેના ધવ—પતિ તે માધવ, લક્ષ્મી શબ્દથી માયા જાણવી. તેના સ્વામી.

ॐ

अथ मङ्गलम् ॥

नारायणं नमस्कृत्य नरंचैव नरोत्तमम् ।
देवींसरस्वतींचैव ततोजयमुदीरयेत् ॥ १ ॥
व्यासंवसिष्ठनप्तारं शक्तेः पौत्रमकल्मषम् ।
पराशरात्मजं वन्दे शुकतातं तपोनिधिम् ॥२॥
व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे ।
नमोवै ब्रह्मविधये वासिष्ठाय नमोनमः ॥३॥
अचतुर्वदनोब्रह्मा द्विबाहुरपरोहरिः ॥
अभाल लोचनः शम्भु र्भगवान् बादरायणः ॥४॥

નારાયણને, નરોમાં ઉત્તમ એવા **નરને** (તથા) દેવી એવાં સરસ્વતીને નમસ્કાર કરીને પછી ગ્રન્થારમ્ભ કરવો, ૧ વસિષ્ઠ ઋષિના પ્રપૌત્ર, શક્તિ ઋષિના પોત્ર, પરાશરના પુત્ર, શ્રી શુકદેવજીના પિતા, સર્વ પાપ થકી રહિત (અને) તપનાનિધિ–ભંડારરૂપ વ્યાસ મુનિને નમસ્કાર કરૂંછું. ૨ વિષ્ણુરૂપ વ્યાસને અને વ્યાસરૂપ વિષ્ણુને નમસ્કાર કરૂંછું. વસિષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલા અને વેદના વિભાગ કરનારા (વ્યાસ મુનિને) પુનઃ પુનઃ નમસ્કાર કરૂંછું. ૩ ચાર મુખ વગર સાક્ષાત્ બ્રહ્મા, બે હાથવાળા બીજા વિષ્ણુ અને કપાળમાં ત્રીજા લોચન વગર શંભુરૂપ ભગવાન્ વ્યાસ મુનિ છે. ૪

ॐ

श्री कृष्णायनमः ॥

अथ श्रीमद् भगवद् गीता माहात्म्यम्.

ऋषिरुवाच ॥

गीतायाश्चैव माहात्म्यं यथावत्सूत मेवद ।
पुराणमुनिना प्रोक्तं व्यासेन श्रुतिनोदितम् ॥ १ ॥

શૌનકઋષિ પૂછે છે કે-હે સૂત પૌરાણિક ! શ્રીમદ્ ભગવદ્ગીતાનું માહાત્મ્ય શ્રી વેદવ્યાસજીએ કથેલું છે, તે યથાયોગ્ય મને કહો. ૧

सूत उवाच ॥

पृष्टं वै भवता यत्तन्महद्गोप्यं पुरातनम् ।
न केन शक्यते वक्तुं गीतामाहात्म्यमुत्तमम् ॥२॥

સૂતજી કહે છે કે-(હે શૌનક!) જે તમે મને પુછયું, તે અતિ ગુહ્ય (અને) પ્રાચીન છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના માહાત્મ્યને કોઇ પણ કહેવાને શક્તિવાન્ નથી. ૨

कृष्णो जानाति वै सम्यक् क्वचित्कौन्तेय एव च ।
व्यासो वा व्यासपुत्रो वा याज्ञवल्क्योऽथ मैथिलः ३

(ગીતા માહાત્મ્યને) સમ્યક્ પ્રકારથી તો, શ્રીકૃ-ષ્ણુજ જાણે છે. અને કિંચિત્ અર્જુન, વ્યાસજી, શુકદેવજી, યાજ્ઞવલ્કય તથા જનક [રાજા] જાણેછે. ૩

अन्ये श्रवणतः श्रुत्वा लोके संकीर्त्तयंति च ।
तस्मात्किंचिद्वदाम्यद्य व्यासस्यास्यान्मया श्रुतम् ४

અને બીજા કેટલાક શ્રવણદ્વારા સાંભળીને, લો-કમાં વર્ણન પણ કરે છે; પરન્તુ જાણતા નથી. માટે જે પ્રકારે મેં **શ્રીવ્યાસજીના** મુખારવિન્દથી શ્રવણ કરેલ છે, તેવું થોડુંક કહીશ. ૪

गीताशास्त्रमिदं पुण्यं यः पठेत् प्रयतः पुमान् ।
विष्णोः पदमवाप्नोति भयशोकादि वर्जितः ॥ ५ ॥

જે પુરૂષ તત્પર થઇ, આ પવિત્ર ગીતાશાસ્રને ભણે, તે ભય, શોકાદિથી રહિત થઇ, વિષ્ણુના પદને પામે છે. ૫

गीताऽध्ययन शीलस्य प्राणायाम परस्य च ।
नैव सन्ति हि पापानि पूर्वजन्म कृतानिच्च ॥ ६ ॥

જે નિરન્તર **ગીતાનું** અધ્યયન તથા પ્રાણાયામ કરવામાં તત્પર છે, તેનાં પૂર્વજન્મમાં કરેલાં પાપ પણ નાશ પામે છે. ૬

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ॥
पार्थोवत्सः सुधीर्भोक्ता दुग्धं गीताऽमृतं महत् ७

સર્વ ઉપનિષદો ગાયરૂપ છે, ગોપાલનન્દન–કૃષ્ણ દોહન કરનારા છે. અર્જુન વાછરડારૂપે દૂધ પીનાર છે. અને ગીતારૂપી મહાઅમૃતના ભોક્તા બુદ્ધિમાન્ છે. ૭

गीता सुगीता कर्त्तव्या किमन्यैः शास्त्र सग्रहैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥ ८ ॥

ગીતાનું સારી રીતે ગાયન કરવું, પણ અન્યશાસ્ત્રોના સંગ્રહ (મનન) નું શું પ્રયોજન છે? ગીતા તો સાક્ષાત્ **પદ્મનાભના** મુખકમળમાંથી નીકળેલી છે. ૮

भारतामृत सर्वस्यं विष्णोर्वक्राद्विनिःसृतम् ।
गीता गंगोदकंपीत्वा पुनर्जन्म न विद्यते ॥ ९ ॥

ભારતરૂપી અમૃત સર્વસ્વ **શ્રીવિષ્ણુના** મુખથી નિકળેલું છે. ગીતારૂપ ગંગાજળનું પાન કરવાથી પુનઃ જન્મ થતો નથી. ૯

एकं शास्त्रं देवकीपुत्र गीत-
मेको देवो देवकी पुत्रएव ॥
एको मंत्रस्तस्य नामानि यानि
कर्माप्येकं तस्य देवस्य सेवा ॥ १० ॥

કેવળ દેવકી પુત્રે ગાયન કરેલું આ (ગીતા) શા-સ્ત્ર છે, દેવકી પુત્રજ એક દેવ છે, તેનાં જે નામ છે, તેજ એક મંત્ર છે અને તે દેવની સેવા તેજ કર્મ છે. ૧૦

चिदानंदेन कृष्णेन प्रोक्ता स्वमुखतोऽर्जुनम् ।
वेदत्रयी परानंदा तत्त्वार्थ ज्ञानसंयुता ॥ ११ ॥

ચિદાનન્દરૂપ શ્રીકૃષ્ણે પોતાના મુખથી અર્જુનને કથેલ છે, તે ગીતા ત્રણ્ય વેદરૂપ, પરમાનન્દ યુક્ત (અને) તત્વજ્ઞાન વાળી છે. ૧૧

योऽष्टादशजपो नित्यं नरो निश्चल मानसः ।
ज्ञानसिद्धिं स लभते ततो याति परंपदम् ॥१२॥

જે મનુષ્ય નિશ્ચળ મનથી નિત્ય (ગીતાના) અઢાર અધ્યાયનો પાઠ કરે છે, તે જ્ઞાન સિદ્ધિ પામી, ત્યારપછી પરમપદને પામે છે. ૧૨

गीतार्थ श्रवणा सक्तो महापाप युतोऽपि वा ।
वैकुंठं समवाप्नोति विष्णुना सहमोदते ॥ १३ ॥

ગીતાના અર્થ શ્રવણ કરવામાં આસક્ત મનુષ્ય જો મહાપાપે કરીને યુક્ત હોય; તોપણ વૈકુંઠને પામે છે. (અને) વિષ્ણુ સાથે આનંદમાં રહે છે. ૧૩

गीतार्थं ध्यायते नित्यं कृत्वा कर्माणि भूरिशः ।
जीवन्मुक्तः स विज्ञेयो देहांते परमंपदम् ॥ १४ ॥

ઘણું કર્મ કરીને જે નિત્ય ગીતાના અર્થનો વિચાર કરે છે, તેને **જીવન્મુક્ત** જાણવો, અને તે મરણ પછી **પરમપદને** પામે છે. ૧૪

सारथ्यमर्जुनस्यादौ कुर्वन् गीतामृतं ददौ ।
सर्वलोकोपकारार्थं तस्मै कृष्णाय ते नमः ॥ १५ ॥

જે ભગવાન્ **શ્રીકૃષ્ણે** અર્જુનનું સારથીપણું કરીને, સર્વ લોકોના ઉપકારાર્થે (અર્જુનને) ગીતારૂપ અમૃત આપ્યું, એવા **શ્રી કૃષ્ણચન્દ્રને** મારા નમસ્કાર છે. ૧૫

संसारसागरं घोरं तर्तुमिच्छति यो जनः ।
गीतानावं समारुह्य परं यातु सुखेन सः ॥१६॥

જે ઘોર એવા સંસાર સાગરને તરવાની જીજ્ઞાસા રાખતો હોય, તે ગીતારૂપ, વાહાણ ઉપર બેસી સુખ પૂર્વક પાર ઉતરી જાય છે. ૧૬

गीताज्ञानं श्रुतं नैव सदैवाभ्यासयोगतः ।
मोक्षमिच्छति मूढात्मा याति बालकहास्यताम् १७

ગીતા સમ્બન્ધી જ્ઞાન (જેણે) સદા અભ્યાસયોગથી શ્રવણ કરેલ નથી, તે મૂર્ખ **મોક્ષની** આકાંક્ષા રાખે, તો તે બાળકોના ઉપહાસ્યને પામે છે. ૧૭

યે શ્રૃણ્વંતિ પઠંતે ચ ગીતાશાસ્ત્રમહર્નિશમ્ ।
ન તે વૈ માનુષા જ્ઞેયા દેવા એવ ન સંશયઃ ॥૧૮॥

જે (મનુષ્ય) અહર્નિશ ગીતાનો પાઠ કરે છે, અને શ્રવણુ કરે છે, તે (મનુષ્યને) મનુષ્ય જાણુવો નહિ, (પણુ) **દેવજ** જાણુવો, એમાં સંશય નથી. ૧૮

ગીતાજ્ઞાનેન સંબોધ્ય કૃષ્ણઃ પ્રાહ તમર્જુનમ્ ।
અષ્ટાદશપદસ્થાનં ગીતાધ્યાયે પ્રતિષ્ઠિતમ્ ॥૧૯॥

ગીતાના જ્ઞાનથી, **શ્રીકૃષ્ણુ, અર્જુનને** પ્રબોધ આપીને કહ્યું કે–આ ગીતાના એકેક અધ્યાયમાં અષ્ટાદશપદ જે **વિષ્ણુ** તેનું સ્થાન જે **પરમપદ** તે સ્થાપિત કરેલ છે. **૧૯**

મોક્ષસ્થાનં પરં પાર્થ સગુણં વાથ નિર્ગુણમ્ ।
સોપાનાષ્ટાદશૈરેવં પરં બ્રહ્માધિગચ્છતિ ॥૨૦॥

[હે અર્જુન !] સગુણુ વા નિર્ગુણુ, પોતાની ઇચ્છાનુસાર મોક્ષ સ્થાનને, આ અઢાર અધ્યાયરૂપ **સીડી** દ્વારા **પરબ્રહ્મને** પ્રાપ્ત થાય છે. ૨૦

મલનિર્મોચનં પુંસાં જલસ્નાનં દિનેદિને ।
સકૃદ્ગીતાંભસિ સ્નાનં સંસારમલનાશનમ્ ॥૨૧॥

પુરૂષોને પ્રત્યેક દિવસમાં જળનું સ્નાન મળ

મટાડનારૂં છે, અને આ ગીતારૂપી જળમાં કરેલું સ્નાન **સંસાર મળનો** નાશ કરનારૂં છે. ૨૧

गीताशास्त्रस्य जानाति पठनं नैव पाठनम् ।
परस्मान्न श्रुतं ज्ञानं नैव श्रद्धा न भावना ॥२२॥
स एव मानुषे लोके पुरुषो विड्वराहक: ।
यस्माद्गीतां न जानाति नाधमस्तत्परो जन: ॥२३॥

જે ગીતાશાસ્ત્રના પઠન, પાઠનને જાણતો નથી, [જે બીજાને શ્રવણ કરાવતો નથી] વા અન્યથી શ્રવણ કરતો નથી, જેને શ્રદ્ધા નથી (અને) ભાવના નથી, તે પુરૂષ આ લોકમાં **ગ્રામસૂકર—કુતરા** સમાન છે; કારણકે તે ગીતાને જાણતો નથી, તેથી તેના વગર અન્ય કોઇ **અધમ** નથી. ૨૨–૨૩

धिक्तस्य मानुषं देहं धिग्ज्ञानं धिक्कुलीनताम् ।
गीतार्थं न विजानाति नाधमस्तत्परो जन: ॥२४॥

જે ગીતાના અર્થને (યથાર્થ) જાણતો નથી, તેના મનુષ્ય દેહને, જ્ઞાનને અને કુલીનતાને **ધિક્કાર** છે. અને તેના વગર અન્ય કોઇ **અધમ** નથી. ૨૪

धिक्तस्य रूपं शुभं शीलं विभवं सद्गृहाश्रमम् ।
गीताशास्त्रं न जानाति नाधमस्तत्परो जन: ॥२५॥

જે ગીતા શાસ્ત્રને જાણતો નથી, તેના સુન્દર

રૂપને, સુન્દર શીલને, વૈભવને અને ઉત્તમ ગૃહસ્થાશ્રમને ધિક્કાર છે, અને તેના અતિરિક્ત કોઈ અધમ નથી. ૨૫

धिक् प्रागल्भ्यं प्रतिष्ठां च पूजां मानं महात्मताम्
गीताशास्त्रे रतिर्नास्ति तत्सर्वं निष्फलं जगुः २६

જેને ગીતા શાસ્ત્રમાં અભિરૂચિ નથી, તેની હિમ્મત, પ્રતિષ્ઠા, પૂજા, માન અને મહાત્માપણાને ધિક્કાર છે, અને તેનુ સર્વ નિષ્ફળ છે. ૨૬

धिक्तस्य ज्ञानमाचारं व्रतं चेष्टां तपो यशः।
गीतार्थपठनं नास्ति नाधमस्तत्परो जनः ॥२७॥

જે ગીતાર્થનું પઠન કરતો નથી, તેના જ્ઞાન, આચાર, વ્રત, તપ, ચેષ્ટા અને યશને ધિક્કાર છે. તેના કરતાં બીજો કોઈ (પણ) અધમ નથી. ૨૭

गीतागीतं न यज्ज्ञानं तद्विद्ध्यासुरसंज्ञकम् ।
तन्मोघं धर्मरहितं वेदवेदांतगर्हितम् ॥२८॥

જે ગીતા વગરનું જ્ઞાન છે, તે જ્ઞાનને આસુરી જ્ઞાન જાણવું, તે (જ્ઞાન) વ્યર્થ, ધર્મ રહિત અને વેદ, વેદાન્તથી નિન્દિત છે. ૨૮

यस्माद्धर्ममयी गीता सर्वज्ञानप्रयोजिका ।
सर्वशास्त्रमयी गीता तस्माद्गीता विशिष्यते २९.

જે માટે ગીતા ધર્મમયી, સર્વ જ્ઞાનને પ્રવર્ત કર-
વાવાળી, અને સર્વ શાસ્ત્રમયી છે, એમ કથેલ છે.
માટે સર્વ શાસ્ત્રોથી ગીતા શ્રેષ્ઠ છે. ૨૯

योऽधीते सततं गीतां दिवारात्रौ यथार्थतः ।
स्वपन्गच्छन्वदंस्तिष्ठञ्छाश्वतं मोक्षमाप्नुयात् ॥३०॥

જે સતત, અહર્નિશ અર્થ સહ ગીતાનો, સૂતાં,
બોલતાં, (અને) ઉભો રહેતાં પણ પાઠ કરે છે, તે
સનાતન મોક્ષને પ્રાપ્ત થાય છે. ૩૦

शालग्रामशिलाग्रे तु देवागारे शिवालये ।
तीर्थे नद्यां पठेद्यस्तु वैकुंठं याति निश्चितम् ॥३१॥

શાલિગ્રામના સન્મુખ, દેવમન્દિરમાં, શિવાલય-
માં, તીર્થમાં (અને) નદી કિનારે જે ગીતાનો પાઠ
કરે છે, તે નિશ્ચય વૈકુંઠને પામે છે. ૩૧

देवकीनंदनः कृष्णो गीतापाठेन तुष्यति ।
यथा न वेदैर्दानैश्च यज्ञतीर्थव्रतादिभिः ॥ ३२ ॥

ગીતાના પાઠથી દેવકીનન્દન શ્રીકૃષ્ણ (જેવા)
સન્તુષ્ટ થાય છે, તેવા વેદપાઠ, દાન, યજ્ઞ, તીર્થ
(અને) વ્રતાદિકોથી સન્તુષ્ટ થતા નથી. ૩૨

गीताऽधीता च येनापि भक्तिभावेन चेतसा ।
तेन वेदाश्च शास्त्राणि पुराणानि च सर्वशः ॥३३॥

ભક્તિપૂર્વક ચિત્ત લગાવીને (જેણે) ગીતાનું અધ્યયન કરેલ છે, તેણે સર્વ વેદ, શાસ્ત્ર અને પુરાણનો અભ્યાસ કરેલ છે. ૩૩

योगिस्थाने सिद्धपीठे शिष्टाग्रे सत्सभासु च ।
यज्ञे च विष्णुभक्ताग्रे पठन्याति परां गतिम् ३४

યોગીના સ્થાનમાં, સિદ્ધપીઠમાં, ઉત્તમ પુરૂષના સન્મુખ , સત્પુરૂષોની સભામાં, યજ્ઞમાં (અને) વિષ્ણુભકતના સન્મુખ, (ગીતાનો) પાઠ કરવાથી મોક્ષ થાય છે. ૩૪

गीतापाठं च श्रवणं यः करोति दिनेदिने ।
क्रतवो वाजिमेधाद्याः कृतास्तेन सदक्षिणाः॥३५॥

જે નિત્ય ગીતાનો પાઠ (તથા) શ્રવણ કરે છે, તેણે અશ્વમેધાદિક યજ્ઞો દક્ષિણાસહ કરેલા છે, (એમ સમજવું.) ૩૫

यः शृणोति च गीतार्थं [illegible] स्वयं पुमान् ।
श्रावयेच्च परार्थं वै स प्रयाति परं पदम् ॥३६॥

જે ગીતાના અર્થને સાંભળે, કહે, અન્યને સંભળાવે, તે પરમપદને પામે છે ૩૬

गीतायाः पुस्तकं नित्यं योऽर्चयत्येव सादरम् ।
विधिना भक्तिभावेन तस्य पुण्यफलं शृणु ॥३७॥

જે નિત્ય આદરપૂર્વક **ગીતાના** પુસ્તકનું વિધિ-
થી ભક્તિપૂર્વક **પૂજન** કરે છે, તેના ફળને શ્રવણ
કરો. ૩૭

सकला चोर्वरा तेन दत्ता यज्ञे सदक्षिणा ।
व्रतानि सर्वतीर्थानि दानानि सुबहून्यपि ॥३८॥

ગીતાનું પૂજન કરનારે યજ્ઞમાં સર્વ પૃથિવીનું
દાન આપ્યું, (તથા) સર્વ વ્રત, તીર્થ, અને પુષ્ક-
ળ દાન પણ આપ્યું. (એમ સમજવું.) ૩૮

भूतप्रेतपिशाचाद्यास्तत्र नो प्रविशंति वै ।
अभिचारोद्भवं दुःखं परेणापि कृतं च यत् ॥३९॥

(જે સ્થળમાં) ગીતાનું **પૂજન** થાય છે, ત્યાં
ભૂત, પ્રેત, પિશાચાદિક (અને) અન્યના કરેલા મંત્ર
યંત્રાદિક અભિચારથી ઉદ્ભવેલાં દુઃખ પણ **પ્રવેશ**
કરી શકતાં નથી. ૩૯

नोपसर्पन्ति तत्रैव यत्र गीतार्चनं गृहे ।
तापत्रयोद्भवा पीडा नैव व्याधिभयं तथा ॥४०॥

જે ઘરમાં ગીતાનું **પૂજન** થાય છે, ત્યાં દૈહિ-
ક (અને) ભૌતિક એ ત્રણે તાપોની પીડા અને
રોગકૃત વ્યાધિનો ભય (પણ) થતો નથી. ૪૦

न शापं नैव पापं च दुर्गतिं न च किंचन ।
देहेऽरयः षडेते वै न बाधंते कदाचन ॥४१॥

(ત્યાં) કોઇનો શાપ (અને) પાપ, દુર્ગતિ તથા દેહમાં રહેલ પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠું મન એવા ૭ શત્રુ (પણ) કદિ બાધ કરતા નથી. ૪૧

भगवत्परमेशाने भक्तिरव्यभिचारिणी ।
जायते सततं तत्र यत्र गीताभिनंदनम् ॥ ४२ ॥

જ્યાં ગીતાના અર્થનો નિરન્તર વિનોદ થાય છે, ત્યાં (પ્રારબ્ધ ભોગવનારને) ભગવાનની અવ્યભિચારિણી–અતિ ઉત્તમ, અખંડભક્તિ ઉત્પન્ન થાય છે. ૪૨

प्रारब्धं भुंजमानोऽपि गीताभ्यासे सदा रतः ।
स मुक्तः स सुखी लोके कर्मणा नोपबध्यते ॥४३॥

પ્રારબ્ધ ભોગવતાં છતાં ગીતાનો અભ્યાસ કરવામાં જે પુરૂષ નિરન્તર પ્રીતિવાળો છે, તે લોકમાં સુખી (અને) મુક્ત છે, (તથા) તે કર્મથી લિપ્ત થતો નથી. ૪૩

महापापादिपापानि गीताऽध्यायी करोति चेत् ।
न किंचित्स्पृशते तस्य नलिनीदलमंभसा ॥४४॥

કમલિનીનાં પાનડાંને જેમ જળ કદિ સ્પર્શ કરતું નથી, (તેમ) જે ગીતાનું ધ્યાન કરે, તેને મહા-

પાપ વિગેરે આપો કદિ (પણ) સ્પર્શ કરતાં નથી. ૪૪

स्नातो वा यदि वाऽस्नातः शुचिर्वा यदि वाऽशुचिः
विभूर्ति विश्वरूपञ्च संस्मरन्सर्वदा शुचिः ॥४५॥

સ્નાન કરેલ હોય વા ન કરેલ હોય, પવિત્ર હોય વા અપવિત્ર હોય, (છતાં પણ જો) **વિભૂતિ યોગ** (તથા) **વિશ્વરૂપ દર્શન** અધ્યાયનો પાઠ કરે (તો) તે સદા પવિત્ર છે. ૪૫

अनाचारोद्भवं पापमवाच्यादिकृतं च यत् ।
अभक्ष्यभक्षजं दोषमस्पर्शस्पर्शजं तथा ॥४६॥
ज्ञाताज्ञातकृतं नित्यमिन्द्रियैर्जनितं च यत् ।
तत्सर्वं नाशमायाति गीतापाठेन तत्क्षणात् ॥४७॥

અનાચારથી, નિન્દિત શબ્દોચ્ચારથી, અભક્ષ્યાભક્ષ્યથી, (અને) અસ્પર્શ સ્પર્શથી (જે) પાપ થયેલ હોય, (તથા) જે જાણતાં અજાણતાં નિત્ય પાપ થયેલ હોય, (તથા) જે ઇન્દ્રિયોથી પાપ થયેલ હોય, તે સર્વે (પાપ) **ગીતાના** પાઠથી **તત્કાળ નાશ** પામે છે. ૪૬-૪૭

सर्वत्र प्रतिभोक्ता च प्रतिग्राही च सर्वशः ।
गीतापाठं प्रकुर्वाणो न लिप्येत कदाचन ॥४८॥

સર્વત્ર ભોજન કરનાર, (અને) સર્વ પ્રતિગ્રહ લેનાર હોય; (તોપણ) તેને ગીતાનો પાઠ કરવાથી તે પાપો લિપ્ત થતાં નથી. ૪૮

रत्नपूर्णां महीं सर्वां प्रतिगृह्याविधानतः ।
गीतापाठेन चैकेन शुद्धः स्फटिकवत्सदा ॥ ४९ ॥

વિધિ વગર (જો) રત્ન થકી પૂર્ણ પૃથિવીનું દાન લીધું હોય (તોપણ) એક વખત ગીતાનો પાઠ કરવાથી શુદ્ધ સ્ફટિક સદૃશ નિષ્પાપ થઇ જાયછે. ૪૯

यस्यांतःकरणं नित्यं गीतायां रमते सदा ।
सर्वाग्निकः सदाजापी क्रियावान्स च पंडितः ॥५०॥

જેનું અન્તઃકરણ નિત્ય ગીતામાં રમતું હોય, તેજ અગ્નિહોત્રિ, સદા જપ કરવાવાળો, ક્રિયાવાન્ અને તેજ પંડિત છે. ૫૦

दर्शनीयः स धनवान्स योगी ज्ञानवानपि ।
स एव याज्ञिको ध्यानी सर्ववेदार्थदर्शकः ॥५१॥

(તેજ) દર્શન કરવા યોગ્ય, તેજ ધનવાન્, યોગી, જ્ઞાનવાન્, યાજ્ઞિક, ધ્યાની, (અને તેજ) સર્વે વેદોના અર્થને જોવાવાળો છે. ૫૧

गीतायाः पुस्तकं यत्र नित्यं पाठे प्रवर्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि भूतले ॥५२॥

ગીતાનું પુસ્તક નિત્ય પાઠમાં જ્યાં પ્રવર્ત્ત હોય, ત્યાં પૃથિવી ઉપરનાં સર્વ પ્રયાગાદિક તીર્થ સદૈવ રહે છે. ५२

निवसंति सदा गेहे देहदेशे सदैव हि ।
सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ॥५३॥

(જ્યાં ગીતાનો પાઠ થાયછે તેના) ઘરમાં, દેહમાં, દેશમાં, સર્વદેવ, ઋષિયો, યોગિ, (અને) પન્નગ (વિગેરે) સદા નિવાસ કરે છે. ५३

गोपालबालकृष्णोपि नारदध्रुवपार्षदैः ।
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्त्तते ॥ ५४ ॥

જ્યાં ગીતા પ્રવર્त्તે છે, ત્યાં નારદ, ધ્રુવ (અને) સર્વ પાર્ષદસહ ગોપાલબાળકૃષ્ણ તુરતજ સહાય થાયછે. ५४

यत्र गीताविचारश्च पठनं पाठनं तथा ।
तत्राहं निश्चितं पार्थ निवसामि सदैव हि ॥५५॥

(શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે.) હે પાર્થ ! જ્યાં નિત્ય ગીતાનો વિચાર થાયછે, ત્યાં હું નિશ્ચય સર્વદા રહુંછું. ५५

गीता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीतामे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥५६॥

હે પાર્થ ! (પૃથાના પુત્ર !) ગીતા મારૂં હૃદય.

છે, ગીતા મારો ઉત્તમ સાર છે, ગીતા મારૂં અતિ-અદ્ભુત જ્ઞાન છે, (અને) અક્ષય જ્ઞાન પણ છે. ૫૬

गीता मे चोत्तमं स्थानं गीता मे परमं गृहम् ।
गीताज्ञानं समाश्रित्य त्रिलोकीं पालयाम्यहम् ५७

ગીતા મારૂં ઉત્તમ સ્થાન છે, (અને) ગીતા એ મારૂં પરમગૃહ છે. ગીતાના જ્ઞાનને આશ્રયે રહીને ત્રૈલોક્યનું હું પાલન કરૂં છું. ૫૭

गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
अर्द्धमात्राक्षरा नित्या स्वनिर्वाच्य पदात्मिका ५८

ગીતા મારી પરમવિદ્યા છે, અને તે બ્રહ્મરૂપ છે, એમાં જરાપણ સંશય નથી, અર્ધમાત્રા અક્ષરવાળી છે, નિત્ય છે, તથા પોતાનું જે અનિર્વાચ્ય-પદ તે સ્વરૂપવાળી છે. ૫૮

गीतानामानि वक्ष्यामि गुह्यानि शृणु पांडव ।
कीर्त्तनात्सर्वपापानि विलयं यांति तत्क्षणात् ॥५९॥

હે પાન્ડવ! (અર્જુન!) ગીતાનાં જે ગુપ્ત નામ છે. તે હું તને કહું છું. જેનાં કીર્તનથી તત્કાળ સર્વે પાપનો ક્ષય થઈ જાય છે. ૫૯

गीता गंगा च गायत्री सीता सत्या सरस्वती ।
ब्रह्मविद्या ब्रह्मवल्ली त्रिसंध्या मुक्तगेहिनी ॥ ६० ॥

अर्द्धमात्रा चिदानंदा भवघ्नी भयनाशिनी ।
वेदत्रयी पराऽनंता तत्वार्थज्ञानमञ्जरी ॥ ६१ ॥

ગીતા, ગંગા, ગાયત્રી, સીતા, સત્યા, સરસ્વતી, બ્રહ્મવિદ્યા, બ્રહ્મવલ્લી, ત્રિસંધ્યા, મુક્તગેહિની, અર્દ્ધમાત્રા, ચિદાનન્દા, ભવઘ્ની, ભયનાશિની, વેદત્રયી, પરા, અનન્તા (અને) તત્ત્વાર્થજ્ઞાનમંજરી ૬૦—૬૧

इत्येतानि जपन्नित्य नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं लभेच्छीघ्रं तथांते परमं पदम् ॥६२॥

ગીતાનાં આ અઢાર નામનો મન સ્થિર કરીને (જે) નિત્ય જપ કરે તો (તે) તુરતજ જ્ઞાનસિદ્ધિને પ્રાપ્ત થઇ, અન્તે મોક્ષ પામે છે. ૬૨

पाठेऽसमर्थः संपूर्णे तदर्द्धं पाठमाचरेत् ॥
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः ॥ ६३ ॥

જો ગીતાનો સંપુર્ણ (અઢાર અધ્યાયનો) પાઠ ન થઇ શકે (તો) અર્દ્ધગીતાનો (નવ અધ્યાયનો) પાઠ કરવો, (તેમ કરવાથી) એક ગૌદાનનું પુણ્ય થાય છે, એમાં સંશય નથી. ૬૩

त्रयंशं जपमानस्तु गंगास्नानफलं लभेत् ॥
त्रिंशांशं पठमानस्तु सोमयागफलं लभेत् ॥ ६४ ॥

છઠ્ઠા ભાગનો (ત્રણ્ય અધ્યાયનો) નિત્ય પાઠ કરે તો **ગંગાસ્નાનનું** ફળ થાય, ત્રીજા ભાગનો (૭ અધ્યાયનો) નિત્ય પાઠ કરવાથી **સોમયાગનું** ફળ થાય છે. ૬૪

तथाऽध्यायद्वयं नित्यं पठमानो निरंतरम् ॥
इंद्रलोकमवाप्नोति कल्पमेकं वसेद्ध्रुवम् ॥ ६५ ॥

બે અધ્યાયનો નિત્ય પાઠ કરવાથી **ઇન્દ્રલોક-નો** પ્રાપ્તિ થતાં ત્યાં અવશ્ય એકકલ્પ (પર્યન્ત) વાસ કરે છે. ૬૫

एकमध्यायकं नित्यं पठते भक्तिसंयुतः ॥
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥ ६६ ॥

જે ભક્તિ પૂર્વક ગીતાના એક અધ્યાયનો નિત્ય પાઠ કરે છે, તે **રૂદ્રલોકને** પામે છે, અને રૂદ્રનો ગણ થઇ ઘણા સમય પર્યન્ત (ત્યાં) રહે છે, ૬૬

अध्यायार्द्धं च पादं वा नित्यं यः पठते जनः ॥
स प्राप्नोति रवेर्लोकं मन्वंतरशतं समाः ॥ ६७ ॥

(જે મનુષ્ય) ગીતાના અર્દ્ધ વા પા અધ્યાયનો (પણ) નિત્ય પાઠ કરે છે, તે સુર્યલોકમાં સો મન્વન્તર પર્યન્ત વાસ કરે છે. ૬૭

गीतायाः श्लोकदशकं सप्त पंच चतुष्टयम् ॥
त्रिकद्विकैकमर्द्धं वा श्लोकानां च पठेन्नरः ॥
चंद्रलोकमवाप्नोति वर्षाणामयुतायुतम् ॥ ६८ ॥

ગીતાના દશ, સાત, પાંચ, ચાર, ત્રણ, બે એક, (અથવા) અર્દ્ધ શ્લોકનો પણ (જો) નિરન્તર પાઠ કરે તો (તે) દશ કરોડ વર્ષ પર્યન્ત **ચન્દ્રલોકમાં** વાસ કરે છે. ૬૮

गीतार्थमेककालेपि श्लोकमध्यायमेव च ॥
स्मरंस्त्यक्त्वा जनो देहं प्रयाति परमं पदम् ॥६९॥

એક કાળે પણ (જે) ગીતાના એક શ્લોકના વા અધ્યાયના અર્થનું સ્મરણ કરતો દેહ ત્યાગ કરે છે, તે **પરમપદને** પામે છે. ૬૯

गीतार्थं वापि पाठं वा शृणुयादंतकालतः ॥
महापातकयुक्तोपि मुक्तिभागी भवेज्जनः ॥ ७० ॥

અન્તકાળે (જે) ગીતાના અર્થ અથવા પાઠને શ્રવણ કરતાં દેહનો ત્યાગ કરે, (તે) મહાપાપી હોય, (છતાં પણ) **મુક્ત** થઈ જાય છે. ૭૦

गीतापुस्तकसंयुक्तः प्राणांस्त्यक्त्वा प्रयाति यः ॥
स वैकुंठमवाप्नोति विष्णुना सह मोदते ॥ ७१ ॥

ગીતાના પુસ્તક યુક્ત (જે) પ્રાણ ત્યાગ કરે, તે વિષ્ણુલોકને પામીને વિષ્ણુના સમીપ આનન્દ કરે છે. ૭૧

गीताध्यायसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ॥
गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ॥७२॥

મરણ વેળાએ (જો) ગીતાનો એક અધ્યાય પણ પાસે હોય, તો (તે) મનુષ્ય (મરણ પછી) પુનઃ મનુષ્ય જન્મ પામીને, ગીતાના અભ્યાસ થકી મુક્ત થઇ જાય છે. ૭૨

गीतोच्चारणसंयुक्तो म्रियमाणोगतिं लभेत् ॥
यद्यत्कर्म च सर्वत्र गीतापाठं प्रकीर्त्तयेत् ॥
तत्तत्कर्म च निर्दोषं कृत्वा पूर्णमवाप्नुयात् ॥७३॥

મરણ સમયે (જો) ગીતા એટલો શબ્દોચ્ચાર કરીને મરણ પામે (તોપણ) મુક્ત થઇ જાય, (અને) જે જે કર્મ કરે તે તે (કર્મમાં) ગીતાનો પાઠ કરે (તો) નિર્દોષ કર્મનાં સમ્પૂર્ણ ફળને પામે. ૭૩

पितृनुद्दिश्य यः श्राद्धे गीतापाठं करोति वै ॥
संतुष्टाः पितरस्तस्य निरयाद्यांति सद्गतिम् ॥७४॥

શ્રાદ્ધમાં પિતૃઓના નિમિત્ત (જે) ગીતાનો પાઠ

કરે, (તો) તેથી પિતૃઓ સન્તુષ્ટ થઇ નરકથી (મુક્ત થઇ) સદ્‌ગતિને પામે છે. ૭૪

गीतापाठे संतुष्टाः पितरः श्राद्धतर्पिताः ॥
पितृलोकं प्रयांत्येव पुत्राशीर्वादतत्पराः ॥ ७५ ॥

શ્રાદ્ધ તર્પિતા પિતૃઓ ગીતાના પાઠથી પ્રસન્ન થઇ પુત્રને આશીર્વાદ દેતા પિતૃલોકમાં જાયછે. ૭૫

लिखित्वा धारयेत्कंठे बाहुदंडे च मस्तके ॥
नश्यंत्युपद्रवाः सर्वे विघ्नरूपाश्च दारुणाः ॥ ७६ ॥

ગીતાને લખીને ગળામાં, હાથ ઉપર, અથવા મસ્તક ઉપર ધારણ કરે (તો) તેના વિઘ્નરૂપ દારૂણ ઉપદ્રવો નાશ પામે છે. ૭૬

गीतापुस्तकदानं च धेनुपुच्छसमन्वितम् ॥
दत्वातत्सद्विजे सम्यकृतार्थो जायते जनः ॥७७॥

ગાયનું દાન આપતીવેળાએ, ગાયના પુછડા સાથે હાથમાં શ્રીમદ્ ગીતાનુ પુસ્તક લઇ, (પુસ્તકસહ જે ગાયનું) દાન આપે છે, તે જન સમ્યક્ પ્રકારે કૃતાર્થ થઇ જાય છે. ૭૭

पुस्तकं हेमसंयुक्तं गीतायाः शुद्धमानसः ॥
दत्वा विप्राय विदुषे जायते न पुनर्भवे ॥ ७८ ॥

સુવર્ણ સહ, શુદ્ધ મનથી વિદ્વાન્ બ્રાહ્મણને (જે)

ગીતાના પુસ્તકનું દાન આપે છે, તેનો પુનઃજન્મ થતો નથી. ૭૮

शतपुस्तकदानं च गीतायाः प्रकरोति यः ॥
सयाति ब्रह्मसदनं पुनरावृत्तिवर्जितम् ॥ ७९ ॥

જે ગીતાનાં સો પુસ્તકોનું દાન કરે, તો (તે) **બ્રહ્મસદન**ને પામે છે, કે જ્યાંથી પુનઃ આવવું થતું નથી; અર્થાત્ **પુનર્જન્મ** થતો નથી. ૭૯

गीतादानप्रभावेण सप्तकल्पामितीः समाः ॥
विष्णुलोकमवाप्नोति विष्णुना सह मोदते ॥८०॥

ગીતાના દાનના પ્રભાવથી સાત કલ્પસુધી **વિષ્ણુલોક**ને પામીને **વિષ્ણુના** સહ આનંદ કરે છે. ૮૦

सम्यक् श्रुत्वा च गीतार्थं पुस्तकं यः प्रदापयेत् ॥
तस्मै प्रीतोस्मि भगवान्ददामि मनसेप्सितम् ॥८१॥

શ્રીકૃષ્ણ કહે છે કે-હે અર્જુન !) ગીતાના અર્થને શ્રવણ કરીને (જે) ગીતાના પુસ્તકનું દાન કરે છે, તેના ઉપર ભગવાન્ (હું)પ્રસન્ન થઈને મનવાંચ્છિત આપું છું. ૮૧

देहं मानुषमाश्रित्य चातुर्वर्ण्येषु भारत ॥
न शृणोति पठत्येव गीतामृतरूपिणीम् ॥ ८२ ॥

हस्तास्थक्त्वाऽमृतं प्राप्तं कष्टात्क्ष्वेडं समश्नुते ॥
पीत्वा गीतामृतं लोके लब्ध्वा मोक्षं सुखी भवेत् ८३

મનુષ્ય દેહ પામીને (જે) આ અમૃતરૂપ ગીતાને ભણે નહિ વા શ્રવણ કરે નહિ, તે હાથમાં આવેલાં અમૃતનો ત્યાગ કરીને વિષનું કષ્ટથી પાન કરે છે, અને જે પાઠ કરે છે તે આ ગીતારૂપ અમૃતનું પાન કરીને મોક્ષને પામી સુખી થાય છે. ૮૨-૮૩

जनैः संसारदुःखार्त्तैर्गीताज्ञानं च यैःश्रुतम् ॥
संप्राप्तममृतं तैश्च गतास्ते सदनं हरेः ॥ ८४ ॥

સાંસારિક દુઃખથી પીડાપામતા (મનુષ્ય) આ ગીતાના જ્ઞાનને સાંભળવાથી (ગીતાના જ્ઞાનરૂપ અમૃતના પાને કરીને) વિષ્ણુના લોકને પામ્યાછે. ૮૪

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ॥
निर्धूतकल्मषा लोके गतास्ते परमं पदम् ॥ ८५ ॥

ગીતાના આશ્રયવડે કરી જનકાદિક રાજાઓ પાપરહીત થઇને પરમપદને પામ્યા છે. ૮૫

गीतासु न विशेषोस्ति जनेषूच्चावचेषु च ॥
ज्ञानेष्वेव समग्रेषु समा ब्रह्मस्वरूपिणी ॥ ८६ ॥

ગીતામાં નિચ (કે) ઉચ્ચની વિશેષતા નથી.

આત્મા સર્વમાં સમાન છે, માટે તે **બ્રહ્મસ્વરૂ-**
પિણી છે. ૮૬

योऽभ्यसूयां गीतां च निंदां वा प्रकरोति च ॥
प्राप्नोति नरकं घोरं यावदाभूतसंप्लवम् ॥ ८७ ॥

ગીતાની ઈર્ષ્યા વા, નિન્દા (જે) કરે છે તે પ્રલય-
પર્યન્ત **નરકમાં** વાસ કરે છે. ૮૭

अहंकारेण मूढात्मा गीतार्थं नैव मन्यते ॥
कुंभीपाके स पच्येत यावत्कल्पलयो भवेत् ॥८८॥

અહંકારથી (જે) મૂઢાત્મા ગીતાના અર્થને
માનતો નથી, તે પ્રલયપર્યન્ત **કુંભિપાક** નામના
નરકમાં રહે છે. ૮૮

गीतार्थं वाच्यमानं यो न शृणोति समीपतः ॥
श्वसूकरभवां योनिमनेकां सोऽधिगच्छति ॥८९॥

ગીતા (જ્યાં) વંચાતી હોય (ત્યાં) સમીપમાં
જઈને જે (ગીતાને) શ્રવણ કરતો નથી, તે **કુતરા**
તથા **સુવરના** અનેક જન્મો પામે છે. ૮૯

चौर्यं कृत्वा च गीतायाः पुस्तकं यः समानयेत् ॥
न तस्य स्यात्फलं किंचित्पठनं च वृथा भवेत् ॥९०॥

ગીતાના પુસ્તકની ચોરી કરીને (જે) ગીતાનો

પાઠ કરે; તો તેને પાઠનું ફળ મળતું નથી (પણ) તેનો પાઠ **વ્યર્થ** જાય છે, અર્થાત્ વૃથા પરિશ્રમ થાય છે. ૯૦

યઃશ્રુત્વા નૈવ ગીતાર્થં મોદતે પરમાદરાત્ ॥
નૈવાપ્નોતિ ફલં લોકે પ્રમાદાચ્ચ વૃથા શ્રમમ્ ॥૯૧॥

ગીતાના અર્થને સાંભળીને અતિ આદરપૂર્વક (જે) **આનન્દ** પામતો નથી, તેને ફળ મળતું નથી. તેનો પ્રમાદથી શ્રમ વૃથા જાય છે. ૯૧

ગીતાં શ્રુત્વા હિરણ્યં ચ પટ્ટાંબરપ્રવેષ્ટનમ્ ॥
નિવેદયેચ્ચ તદ્દેવ્ય પ્રીતયે પરમાત્મનઃ ॥ ૯૨ ॥

ગીતા શ્રવણ કરીને સુવર્ણ અને રેશમી વસ્ત્ર (ગીતાના પુસ્તક ઉપર) લપેટીને **પરમાત્માની** પ્રીતિને અર્થે વાંચનારને (ગીતાનું પુસ્તક) આપવું. ૯૨

વાચકં પૂજયેદ્ભક્ત્યા દ્રવ્યવસ્ત્રાદ્યુપસ્કરૈઃ ॥
અન્નૈર્બહુવિધૈઃ પ્રીત્યા તુષ્યતાં ભગવાનિતિ ॥ ૯૩ ॥

દ્રવ્ય, વસ્ત્ર અને આભૂષણ–આદિથી વાંચનારનું પૂજન કરીને નાનાપ્રકારનું અન્ન દેવું, (કે જેથી) **ભગવાન્** પ્રસન્ન થાય. ૯૩

माहात्म्यमेतद्गीतायाः कृष्णप्रोक्तं सनातनम् ॥
गीतांते पठते यस्तु यथोक्तं फलमाप्नुयात् ॥९४॥

શ્રીકૃષ્ણનું કહેલું (આ) સનાતન ગીતાનું માહાત્મ્ય, ગીતાનો પાઠ કરયા પછી વાંચવામાં આવે તો તે યથોક્ત ફળને પામે છે. ૯૪

गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ॥
वृथा पाठफलं तस्य श्रम एवहि केवलम् ॥ ९५ ॥

ગીતાના પાઠ કરીને માહાત્મ્યનો (જે) પાઠ કરે નહિ, તો તેનો પાઠ કરવાનો શ્રમ વ્યર્થ૦ર છે, તેને પાઠનું ફળ મળતું નથી. ૯૫

एतन्माहात्म्यसंयुक्तं गीतापाठं करोति यः ॥
श्रद्धया यः शृणोत्येव दुर्लभां गतिमाप्नुयात् ॥९६॥

(જે) આ માહાત્મ્યના યુક્ત ગીતાનો પાઠ કરશે, વા સાંભળશે, તે દુર્લભ **મોક્ષપદને** પામશે. ૯૬

श्रुत्वा पठित्वा गीतां च माहात्म्यं यः शृणोति वै ॥
तस्य पुण्यफलं लोके भवेद्धि मनसेप्सितम् ॥९७॥

ગીતાને શ્રવણ કરીને (વા) ભણીને (જે) માહાત્મ્યને ભણે છે, વા સાંભળે છે, તે મનઇચ્છિત ફળને પામે છે. ૯૭

सूतउवाच ॥

माहात्म्य मेतद्गीताया मया प्रोक्तं सनातनम् ।
गीतांते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥९८॥

સૂત પૌરાણીક કહે છે કે-**હે શૌનકાદિ-ઋષિયો!** મેં જે આ સનાતન ગીતાનું માહાત્મ્ય કહેલું છે, તેને ગીતાના પાઠ પછી જે પાઠ કરે છે, તે કહેલા ફળને પામે છે. ૯૮

इति श्रीमद्वाराहपुराणे सूतशौनकसंवादे श्रीमद्भगवद्गीता माहात्म्यं संपूर्णम् ॥

ॐ

श्री सच्चिदानन्द रूपायनमः

अथ गुर्जरभाषा व्याख्यासहिता

श्रीमद्-भगवद्गीताप्रारभ्यते.

*अध्याय १.

धृतराष्ट्र उवाच ।

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥ १ ॥

[1]धृतराष्ट्र राजा पुछे छे के—हे संजय !

* आ प्रथमाध्यायमां मुख्य वार्त्ता अधिकार निर्णयनी, अने मिथ्याज्ञानथी उद्भवता भ्रमने लीधे उपजती बुद्धिना मोहना वर्णननी छे.

१ आ प्रसंग श्री महाभारतना भीष्मपर्वान्तर्गत छे. ज्ञानीओ आ आखा ग्रन्थनुं शरीर उपर पण वर्णन करे छे. धृतराष्ट्र-शरीररूपी राष्ट्रने धारण करनार

[1]ધર્મક્ષેત્ર એવા કુરૂક્ષેત્ર (પાણીપત) ને વિષે યુદ્ધ કરવાની બુદ્ધિથી મળેલા [2]મારા (પુત્ર-આદિ) અને પાંડવોએ શું [3]કરયું ? ૧

संजय उवाच ।

दृष्ट्वा तु पांडवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥२॥

માયાના આવરણથી અંધ, અહંતા-મમતાની ભેદબુદ્ધિમાં નિમગ્ન જીવ છે. તે કામ, ક્રોધ લોભ, મોહ, મદ અને મત્સર-આદિ માયાનાં બાળકોને પોતાનાં માને છે. અને પાંડવ-એટલે શુદ્ધરૂપ શમદમ પ્રધાન વિવેક, વૈરાગ્ય-આદિ વૃત્તિ તેને શત્રુ જાણે છે. આ બેનું યુદ્ધ ધર્મ સિદ્ધ કરવાનું સાધન-દેહ તેમા થાય છે. એ બેના યુદ્ધમાં કોનો જય થશે, એ વાર્તા હે સંજય ! (રાગાદિ દોષોને જીતનાર બુદ્ધિ તું) મને કહે. આ પ્રમાણે અર્થ કરી અંત સુધી ચાલ્યા જવાનું શુદ્ધાધિકારીને સુગમ છે.

૧ સાંસારિક ધર્મનાં બીજની વૃદ્ધિ કરનાર.

૨ ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોને મારા અને પાંડવને જુદા સુચવે છે, એ તેની દ્વૈષબુદ્ધિ સ્પષ્ટ છે.

૩ ધૃતરાષ્ટ્ર પુત્ર વાત્સલ્યતાથી પોતાના પુત્રના જયની આશંકાથી-શું કર્યું ? એટલે યુદ્ધ કર્યું કે નહિ? (એમ પુછે છે.)

સંજય કહે છે કે-અરે! તે સમયે પાંડવોનું વ્યૂહ રચનામાં સ્થાપેલું સૈન્ય જોઈને, રાજા દુર્યોધન આચાર્ય (દ્રોણગુરૂ) પાસે જઈને આ પ્રમાણે બોલ્યા. ૨

पश्यैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥३॥

હે આચાર્ય! પાન્ડુના પુત્રો (પાંડવો) ની આ મહા સેનાને જુઓ; કે જે તમારા ઘણા બુદ્ધિમાન્ શિષ્ય [1]દ્રુપદરાજાના પુત્રે (ધૃષ્ટદ્યુમ્ને) તેની વ્યૂહ રચના કરી છે. ૩

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ ४ ॥

વળી એ (સેના)માં મહાધનુષને ધરનારા, શૂર, યુદ્ધમાં ભીમ તથા અર્જુનની સમાનતા કરે એવા, યુયુધાન, (સાત્યકી) વિરાટ અને દ્રુપદ એવા મહારથીઓ છે. ૪

---

૧ તમારા શિષ્ય તમારી સામા થયા, એમ દ્રોણગુરૂને, દુર્યોધન સૂચવે છે.

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥५॥

વળી વીર્યવાન્ ધૃષ્ટકેતુ, ચેકિતાન અને કાશીરાજ, તથા નરોમાં ઉત્તમ એવા પુરૂજીત [1]કુન્તિભોજ અને શૈબ્ય. ૫

युधामन्युश्च विक्रांत उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥६॥

વળી અતિ પરાક્રમી યુધામન્યુ, અતિ બળવાન્ [2]ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર (અભિમન્યુ) અને દ્રૌપદી (વિષે યુધિષ્ઠિર–આદિથી જન્મેલા પ્રતિવિન્ધ્ય–આદિ) ના પુત્રો એ સર્વ [3]મહારથીઓ પણ છે. ૬

[દુર્યોધનરાજા, દ્રોણાચાર્યને પોતાના યોદ્ધાઓ કહી દેખાડે છે.]

---

૧ કુન્તીના પીતા.

૨ પાંચાળ દેશના રાજા.

૩ જે એકલો દશહજારવીરોની સાથે યુદ્ધ કરે, તેને મહારથી કહે છે

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥

હે બ્રાહ્મણોમાં ઉત્તમ! આપણામાં જે મોટા મોટા મારી સેનાના નાયકો છે, તેમનાં નામ સાંભળો. આપને જાણવાસારૂ હું ને સમગ્રમાંથી (થોડાનાં) નામ જણાવું છું. ૭

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥८॥

યુદ્ધમાં વિજયી એવા આપ (દ્રોણાચાર્ય) ભીષ્મપિતામહ, કર્ણ તથા કૃપાચાર્ય તથા તેવાજ (આપના પુત્ર) અશ્વત્થામા, વિકર્ણ અને સોમદત્તનો પુત્ર (ભુરિશ્રવા) છે. ૮

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥९॥

એ વગર બીજા પણ સર્વ મારે માટે પ્રાણની મમતાનો ત્યાગ કરીને, નાનાપ્રકારનાં શસ્ત્રોથી પ્રહાર કરવાવાળા તથા યુદ્ધમાં મહાપ્રવીણ શૂરવીરો છે. ૯

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् १०

આપણી સેના (અગ્યાર અક્ષૌહિણી હોવાથી) અગણીત છે, અને (સૂક્ષ્મબુદ્ધિ મહાનુભાવ) [1]**ભીષ્મપિતામહથી** સારી રીતે રક્ષણ કરાયલ છે; અર્થાત્ ભીષ્મપિતામહ તેના અધિપતિ છે. અને (વિદ્યાહીન, ચંચળબુદ્ધિ) **ભીમસેનથી** રક્ષિત (અને સાત અક્ષૌહિણી

---

૧ ભીષ્મપિતામહથી રક્ષિત અમારી દુર્યોધનની સેના પાંડવો સાથે યુધ્ધ કરવા અસમર્થ છે. અને ભીમથી રક્ષિત પાંડવોની સેના અમારી સાથે યુધ્ધ કરવા સમર્થ છે આવો અર્થ શ્રીધર સ્વામીએ કરેલ છે, ને અભિનવગુપ્ત, શંકરાનન્દ આનન્દગિરિ અને મધુસૂદન સરસ્વતી આદિ ટીકાકારોના સંમત નથી પરન્તુ શ્રીધરસ્વામીનો આશય એ છે કે જો કે ભીષ્મ, ભીમ કરતાં બળવાન છે; પરન્તુ ભીષ્મ, પાંડવો પ્રત્યે પ્રીતિ રાખે છે, તેનો વિજય ઇચ્છે છે. જેથી જેવો ભીમ જુસ્સાથી લડશે, તેવા ભીષ્મ યુધ્ધ કરશે નહિ, તેથી પોતાની સેનાને નિર્બળ અને પાંડવોની સેનાને સબળ દુર્યોધન કહે છે.

હોવાથી) પાંડવોની સેના નાની છે, એટલે કે ગણના કરી શકાય એવી છે. ૧૦

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षंतु भवंतः सर्व एव हि ॥११॥

છતાં (આપ) તથા બીજા સર્વે વિભાગ કરેલ સ્થાનનો ત્યાગ નહિ કરતાં વ્યૂહ પ્રવેશના સઘળા માર્ગોમાં સરખા પ્રમાણથી વેહેંચાઈ–સ્થિત રહીને (સેનાપતિ) **ભીષ્મપિતામહનું** જ રક્ષણ કરો. ૧૧

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् १२

(આ શ્રવણ કરતાંજ) **દુર્યોધનને** આનન્દ ઉત્પન્ન કરવા માટે, કુરૂઓમાં વય–જ્ઞાન અને પરાક્રમથી વૃદ્ધ તથા પ્રતાપવાન્ **ભીષ્મપિતામહે** સિંહના સમાન ઉંચાસ્વરથી ગર્જના કરીને શંખ વગાડ્યો. ૧૨

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।

सहसैवाभ्यहन्यंत स शब्दस्तुमुलोऽभवत् १३

તે સાંભળતાં તુરતજ (કૌરવની સેનામાં) શંખો, ભેરીઓ, પણવો, નગારાં તથા ગોમુખ આદિ વાજાં એક સામટાં વાગ્યાં.[1] અને તેનો તુમુલ-દુઃસહ (કાન ફાડી નાખે એવો) શબ્દ થઈ રહ્યો. ૧૩

(સંજય પાન્ડવોની સેનાના સિંહનાદનું વર્ણન કરે છે.)

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यंदने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः १४

ત્યારપછી એટલે (ભીષ્માદિકોના શંખાદિકના શબ્દ સાંભળ્યા પછી) ધોળા ઘોડાઓ જેને જોડેલા છે, એવા મોટા રથમાં બેઠેલા માધવ-શ્રીકૃષ્ણ અને પાંડવ-અર્જુન બન્નેએ દિવ્ય-દેવતાઈ શંખો વગાડયા. ૧૪

---

૧ મૂળ શ્લોકમાં 'अभ्यहन्यन्त' એ કર્મ કર્તરિપ્રયોગ છે એ માટે વાગ્યાં એમ અર્થ કરેલ છે, પણ જો કર્મણિ પ્રયોગ હોત તો. વગાડવામાં આવ્યાં એમ અર્થ થાત

पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौ महाशंखं भीमकर्मा वृकोदरः ॥१५॥

હૃષીકેશ[1]-શ્રીકૃષ્ણે પાંચજન્ય[2] નામનો, ધનંજય[3]-અર્જુને દેવદત્ત નામનો અને ભયંકર કર્મોને કરવાવાળા ભીમસેને પૌંડ્ર નામના મહાભારી શંખને વગાડયો. ૧૫

अनंतविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१६॥

કુન્તીપુત્ર રાજા[4] યુધિષ્ઠિરે અનન્ત વિજય

---

૧ સર્વ ઇન્દ્રિયોના ઇશ્વર, એટલે કે ઇન્દ્રિયોને વશ રાખનાર સર્વાન્તરયામી જેને સહાય છે તેનો પરાજય કોણ કરે તેમ છે ? એ આશય છે.

૨ શ્રીકૃષ્ણે સમુદ્રમાં પ્રવેશ કરી પંચજન નામના દૈત્યને જ્યારે માર્યો, ત્યારે તેના શરીરમાંથી જે શંખ નિકળ્યો તેનું 'પાંચજન્ય' નામ પડયું.

૩ દિગ્વિજયમાં સર્વનો પરાજય કરી દ્રવ્ય હરિ લીધું, તેનો કોણ પરાજય કરનાર છે ? એ આશય છે.

૪ રાજસૂય યજ્ઞ કર્યો માટે રાજા, અને કુન્તીપુત્ર

નકુળે સુઘોષ અને સહદેવે મણિપુષ્પક નામના શંખ વગાડયા. ૧૬

काश्यश्च परमेष्वासः शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः १७

તેમજ મહાધનુષ્ધારી કાશીરાજ, મહારથી શિખન્ડી, કોઈથી પરાજય ન થાય એવા ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ્ તથા સાત્યકી. ૧૭

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक्पृथक् १८

તથા હે રાજન ! દ્રુપદ, દ્રાપદીના પુત્રો તથા સુભદ્રાના પુત્ર મહાબાહુ અભિમન્યુ એમ સર્વે યોદ્ધાઓએ પૃથક્ પૃથક્ પોતપોતાના શંખો ચારે પાસ વગાડયા. ૧૮

स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥

કહેવાનો હેતુ એ છે કે, તપવડે કરી ધર્મ પાસેથી કુન્તીએ લીધેલ છે.

તે નાનાપ્રકારનાં બાજાં અને સિંહના-
દોથી ઉત્પન્ન થયેલ મહાભારી શબ્દે, આકાશ
તથા ભુમિમાં પ્રતિધ્વનિ ઉત્પન્ન કરી કૌરવોના
હૃદયને ચીરી નાખ્યાં. ૧૯

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥ २० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

તો પણ યુદ્ધ કરવાને હથીઆર ઉંચકી
સન્મુખ ઉભેલા તારા પુત્રો (ધૃતરાષ્ટ્રના) કૌર-
વોને નિરખી, યુદ્ધ પ્રવૃત્ત થવા સમય જેના
રથની ધ્વજામાં કપિવર-**હનુમાન્** છે, એવા
અર્જુને, હૃષીકેશ-શ્રીકૃષ્ણ પ્રતિ, હે મહિપતે!
(ધૃતરાષ્ટ્ર?) આ પ્રમાણે વચનો કહ્યાં. ૨૦

अर्जुन उवाच ॥

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥२१॥

અર્જુન કહે છે કે-હે [1]અચ્યુત! ઉભય સે-
નાના મધ્યમાં મારા રથને રાખો. ૨૧

---

૧ ચ્હિ ચળે નહિ એવા

यावदेतान्निरीक्ष्येऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥२२॥

કે જ્યાંથી હું આ યુદ્ધ માટે આવી ઉભેલાઓને જોઈ શકું, તથા મારે રણસંગ્રામમાં કોના સન્મુખ યુદ્ધ કરવાનું છે. (વા મારા સન્મુખ કોણ કોણ છે) તે પણ હું જાણું. ૨૨

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥२३॥

તથા દુષ્ટ બુદ્ધિવાળા દુર્યોધનનું યુદ્ધ કરીને પ્રિય કરવાની ઈચ્છાથી (જે જે રાજાઓ) યુદ્ધાર્થે અત્રે ભેગા થયાં છે, તેઓને હું સારી રીતે જોઉં. ૨૩

(અર્જુનને વિષાદ થવાનું કારણ કહે છે.)

संजय उवाच ॥

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् २४

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥२५॥

સંજય કહે છે કેઃ—હે ભારત ! (ધૃતરાષ્ટ્ર !) ગુડાકેશ[1]-અર્જુનના આ પ્રમાણે કહેવાથી, ઉભય સેનાના મધ્યમાં, ભીષ્મ તથા દ્રોણ જેમાં પ્રમુખ છે, એવા સર્વ રાજાઓના સન્મુખ ઉત્તમ રથને ઉભો રાખી, શ્રી કૃષ્ણે કહ્યું કે—'હે પૃથાના પુત્ર[2] અર્જુન ! તું આ સર્વ એકત્ર થયેલા કૌરવોને જો.' ૨૪–૨૫

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ।
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।

૧ નિદ્રાના ઇશ, સર્વદા જાગ્રત.

૨ તે સમય અર્જુનનું હૃદય કોમળ હતું, અને સ્ત્રીઓનું હૃદય કોમળ હોય છે. તેથી પૃથા-કુંતીના પુત્ર એમ માના નામથી બોલાવેલ છે. મૂળ આશય તો એ છે કે, ડર નહિ. યુદ્ધ કરય

तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बंधूनवस्थितान् २७
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

ત્યારપછી **અર્જુન** ત્યાં ઉભય સેનાના પિતા, પિતામહ, આચાર્ય, મામા ભાઈઓ, પુત્રો, પૌત્રો, સખાઓ તથા સસરા અને ખરા-મિત્રો વિગેરે સર્વ સગાં વહાલાંને ઉભય સે-નામાં નિરખીને, કુન્તી પુત્ર અર્જુને પરમ કૃ-પાવિષ્ટ થઈ, વિશેષ વિષાદ પામી, આ પ્રમાણે વચનો કહ્યાં. ૨૬-૨૭

अर्जुन उवाच ।

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥२८॥
सीदंति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ २९ ॥

અર્જુન કહેછે કે—**હે શ્રીકૃષ્ણ?** યુદ્ધ કરવાની ઈચ્છાથી આવેલા આ બન્ધુ જનોને જો-ઇ, મારાં ગાત્ર ગળે છે. મુખમાં શોષ પડે છે. શરીરમાં કંપ છૂટેછે અને રૂવાટાં ઉભાં થાયછે૨૯

गांडीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्रोम्यवस्थातुं भ्रमतीव च मे मनः॥३०॥

હાથમાંથી ગાંડીવ ધનુષ્ સરી જાય છે. (અને) ચામડીમાં સર્વત્ર દાહ થાય છે. મારામાં હવે અહિં ઉભા (કે બેઠા) રહેવાનું પણ સામર્થ્ય નથી. મારૂં મન જાણે ભમતું હોય એમ જણાય છે. ૩૦

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ३१

વળી હે કેશવ ! મને નિમિત્તો પણ વિપરીત જણાય છે, (અને) યુદ્ધમાં પોતાના બન્ધુઓને મારીને હું કાંઈ શ્રેય જોતો નથી. ૩૧

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविंद किं भोगैर्जीवितेन वा ३२

હે કૃષ્ણ! હું વિજય, રાજ્ય કે સુખને પણ ઇચ્છતો નથી, હે ગોવિન્દ[1] ! મારે રાજ્ય,

---

૧ ગો શબ્દથી જ્ઞાન અને જ્ઞાનદ્વારા જે જાણી શ-

ભોગ અને જીવિતનું શું કામ છે ? ૩૨

येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च

જે બન્ધુઓને માટે રાજ્ય, ભોગ અને સુખ–આદિની કામના કરવામાં આવે છે, તે સર્વ તો પ્રાણ અને ધનની આશાને છોડીને યુદ્ધ કરવાને માટે રણસંગ્રામમાં ઉભા છે. ૩૩

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधिनस्तथा
एतान्न हंतुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ३५

આચાર્ય, પિતા, પુત્ર, પિતામહ–દાદા, મામા, સસરા, પૌત્રો, સાળા, તથા અન્ય સમ્બન્ધીઓ એ સર્વ રાજ્યના લોભથી મને

હાય તે ગોવિન્દ, કે જે ગોવિન્દના જ્ઞાનથી મોક્ષ થાય છે. વા ગો એટલે ભૂમિ અર્થાત સંસાર અને વેદવેત્તા તથા જે વેદાધ્યયનને જાણે છે તે ગોવિન્દ.

મારે, તેવામાં તેઓને મારવાથી (જો કદાચ) મને ત્રણ લોકનું રાજ્ય મળતું હોય, તોપણ હું તેઓને મારવા ઇચ્છતો નથી. ત્યારે હે મધુસૂદન[1]! આ એકલી પૃથિવીના રાજ્ય માટે તો શું? (મારીશ.) ૩૪–૩૫

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥३६॥
तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रान्स्वबांधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ३७

હે જનાર્દન[2]! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવાથી (આપણને) શી પ્રસન્નતા થાય તેમ છે? જો કે તે દુષ્ટ છે; તોપણ એ આતતાયીઓને[3]

---

૧ મધુકૈટભ દૈત્યને મારવાવાળા.

૨ જન નામના અસુરોનો જે વધ કરે. વા જે પાસે મનુષ્ય પુરૂષાર્થની પ્રાર્થના કરે. વા જન્મનો વિનાશ કરે, એટલે કે મુક્તિ આપે, વા જે શ્રી સદાશિવરૂપ થઈને મનુષ્યોનો સંહાર કરે છે.

૩ अग्निदोगरदश्चैव शस्त्रपाणिर्धनापहः । क्षेत्रदार

મારવાથી અમને તો પાપજ લાગશે. એ કારણથી અમારા બન્ધુ ધૃતરાષ્ટ્રના પુત્ર (કૌરવો) ને મારવાને હું યોગ્ય નથી. હે માધવ! પોતાના બન્ધુઓને મારી અમે શી રીતે સુખી થઈએ? ૩૬–૩૭

हरश्चैव षडेते ह्याततायिनः । અગ્નિથી બાળનાર, વિષ દેનાર, શસ્ત્ર લઈ મારવા આવેલ, ધન હરણ કરનાર, જમીન હરણ કરનાર અને સ્ત્રી હરણ કરનાર, એ છ આતતાયી કહેવાય છે. દુર્યોધન–આદિયે એ કર્મ કરેલ છે. માટે તે મારવાનેજ યોગ્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે- आततायि न मायान्त हन्या देवा विचारयन् । नाततायी वधे दोषा हन्तुर्भवति कश्चन ॥ આતતાયીને આવતો જોતાંજ વિચાર ન કરતાં મારી નાખવો. આતતાયીને મારવાનો દોષ નથી. આ પ્રમાણે કદાચ શ્રીકૃષ્ણનું કહેવું થાય, તો અર્જુન પ્રથમથીજ તેનું સમાધાન કરે છે કે, આતતાયીના વધનું વચન અર્થશાસ્ત્રનું છે, અને અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર બળવાન છે. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે- ' न हिंस्यात् सर्वाणि भूतानि ' કોઇપણ પ્રાણીને મારવું નહિ. યાજ્ઞવલ્કય સ્મૃતિ પ્રમાણે અર્થશાસ્ત્રથી ધર્મશાસ્ત્ર બળવાન છે માટે તેઓને મારવા એ પાપજ છે.

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥३८॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

જો કે લોભથી તેઓની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે, અને કુળનો નાશ તથા મિત્રદ્રોહ કરવાથી શું પાપ થાય છે? એ વાતનું તેઓને (કૌરવોને) જ્ઞાન નથી; તોપણ **હે જનાર્દન!** કુળ ક્ષયથી ઉત્પન્ન થતા દોષોને જાણવાવાળા અમો એ પાપથી નિવૃત થવાનું કેમ ન ઈચ્છીએ? ૩૮–૩૯

कुलक्षये प्रणश्यंति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्न-मधर्मोऽभिभवत्युत ॥४०॥

કુળ ક્ષય થવાથી પ્રાચીન કાળથી ચાલતા આવેલા કુળના ધર્મો નાશ પામે છે, અને કુળધર્મ નાશ પામવાથી આખા કુળને અધર્મ

દબાવી લે છે; અર્થાત્ આખા કુળમાં અધર્મ વર્ત્તી રહે છે. ૪૦

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४१॥

હે કૃષ્ણ ! અધર્મની પ્રબળતાથી કુળની સ્ત્રીઓ કલંકિત—વ્યભિચારિણી થઈ જાય છે. અને હે વાર્ષ્ણેય ! (વૃષ્ણિ વંશમાં ઉત્પન્ન થયેલા કૃષ્ણ) દોષિત સ્ત્રીઓથી વર્ણસંકર[1] પ્રજા જન્મે છે. ૪૧

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतंति पितरो ह्येषां लुप्तपिंडोदकक्रियाः॥४२॥

આ પ્રમાણે વર્ણસંકર પ્રજા થવાથી, જે પુરૂષોએ કુળનો નાશ કર્યો છે, તેને તથા તેના આખા કુળને નરકમાં નાખે છે; કેમકે

---

૧ ઊંચ જાતિના પુરૂષના સમ્બન્ધથી નીચ જાતિની સ્ત્રીમાં અથવા નીચ જાતિના પુરૂષના સમ્બન્ધથી ઊંચવાળેની સ્ત્રીમાં જે પ્રજા થાયછે. તે વર્ણસંકર કહેવાયછે.

પિંડદાન અને તર્પણની ક્રિયાનો લોપ થવાથી તેના પિતૃ નરકમાં પડે છે. ૪૨

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ४३

અને કુળ નાશ કરવાવાળાઓના વર્ણસંકર ઉત્પાદક દોષો થકી સનાતન જાતિ ધર્મ અને કુળધર્મ નિર્મૂળ થઈ જાય છે. ૪૩

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरकेऽनियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

હે જનાર્દન ! નાશ પામેલ છે કુળધર્મ જેના, એવા મનુષ્યોનો અવશ્ય નરકમાં+ વાસ થાય છે, એમ અમે સાંભળ્યું છે. ૪૪

+ શાસ્ત્રમાં કહ્યું છે કે:- प्रायश्चित्त मकुर्वाणाः पापेश्वभिरतानराः । अपश्चात्तापिनः पापान् निरयान् यान्ति दारुणान् ॥ જે પુરૂષો પાપમાં પ્રીતિવાળા છે પણ (પાપનું) પ્રાયશ્ચિત કરતા નથી, તથા પાપથી પશ્ચાતાપ પણ પામતા નથી, તે દારૂણ નરકમાં પડે છે.

अहोबतमहत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ॥४५॥

હાય ! રાજ્ય સુખના લોભથી અમે પોતાના બાન્ધવોને મારવા તત્પર થયા છિએ, મહાખેદની વાર્તા છે કે અમે આવું મહાભારી પાપ કરવામાં પ્રવૃત્ત થયા છિયે. ૪૫

यदि मामप्रतीकार-मशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रारणेहन्यु-स्तन्मेक्षेमतरं भवेत् ॥४६॥

કદાચ ચુપ ચાપ બેઠેલો અને રક્ષણ વગરનો અને શસ્ત્ર રહિત એવો જે હું, તેને શસ્ત્ર ધારણ કરવાવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર (કૌરવો) સંગ્રામમાં મારે, તો હું (યુદ્ધ કરતાં) મારૂં વિશેષ કલ્યાણ થયું માનું.‡ ૪૬

---

‡ જો આવી દશામાં દુર્યોધનાદિક મને મારે તો ઠીક છે; પરન્તુ તે સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી. અર્થાત્ કોઇ કર્મનો પોતાનો તો નહિજ; પરન્તુ તેના ફળનો પણ કોઈ પ્રકારના અનર્થ જોડે સંબંધ ન હોય, અને જે કેવળ પ્રીતિના કારણથીજ કરવામાં આવતું હો-

संजय उवाच ॥

एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥१॥

સંજય કહે છે કે—(હે રાજન્ !) આ પ્રમાણે યુદ્ધ ભૂમિમાં **શ્રી કૃષ્ણને** કહીને, શોકથી વ્યાકુળછે અન્તઃકરણ જેનું એવો **અર્જુન,** ધનુષ્ અને બાણને છોડીને રથના ઉપસ્થ ભાગમાં અર્થાત તકીઆના સ્થાનપર જરા ખસી બેઠો. ૪૭

ઇતિ શ્રી શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે 'અર્જુન વિષાદ યોગ' નામનો ૧ લો અધ્યાય સમ્પૂર્ણ.

ય તે ધર્મ, પણ આ સ્થળે તો કર્મનું ફળ કળી નાશ રૂપ અનર્થ છે તેથી ક્ષત્રિય ધર્મને અનુસરીને પણ યુદ્ધ શી રીતે થાય?

ॐ

*अध्याय २

(સંજય ત્યારપછીની વાર્તા ધૃતરાષ્ટ્રને કહે છે.)

संजय उवाच ॥

तं तथा कृपयाविष्ट-मश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्य-मुवाच मधुसूदनः ॥ १ ॥

સંજય કહે છે કે-(હે ધૃતરાષ્ટ્ર !) આ પ્રકારે અત્યન્ત કૃપાએ કરીને યુક્ત, અને આંસુઓથી પરિપૂર્ણ તથા વ્યાકુળ છે નેત્ર જેનાં એવા વિષાદ-ખેદથી યુક્ત (અર્જુન) ને મધુસૂદન ભગવાને આ પ્રમાણે વચન કહ્યું. ૧

श्रीभगवानुवाच ॥

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्य-मकीर्तिकरमर्जुन ॥ २ ॥

* આ બીજા અધ્યાયમાં તત્ત્વ શું છે? ભેદ મિથ્યા છે તથા આત્માનું સ્વરૂપ સર્વથા અવિક્રિય છે, તેથી ભેદ બુદ્ધિનો ભ્રમ મિથ્યા છે, એમ જણાવેલ છે.

શ્રીભગવાન્[1] **કહે છે કે–હે અર્જુન !** આવા અયોગ્ય સમયે તથા અયોગ્ય સ્થાનમાં, અનાર્ય જનોથી સેવિત, કીર્ત્તિનો નાશ કરનાર તથા સ્વર્ગ પ્રાપ્તિના પ્રતિબન્ધકરૂપ આ મોહરૂપી અજ્ઞાન તને ક્યાંથી થયું ? ૨

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३ ॥

હે પૃથાના પુત્ર ! અર્જુન ! તું કાયર ન થા; કેમકે આવું કાયરપણું તારામાં શોભતું નથી. હે શત્રુઓને સંતાપ દેવાવાળા ! તું તુચ્છપણાનો તથા હૃદયના દૌર્બલ્યનો ત્યાગ કરી યુદ્ધ કરવાને માટે ઉઠ. ૩

अर्जुन उवाच ॥

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥४॥

---

૧ સર્વૈશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય અને મોક્ષ એ છને ભગ કહે છે અને તે જેનામાં હોય તે ભગવાન્ કહેવાય છે.

[1]અર્જુન કહે છે કે—હે મધુસૂદન ! ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય કે જે પૂજનીય છે, તેમના ઉપર હે શત્રુઓને મારવાવાળા ! હું યુદ્ધમાં બાણથી કેમ પ્રહાર કરૂં ? ૪

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

વળી મહાનુભાવ ગુરૂને મારવા, એ ઉત્તમ લોકની પ્રાપ્તિનો નાશ કરનાર છે. માટે એવાઓના વધનો ત્યાગ કરીને આ લોકમાં, ભીખ માગીને ખાવું એ ઉત્તમ છે, અને અર્થની તૃષ્ણાથી[2] ગુરૂ—આદિને મારી રૂધિરથી ખરડાયલ ભોગોને ભોગવવા પડે. ૫

૧ ગુરૂસાથે વાણી યુદ્ધની પણ ના હોવાથી અર્જુન, શસ્ત્ર યુદ્ધની ના પાડે છે, ડરથી ના પાડતો નથી.

૨ દ્રોણગુરૂ તથા ભીષ્મ દ્રવ્યના લોભી હોવાથી યુદ્ધ કરતા યુદ્ધમાં મરાય તો મારો પરલોક બગડે, માટે તેમ

न चैतद्विद्मः कतरन्नो गरीयो
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

એ પણ અમે જાણતા નથી કે, અમારે કોણ+ શ્રેષ્ઠ છે! (તેમ) એ પણ જણાતું નથી

ન કરતાં ભીક્ષા માગવી એ ઉત્તમ છે ભીષ્મે, યુધિષ્ઠિરને કહેલું છે કે

अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित् ।
इतिसत्यं महाराज बद्धोऽस्म्यर्थेन कौरवैः ॥

પુરૂષ દ્રવ્યનો દાસ છે, અર્થ કોઇનો દાસ નથી. તેથી હે મહારાજ! મને કૌરવોએ અર્થથી બાંધી લીધેલ છે. તે ધ્યાનમાં લઈ, સર્વ અર્થની ઈચ્છાને પરવશ છે. માટે ગુરૂપદ યોગ્ય નથી એમ જો શ્રીકૃષ્ણ કહે; તોપણ અર્જુના મનથી તો તે ગુરૂજ છે.

+ ભિક્ષા કે યુદ્ધ શ્રેષ્ઠ છે! એ સમજ પડતી નથી. કદાચ જય થયા તો પણ પરાજય સમાન છે; કારણ કે ભાઈ તથા ગુરૂ આદિને મારી રાજ્ય કરવા કરતાં તો ભિક્ષા ઉત્તમ છે.

કે, અમારો જય થશે કે, તેઓ અમને જીતી લેશે, જેઓને મારીને અમે જીવવું ઇચ્છતા નથી, તે ધૃતરાષ્ટ્રના પુત્રો તો અમારા સન્મુખ જ ઉભેલા છે. ૬

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥

એઓને મારીને અમે કેમ જીવતા રહીશું ! આવો અજ્ઞાનરૂપી મોહ અને કુળ ક્ષય કરવાનો દોષ એથી મારો શુરવીરપણાનો સ્વભાવ હણાઈ ગયો છે, મારૂં ચિત્ત ચકિત થઇ ગયું છે કે,—આ યુદ્ધનો ત્યાગ કરી, ભિક્ષાટન કરવું, એ ઉત્તમ છે, કે ક્ષત્રિય ધર્મ યુદ્ધજ કલ્યાણકારક છે, એ બન્નેમાંથી જે કલ્યાણકારક હોય, તેજ (મને) આપ કહો. હું આપનો શિષ્ય છું. શરણ આવેલો છું. તેને

શિક્ષા આપો.[૧] ૭

नहि प्रपश्यामि ममापनुद्या
द्यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

વળી આ લોકનાં સર્વ સંપત્તિવાળાં નિષ્કંટક રાજ્યને તથા દેવતાઓના આધિપત્યને અર્થાત્ ઇન્દ્રપણાને પામ્યા છતાં પણ, ઇન્દ્રિયોનો શોષ કરવાવાળા મારા શોકનું જે નિવારણ[૨] કરે, એવા (ઉપાય)ને હું જોતો નથી ૮

संजय उवाच ॥

एवमुक्त्वा हृषीकेशं-गुडाकेशः परंतप ।
न योत्स्य इति गोविंद-मुक्त्वा तूष्णीं बभूव ह ९

૧ હું આપનો શરણ છું. એમ જાણી ઉપેક્ષા ન કરતાં, મને શિષ્ય સમજી વાસ્તવિક વાર્તા કહો.

૨ હું શોકથી દગ્ધ હોવાથી વાસ્તવિક વાર્તા સમજી શકતો નથી; હું તો યુદ્ધ અને આ લોક અનિત્ય હોવાથી મારૂં શ્રેય સમજતો નથી.

સંજય કહે છે કે-(હે ધૃતરાષ્ટ્ર !) આ પ્રમાણે કહીને નિદ્રાને જીતવાવાળા (અને) શત્રુઓને તપાવનારા અર્જુન 'હે હૃષીકેશ-ઇન્દ્રિયોના પતિ ! હે ગોવિન્દ !! હું યુદ્ધ કરીશ નહિ' એમ કથીને મૌન થઈ ગયા. ૯

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः ॥ १० ॥

હે ભારત (ધૃતરાષ્ટ્ર !) ઉભય સેનાના મધ્યમાં શોક યુક્ત અર્જુનને, હૃષીકેશ-ભગવાન્ શ્રીકૃષ્ણ[1] ઉપહાસ કરતા હોય, એમ આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ૧૦

[તત્ પદાર્થ સમજાવવા ત્વં પદાર્થનો વિવેક પ્રથમ કરેછે.]

શ્રી भगवानुवाच ॥

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचंति पंडिताः ॥ ११ ॥

૧ અર્જુનની ભેદ બુદ્ધિ મટાડવા અને વાસ્તવિક્ વિવેક જણાવવા ઉપહાસ કરતા હોય તેમ ખરો વિવેક કથી યુદ્ધમાં પ્રવર્ત્ત કરે છે.

શ્રી ભગવાન્ કહે છે કે—(હે અર્જુન!) તું, કે જે શોચ કરવા યોગ્ય નથી, તેનો શોચ[1] કરે છે, દેહાત્મ સ્વભાવને વિચારે તો તે શોકનો વિષય નથી, અને હું યુદ્ધમાં ભીષ્મ—આદિને કેમ મારૂં ? ઇત્યાદિ કેવળ પંડિત સમાન વાર્તા કરે છે, પણ (તું) પંડિત નથી; કારણ કે પંડિત મરેલાનો કે જીવતાનો શોચ કરતા નથી. ૧૧

(હવે દુઃખશાન્તી માટે જ્ઞાનદ્વારા સમજાવે છે.)

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् १२

હું (ઇશ્વર) પ્રથમ કદિપણ ન હતો, એમ નથી, હું અનાદિ હોવાથી હતોજ, અને મારા પરતંત્ર તું પણ આથી પેહેલાં ન હતો, એમ

૧ નાશવાન એવા ભીષ્મ તથા દ્રોણનો જો તું શોક કરતો હો તો, પંડિતો નાશવાનનો શોક કરતા નથી. જો તેમના જીવનો શોક થતો હોય તો તે નિત્ય છે એટલે તેનો શોક ઘટે નહિ. આમ હોવાથી જીવતા કે મરણ પામેલા માટે વિદ્વાન્ શોક કરતા નથી.

નથી; પરન્તુ તું પણ હતોજ, અને આ સર્વ રાજાઓ પણ ન હતા, તેમ ન હતું; પરન્તુ તેઓ પણ મારો અંશ હોવાથી હતાજ, અને હવે પછી પણ સર્વ નહિ હોય એમ નથી, પણ થવાજ કરીશું. એ માટે આત્માને જન્મ-મરણથી રહિત જાણી, તારે શોચ કરવો યોગ્ય નથી. ૧૨

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहांतरप्राप्ति-र्धीरस्तत्र न मुह्यति ॥१३॥

દેહધારી જીવના શરીરમાં જેમ કૌમાર, તરૂણ અને વૃદ્ધ એ અવસ્થા થાય છે; તેમજ મરણ પછી પણ અન્ય દેહની પ્રાપ્તિ થાય છે. આત્માનો નાશ થતો નથી; કેમકે જન્મ લેતાંજ બાળકને માતાના સ્તનપાન–આદિ પૂર્વ સંસ્કારથીજ દેખાય છે, માટે એ વિષયમાં ધીર પુરૂષો મોહને પ્રાપ્ત થતા[૧] નથી. ૧૩

૧ દેહ વિકારવાળો છે અને આત્મા ત્રણે અવસ્થા (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)માં વિકાર રહિત છે, માટે વિદ્વાન શોક કરતા નથી.

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत १४

હે કૌન્તેય! શબ્દાદિ વિષય, શીત—ઉષ્ણ-આદિ, સુખ દુઃખને દેવાવાળા છે, અને તે આવે અને જાય, એવા સ્વભાવના અનિત્ય છે. (માટે) હે ભારત! (તેને) તું સહન કરય.[1] ૧૪

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥१५॥

હે પુરુષ શ્રેષ્ઠ! જે જ્ઞાની પુરૂષને એ પદાર્થ ક્લેશકારી થતા નથી, તેજ પુરૂષ વર્ણાશ્રમોચિત ધર્મ, જ્ઞાનદ્વારા મોક્ષને પ્રાપ્ત થાય છે.[2] ૧૫

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः १६

---

૧ આત્મધર્મનો વિચાર કરી સહનતા રાખી યુદ્ધમાં તારે મોહ પામવો જોઈતો નથી.

૨ જ્ઞાનીઓને વિષય જન્ય સુખ-દુઃખ આદિ વિકાર કરતા નથી, તેથી તે મોક્ષ પામે છે.

અસત્ વસ્તુની સત્તા વિદ્યમાન્ નથી; અર્થાત્ શરીર—આદિ જે નાશવાન્ છે, તે સ્થિર નથી, અને સત્ વસ્તુનો અભાવ વિદ્યમાન્ નથી; એટલે કે જે અવિનાશી આત્મા—આદિ છે, તેનો નાશ થતો નથી. તત્ત્વદર્શી પંડિતો એ બન્નેનો સારી રીતે નિર્ણય જાણે છે. ૧૬

अविनाशि तु तद्विद्धि-येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति १७

જે આત્મતત્ત્વરૂપ ચેતનવડે સર્વ દેહાદિક અચેતન તત્ત્વથી વ્યાપ્ત છે, તે આત્મસ્વરૂપને અવિનાશી જાણ, એ અવિનાશી આત્માનો નાશ કરવાને કોઈ (પણ) સમર્થ નથી. ૧૭

अंतवंत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्व भारत१८

હે ભારત! એક રસથી રહેવાવાળા, વિનાશથી રહિત, અપ્રમેય જીવાત્માના, આ નાશવાળાં શરીરાદિક કથેલ છે, માટે તું

યુદ્ધ કરય.[1] ૧૮

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो–नायं हंति न हन्यते १९

જે કોઈ આત્માને મારવાવાળો+ જાણે છે, વા જે (એને) અન્યદ્વારા મરાયેલો [2]જાણે છે, તે બે વાસ્તવિક્ જાણતા નથી; કેમકે આત્મા કોઈને [3]મારતો નથી, અને પોતે કદિ મરતો (પણ) નથી. ૧૯

न जायते म्रियते वा कदाचिन्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥

---

૧ અર્જુન યુદ્ધ પરાયણ છતાં શોક-મોહ-આદિ તેને વ્યત્યય કરે છે, પણ તે મિથ્યા છે, માટે જે કરવાનું છે તે (યુદ્ધ) કરય.

+ હનનરૂપ જે ક્રિયા તેનો કર્તા માને છે.

૨ પોતાને હનનરૂપ ક્રિયાનું કર્મ માને છે

૩ આત્મા હનનરૂપ ક્રિયાનો કર્તા કે કર્મ નથી.

આત્મા કદિ જન્મ હોતો પણ નથી, અને મરતો પણ નથી, તેમજ એ પ્રથમ જન્મ લઇને પછી પાછો જન્મ લેશે એમ પણ નથી, એ (તો) અજન્મા છે, સર્વદા નિત્ય છે, એક [1]સ્વરૂપ છે, સનાતન છે, અને જે પ્રથમ હતો તેજ છે, શરીર હણાયે પણ (તે) હણાતો નથી. ૨૦

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हंति कम् २१

હે પાર્થ! જે આત્માને અવિનાશી, નિત્ય, અનાદિ, અને અવ્યય અર્થાત્ વિકાર-શૂન્ય જાણે છે, તે પુરૂષ કોને મરાવે છે? અને કોને મારે છે? એ માટે તારો શોક આત્મસ્વરૂપનો યથાર્થ વિચાર કરયા વગરનો છે. ૨૧

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।

---

૧ નિરન્તર હોઈને કોઇ દશામાં ક્ષય ન થાય, એ કથનથી આમ ક્ષયરૂપ વિકારનો નિષેધ થયો.

तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥ २२ ॥

જેમ મનુષ્ય જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરીને, બીજાં નવીન વસ્ત્રને ધારણ કરે છે, તેમજ જીવાત્મા જીર્ણ શરીરનો ત્યાગ કરીને, બીજાં દિવ્ય શરીરને ધારણ કરી લે છે, માટે જીર્ણ દેહના નાશમાં શોક કરવો યોગ્ય +નથી. ૨૨

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो-न शोषयति मारुतः ॥२३॥

આત્માને શસ્ત્ર કાપી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, (વળી) એને જળ પલાળી શકતું નથી, અને વાયુ શોષણ–સૂકાવી શકતો નથી. ૨૩

अच्छेद्योऽयमदाह्योऽय-मक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणु-रचलोऽयं सनातनः२४

\+ દેહ પુનઃ પુનઃ થાય છે. અને આત્મા કર્મ ફળ મોક્ષ પર્યન્ત ઉત્તરોત્તર ભોગવે છે, માટે શોચનીય નથી.

આત્મા સર્વ તત્ત્વોથી સૂક્ષ્મ છે, એથી (તે) અચ્છેદ્ય,–છેદાય નહિ, અદાહ્ય–બળે નહિ, અક્લેદ્ય–પલળે નહિ, તથા અશોષ્ય–સૂકાય નહિ એવો છે, કેમકે શસ્ત્રાદિક સૂક્ષ્મમાં વ્યાપ્ત થઈ શકતાં નથી, પરન્તુ આત્મા (તો) નિત્ય, સર્વગત, સ્થિર સ્વભાવવાળો, રૂપાન્તર પ્રાપ્તિરહિત, (અને) પૂર્વ રૂપનો ત્યાગ ન કરવાવાળો, અનાદિ (આત્મા) છે. ૨૪

अव्यक्तोऽयमचिंत्योऽय-मविकार्योऽयमुच्यते।
तस्मादेवं विदित्वैवं नानुशोचितुमर्हसि ॥२५॥

આત્મા અવ્યક્ત–પ્રકટ નથી, અને અચિન્ત્ય અર્થાત નેત્ર–આદિ ઇન્દ્રિયોનો વિષય નથી, અને અવિકાર્ય અર્થાત્ §વિકારથી રહિત છે, એ માટે (હે અર્જુન !) આ કહેલી રી-

§ જેમ દૂધ દહીના સ્વરૂપમાં પ્રાપ્ત થઈ વિકાર યુક્ત થાય છે. તેમ આત્મા અંગ રહિત હોવાથી વિકાર યુક્ત થતો નથી. કેમકે કોઇ અવયવ રહિત વસ્તુને વિકાર પામતાં કદિ જોઈ નથી. એ માટે આત્મા વિકાર

ત્યાનુસાર આત્માને જાણી તારે શોક કરવો યોગ્ય નથી. ૨૫

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥२६॥
जातस्य हि ध्रुवो मृत्यु-र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥

હે મહાબાહો! આ દેહ (કે) જે નિત્ય જન્મશીલ અને નિત્ય મરણશીલ છે તેને તું આત્મા માનીશ, અને દેહથી ભિન્ન આત્માને માનીશ નહિ; તોપણ તું શોક કરવાને યોગ્ય નથી; કેમકે જે જન્મ લે છે, તેનું મૃત્યુ અવશ્ય થાય છે, અને જે મરણ પામે છે, તેનો જન્મ પણ નિશ્ચય થાય છે; માટે (જે) અવશ્ય થવાવાળાં પ્રયોજન છે, તેમાં તારે શોચ કરવો ઉચિત નથી. ૨૬–૨૭

રહિત હોવાથી અવિકાર્ય કહેવાય છે. માટે મારવા, મરાવવારૂપ પાપની શંકા વ્યર્થ છે. માટે યુદ્ધ કરય. એ શ્રીકૃષ્ણનો આશય છે.

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥

હે ભારત! મનુષ્ય—આદિ જે સકળ ભૂત છે, તેની પ્રથમાવસ્થા પ્રકૃતિ છે, મધ્યમાવસ્થા મનુષ્યાદિ છે, અને અન્તની અવસ્થામાં પુનઃ સૂક્ષ્મ અવસ્થા પ્રકૃતિરૂપ થઈ જાય છે. (માટે) આવા અનિત્ય અવસ્થાવાળા દેહાદિકનો શું શોચ કરવો! અર્થાત જન્મ લેવા પેહેલાં પુત્ર, મિત્ર—આદિ પ્રાણીઓનું નામ રૂપ ન હતું અને મરણ પછી પણ નામરૂપ રહેતું નથી. માત્ર મધ્યમાંજ નામરૂપ દેખાય છે; તે પણ મિથ્યા છે, તો એવા પ્રાણીયોના વિષયમાં શું શોચ કરવો જોઈએ? +(કદિ નહિ.) ૨૮

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।

+ જગતને ધ્રુવ કે અધ્રુવ જાણ; પરન્તુ શોકનું કારણ મોહથી થતો સ્નેહ છે.

आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥

કોઈ પુરૂષ (શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશદ્વારા) આત્માને આશ્ચર્ય સદૃશ દેખે છે, કોઈ આશ્ચર્ય સમાન કથે છે, (તેમજ) કોઈ એને આશ્ચર્ય સદૃશ શ્રવણ કરે છે; પરન્તુ †જોઇને, કહીને તથા સાંભળીને પણ આત્માને સારી રીતે જાણતા નથી. ૨૯

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ३०

હે ભારત! આત્મા નિત્ય અર્થાત્ સર્વકાળમાં અને સર્વ અવસ્થામાં વધ કરવા યોગ્ય નથી, અને (એ) સર્વના શરીરમાં સર્વ વ્યાપક-

† જે આત્માને દેખે છે, એવા વિરલા છે, અને જે કહે છે તથા સાંભળે છે, તેવા પણ હજારોમાં એકાદ છે, આવો દુર્લભ–દુઃખથી જાણવા યોગ્ય આત્મા છે. આ બીજા અર્થને પૂજ્યપાદ ભગવાન શ્રી શંકરાચાર્યે પોતાના ભાષ્યમાં લખેલ છે

તાથી રહેલ છે, એ માટે કોઈપણ પ્રાણીઓના નિમિત્ત તારે શોચ કરવો ઉચિત્ નથી. ૩૦

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ३१.

(હે અર્જુન!) પોતાનો સ્વધર્મ એટલે કે ક્ષત્રિય ધર્મ જે યુદ્ધ તેને જોઈને તારે ચલાયમાન્ થવું એ યોગ્ય નથી; કેમકે ધર્મ યુદ્ધ કરતાં બીજું કાંઈ (પણ) ક્ષત્રિયને કલ્યાણ કારક નથી.[1] ૩૧

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ३२

૧ અર્જુનને ઉભયભ્રષ્ટ ન થવા દેવા માટે તથા અર્જુનની જો જ્ઞાનમાં રૂચિ ન હોય તો સ્વધર્માચરણથી ચિત્ત શુદ્ધિ કરાવવા માટે અર્જુનનું ધ્યાન સ્વધર્મ યુદ્ધ ઉપર ખેંચે છે. સ્વધર્મને અધર્મ જાણી બીક પામવો યોગ્ય નથી, યુદ્ધ કરી પ્રજાનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે, અને યુદ્ધ ન કરવામાં પાપ છે, આ શ્રીકૃષ્ણનો આશય છે

હે પાર્થ! દૈવ ઇચ્છાથી આવી મળેલું, (અને) સ્વર્ગનાં ઉઘાડાં બારણાં જેવું આ યુદ્ધ જે ક્ષત્રીઓ પામે, તે સુખી છે; અર્થાત્ આવા પ્રકારનું યુદ્ધ ભાગ્યવાન્ ક્ષત્રિય પામે છે.[1] ૩૨

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ३३

હવે જો તું પોતાના ધર્માનુકૂળ આ સંગ્રામને કરીશ નહિ, તો સ્વધર્મ તથા કીર્ત્તિ ખોઈ કેવળ પાપનેજ પામીશ. ૩૩

अकीर्तिं चापि भूतानि कथयिष्यंति तेऽव्ययाम्।
संभावितस्य चाकीर्ति-र्मरणादतिरिच्यते॥३४॥

વળી સર્વજનો તારી સદા અકીર્ત્તિ ગાશે,

---

૧ સ્મૃતિમાં કહ્યું છે કે:—द्वाविमौ पुरुषौ लोके सूर्यमंडल भेदिनौ । परिव्राडयोग युक्तस्तुरणे चाभि मुखे हतः॥ આ મૃત્યુ લોકમાં એક તો યોગાભ્યાસી તથા બીજો રણભૂમિમાં સામે પગલે મરણ પામેલો, એ બેય પુરૂષ સૂર્યમન્ડળને ભેદી ઉપરના લોકમાં જાય છે. માટે ક્ષત્રિય ધર્મ પ્રમાણે યુદ્ધ કરવું.

અને સંભાવિત-પ્રતિષ્ઠિત પુરૂષને અપકીર્ત્તિ એ મરણ કરતાં (પણ) વિશેષ (દુઃખ દેનાર) છે.

भयाद्रणादुपरतं मन्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो-भूत्वा यास्यसि लाघवम् ३५

જે મહારથીઓ તને મહા માન આપેછે, તેજ કહેશે કે,—ભયથી (અર્જુન) યુદ્ધમાંથી પાછો હઠયો. અને જેઓ તારે માટે ઉંચું મત ધરાવે છે, તેઓની દ્રષ્ટીમાં હવે તું તુચ્છ થઈ જઈશ. ૩૫

अवाच्यवादांश्च बहून्वादिष्यंति तवाहिताः ।
निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ३६

તારા શત્રુઓ તારા પરાક્રમની નિન્દા કરતાં જે ન કહેવાં જોઇએ, એવાં પુષ્કળ વચન કહેશે, એથી વિશેષ દુઃખ તને બીજું શું થશે ? ૩૬

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः॥३७॥

જો તું યુદ્ધમાં માર્યો જાઈશ, તો સ્વર્ગ પામીશ, અને જય મેળવીશ તો પૃથિવીનું રાજ્ય ભોગવીશ. એ માટે હે કૌન્તેય! (કુન્તીના પુત્ર) યુદ્ધ કરવાને માટે દૃઢ પ્રતિજ્ઞા કરીને ઉઠ. ૩૭

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ३८

સુખ, દુઃખ, લાભ, અલાભ, જય, અજય, એ સર્વને સમાન માની તે તે ફળની આશાનો ત્યાગ કરીને નિષ્કામપણે યુદ્ધ કરવા માટે પ્રવૃત્ત થા. (અને) એમ કરવાથી (તું) પાપને પ્રાપ્ત થઈશ નહિ. ૩૮

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि ३९

હે પાર્થ–! (અર્જુન !) આ તને સાંખ્ય બુદ્ધિ કહી; અર્થાત્ પરમાર્થ વસ્તુના વિવેકના વિષયમાં આ જ્ઞાન તારે માટે મેં કહ્યું. હવે

યોગ બુદ્ધિ અર્થાત્ આત્મજ્ઞાન પૂર્વક મોક્ષ સાધન સ્વરૂપ કર્મ અનુષ્ઠાનમાં ઉપયોગવાળી જે બુદ્ધિ છે, તે તું શ્રવણ કરય, જે બુદ્ધિથી મુક્ત થતાં તું કર્મબન્ધ-સંસારને ત્યજી શકીશ. ૩૯

નેહાભિક્રમનાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ૪૦

એ ધર્મનાં પૂર્ણ આચરણ ન થાય; તોપણ તે નિષ્ફળ થતો નથી. તેમજ જો તેમાં ચૂક થાય તો પણ દોષ નથી; પરન્તુ એ કર્મનો થોડો પણ પ્રારમ્ભ ઘણા ભય રૂપ સંસારથી રક્ષણ કરે છે.* ૪૦

વ્યવસાયાત્મિકા બુદ્ધિ-રેકેહ કુરુનંદન ।
બહુશાખા હ્યનંતાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ૪૧

---

* કર્મમાર્ગ સહેલો છે. ફળદાયક છે. જરા થયો હોય તોપણ ફળ આપે છે, મહા ભયથી મુક્ત કરે છે. ચિત્ત-શુદ્ધ કરી સંસાર ભયથી મુક્ત કરાવે છે; અર્થાત્ મોક્ષ આપે છે, માટે યુદ્ધ કરય. એ શ્રીકૃષ્ણનો આશય છે.

હે કુરૂનન્દન ! હું ઈશ્વરની ભક્તિથીજ નિશ્ચય તરી જઈશ, એવી નિશ્ચયાત્મક્ બુદ્ધિ અહિ નિષ્કામ કર્મમાં એકજ છે; અર્થાત્ મોક્ષદાયક છે. અને કામી જનોની બુદ્ધિ અનેક પ્રકારના કર્મ ફળોની થાયછે, ત્યાં પણ બહુ શાખાવાળી અને અનન્ત છે; અર્થાત્ એક પુત્ર-આદિ યજ્ઞમાં પણ આરોગ્ય, ધન, ધાન્ય આદિ અનેક ફળોને ચાહવાવાળી થાય છે. ૪૧

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ४२
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिंप्रति ॥४३॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ४४

હે અર્જુન ! અજ્ઞાની જન, વેદોક્ત કર્મથી સ્વર્ગાદિ ફળજ પ્રાપ્ત થાય છે, એમ કહેવાવાળા, સ્વર્ગના વગર અન્ય કાંઈ (પણ) સુખ

નથી, એમ કહેવાવાળા, સ્વર્ગનેજ શ્રેષ્ઠ બતાવવાવાળા, આ પ્રમાણે કથીને જે મનોહર રમણીય વાણીને, ઘણા પ્રકારની ક્રિયાને, જન્મ ફળ દેવાવાળીને, ભોગ અને ઐશ્વર્યની ગતિને માટે કથે છે, તે બુદ્ધિથી મોહિત ચિત્તવાળા તથા ભોગ અને ઐશ્વર્યમાં આસકત થયેલા કામીજનોની બુદ્ધિ ચિત્તની એકાગ્રતામાં સ્થિત થતી નથી. ૪૨-૪૪

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वो नित्यसत्वस्थो निर्योगक्षेम आत्मवान् ४५

વેદ એ ત્રણ ગુણ—સત્વ, રજ તમનો વિષય છે. એ ત્રિગુણ વિષયવાળા વેદ કામનાવાળા જે અધિકારી છે, તેના કર્મ ફળને પ્રતિપાદન કરે છે. હે અર્જુન ! તું નિષ્કામ થઈ જા. સુખ, દુઃખ, લાભ, અલાભ (અને) જય, અજય એ દ્વન્દ્વોથી રહિત થઇ, નિત્ય સત્વગુણમાં સ્થિત ધિરજવાન્ અર્થાત્ અપ્રમત્ત થા. ૪૫

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

જેમ વાવ, કુવા—આદિ જળાશયોમાંથી મનુષ્યનું ભ્રમથી જ્યાં ત્યાં પ્રયોજન સિદ્ધ થઈ જાય છે તેજ પ્રયોજન મોટા જળાશયમાં એકજ સ્થળે સિદ્ધ થઈ જાય છે, તેમજ સર્વ વેદોમાં જે કર્મફળ રૂપ પ્રયોજન સિદ્ધ થાય છે, તે સર્વ બ્રહ્મમાં નિષ્ઠા રાખવાવાળા પુરૂષને સહજમાં પ્રાપ્ત થાય છે. ૪૬

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भू-र्मा ते संगोऽस्त्वकर्मणि ॥४७॥

(હે અર્જુન !) તારો કેવળ કર્મનાજ વિષયમાં અધિકાર છે; પરન્તુ બન્ધનકારક જે કર્મોનાં ફળ છે, તેમાં કદિ (પણ) ઈચ્છા ન કરય, તું કર્મ ફળનો હેતુ (એટલે અપેક્ષા ક-રનાર) ન થા. તારો સંગ અકર્મમાં પણ થાય નહિ; કેમકે નિષ્કામ કર્મ કરવાથીજ મો-

ક્ષ થાય છે.+ ૪૭

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योःसमो भूत्वा समत्वं योग उच्यते४८

હે ધનંજય! આ કથેલા યોગમાં સ્થિત થઈ, રાજ્ય (અને) બન્ધુ—આદિ સંગનો ત્યાગ કરી, જય—પરાજયની સિદ્ધિ—અસિદ્ધિમાં સમાન થઈ, યોગ યુક્ત કર્મ કરય; અર્થાત્ યુદ્ધ—આદિ કર્મ કરય. આ પ્રકારે સમત્વ રહેવાને યોગ કહે છે.[1] ૪૮

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः॥४९॥

હે ધનંજય! આ બુદ્ધિયોગ (જ્ઞાન) યુક્ત કર્મ કરતાં અન્ય કર્મ ઘણાં હલકાં છે. માટે તું પૂર્વ કથેલ બુદ્ધિ યોગનેજ શરણ થા.

+ કરવા ન કરવાનો સંકલ્પ ન કરતાં કર્તવ્ય બુદ્ધિથી પ્રાપ્તકર્મ કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે.

૧ ફલાનુસન્ધાનનો ત્યાગ અને સિદ્ધિ—અસિદ્ધિમાં સમાનતા તે યોગ.

જ્ઞાનને છોડી કેવળ ફળના નિમિત્ત કર્મ કરવાવાળા પુરૂષ કૃપણ+ અધમ છે. ૪૯

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगःकर्मसु कौशलम् ५०

જ્ઞાનયોગથી યુક્ત પુરૂષ આ લોકમાં પુણ્ય અને પાપથી મુક્ત† થાય છે. અને કર્મોના વિષયમાં જે કૌશલ અર્થાત્ જ્ઞાનની યોજના તે યોગ છે. એ માટે યોગ પ્રાપ્તિને વાસ્તે તું યત્ન કરય. ૫૦

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः।
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ५१

જ્ઞાનનિષ્ઠ વિચારશીલ પુરૂષ કર્મના ફળનો ત્યાગ કરીને, જન્મરૂપ બન્ધનથી મુક્ત થઈ, નિરૂપદ્રવ પરમપદને પામે છે. ૫૧

+ મનુષ્ય જન્મ પામીને જે મોક્ષ સાધતા નથી તે અધમ છે.

† જ્ઞાનરૂપી અગ્નિથી પુણ્ય અને પાપનો નાશ કરીને જીવન્-મુક્ત થાય છે.

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ५२

જ્યારે તારી બુદ્ધિ અજ્ઞાનરૂપ માલિન્યતા-મલીનતાને છોડી દેશે; અર્થાત્ શુદ્ધ થશે, ત્યારે તું શ્રવણ કરવા યોગ્ય તથા સાંભળેલા કર્મોના વૈરાગ્યને પ્રાપ્ત થઈ જઈશ. ૫૨

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ५३

જ્યારે મારાથી શ્રવણ કરીને નિત્ય નિરતિશય સૂક્ષ્મ તત્ત્વને પ્રકાશ કરવાવાળી તારી બુદ્ધિ નિષ્કામ કર્મના અનુષ્ઠાનવડે નિર્મળ મનમાં સ્થિત થશે, ત્યારે આત્મતત્ત્વના સાક્ષાત્કારને પ્રાપ્ત થઈશ. ૫૩

(પ્રસંગવસાત્ તત્ત્વજ્ઞાનનાં લક્ષણ જાણવા પુછેછે.)

अर्जुन उवाच ।

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ५४

અર્જુન કહે છે કે-હે કેશવ! સમાધિમાં સ્થિત થયેલ નિશ્ચળ બુદ્ધિવાળા પુરૂષનું શું લક્ષણ છે! અર્થાત્ સમાધિસ્થ સ્થિત પ્રજ્ઞ કોણ કહેવાય છે? અને તે (નિશ્ચળ બુદ્ધિ) શું [1]બોલે છે? અને શી રીતે સ્થિર થાય છે? તથા કેમ વ્યવહાર કરે છે? ૫૪

[સ્થિત પ્રજ્ઞનાં લક્ષણ કથે છે.]

श्रीभगवानुवाच ।

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ५५

શ્રીભગવાન્ કહે છે કે-હે પાર્થ! પોતાના પરમાનન્દ સ્વરૂપ આત્મામાં પોતેજ આત્મારામ થઈ પ્રસન્ન રહે છે, અને મનમાં પ્રાપ્ત વિષય-આદિની તુચ્છ કામનાને ત્યજી દે છે, ત્યારે તે નિશ્ચળ બુદ્ધિવાળો કહેવાયછે. ૫૫

૧ જ્ઞાની પુરૂષ સંભાષણ આદિક લૌકિક વ્યવહારમાં કઇ રીતથી પ્રવર્તે છે

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥५६॥

દુઃખોમાં જે ઉદ્વિગ્ન થતો નથી, (તથા) સુખોમાં આસક્ત નથી, અને પ્રીતિ, ભય તથા ક્રોધથી રહિત હોય તે મુનિ (મનનશીલ) સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૫૬

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ५७

જે સર્વત્ર સ્નેહથી રહિત છે, તથા અનુકુળ પદાર્થ પામી આનન્દમાં, (અને) પ્રતિકુળ પદાર્થ પામી શોકમાં મગ્ન થતો નથી, તેની બુદ્ધિ સ્થિર થયેલી જાણવી. ૫૭

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ५८

જ્યારે તેવા મહાત્મા—યોગી જગતના પદાર્થોથી સર્વ ઇન્દ્રિયોને અન્તરમુખ કરી, કાચબો જેમ પોતાનું અંગ કાચલામાં સમે-

ટી લે છે, તેમ ઇન્દ્રિયોના રૂપ, રસ–આદિ વિષયોમાંથી ઇન્દ્રિયોને રોકી લે છે, ત્યારે તેની નિશ્ચળબુદ્ધિ કહેવાય છે. ૫૮

विषया विनिवर्तंते निराहारस्य देहिनः ॥
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥५९॥

જે× મનુષ્ય નિરાહાર (ઈન્દ્રિયોના વિષયોનો ઉપભોગ કરે નહિ) રહે, તેની પાસેથી વિષયો એની મેળેજ નિવૃત્ત થઈ જાય છે; પરન્તુ તે વિષયોની ઊંડી અભિલાષા નિવૃત્ત થતી નથી. અને વિષયોથી પર સુખરૂપ આત્મસ્વરૂપને જાણુવાવાળા મુનિની ઇચ્છા નિવૃત્ત થઈ જાય છે. ૫૯

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥६०॥

× જેમકે કોઇ મહાકષ્ટથી ઇન્દ્રિયોને વશ કરીને તપશ્ચર્યા કરે, તો તે સમય વિષય ભોગની ઈચ્છા સમાધિ ભંગ થવાના ભયથી નિવૃત્ત થઈ જાય છે; પરંતુ તે તપશ્ચર્યાનું ફળ જે રાજ્યાદિક ભોગ તેમાં વાસના રહેછે.

હે કૌન્તેય ! (અર્જુન) મોક્ષનો મહા પ્રયત્ન કરતાં છતાં પણ પન્ડિત જનોના મનને પ્રબળ ઈન્દ્રિયો પરાણે હરણ કરે છે; અર્થાત્ અવળે માર્ગે દોરી જાય છે. ૬૦

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ६१

એ માટે સર્વ ઈન્દ્રિયોનું સંયમન (નિગ્રહ) કરીને, યોગીજન મારે વિષે ચિત્ત રાખીને બેસે છે; એટલે કે જેની ઈદ્રિયો, પોતાના અધીન છે, તેની બુદ્ધિ સ્થિર કહેવાય છે. ૬૧

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते६२

જે પુરૂષ વિષયોનું ચિન્તન કરે છે, તેની તે વિષયોમાં પ્રીતિ ઉત્પન્ન થઈ જાય છે. પ્રીતિ થવાથી ઈચ્છા થાય છે, અને તે ઈચ્છાનો પ્રતિબન્ધ થવાથી ક્રોધ ઉત્પન્ન થાયછે. ૬૨

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३

ક્રોધથી સંમોહ—અવિવેક થાય છે; અર્થાત્ કરવા ન કરવાનું જ્ઞાન ભુલાય છે, અને અવિવેકથી સ્મૃતિનો નાશ થાય છે. સ્મૃતિનો નાશ થવાથી બુદ્ધિ નષ્ટ થઈ જાય છે, અને બુદ્ધિનો નાશ થતાં સર્વસ્વ નષ્ટ થઈ જાય છે; અર્થાત્ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.[1] ૬૩

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ६४

જે ઈન્દ્રિયોને રાગ—દ્વેષથી વિમુખ કરી, ઉચિત વિષયોમાં લાગેલી ઈન્દ્રિયોથી વિષયોને ભોગવતો, મનને વશમાં રાખનાર પુરૂષ, ચિત્તની સ્વસ્થતાને પામે છે, એટલે કે માન-

૧ દુષ્ટ ઇન્દ્રિયોના વિષયરૂપ માર્ગમાં લાગેલ ચિત્તને ધીરે ધીરે તિવ્ર ભક્તિયોગથી તથા વૈરાગ્યથી પોતાના વશમાં રાખવું જોઈએ.

સિદ્ધ આનન્દને પામે છે; અર્થાત્ શાન્તિને પામે છે. ૬૪

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥६५॥

ઉપર કહ્યા પ્રમાણે શાન્તિ પ્રાપ્ત થતાં તેનાં સર્વ દુઃખોનો નાશ થઈ જાય છે. અને પ્રસન્ન–નિર્મળ ચિત્તવાળાની બુદ્ધિ તત્કાળ સ્થિર થઈ જાય છે.* ૬૫

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ६६

જે ઇન્દ્રિયોને વશ કરી, મારામાં મનને યોજતો નથી; અર્થાત્ ચિત્તને સ્થિર કરતો નથી, તેને શાસ્ત્ર તથા આચાર્યે કથેલી આત્મસમ્બન્ધી બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. અને ભાવના અર્થાત્ આત્મજ્ઞાનમાં તત્પરતા પણ

* જ્ઞાની સદા મનોનિગ્રહ રાખી આત્મપરાયણ રહે છે, તેથી તે બાહારના વિષયોથી લેપાતો નથી.

થતી નથી. જેને આત્મજ્ઞાન થયું નથી, તેને શાન્તિ પણ થતી નથી, અને જેને શાન્તિ નથી તેને સુખ ક્યાંથી થાય.? ૬૬

इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥६७॥

વશ કર્યા વગર ઈચ્છાનુસાર, જે વિષયોમાં ઈન્દ્રિયો વિચરે છે, અને તે પાછળ જે મન લાગી જાય છે, તે પુરૂષની બુદ્ધિને, જેમ જળમાંના વાહાણને વાયુ ભ્રમિત કરી દે છે, તેમ ભ્રમિત કરી દે છે. ૬૭

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ६८

એ માટે હે **મહાબાહો**! (લાંબા હાથવાળા અર્જુન) જેણે સર્વ તરફથી ઈન્દ્રિયોના વિષયમાત્રમાંથી ઈન્દ્રિયોનો ૬૦ નિગ્રહ કરેલા છે, તેનીજ બુદ્ધિ સ્થિર છે. ૬૮

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ६९

[1]જ્યાં સર્વ પ્રાણી અજ્ઞાનરૂપ રાત્રિ (અન્ધકાર)નો અનુભવ કરે છે, ત્યાં જીતેન્દ્રિય પુરૂષ જ્ઞાનરૂપ જાગ્રત્ અવસ્થાનો અનુભવ કરે છે, અને સર્વ પ્રાણીઓને જાગ્રત્ અવસ્થા પ્રતીત થાય છે, તે અજ્ઞાનરૂપ રાત્રિ છે એમ વિવેકી જાણે છે. ૬૯

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशंति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशंति सर्वे
स शांतिमाप्नोति न कामकामी ॥ ७० ॥

જેમ સમુદ્રના મધ્યમાં ચારે કોરથી જળના પ્રવાહ પડે છે, તોપણ તે પોતાની મર્યાદાનો ત્યાગ કરતો નથી, તે પ્રમાણે જે વિષ-

---

૧ ઇષ્ટજન વિયોગ આદિક જે સાંસારિક દુઃખરૂપ અન્ધકાર તેમાં જ્ઞાનનિષ્ઠ પુરૂષ પ્રબુદ્ધ રહે છે, અર્થાત્ તે દુઃખોથી લિપ્ત થતો નથી. અને જે સાંસારિક સુખોમાં અજ્ઞાની લોક નાનાપ્રકારે આસક્ત રહે છે, તેને જ્ઞાની લોક દુઃખરૂપ અન્ધકાર સમજે છે.

યોનો સંગ થતાં પણ વિકારને પ્રાપ્ત થતો નથી તે શાન્તિને પામે છે; પરન્તુ કામના-ઈચ્છા કરવાવાળા પુરૂષ કદિ (પણ) શાન્તિને પ્રાપ્ત થતા નથી. ૭૦

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः।
निर्ममोनिरहंकारः स शांतिमधिगच्छति॥७१॥

જે પુરૂષ સર્વ કામનાનો ત્યાગ કરી, સ્પૃહા રહિત થઇને ફર્યા કરેછે; અર્થાત્ પ્રાપ્ત થયેલા વિષયોનો ત્યાગ અને ન પ્રાપ્ત થયેલાઓમાં ઈચ્છાનો ત્યાગ કરી, મમતા અને અહંકાર રહિત થઇને વિચરેછે; એટલે કે જેણે 'અહંતા-મમતાનો' ત્યાગ કરેલોછે, તે શાન્તિનેપામેછે.૭૧

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति।
स्थित्वास्यामंतकालेऽपि ब्रह्म निर्वाणमृच्छति७२

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्र० सांख्ययोगो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

હે પાર્થ ! આ પ્રમાણે મેં આ જે નિષ્કામ કર્મમાં સ્થિતિ કહી, તે (સ્થિતિ) બ્રહ્મપ્રાપ્તિ

કરાવનારી છે. તે (સ્થિતિ)ને પ્રાપ્ત થઈ પુરૂષ મોહ પામતો નથી, અને અન્ત+ સમય પણ એ સ્થિતિમાં રહીને પરબ્રહ્મમાં લીન થઈ જાય છે; એટલે કે ત્યાં સુધી પોહોચ્યા પછી મોહ થઈ શકતોજ નથી, તેમાં જે સદા સ્થિત રહે છે, તેનું તો કહેવુંજ શું ? ૭૨

ઇતિશ્રી શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષે 'સાંખ્ય યોગ' નામનો અધ્યાય ૨ જો સમ્પૂર્ણ.

+ સત્ અદ્વૈતમાં અને મિથ્યા જગતમાં જે પરમેશ્વર એક જેવાપણું છે, તેનો અન્તકાળ, તે દ્વૈતાદ્વૈતની ભેદબુદ્ધિજ છે, બીજું કાંઈપણ નથી. આ પ્રસિદ્ધિથી પ્રાણનો વિયોગ અન્તકાળ, તે કાળમાં પણ ગયેલી ભ્રાન્તિનું પુનઃ આવવાપણું નથી. સદ્વસ્તુને અસત્છે એમ જોઇએ અને અસત્ વસ્તુને સદ્વસ્તુ છે એમ જોઇએ, તો એકને બીજું જોયું કહેવાય. માટે સદ્–અસત્નું યથાર્થ જ્ઞાન થાય તે ભેદબુદ્ધિ છે. આ ભેદબુદ્ધિજ સત્ને અસત્ અને અસત્ને સત જોવાય છે. તેનો અન્તકાળ છે. કાંઈ શરીર મુક્તિ એ અન્તકાળ નથી; અર્થાત્ ભ્રમમાં ભેદબુદ્ધિ તે ભ્રમનો અન્તકાળ, વળી પ્રાણનો દેહથી વિયોગ થાય, તેને પણ લોકો અન્તકાળ કથે છે. તો આવા અન્તકાળમાં પણ પૂર્વે નિવૃત્ત થયેલી ભ્રાન્તિ પુનઃ આવી શકતી નથી.

ॐ

ॐअध्याय ३ जो.

(બીજો અધ્યાય સૂત્રરૂપે કહ્યો, હવે એ સૂત્રોના વ્યાખ્યાનરૂપે કહેવામાં આવશે.)

अर्जुन उवाच ॥

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥१॥

" પહેલા અધ્યાયમાં અધિકાર નિર્ણય કરી, બીજા અધ્યાયમાં શાસ્ત્રાર્થ સૂત્રરૂપે કહ્યા, અને હવે જે જે કહેવાશે, તે એ સૂત્રોના વ્યાખ્યાન રૂપે છે એમ સમજવું. નિષ્કામ કર્મનિષ્ઠા, અન્તકરણ શુદ્ધિ, શમદમાદિ સાધનપુરઃસર સર્વ કર્મ સંન્યાસ, વેદાંત વિચારસહ ભગવદ્ભક્તિ, તત્વજ્ઞાનનિષ્ઠા, તેનું ફળ-ત્રિગુણાત્મક અવિદ્યાની નિવૃત્તિથી જીવન્મુક્તિ, અને તે દશામાં પણ પરમ વૈરાગ્ય પ્રાપ્તિ, દૈવસંપત્-આસુર સંપત્‌નું ઉપાદેયત્વ તથા હેયત્વ, પ્રારબ્ધનો ક્ષય થતાં વિદેહ કૈવલ્ય, આ પ્રમાણે ક્રમવાર સર્વ શાસ્ત્રાર્થ સુચિત થાય છે. બીજા અધ્યાયમાં સુચવેલી સત્વ શુદ્ધિ કરવાવાળી, નિષ્કામ કર્મનિષ્ઠા તેને લઈને સામાન્યપણે ત્રીજો અને વિશેષે કરીને ચોથો એ બે અધ્યાય છે. શુદ્ધાન્તઃકરણ-

અર્જુન પુછે છે કે—હે જનાર્દન! જો તમારા મનમાં કર્મ કરતાં બુદ્ધિયોગ શ્રેષ્ઠ છે,[૧] તો મને આ ભયંકર કર્મ (યુદ્ધ) માં કેમ પ્રવૃત્ત કરો છો. ૧

વાળાને શમદમાદિ સાધનથી પ્રાપ્ત થયેલી સર્વ કર્મ સંન્યાસનિષ્ઠા ટુંકામાં પાંચમામાં તથા વિસ્તારપૂર્વક છઠ્ઠા અધ્યાયમા કહેલ છે. આ પ્રમાણે પ્રથમ ષટ્કથી એટલે કે પેહેલા છ અધ્યાયથી 'त्वम्' એ પદાર્થનો નિર્ણય થાય છે. ભગવદ્નિષ્ઠા વિવિધ પ્રકારે બીજા ષટ્કમાં વર્ણવેલ છે. અને તે વર્ણન સાથે 'तत्' પદાર્થનો પણ નિર્ણય કરેલો છે. ત્યારપછી તેરમા અધ્યાયમાં તત્ અને त्वम् તેના ઐક્યરૂપ, તત્વજ્ઞાનનિષ્ઠા, પ્રકૃતિ પુરૂષ વિવેકદ્વારા કહેલ છે. ચૌદમા અધ્યાયમાં ત્રૈગુણ્યનિવૃત્તિ અને એનું નામજ જીવન્મુક્તિ, તે ગુણાતીતનાં લક્ષણ દ્વારા કથેલ છે. પનરમાં અધ્યાયમાં પરમવિરાગનિષ્ઠા સંસાર વૃક્ષચ્છેદથી દર્શાવેલ છે. સોળમા અધ્યાયમાં વિરાગને અનુકુળ દૈવીસંપત કહેલ છે. સત્તરમા અધ્યાયમાં પ્રતિકૂળ આસુરી સંપત્ કહેલ છે. અને છેલ્લા અઢારમા અધ્યાયમાં સર્વ શાસ્ત્રનો ઉપસંહાર છે. આ પ્રમાણે આખું ગીતાશાસ્ત્ર બીજા અધ્યાયનું વિવેચનજ છે

૧ આત્મતત્વ વિષયક બુદ્ધિ નિષ્કામ કરતાં આપને વિશેષ અભિમત છે, તો પછી અનેક પ્રયાસો યુક્ત હિંસાદિક એવાં આ ઘોર યુદ્ધ કર્મમાં મને કેમ યોજો છો? એ અર્જુનનો આશય છે.

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥

આવાં મિશ્રિત[૨] વચનોથી આપ મારી બુદ્ધિને મોહિત કરોછો. માટે (તેમ ન કરતાં) જેથી મારૂં શ્રેય (મોક્ષ) થાય, તે એકજ વાત નિશ્ચિત કરીને કહો. ૨

श्रीभगवानुवाच ॥

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ३

શ્રીભગવાન્ કહે છે કે-હે નિષ્પાપ ! (અર્જુન !) આ લોકમાં ઉભય પ્રકાર (એક જ્ઞાનનિષ્ઠા એટલે જ્ઞાનયોગ અને બીજી કર્મ-

૨ જ્ઞાન પ્રશંસા અને કર્મ પ્રશંસાથી આપનાં વ-ચનો વિચિત્ર છે. આપનાં વચનો કર્મનો નિષેધ, કર્મનો અધિકાર અને નિવૃત્તિ માર્ગનો ઉપદેશ કરે છે, આ પ્રમાણે બેય પક્ષમાં અનુમોદન આપતાં આપનાં વચનો જ્ઞાન તથા કર્મ પ્રતિપાદન કરનારાંછે. માટે તે બેયમાંથી જે ઉત્તમ-મોક્ષદાતા હોય તે મને કહો.

નિષ્ઠા એટલે કર્મયોગ)ની સ્થિતિ મેં પ્રથમ કહી છે; અર્થાત્ જ્ઞાનાધિકારીઓ (સાંખ્ય-વાળા[૩]) ની જ્ઞાનયોગવડે, અને કર્મ યોગાધિકારી (યોગવાળા)ની કર્મ યોગવડે, એ પ્રમાણે બે પ્રકારની સ્થિતિ કહેલી છે. ૩

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४॥

વર્ણાશ્રમોચિત્ કર્મ કર્યા વગર પુરૂષ જ્ઞાનનિષ્ઠાને પ્રાપ્ત થતો નથી; અર્થાત્ નિષ્કામ કર્મનો આરમ્ભ ન કરવાથી નૈષ્કર્મ્ય (સુખ) ને પામતો નથી, તેમ ચિત્તની શુદ્ધિ વગર ભગવદારાધનરૂપ કર્મના ત્યાગથી પણ સિદ્ધિને પ્રાપ્ત થતો નથી; અર્થાત્ સંન્યાસથી પણ સિદ્ધિ પામતો નથી. ૪

नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥५॥

---

૩ ભગવાન્ કપિલકૃત શાસ્ત્ર.

કોઈ પણ ક્ષણ માત્ર પણ કર્મ કર્યા વગર રહી શકતું નથી; કેમકે પ્રકૃતિજનક સત્વાદિગુણો[૪] અસ્વતંત્ર સર્વ અજ્ઞાની પુરૂષોને કર્મમાંજ પ્રેરણા કરે છે.+ ૫

कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ६

જે કર્મેન્દ્રિયોને[૫] વશમાં કરીને, મનથી શબ્દાદિ વિષયોનું સ્મરણ કરતો રહે છે, તે અજ્ઞાની પુરૂષ મૂઢમતિ મિથ્યાચારવાળો ઢોંગી કહેવાય છે. ૬

यस्त्विंद्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेंद्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥७॥

૪ સત્વ, રજ અને તમ એ પ્રકૃતિના ગુણો છે.

+ માનસિક ત્યાગ થાય ત્યારે વાસ્તવિક્ સંન્યાસ થાય છે, માટે સત્વ શુદ્ધિ થતાં પર્યન્ત વૈદિક્, લૌકિક્ કર્મમાં પ્રવૃત્ત થવાની અગત્ય છે.

૫ હાથ, પગ, મુખ, ગુદા અને ઉપસ્થ એ કર્મેન્દ્રિય કહેવાય છે.

હે અર્જુન ! મનથી જ્ઞાનેન્દ્રિયોને* રોકીને ફળની ઇચ્છાથી રહિત થઈ, કર્મેન્દ્રિયોવડે, નિષ્કામ કર્મ કરે છે, તે શ્રેષ્ઠ† છે. ૭

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥८॥

નિરન્તર તું નિત્ય નૈમિત્તિક કર્મ કરય; કેમકે કર્મ ન કરવા કરતાં કર્મ (કરવું) એ વિશેષ ઉત્તમ‡ છે. જો કર્મનું આચરણ કરીશ નહિ તો, તારા શરીરનો નિર્વાહ પણ થશે નહિ ૮

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥ ९ ॥

* નેત્ર, કાન, નાસિકા, જીહ્વા અને ત્વચા એ જ્ઞાનેન્દ્રિય કહેવાય છે.

† મન સહ ઇન્દ્રિયોને વશ કરી, કર્મેન્દ્રિયોથી કર્મ કરે છે, તે કોઇ ફળનો ભોગી ન હોવાથી જે પ્રાપ્ત થાય, તેવડે નિર્વાહ કરનાર મિથ્યાચારી કરતાં ઉત્તમ છે.

‡ ફળનો કાંઇપણ વિચાર ન કરતાં ક્ષત્રિય ધર્મ પ્રમાણે પ્રાપ્ત થયેલું જે આ યુદ્ધ છે, તેજ તારે કર્તવ્ય છે.

યજ્ઞ[1] વગરનાં કર્મ કરવાથી મનુષ્ય, કર્મ બન્ધનમાં પડે છે, તે માટે હે કુન્તીનાપુત્ર ! ફળની ઇચ્છાથી રહિત થઈને યજ્ઞ (પરમેશ્વર) ને માટે કર્મ કરય[2]　૯

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेषवोऽस्त्विष्टकामधुक् १०

પૂર્વે (સૃષ્ટિકાળમાં) યજ્ઞના અધિકારવાળી પ્રજા ઉત્પન્ન કરીને, પ્રજાપતિએ કહ્યું કે, આ (યજ્ઞ) થી તમે વૃદ્ધિ પામો. એ (યજ્ઞ) તમોને ઇચ્છિત ભોગ આપનાર કામધેનુ થાઓ. ૧૦

देवान्भावयतानेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥११॥

આ (યજ્ઞ) થી તમે દેવતાઓને સન્તુષ્ટ

૧ यज्ञो वै विष्णुः—યજ્ઞ વિષ્ણુ છે. એ શ્રુતિ અનુસાર, યજ્ઞ જે પરમેશ્વર તેની પ્રાપ્તિને અર્થે જે કર્મ કરવામાં આવે તેને યજ્ઞાર્થે કહે છે

૨ યજ્ઞ વગરનાં કર્મ બન્ધનકારક છે, માટે યજ્ઞાર્થે નિષ્કામ કર્મ કરવામાં દોષ નથી.

કરો. અને તે (દેવતાઓ) તમને સન્તુષ્ટ કરે. આ પ્રમાણે પરસ્પર વર્ત્તવા (સન્તોષ) થી તમે અને દેવતા પરમશ્રેય (ઉન્નતિ) ને પામશો. ૧૧

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः १२

(યજ્ઞથી[3] તૃપ્ત થયેલા દેવતાઓ તમને અવશ્ય મનવાંછિત ભોગ આપશે. તેથી તેમણે (દેવતાઓએ) આપેલા ભોગોને, એ દેવતાઓને ન આપતાં જે ભોગવેછે તે ચોરછે. ૧૨

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पंचत्यात्मकारणात् १३

યજ્ઞ કરતાં વધેલા (અન્ન)નો ભોગ કરનાર સત્પુરૂષો સઘળાં પાપોથી છૂટે છે. જેઓ પોતાને માટેજ (અન્ન) રાંધેછે, તે પાપીઓ પાપ-

3 બ્રહ્મ, દેવ, મનુષ્ય. પિતૃ અને ભુતયજ્ઞ એ પાંચ મહાયજ્ઞ છે. માટે તે ગૃહસ્થે અવશ્ય કરવાજ જોઈએ.

નેજ ભોગવે છે.[૪] ૧૩

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥१४॥

અન્નથી ભૂત (પ્રાણી) માત્ર ઉત્પન્ન થાય છે. અન્નની ઉત્પત્તિ જળની વૃષ્ટિથી થાય છે. અને જળની વૃષ્ટિ યજ્ઞ કરવાથી થાય છે. અને યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે.[૫] ૧૪

---

૪ कण्डणी पेषणी चुल्ली उदकुंभीच मार्जनी । पंचसूना गृहस्थस्य ताभिः स्वर्गं न विंदति ॥ ખાંડવામાં, દળવામાં ચૂલામાં, પાણી ભરવામાં અને વાસીદું વાળવામાં ગૃહસ્થને પાંચ હત્યાઓ લાગે છે. તે દોષ સ્વર્ગ પ્રાપ્તિમાં ગૃહસ્થને અંતરાય કર્તા છે. માટે તે દોષો ગૃહસ્થે દૂર કરવા તેઈએ

૫ મનુસ્મૃતિના અધ્યાય ત્રીજાના ૭૬ મા શ્લોકમાં કહ્યું છે કે–अग्नौ प्रस्ताहुतिः सम्यगादित्य मुपतिष्ठते । आदित्या ज्जायते वृष्टि र्वृष्ट रन्नं ततः प्रजाः ॥ અગ્નિમાં વિધિપૂર્વક હોમેલી આહુતિ સૂર્યને પોહોચે છે. સૂર્ય જળની વૃષ્ટિ કરે છે. વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે. અને અન્નથી પ્રજા ઉત્પન્ન થાય છે

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥१५॥

કર્મબ્રહ્મ (વેદ) થી ઉદ્ભવ્-ઉત્પન્ન થાયછે. એમ તું જાણ. વેદ અક્ષર બ્રહ્મ-પરમાત્માથી થયેલ છે; એ માટે સર્વ વ્યાપિ, નાશ રહિત પરબ્રહ્મ યજ્ઞમાં સ્થિત છે. અહિ બ્રહ્મનામ પ્રકૃતિનું છે. પ્રકૃતિનુંજ રૂપ શરીર છે. એ શરીરવડે કર્મ થાય છે. અને આ શરીર જીવથી ઉત્પન્ન થાયછે; અર્થાત્ જીવ સહિત શરીરજ કર્મવાળું છે. એ માટે સર્વાધિકાર યોગ્ય શરીર યજ્ઞમાં નિત્ય પ્રતિષ્ઠિત છે; અર્થાત્ યજ્ઞનું મૂળ કારણ છે. ૧૫

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति १६

હે પાર્થ! આ પ્રમાણે ઈશ્વરે પ્રવર્ત્તમાન કરેલાં આ ચક્રને જે અનુસરતો નથી; અર્થાત્ જે કર્માધિકારી વા જ્ઞાનાધિકારી યજ્ઞ-આદિ

કરતો નથી, તે પાપરૂપ જીવનવાળો, કેવળ ઇન્દ્રિયોનુંજ પોષણ કરનારો વ્યર્થ જીવે છે+૧૬

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते १.७

પણ જે (પુરૂષ) આત્મસ્વરૂપમાંજ આનન્દિત છે, અને આત્મ સ્વરૂપથી તૃપ્ત છે. આત્મામાંજ સન્તુષ્ટ છે. તેને કાંઈ પણ કર્તવ્ય નથી.　　　　૧૭

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥१.८॥

+ મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયના ૧૧૮ મા શ્લોકમાં કહ્યું છે કે

अघं स केवलं भुङ्क्ते यः पचत्यात्म कारणात् ।
यज्ञ शिष्टाशनं ह्येतत्सतामन्नं विधीयते ॥

પાપ યજ્ઞ (વૈશ્વદેવ-આદિ) જે માત્ર પોતાને માટેજ રસોઈ કરાવી જમે છે, અને દેવોને જમાડતો નથી, તે કેવળ અઘનું (પાપ) ખાતો હોય તેવો છે. અને નહિ તેમાંથી યજ્ઞ શેષ (અમૃત) ખાય તેને સાધુ પુરૂષનું અન્ન કહે છે.

તેને કર્મ કરવાથી કે ન કરવાથી કાંઈ (પણ) પ્રયોજન નથી. તે જ્ઞાનીને બ્રહ્માથી લઈને, તૃણ પર્યન્ત સર્વ પ્રાણીઓમાં કાંઈ પણ સ્વાર્થ સમ્બન્ધ હોતો નથી. ૧૮

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥१९॥

જ્ઞાનીને કર્મ કરવાનું પ્રયોજન નથી, એ માટે તું કર્મોના ફળ સંગ રહિત થઈ, વર્ણાશ્રમના યોગ્ય નિરન્તર કર્મ કરય; અર્થાત્ કર્ત્તવ્ય કર્મ કરય. ફળની આકાંક્ષાથી રહિત થઈને કર્મ કરવાવાળો પુરૂષ પરમપદને પ્રાપ્ત થાય છે. ૧૯

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

કેમકે જનક—આદિ મહાત્માઓ કર્મ વડેજ સિદ્ધિને પામ્યા છે, અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થયા છે. (તેમ) મને કર્મ કરતો જોઈને અન્ય

પુરૂષ (પણ) કર્મ કરશે, એવો વિચાર કરી લોક સંગ્રહાર્થે કર્મ કરવાં એજ ઉચિત છે. ૨૦

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥

જે જે (કર્મ) શ્રેષ્ઠ પુરૂષો કરે છે, તે તે (કર્મ) અન્ય પુરૂષો પણ કરે છે. તે શ્રેષ્ઠ પુરૂષો જેને પ્રમાણ કરે છે, તેનેજ લોકો અનુસરે છે. ૨૧

न मे पार्थास्ति कर्तव्यं त्रिषुलोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥२२॥

હે પાર્થ! જો કે મારે ત્રૈલોક્યમાં કાંઈ (પણ) કર્ત્તવ્ય નથી; કેમકે જગત્માં એવી કોઈ (પણ) વસ્તુ નથી, કે જે મને પ્રાપ્ત થયેલ ન હોય તે પ્રાપ્ત કરવાની છે; તો પણ હું કર્મ કરવામાં પ્રવૃત્ત છું. ૨૨

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥२३॥

જો હું આલસ્ય માત્ર ત્યજી જેમ નિત્ય વર્ત્તુ તેમ (જો) કર્મમાં ન વર્ત્તું, તો મનુષ્યો સર્વ પ્રકારે મારેજ માર્ગે ચાલવા માંડે. ૨૩

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः २४

જો હું કર્મ ન કરૂં, તો આ સર્વ લોક ભ્રષ્ટ થઈ જાય. અને હુ વર્ણસંકરનો કર્તા તથા પ્રજા માત્રનો નાશ કરનાર થાઉં ૨૪

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्ताश्चिकीर्षुर्लोकसंग्रहम् २५

હે ભારત ! જેમ અજ્ઞાની પુરૂષો કર્મના ફળમાં આસક્ત થઈને. કર્મ કરે છે, તેમજ લોક સંગ્રહ કરવાની બુદ્ધિથી વિદ્વાને (ફળની) આસક્તિ રહિત થઈને (કર્મ) કરવાં. ૨૫

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् २६

કર્મમાં નંગવાળા, અર્થાત કર્માંગાંજ ૨૬

રીતે વિશ્વાસ કરનાર અજ્ઞ જનોની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન કરવો નહિ, પણ વિદ્વાને (જ્ઞાનીએ) યુક્તિથી અનુસારી સર્વ કર્મો પ્રીતિથી કરાવવાં. ૨૬

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥२७॥

અહંકારથી વિમૂઢ થયેલો આત્મા, સર્વ રીતે પ્રકૃતિ (ત્રિગુણમયી માયા)ના ગુણોએ કરાતાં કર્મનો હું કર્તા છું, એમ માને છે. ૨૭

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तंत इति मत्त्वा न सज्जते २८

પરન્તુ હે મહાબાહુ ! કર્મના વિભાગોનું તત્ત્વ (જડ-ચેતનની જુદાઈ) જાણનાર ગુણો ગુણોમાં પ્રવર્ત્તે છે, એમ માની, તે (કર્મ) માં આસક્ત થતા નથી. ૨૮

प्रकृतेर्गुणसंमूढाः सज्जंते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत् २९

પ્રકૃતિના ગુણોના કાર્યોવડે મૂઢ થયેલા જન, સત્ત્વાદિ ગુણોના ફળમાં આસક્ત થાય છે, તેવા થોડું જાણનારા મન્દ પુરૂષોને સર્વજ્ઞ પુરૂષે કર્મ માર્ગથી ચળાયમાન્ કરવા નહિ. ૨૯

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्ध्यस्व विगतज्वरः ३०

સર્વ કર્મને મારા વિષે અર્પી, આત્મામાં ચિત્તને સ્થિર (એકાગ્ર) કરી, આશા અને મમતા રહિત થઈ, (મનનો) સન્તાપ ત્યજીને યુદ્ધ કરય. ૩૦

ये मे मतमिदं नित्यमनुतिष्ठंति मानवाः ।
श्रद्धावंतोऽनसूयंतो मुच्यंते तेऽपि कर्मभिः ३१

જે મનુષ્ય દોષ દૃષ્ટિનો ત્યાગ કરી, શ્રદ્ધાયુક્ત (થઈને) આ મારા સિદ્ધાન્તનું આચરણ કરે છે, તે લોક કર્મ બન્ધનથી મુક્ત થાય છે.[1] ૩૧

---

૧ સંન્યાસને યોગ્ય થાય છે, મોક્ષ પામે છે.

ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठंति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥३२॥

પરન્તુ જે મનુષ્ય દોષ દૃષ્ટિથી આ મારાં મતનું આચરણ કરતા નથી તે સર્વ પ્રકારનાં જ્ઞાનોમાં વિવેક રહિત નષ્ટ અને મૂર્ખ છે એમ તું જાણ. ૩૨

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ३३

જ્ઞાની પુરૂષ પણ પોતાની પ્રાચીન વાસનારૂપ (પ્રકૃતિ સદૃશ) સ્વભાવાનુસાર ચેષ્ટા કરે છે; (અર્થાત્) સર્વ પ્રાણી માત્ર અનાદિ કાલકૃત વાસના (પ્રકૃતિ) નેજ પ્રાપ્ત થાય છે. તેને (શાસ્ત્ર) નિગ્રહ શું કરશે ? ૩૩

इंद्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपंथिनौ ॥३४॥

રાગ દ્વેષ (પ્રીતિ—અપ્રીતિ)ની વ્યવસ્થાથી ઈન્દ્રિયો ઇન્દ્રિયના અર્થોમાં પ્રવર્ત્તે છે, માટે

તે (ઇન્દ્રિયો)ને અધીન થવું નહિ. કેમકે તેજ એના શત્રુ (ની બરજ સારે) છે. ૩૪

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥३५॥

સ્વનુષ્ઠિત પરધર્મ કરતાં કાંઈક અંગોની ન્યૂનતાવાળો પોતાનો ધર્મ શ્રેયસ્કાર છે. પોતાના ધર્મમાં મરણ (પણ) શ્રેય છે. (પણ) પરધર્મ ભય ઉત્પન્ન કરનાર છે; અર્થાત્ પોતાના વર્ણાશ્રમના જે અનુકુળ ધર્મ છે, તે પારકા અહિન્સા—આદિ ધર્મોથી ઉત્તમ છે. એ માટેજ આપણા ક્ષત્રિય ધર્મમાં મરવું એ ઉત્તમ છે. (અને) પરધર્મને અનુસરવું, એ નરક આપનાર છે. ૩૫

(જાણતા છતાં અને ઈચ્છા વગર કુમાર્ગે અનુસરી પાપ કરે છે, તે કોણ દોરી જાય છે ?)

अर्जुन उवाच ॥

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥३६॥

અર્જુન પુછે છે કે-હે વૃષ્ણિકુલ શ્રેષ્ઠ વાર્ષ્ણેય+ ! (માધવ!) આ પુરૂષ ઇચ્છા કર્યા વગર પણ બળાત્કારથી પ્રવૃત્ત થયેલાની પેઠે, કોની પ્રેરણાથી પાપાચરણ કરે છે? ૩૬

(સર્વ શાસ્ત્રના રહસ્યરૂપ તથા સારરૂપ એક જ વાર્તા કહે છે.)

श्री भगवानुवाच ॥

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ३७

શ્રી ભગવાન કહે છે કે-(હે અર્જુન !) 'પુરૂષને' રજોગુણથી ઉત્પન્ન થયેલ (જે) કામ (છે, તે અત્યન્ત વિષયોના સેવનથી પણ તૃપ્ત થતા નથી.) મહાપાપી છે. જે મહાભક્ષ કરનાર અને તેજ કામ-ક્રોધરૂપ થઈ જાય છે. (માટે) તેને તું (મોક્ષમાર્ગમાં) વૈરી જાણ. ૩૭

+ વૃષ્ણિ કુળમાં ઉત્પન્ન થવાવાળા વા જે બ્રહ્માનન્દરૂપી અમૃતનું વર્ષણ કરે તે વૃષ્ણિ અર્થાત સારી રીતે જ્ઞાન જે વડે જાણવામાં આવે, તે વાર્ષ્ણેય અર્થાત્ પરમાત્મા.

धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥३८॥

જેમ અગ્નિ ધૂમાડાથી આચ્છાદિત થાય છે, (તથા) મેલથી દર્પણ આચ્છાદિત થાય છે (તથા) જેમ ગર્ભ જરાયુ† ચર્મથી ઢંકાઈ જાય છે; તેમજ વિષય વાસનાવડે આત્મજ્ઞાન ઢંકાયલું છે. ૩૮

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय दूष्पूरेणानलेन च ॥३९॥

હે કુન્તીના પુત્ર! જ્ઞાનીના નિરન્તર વૈરીએ—એણે—જ્ઞાનને ઢાંકી દીધેલું છે; અર્થાત્ નિરન્તર વિરોધ કરવાવાળો ધરાય નહિ, એમ અગ્નિ તુલ્ય કામરૂપી જ્ઞાનીના નિરન્તર વૈરીથી જ્ઞાની પુરૂષનું જ્ઞાન આચ્છાદિત થઈરહેલુછે. ૩૯

इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥४०॥

† ગર્ભને ચારેકોરથી આચ્છાદિત કરવાવાળું ચામડું—ઓર.

ઈન્દ્રિય, મન (અને) બુદ્ધિ એ (વિષય-વાસનાનાં) એનાં અધિષ્ઠાન છે. તે ઇન્દ્રિય-આદિના વ્યાપારવડે એ વિષય-વાસના જ્ઞાનને આચ્છાદિત કરી જીવને મોહિત કરી દેછે. ૪૦

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ४१

હે ભરત કુળમાં શ્રેષ્ઠ! એ માટે તું પ્રથમ ઈન્દ્રિય મન (અને) બુદ્ધિ એઓને નિયમમાં રાખીને, જ્ઞાન અને વિજ્ઞાન (અનુભવ) બન્નેનો નાશ કરનાર એ પાપી (કામ-ક્રોધ) નો (અવશ્ય) નાશ કરય. ૪૧

इंद्रियाणि पराण्याहु-रिंद्रियेभ्यः परंमनः ।
मनसस्तु परा बुद्धि-र्योबुद्धेः परतस्तु सः ४१

ઈન્દ્રિયો પર છે, એટલે શરીરથી ઇન્દ્રિયો ભિન્ન છે. ઇન્દ્રિયોથી પર મન છે. મનથી બુદ્ધિ પરછે અને જે બુદ્ધિથી પણ પરછે તે એછે.૪૨

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥४३॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्र० कर्मयोगो
नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

હે મોટી ભુજાવાળા ! (અર્જુન !) આ પ્રકારે બુદ્ધિથી પર આત્માને જાણીને અને મનને નિશ્ચળ કરીને, દુઃખથી જીતવા યોગ્ય એ કામરૂપી દુર્જય શત્રુને (તું) જીતી લે. ૪૩

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે ‘ કર્મયોગ ’ નામનો અધ્યાય ૩ જો સમ્પૂર્ણ.

ॐ

*अध्याय ४ थो.

श्रीभगवानुवाच ॥

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥

શ્રીભગવાન્ કહે છે કે—(અર્જુન) આ સર્વદા સફળ એવો કર્મયોગ મેં [1]વિવસ્વાન્-સૂ-

---

* પ્રથમાધ્યાયમાં જ્ઞાનના અધિકારનો નિર્ણય કર્યા પછી, બીજા અધ્યાયમાં જ્ઞાનયોગ કહેલ છે. અને ત્રીજા અધ્યાયમાં જ્ઞાનના માર્ગ રૂપ કર્મયોગનું સાધન કહેલું છે. જ્ઞાનયોગ અને કર્મયોગ એ બેયનું ફળ તો એકજ છે. જ્ઞાન અને કર્મનું ઐક્ય સમજાવવા માટેજ ચોથા અધ્યાયનો પ્રારંભ છે. આ અધ્યાયમાં ઉપર કહેલા કર્મયોગનો વિસ્તાર કરવા માટે બ્રહ્માર્પણ આદિક ગુણાધાનવડે તથા त्वं પદાર્થના શોધનાદિવડે વિવેચન કરવામાં આવ્યું છે. આ અધ્યાયમાં યોગ માર્ગનું અનાદિપણું પ્રતિપાદન કર્યું છે.

૧ વિવસ્વાનનું બીજું નામ સૂર્ય છે. એ સૂર્યવં-

ર્યને ભણાવ્યો. સૂર્યે મનુને શીખવ્યો અને, મનુએ ઇક્ષ્વાકુને કહ્યો. ૧

एवं परंपराप्राप्त-मिमं राजर्षयोऽविदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥

હે શત્રુઓને સન્તાપ દેવાવાળા! (અર્જુન!) આ પ્રમાણે પરમ્પરાથી પ્રાપ્ત થતો આવેલો આ યોગ રાજા અને ઋષિઓ જાણતા હતા. તે મહા (લાંબા) કાળે કરીને અહિં (આ લોકમાંથી) નષ્ટ થઇ ગયો છે. ૨

स एवायं मयातेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यंह्येतदुत्तमम् ३

તેનો તેજ પ્રાચીન સમ્પ્રદાય પ્રસિદ્ધ યોગ મેં આજ તને કહ્યો; કેમકે તું મારો ભક્ત છે. વળી સખા છે. એ માટે (કહેલ છે.) કેમકે એ યોગ ઉત્તમ રહસ્ય છે: અર્થાત્ ગુપ્ત રાખવા યોગ્ય છે. ૩

શનો મૂળ પુરુષ છે, તેનો પુત્ર મનુ અને મનુનો પુત્ર ઇક્ષ્વાકુ.

अर्जुनउवाच ॥

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥४॥

અર્જુન પૂછે છે કે-(હે શ્રીકૃષ્ણ !) આપનો જન્મ તો હમણાં થયો. અને સૂર્યનો જન્મ (તો) પ્રથમ થયો છે, એ માટે આપેજ પ્રથમ (સૂર્યને) આ યોગ કહેલો. એ હું શી રીતે જાણું ? ૪

श्रीभगवानुवाच ॥

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥५॥

શ્રીભગવાન્ કહે છે કે—હે અર્જુન ! મારા અને તારા ઘણા જન્મ વ્યતીત થઈ ગયા છે, તેને હું જાણું છું, પણ હે પરંતપ (અર્જુન) તે તું જાણતા નથી. ૫

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥६॥

હું જન્મથી રહિત, વિનાશ રહિત, સકળ પ્રાણીઓનો નિયન્તા-ઈશ્વર છતાં (પણ) મારી પ્રકૃતિનો અધિષ્ઠાતા (અવલમ્બન કર્તા) થઈને મારી માયાથીજ સમ્ભવુંછું; અર્થાત્ પોતાના સ્વભાવને આશ્રિત થઈને પોતાના સંકલ્પ વડે દેવ, મનુષ્ય-આદિ અવતાર ધારણ કરૂંછું. ૬

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥

હે ભારત! (અર્જુન) જ્યારે જ્યારે વર્ણાશ્રમોચિત ધર્મની ગ્લાનિ-હાનિ થાય છે, અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું અવશ્ય પોતાને ઉત્પન્ન કરૂંછું. ૭

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥८॥

સાધુ-વૈદિક-ધર્માનુષ્ઠાન-શીલ પુરૂષોના સંરક્ષણ માટે અને દુર્જનોના નાશને અર્થે-

(અને) ઉક્ત ધર્મનું સંસ્થાપન કરવા માટે હું યુગયુગને વિષે પ્રકટ થાઉં છું. (અવતાર લઉં છું.) ૮

जन्म कर्म च मे दिव्य-मेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेतिसोऽर्जुन ९

જે આ મારો દિવ્ય–અપ્રાકૃત (દૈવતાઇ) જન્મ અને તે તે અનુગુણ ચેષ્ટિ–દિવ્ય (અલૌકિક)કર્મ યથાયોગ્ય જાણે છે; અર્થાત્ તત્ત્વથી જાણે છે. (એટલે કે પરોપકારાર્થેજ મારાં જન્મ અને કર્મ છે એમ સમજે છે.) તે દેહ ત્યાગીને પુન જન્મ પામતાં નથી; પરન્તુ હે અર્જુન ! તે તો મનેજ પામે છે. ૯

वीतरागभयक्रोधा मन्मयामामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूतामद्भावमागताः ॥१०॥

રાગ (પ્રીતિ) ભય અને ક્રોધ જેના છૂટી ગયેલ છે, (અને) સર્વત્ર મનેજ જાણવાવાળા અને મારોજ આશ્રય કરીને રહેલા છે, એવા

ઘણા (મનુષ્યો) મારાં સ્વરૂપની જ્ઞાનરૂપ તપશ્ચર્યાથી પવિત્ર થઈને મારા ભાવ (સ્વરૂપ) ને પામ્યા છે. ૧૦

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
ममवर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥११॥

હે પૃથાના પુત્ર ! જે પ્રકારે સકામ-નિષ્કામ કર્મ કરવાવાળા સર્વ મારાજ કહેલા વેદમાર્ગમાં રહેલા છે, પણ મને તેઓ જે પ્રકારે ભજે છે, તેજ પ્રકારે હું (પણ) તેઓને ભજું (ફળ આપું)છું; અર્થાત કામનાવાળાઓને સ્વર્ગાદિ અને નિષ્કામ જનોને મોક્ષ આપુછું ૧૧

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा १२

આ લોકમાં કર્મની સિદ્ધિ ઈચ્છનારા મનુષ્યો દેવતા (ઈન્દ્રાદિક)-આદિનું યજન કરે છે; કેમકે (દેવારાધનથી) મનુષ્ય લોકમાં કર્મ-

ની સિદ્ધિ તુરતજ થાય છે.[1] ૧૨

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् १३

ગુણ અને કર્મના વિભાગો કરીને ચારે-વર્ણો (જાતિ) મેં સરજી છે. હું તેનો કર્તા છું; તો પણ મને અકર્તા અને અવ્યય (અવિકારી) જાણ; કેમકે મને શ્રમ-આદિક કોઈ (પણ) વિકાર નથી. ૧૩

न मां कर्माणि लिंपंति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते १४

મને કર્મના ફળની સ્પૃહા (ઈચ્છા) નથી.

---

૧ બધા દેવ મારા રૂપ છે, તેથી મને જ સર્વ ભજે છે. પણ પોત-પોતાના સકામ-નિષ્કામ કર્માનુસાર ફળ પામે છે. કહ્યું છે કે.—

आकाशात्पतित तोय यथा गच्छति सागरम् ।
सर्व देव नमस्कारः केशव प्रति गच्छति ॥

આકાશથી પાણી પડે છે, તે જેમ સાગરમાં જાય છે, તેમ સર્વ દેવને નમસ્કાર કરવાથી તે કેશવ પ્રતિ જાય છે.

(અને) તેથી હું કર્મથી લેપાતો નથી. એવો જે મને સમજે છે, તે પણ કર્મથી બંધાતો નથી. ૧૪

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ॥
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥१५॥

એ પ્રમાણે જાણીને; અર્થાત્ કહેલા પ્રકારે પૂર્વના મુમુક્ષુઓએ (પણ) કર્મ કરેલાં છે, તથા તેથી પણ પૂર્વ-પ્રથમ મુમુક્ષુઓએ યુગાન્તરમાં (પણ) તે કર્મયોગ કરેલ છે. માટે તું પણ પૂર્વજોએ પૂર્વે જેમ કરેલું છે, તેમ (ફળની આશા રાખ્યા વગર) કર્મ કર્ય. ૧૫

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् १६

મુમુક્ષુઓને કરવા યોગ્ય કર્મ શું છે? તથા આત્મયાથાત્મ્ય જ્ઞાનનું શું સ્વરૂપ છે? એ વિષયમાં બુદ્ધિમાનો (પણ) મોહ પામી ગયા છે. તેથી હું તારા સમક્ષ તે કર્મ અને અકર્મ

કહું છું. જે જાણવાથી તું અશુભથી મુક્ત થ-ઇશ; અર્થાત્ સંસાર બન્ધનથી મુક્ત થઈ જઈશ. ૧૬

कर्मणोऽह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः १७

કર્મનું તેમજ વિકર્મ–નિષિધ કર્મનું, તથા અકર્મનું (તત્ત્વ) જાણવાનું છે; અર્થાત્ મોક્ષના સાધન રૂપ કર્મ શું છે? નિત્ય નૈમિ-ત્તિક્ અને કામ્ય–આદિ અનેક પ્રકારનાં કર્મનું શું સ્વરૂપ છે? અને આત્મજ્ઞાનનું કેવું સ્વરૂપ છે? એ જાણવું જોઈએ; કેમકે કર્મની ગહન-ગતિ છે. ૧૭

कर्मण्यकर्मयः पश्ये-दकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् १८

જે કર્મમાં અકર્મને નિરખે છે, તથા અ-કર્મમાં કર્મને જુએ છે; અર્થાત્ જે પુરૂષ નિ-ષ્કામ કર્મમાં આત્મજ્ઞાનને જુએ. અને આ-

ત્મજ્ઞાનમાં કર્મને જુએ, તે પુરૂષ સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે, અને સર્વ કર્મોનાં આચરણ કરવાવાળો છે.[1] ૧૮

---

૧ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં આવિર્હોત્ર નામના યોગેશ્વરે નિમિ રાજાને કહેલું છે કે: વેદમાં જે કરવાનું કહેલું છે, તે કર્મ અને જે કરવાનો નિષેધ તે અકર્મ અને જે કરવાની આજ્ઞા છતાં ન કરવું તે વિકર્મ કહેવાય છે. આ ત્રણે લૌકિક વસ્તુથી જણાતાં નથી; પરન્તુ વેદની શ્રુતિઓ ઉપરથી જણાય છે. વેદમાં કર્મની આજ્ઞા આપેલી છે, તેનો હેતુ કર્મ ત્યાગ કરાવવાનો છે. તેમજ 'स्वर्गकामो यजेत' વિગેરે શ્રુતિઓનું તાત્પર્ય સ્વર્ગાદિક આપવામાં નથી પણ યજમાનને કર્મના બન્ધનમાંથી મુક્ત કરવા એ છે. આ ઉપરથી વેદોક્ત કર્મ ત્યાગ કરવાં એમ સમજવાનું નથી. ઇન્દ્રિયાધીન અજ્ઞાની કર્મ કરતો નથી તે વેદોક્ત કર્મ ન કરવા રૂપી અધર્મથી પુનઃ પુનઃ જન્મ-મરણને પામે છે. પણ જે કર્મના ફળની આસક્તિ રાખ્યા વગર વેદોક્ત કર્મ કરી તે કર્મો ઈશ્વરાર્પણ કરે છે, તે નિષ્કામ સિદ્ધિને પામે છે, કર્મ નિષ્કામ કરવાં પણ સકામ નહિ. માટે કર્મ કરવાં, પણ સ્વર્ગાદિકની ઇચ્છા રાખવી નહિ.

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः॥१९॥

જેનાં સર્વ કર્મ, કામ અને સંકલ્પથી રહિત છે; એટલે કે ફળ અને ઉદ્દેશ વગરનાં છે, અને સર્વ કર્મ જ્ઞાનાગ્નિથી ભસ્મ થઇ ગયેલછે, તેને તત્ત્વ જાણનારાઓ પંડિત કહેછે ૧૯

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः२०

કર્મોના ફળના સંગનો ત્યાગ કરીને, નિત્ય સ્વરૂપ આત્મામાં તૃપ્ત થયેલ અસ્થિર સ્વભાવવાળો સંસારના આશ્રય જે બુદ્ધિ તે થકી રહિત થઇને, પુરૂષ કર્મ કરે છે; તોપણ કાંઇ કરતો નથી. ૨૦

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् २१

સર્વ કામનાઓથી રહિત, એકાગ્રચિત્ત થયેલ, અને સઘળા પરિગ્રહોનો ત્યાગ કરનાર

પુરૂષ કેવળ સંસાર સમ્બન્ધી કર્મને પણ કરે છે; છતાં કર્મ બન્ધનરૂપ સંસારને (તે) પ્રાપ્ત થતો નથી. ૨૧

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते २२

જે યદૃચ્છા (ઇશ્વર ઈચ્છા)થી વસ્તુ પ્રાપ્ત થાય, તેમાંજ સન્તુષ્ટ છે. દ્વન્દ્વ (ટાઢું ઉનું વિગેરે જોડાં) થી અતીત (અસર રહિત) છે મત્સરતા વગરનો છે. તથા (યુદ્ધ–આદિની) સિદ્ધિ અને અસિદ્ધિમાં એક સમાન રેહેવાવાળો છે, તે કર્મ કરતાં છતાં પણ (કર્મથી) બંધાતો નથી. ૨૨

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

સંગ (આસક્તિ) વગરનો, મુક્ત અને જ્ઞાનમાં જેનું ચિત્ત રહેલું છે, એવા યજ્ઞાર્થ આચરેલાં સમગ્ર કર્મ લય પામે છે; અર્થાત્

આત્મસ્વરૂપ જ્ઞાનમાં સ્થિત મનવાળા તથા વિષયોથી મુક્ત યજ્ઞને માટે કર્મ કરવાવાળા પુરુષના બન્ધનના કારણરૂપ સર્વ કર્મ નષ્ટ થઈ જાય છે. ૨૩

ब्रह्मार्पणं ब्रह्म हवि-र्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥२४॥

અર્પણ બ્રહ્મજ છે, હવિ (પણ) બ્રહ્મ છે, અગ્નિ બ્રહ્મ છે. હોમ્યું બ્રહ્મ છે, તે બ્રહ્મ કર્મ સમાધિવડે બ્રહ્મ માંજ જવાનું છે; અર્થાત્ યજ્ઞમાં જે વડે અર્પણ કરવામાં આવે છે, એવો શ્રુવો બ્રહ્મનું કાર્ય છે. અને બ્રહ્મસ્વરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોતાથી જે હોમવામાં આવે છે, એવાં સર્વ કર્મ બ્રહ્મમય છે. તે બ્રહ્મરૂપ કર્મ સમાધિથી બ્રહ્મજ પ્રાપ્ત થાય છે.[1] ૨૪

---

૧ બ્રહ્મ સમજનારને બધું બ્રહ્માર્પણજ ઘટે. બ્રહ્મભાવમાં અકર્મ કે કર્મ નથી. કર્માકર્મ એકજ છે. અહંતા દુઃખરૂપ છે.

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥

કોઈ (યોગી) દેવાર્ચન રૂપ યજ્ઞની ઉપાસના કરે છે, કોઈ યોગી બ્રહ્મરૂપ અગ્નિમાં યજ્ઞને અર્થાત્ બ્રહ્મરૂપ ઘૃત–આદિ દ્રવ્યને યજ્ઞનાં સાધનવડે હોમે છે. ૨૫

श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्ये इंद्रियाग्निषु जुह्वति॥२६॥

કોઈ (યોગી) સંયમ અગ્નિમાં શ્રોત્ર–આદિ ઇન્દ્રિયોની આહૂતિ આપે છે. અને કોઈ યોગી ઇન્દ્રિયરૂપી અગ્નિમાં શબ્દાદિ[1] વિષયોને હોમે છે. ૨૬

सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥२७॥

કોઈ (યોગી) ઇન્દ્રિયોનાં સર્વ કર્મોની

---

૧ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ વિષય કહેવાય છે.

અને પ્રાણોના કર્મોની[1] આત્મજ્ઞાનથી પ્રદિપ્ત આત્મ સંયમરૂપ યોગાગ્નિમાં આહુતિ આપે છે.૨૭

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः॥२८॥

કોઈ દ્રવ્ય (દાનરૂપ) યજ્ઞ, કોઈ તપશ્ચર્યારૂપ યજ્ઞ, કોઈ યોગના અભ્યાસરૂપ યજ્ઞ, કોઈ સ્વાધ્યાય (વેદ પઠન) રૂપ યજ્ઞ અને કોઈ જ્ઞાન (પ્રાપ્તિરૂપ) યજ્ઞ કરે છે. અને બીજા અત્યન્ત દૃઢ વ્રત કરનારા યોગીઓ હોય છે; અર્થાત્ કોઈ યોગી ન્યાયથી દ્રવ્ય સંચય કરી દેવાર્ચન, દાન અને હોમ—આદિ કરેછે. કેટલાક યોગી વ્રત—આદિ યજ્ઞ કરેછે. કેટલાક સ્વાધ્યાય—ભણવું- ભણાવવું તેના અભ્યાસમાં રહે છે. કેટલાક આત્મજ્ઞાનનો અભ્યાસ કરે છે. અને કેટલાક યતિ—યોગી દૃઢ સંકલ્પવાળા હોયછે ૨૮

1 શ્રવણ સ્પર્શન, દર્શન આદિ ઇન્દ્રિયોનાં કર્મ અને સંકોચવું, ફેલાવું આદિ પ્રાણ વાયુનાં કર્મ છે.

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः २९

કોઈ યોગી પ્રાણ અને અપાન તેની ગતિને રોકી પ્રાણાયામમાં તત્પર થયેલ, પ્રાણનો અપાનમાં અને અપાનનો પ્રાણમાં હોમ કરે છે.　　२९

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो-यज्ञक्षपितकल्मषाः ॥३०॥

કોઈ નિયતાહાર થઈ, પ્રાણને પ્રાણમાં હોમે છે—આ સર્વ યજ્ઞ કરવાવાળા, યજ્ઞદ્વારા[1] પોતાનાં પાપોને ટાળે છે.　　૩૦

यज्ञशिष्टामृतभुजो-यांति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ३१

હે કુરૂઓમાં શ્રેષ્ઠ ! (અર્જુન !) યજ્ઞના

---

૧ વિશ્વાસ માત્ર યજ્ઞ છે. જ્ઞાન પણ યજ્ઞ છે. કર્મ પણ યજ્ઞ છે. જેઓ યજ્ઞના યથાર્થ રહસ્યને સમજે છે, તે ધર્મ માર્ગને સમજનારા તથા પાપથી મુક્ત છે.

અવશેષ અમૃતરૂપ અન્નનું ભોજન કરનાર મનુષ્ય સનાતન બ્રહ્મને પ્રાપ્ત થાય છે. યજ્ઞ રહિત પુરૂષોનો આ લોક નથી, તો પરલોક તો ક્યાંથીજ? અર્થાત પરલોકની તો આશાજ શી! ૩૧

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वा-नेवं ज्ञात्वा विमोक्ष्यसे ३२

આ પ્રકારે અનેક પ્રકારના યજ્ઞ વેદમાં વિસ્તાર પૂર્વક કહેલા છે. તેઓને કર્મથી ઉત્પન્ન થયેલા જાણ, એમ જાણવાથી મોક્ષને પ્રાપ્ત થઈશ. ૩૨

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥३३॥

હે શત્રુઓને સન્તાપ કરવાવાળા! દ્રવ્ય-યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. હે **પાર્થ** ! સર્વ કર્મ જ્ઞાનમાંજ સમાઈ જાય છે. ૩૩

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ३४

તત્ત્વદર્શી જ્ઞાનીઓ, તને પ્રણામથી વારંવાર પ્રશ્ન પૂછવાથી, તેમની સેવા કરવાથી તે જ્ઞાનનો ઉપદેશ કરશે. (જે જ્ઞાન અહિં તને વિનાશ્રમે મળે છે.) ૩૪

यज्ज्ञात्वा न पुनर्मोह-मेवं यास्यसि पांडव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ३५

હે પાન્ડવ ! જે આત્મજ્ઞાનને જાણીને પુનઃ દેહાદિકને વિષે (તને) પાછો આવો મોહ પ્રાપ્ત થશે નહિ. જે જ્ઞાનવડે કરીને તું સર્વ પ્રાણીઓને પોતાના આત્મામાં તથા મારામાં પણ (અભેદતાથી) જોઈશ. ૩૫

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

જો કદાચિત તું સર્વ પાપિયો કરતાં પણ વિશેષ પાપી હોઈશ; તોપણ આત્મજ્ઞાનરૂપ નોકા-આધારથી પૂર્વનાં સંચય કરેલ પાપરૂપી સમુદ્રને સહજ તરી જઈશ. ૩૬

यथैधांसि समिद्धोऽग्नि-र्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ३७

હે અર્જુન ! જેમ પ્રજ્વલિત થયેલો અગ્નિ સઘળાં કાષ્ઠને ભસ્મ કરી નાખે છે, તેમ જ્ઞાનરૂપ અગ્નિ સઘળાં સંચય કરેલાં કર્મોને ભસ્મ કરી નાંખે છે.[1] ૩૭

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ३८

આ સંસારમાં આત્મજ્ઞાન સદૃશ અન્ય કાંઈ પણ વસ્તુ પવિત્ર નથી. પુરૂષ તેને કાળે કરીને જ્ઞાનાકાર કર્મયોગથી સિદ્ધ થઈને આત્મજ્ઞાનને પોતાનામાં પોતેજ પ્રાપ્ત થાયછે.૩૮

---

૧ મનુસ્મૃતિના ૧૧ મા અધ્યાયના ૨૪૬ મા શ્લોકમાં કહેલું છે કે: દરરોજ પોતાની શક્તિ અનુસાર વેદાભ્યાસ કરવાથી, પંચ મહાયજ્ઞ કરવાથી અને ક્ષમાનું દાન કરવાથી, મહાપાતકમાંથી ઉત્પન્ન થયેલાં પાપનો પણ નાશ થાય છે.

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांति-मचिरेणाधिगच्छति ३९

એવા ઉપદેશથી આત્મજ્ઞાનને પ્રાપ્ત થઈ, પુનઃ એમાં શ્રદ્ધા રાખવાવાળો જીતેન્દ્રિય પુરૂષ પરિપક્વ જ્ઞાનને પામે છે. અને જ્ઞાન પામીને તુરતજ પરમશાન્તિનો અનુભવ કરે છે; અર્થાત્ એવાં (આ) જ્ઞાનને પ્રાપ્ત થઈને, તુરતજ મોક્ષને પ્રાપ્ત થઈ જાય છે. ૩૯

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ४०

જે અજ્ઞાની, શ્રદ્ધા રહિત તથા સદા સંશય કરવાવાળા છે, તે વિશેષે નાશને પ્રાપ્ત થાય છે. જેનું મન સદા સંશયમાંજ રહે છે તેને આ લોક નથી અને પરલોક પણ નથી. સંશયાત્માને સુખજ નથી. ૪૦

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवंतं न कर्माणि निबध्नंति धनंजय ॥४१॥

હે **ધનંજય** ! યોગથી કર્મ સંન્યાસ કરી, અને જ્ઞાનવડે સંશય માત્રને નષ્ટ કરી, આત્મવત્ થયેલાને કર્મમાત્ર બન્ધન કરી શકતાં નથી; અર્થાત્ ઉપદિષ્ટ યોગવડે જેનાં કર્મ જ્ઞાનાકારપણાને પ્રાપ્ત થઈ ગયાં છે (તથા) યથાયોગ્ય આત્મજ્ઞાનવડે જેના સંશયો નષ્ટ થઈ ગયા છે, એવા ઉપદિષ્ટ અર્થમાં મનને દૃઢ રાખવાવાળા પુરૂષને કર્મબન્ધન કરી શકતાં નથી. ૪૧

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योग-मातिष्ठोत्तिष्ठ भारत॥४२॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्र० ज्ञान विभाग योगो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

હે **ભારત** ! એ માટે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ આત્મવિષય સંશયનું આત્મજ્ઞાનરૂપ ખડ્ગથી છેદન કરીને મારા કહેલા કર્મયોગને કરવાને માટે ઉઠ, ઉભો થા. ૪૨

ઈતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે 'જ્ઞાન વિભાગ યોગ' નામનો અધ્યાય ૪ થો સમ્પૂર્ણ.

ॐ

*अध्याय ५ मो.

अर्जुन उवाच ॥

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १

અર્જુન કહે છે કે—હે કૃષ્ણ ! (એકવાર) કર્મોનો ત્યાગ (જ્ઞાનયોગ) અને કર્માનું અનુષ્ઠાન એ બન્નેની પ્રશંસા કરોછો, પરન્તુ એ બન્નેમાં જે (વિશેષ) કલ્યાણ કારક હોય. તે સુનિશ્ચિત મને કહો. ૧

* ત્રીજા અને ચોથા અધ્યાયમાં કર્મ અને જ્ઞાનનો નિર્ણય કરેલો છે. હવે આ પાંચમા તથા આ પછીના છઠ્ઠા અધ્યાયમાં કર્મ અને તેના યોગનો નિશ્ચય કરવામાં આવશે. ત્રીજામાં કર્મનો અધિકાર અને ચોથામાં જ્ઞાન પૂર્વક સંન્યાસનો વિચાર કથેલ છે. તેથી કર્મ અને જ્ઞાન અર્થાત્ યોગ અને સાંખ્ય એ બે વિરૂદ્ધ હશે એમ શંકા થાય, તો તેનું સ્પષ્ટ નિરાકરણ આ અધ્યાયમાં છે

श्रीभगवानुवाच ॥

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥ २ ॥

શ્રીભગવાન્ કહે છે કે—જ્ઞાનયોગ અને કર્મયોગ એ બન્ને મોક્ષનાં સાધન છે: પરન્તુ એ બન્નેમાં જ્ઞાનયોગથી[1] કર્મયોગ વિશેષ (શ્રેષ્ઠ) છે. ૨

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वंद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥ ३ ॥

હે મોટી ભુજાવાળા! (અર્જુન) જે (કોઈથી) દ્વેષ કરતો નથી, અભિલાષા કરતો નથી (અને) નિર્દ્વન્દ્વ છે; અર્થાત્ રાગદ્વેષથી રહિત છે (તથા શીત—ઉષ્ણ—આદિને સહન કરે છે.) તે નિત્ય[2] સંન્યાસી—જ્ઞાનયોગ નિષ્ઠ છે (અને)

૧ કર્મ સંન્યાસ કરતાં કર્મયોગ વિશેષ છે, કર્મ તો કોઈને છોડતાંજ નથી. એટલે કે સંન્યાસ કેવળ માનસિકજ સમ્ભવે છે: માટે જ્યાં સુધી વાસ્તવિક સંન્યાસ થયો નથી, ત્યાં સુધી કર્મ યોગજ ખરો છે.

૨ નિત્ય સંન્યાસીને બન્ધનજ નથી.

તે અનાયાસે સંસારથી છૂટી જાય છે. ૩

सांख्ययोगौ पृथग्बालाः प्रवदंति न पंडिताः
एकमप्यास्थितः सम्य-गुभयोर्विंदते फलम् ४

સાંખ્ય અને યોગ તેને બાળકો—વિચાર-હિન પૃથક્ ગણે છે, પંડિતો નહિ; અર્થાત્ જ્ઞાનયોગ—કર્મયોગને ફળભેદથી પરસ્પર ભિન્ન વિચારહીન હોય છે તે કથે છે. (પણ) પંડિતો કહેતાનથી; કેમકે એ બન્નેમાં એકનું અનુસરણ કરનાર આત્માવલોકન રૂપફળને પ્રાપ્ત થાયછે ૪

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ५

જે સ્થાન સાંખ્યથી પમાય તે સ્થાન યોગથી પણ પમાય છે; અર્થાત્ જ્ઞાનયોગિયોને જે સ્થાન પ્રાપ્ત થાય છે, તેજ કર્મયોગિયોને પ્રાપ્ત થાય છે. જ્ઞાનયોગઅને કર્મયોગ એ બેય એકજ છે, એમ જે જાણે છે, તેજ જ્ઞાતા છે. ૫

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥६॥

હે મહાબાહો! જ્ઞાનયોગ તો કર્મયોગ વગર સિદ્ધ થવો, મહાકઠિન છે. પણ યોગનિષ્ઠ મુનિ થોડામાંજ બ્રહ્મઆત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૬

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥७॥

યોગયુક્ત વિશુદ્ધાત્મા, જીવાત્મા, ઇન્દ્રયજીત, સર્વભુતોના આત્મારૂપ છે, આત્મા જેનો તે કરતાં છતાં પણ લેપાતો નથી; અર્થાત્ પરમ પુરૂષારાધન રૂપ, યોગયુક્ત, નિર્મલાન્તકરણ મનને જીતવાવાળો તથા બાહ્યેન્દ્રિયને જીતવાવાળો, સર્વ પ્રાણિયોને જ્ઞાનૈકાકારતાથી સમાન અવલોકન કરવાવાળો, કર્મ છતાં પણ સંસારથી બન્ધાતો નથી. ૭

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ८

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु वर्तंत इति धारयन् ॥९॥

આત્મ સ્વરૂપને જાણવાવાળો, કર્મયોગનિષ્ઠ પુરુષ દેખતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, ભોજન કરતો, ચાલતો, સૂતો, શ્વાસ લેતો, બોલતો, મળ–મૂત્રનો ત્યાગ કરતો ગ્રહણ કરતો, આંખોને ઉઘાડતો–મીચતો પણ ઇન્દ્રિય પોતપોતાના વિષયોમાં પ્રવૃત થાય છે. એ પ્રમાણે નિશ્ચય કરીને, હું કાંઈ કરતો નથી, એમ માને[1] છે. ૮–૯

૧ અપરોક્ષાનુભૂતિના ૧૩૩મા શ્લોકમાં કહ્યું છે કે.

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्यज्ञानितया नूनं पुनरायांति यांति च ॥

જે પુરુષો કેવળ બ્રહ્મની વાત કરવામાંજ કુશળ છે. જેઓની વૃત્તિ અણુ માત્ર બ્રહ્માકાર થતી નથી તથા જેઓ વિષયમાં પ્રીતિવાળા છે તે પુરુષો મોહોટા અજ્ઞાની છે, તથા આ સંસારમાં તેઓ વારમ્વાર જન્મે છે તથા મરે છે. તાત્પર્ય કે બ્રહ્માકાર વૃત્તિ કર્યા વિના કેવળ બ્રહ્મની વાતો કરવાથી કાંઇપણ ફળ થતું નથી.

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा फलानिच ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥१०॥

જેમ કમળપત્ર જળથી લિપ્ત થતું નથી, તેમ જે સઘળા કર્મોને પ્રકૃતિના પરિણામરૂપ ઇન્દ્રિય વર્ગમાં સ્થાપન કરી, અને ફળાસક્તિનો ત્યાગ કરીને જે કર્મનું અનુષ્ઠાન કરે છે, તે સંસારથી બન્ધાતો નથી. ૧૦

कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वंति संगं त्यक्त्वाऽत्मशुद्धये ११

કર્મયોગિ મનુષ્ય ફળાસક્તિનો ત્યાગ કરીને બન્ધ નિવૃત્તિને અર્થે શરીરથી, મનથી, બુદ્ધિથી પણ (યોગિઓ) સંગ (તદ્વિષયક પ્રીતી-મનની લાગણી) તજીને કેવળ ચિત્ત શુદ્ધિ માટે કર્મ કરે છે. ૧૧

युक्तःकर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते १२

કર્મફળ-ત્યાગ પૂર્વક કર્માનુષ્ઠાન કરવા-

વાળો સ્થિર નિર્વૃત્તિને પ્રાપ્ત થાય છે, અને આત્માનુભવ વિમુખ સ્વર્ગ—આદિ ફળમાં આસક્ત કર્મ કરતાં છતાં, નિત્ય સંસારી થઈ જાય છે. ૧૨

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥१३॥

જીતેન્દ્રિયજનો આ નવદ્વાર વાળાં નગર (શરીર) માં કાંઈ કરતા નથી કે કરાવતા નથી સર્વ કર્મનો મનથીજ સંન્યાસ (ત્યાગ) કરી સુખમાં રહે છે.[૧] ૧૩

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्त्तते ॥१४॥

પરમાત્મા સ્વરૂપથી લોકનાં કર્ત્તત્વને ઉત્પન્ન કરતા નથી, તેમ કર્મફળ સમ્બન્ધને પણ રચતા નથી; પરન્તુ પ્રકૃતિ-સમ્બન્ધજ પ્રવૃત્ત કરે છે. ૧૪

૧ જ્ઞાની પોતાના દેહ ઉપર આસક્તિ ન રાખતાં કેવળ મુસાફર સદૃશ વર્તે છે, અને એમ જે વર્તે છે, તે મુક્ત છે.

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥१५॥

વિવિક્ત સ્વરૂપ આત્મા કોઈનાં પાપ કે પુણ્યને ગ્રહણ કરતો નથી; પરન્તુ જ્ઞાન વિરોધી પ્રાચીન કર્મવડેજ આત્મસ્વરૂપ વિષયક જ્ઞાનઆવૃત થઈ રહેલછે, તેથીજ જીવ મોહને પ્રાપ્ત થાય છે.[1] ૧૫

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥

જેઓનું આત્મજ્ઞાનથી જ્ઞાનના આવરણભુત અજ્ઞાન નષ્ટ થઈ ગયું છે, તેઓનું અપરિચ્છિન્ન જ્ઞાન સૂર્ય સદૃશ સર્વને પ્રકાશિત કરે છે. ૧૬

૧ જીત માત્ર અજ્ઞાનની આવરણ શક્તિથી, પોતાના બ્રહ્મભાવ તિરોહિત થવાને લીધે મોહ પામે છે, અને અક્રિય સ્વરૂપ બ્રહ્મમાં ક્રિયાનું આરોપણ કરી વૃથા અજ્ઞાનમાં અથડાય છે.

तद्बुद्धयस्तदात्मान-स्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः॥१७॥

આત્મ વિષયક જ્ઞાનમાં અધ્યવસાય-વાળા, તેમાંજ મન તથા નિષ્ઠા રાખવાવાળા, આત્માનેજ પરમોત્તમ સ્થાન માનવાવાળા, જ્ઞાનદ્વારા સર્વ પાપને દૂર કરવાવાળા, જ્ઞાનિજન પ્રકૃતિ સમ્બન્ધ રહિત આત્મ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૧૭

विद्याविनयसंपन्ने ब्राह्मणे गविहस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः १८

આત્મયાથાત્મ્યને જાણુવાવાળો વિદ્યા તથા વિનયથી સમ્પન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરા અને ચાન્ડાળ એઓને જ્ઞાનિકાકારતાર્થી એક દૃષ્ટિથી નિરખે છે. ૧૮

इहैव तैर्जितः सर्गो-येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः १९

જે પુરૂષોનું ચિત્ત સકળ આત્મામાં એક

ભાવથી સ્થિત છે, તેણે આ લોકમાંજ સંસારનો પરાજય કરી લીધો છે; કેમકે પ્રકૃતિ સમ્બન્ધ રહિત સમાનાકાર જે આત્મવસ્તુ બ્રહ્મ, તેમાં તે સ્થિત છે. ૧૯

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः २०

જે પ્રિયવસ્તુ પ્રાપ્ત થતાં પ્રસન્ન થાય નહિ, અને અપ્રિય વસ્તુની પ્રાપ્તિ થતાં ઉદ્વેગ પામતો નથી. તે નિશ્ચળ બુદ્ધિ મોહ રહિત બ્રહ્મવેત્તા બ્રહ્મનિષ્ઠ છે. ૨૦

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥२१॥

[1]જે બાહ્ય વિષયાનુભવમાં આસક્તિ[2]

---

૧ તાત્પર્ય એ છે કે કોઇ અત્યન્ત એકાન્ત સ્થાનમાં સમાધિ કરવાવાળો તેજ ક્ષણમાં આનન્દને પ્રાપ્ત થાય છે, અને બ્રહ્મનિષ્ઠ પુરૂષ (તો) સર્વદા આનન્દમાં રહે છે.

૨ લોકમાં કામનું અને સ્વર્ગનું મહાસુખ છે. પર-

રહિત મનવાળા છે, તેજ આત્મ સુખને પામે છે. તે બ્રહ્માભ્યાસ યુક્ત મનવાળો થઈ મોક્ષનો અનુભવ કરે છે.[1] ૨૧

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥२२॥

હે કુન્તીના પુત્ર ! વિષય ઇન્દ્રિયના સમ્બન્ધથી ઉત્પન્ન થવાવાળા જે ભોગ, ઉત્પત્તિ અને વિનાશવાળા છે, તેજ ભોગ દુઃખનું કારણ છે, માટે જ્ઞાની તે ભોગમાં આસક્તિ કરતા નથી. ૨૨

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः २३

જે નર શરીરત્યાગના પૂર્વ સાધનાનુષ્ઠાન-

નુ તે તૃષ્ણા ક્ષયના સુખના સોળમા ભાગની સમાનતા કરી શકે તેમ નથી.

૧ જેણે મારામાં આત્મા અર્પણ કરેલ છે, તે પરમેષ્ટીપદ, મહેન્દ્રપદ, સાર્વભૌમપદ, રસાધિપત્ય, યોગસિદ્ધિ અને અપુનર્ભવ એમાનું કાંઈ પણ ઇચ્છતો નથી.

દશામાં કામ--ક્રોધથી ઉત્પન્ન થયેલા વેગને રોકવાને સમર્થ છે, તેજ આત્માનુભવ-સુખ-યોગ્ય છે.[1] ૨૩

योऽन्तःसुखोऽन्तरारामस्तथांतर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति २४

જે યોગી આત્મામાંજ સુખી રહે છે, આત્માનેજ આધીન રહે છે અને આત્મજ્ઞાનથી મુક્ત થઇનેજ વર્ત્તે છે, તેજ યોગી બ્રહ્મપ્રાપ્તિના ઉપાયમાં તત્પર થઇ આત્માનુભવ સુખને પ્રાપ્ત થાય છે. ૨૪

लभंते ब्रह्म निर्वाण-मृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥२५॥

સંશયથી રહિત, શીતોષ્ણાદિ દ્વન્દ્વથી રહિત ચિત્તને પોતાના અધીન રાખવાવાળા, સકળ પ્રાણી માત્રના હિતમાં આસક્ત, યત્નમાં

---

૧ પ્રાણ ગયા પછી દેહ સુખ કે દુઃખ પામતો નથી, તેમ પ્રાણછતાં પણ જે સુખ દુઃખ ન પામે તે કૈવલ્ય પામેલ છે.

આસક્ત, આત્માવલોકનનિષ્ઠ, અને મનના તાપ ક્ષીણ થઈ ગયેલ છે, એવો (પુરૂષ) મોક્ષને પ્રાપ્ત થાય છે. ૨૫

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाणं वर्तते विदितात्मनाम् २६

રાગ-દ્વેષ રહિત, યત્ન શીલ, નિયમિત્ત ચિત્તવાળા અને આત્મ સાક્ષાત્કારવાળા સંન્યાસીઓ, સર્વ અવસ્થામાં બ્રહ્મ નિર્વાણને પામે છે.

स्पर्शान्कृत्वा बहिर्बाह्यां-श्चक्षुश्चैवांतरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यंतरचारिणौ२७
यतेंद्रियमनोबुद्धि-र्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो-यः सदा मुक्त एव सः२८

શબ્દ-આદિ બાહારના વિષયોને દૂર કરી, બન્ને ભ્રૂકુટિઓમાં દૃષ્ટિ લગાડી, નાસિકામાં ચાલવાવાળા પ્રાણ તથા અપાનવાયુને સમાન કરીને, ઇન્દ્રિય, મન તથા બુદ્ધિને વશ્ય કરી, ઇચ્છા, ભય અને ક્રોધ-આદિનો ત્યાગ કરી,

મોક્ષનેજ સર્વસ્વ માનવાવાળો મુનિ સદા મુક્ત જછે; અર્થાત્ નિવૃત્ત-સંસાર છે. ૨૭-૨૮

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति २९

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्र० संन्यासयोगो नाम
पंचमोऽध्यायः ॥ ५ ॥

સર્વ લોકનો નિયન્તા, સકળ પ્રાણી માત્રનો પરમમિત્ર, યજ્ઞ તથા તપનો આરાધ્ય મને જાણીને, યોગી લોકો પરમ નિર્વૃત્તિરૂપ મોક્ષને પામે છે.+ ૨૯

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે 'સંન્યાસયોગ'
નામનો અધ્યાય ૫ મો સમ્પૂર્ણ.

+ સાધક યોગ્ય સંન્યાસનું આ અધ્યાયમાં વર્ણન છે.

ॐ

*अध्याय ६ ट्ठो.

(કર્મ સંન્યાસ કરતાં, કર્મયોગ સંન્યાસ શ્રેષ્ઠ છે. એમ શ્રીકૃષ્ણ કહે છે.)

श्री भगवानुवाच ।

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः १.

શ્રી ભગવાન્ કહે છે કે જે સ્વર્ગાદિરૂપ ફળની ઇચ્છાનો ત્યાગ કરી ભગવદારાધનરૂપ સ્વતઃ પ્રયોજનભૂત કર્મનું અનુષ્ઠાન કરે છે, તેજ જ્ઞાનનિષ્ઠ કર્મનિષ્ઠ છે. અને જેણે અગ્નિહોત્ર-આદિ યજ્ઞનો ત્યાગ કરેલ છે. તે સંન્યાસી નથી. ૧

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥२॥

* સર્વ ચિંતપને નિવૃત્ત કરવાવાળા યોગમાર્ગનો આ અધ્યાયમાં વિસ્તાર છે.

હે પાન્ડવ ! જેને જ્ઞાનયોગ કહે છે, તેને-જ કર્મયોગ તું જાણ; કેમકે દેહાભિમાનને ત્યાગ્યા વગર કોઈ યોગી થતોજ નથી. ૨

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥३॥

આત્માવલોકનને પ્રાપ્ત થવાની ઈચ્છાવાળા મુમુક્ષુને કર્મયોગજ જ્ઞાનપ્રાપ્તિનું કારણ કહેલ છે. લબ્ધયોગ મુમુક્ષુને કર્મની નિવૃત્તિ જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. ૩

यदा हि नेंद्रियार्थेषु न कर्मस्वनुसज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥४॥

જ્યારે યોગી આત્મવ્યતિરિક્ત વિષયોમાં આસક્ત થતો નથી, ત્યારે સકળ કામોથી રહિત થયેલ યોગારૂઢ (પ્રતિષ્ઠિત) કહેવાય છે. ૪

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥५॥

મનવડે કરીને પોતાના આત્મસ્વરૂપનો ઉદ્ધાર કરે, અને વિષયાસક્ત મનવડે ક્લેશયુક્ત કરે નહિ, કેમકે વિષયોમાં અસક્ત મનજ પોતાનો બન્ધુ છે, અને વિષયોમાં આસક્ત મન પોતાનો શત્રુ છે.[1] ૫

बंधुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥६॥

જે પુરૂષે પોતે પોતાની મેળેજ મન વશ કરી લીધું છે, તેને પોતાનું મનજ મિત્ર છે. જેણે મન જીત્યું નથી, તેને મનજ શત્રુપણામાં શત્રુ સદૃશ વર્ત્તે છે. ૬

जितात्मनः प्रशांतस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥७॥

શીતોષ્ણ, સુખ, દુઃખ અને માનાપમાન, એમાં જેણે પોતાનું મન જીત્યું છે, એવા

---

૧ મન એજ મનુષ્યનાં બન્ધ મોક્ષનું કારણ છે. વિષયાસક્ત તે બન્ધ કરે છે, અને નિર્વિષય મોક્ષ આપે છે.

દુઃખ રહિત પુરૂષને શુદ્ધ સ્વરૂપ જીવ ધ્યાનનો વિષય થઈ પડે છે. ૭

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेंद्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥८॥

આત્મયાથાત્મ્ય જ્ઞાન, આત્મ, અનાત્મ વસ્તુનો વિવેક એ વડે જેનું મન તૃપ્ત થઇ અને દેવ-આદિ શરીરોમાં આત્માને સમાન જાણીને, નિર્વિકાર, થઇને, જેણે પોતાની ઇન્દ્રિયોનો પરાજ્ય કરેલો છે, અને સુવર્ણ માટી તથા પથ્થર એ સર્વને સમાન જાણવાવાળો જે યોગી, તેને યુક્ત-સાવધાન કહે છે. ૮

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥९॥

સુહૃત (હિતેષી, સ્નેહવશ ઉપકાર કરનાર, વિનાપ્રયોજને હિતાહિત કરનાર, શત્રુ તથા મિત્રને જન્મથી એક દૃષ્ટિએ જોવાવાળો) મિત્ર, ઉદાસીન, મધ્યસ્થ, સમ્બન્ધી, સજ્જન

અને પાપી, એઓને એક બુદ્ધિથી અવલોકન કરનારો પુરૂષ અત્યન્ત શ્રેષ્ઠ છે. ૯

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः १०

ચિત્તને વશ કરી, નિરપેક્ષ થયેલ આત્મ-વ્યતિરિક્ત, પરિગ્રહ રહિત, એકલો, નિર્જન સ્થળમાં સ્થિત થઇ, કર્મયોગ નિષ્ઠ પોતાના સ્વરૂપના દર્શનમાં નિષ્ઠા કરે.[1] ૧૦

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ११
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥१२॥

પવિત્ર દેશમાં, વિશેષ ઉંચા પણ નહિ, તેમ વિશેષ નીચા પણ નહિ, એવા કુશ-દર્ભના ઉપર મૃગચર્મ, મૃગચર્મ ઉપર વસ્ત્ર

---

૧ આત્માની ઉપર સ્થિતિ કરવી. આત્માનું જે એ-કરસ સર્વમય રૂપ છે, તેમાજ પોતાપણાનો લય કરવો.

પાથરીને સ્થિર–અચળ આસન બનાવી, તે આસન ઉપર સ્થિર થઈ, મનને એકાગ્ર કરી અન્તર તથા બાહ્યેન્દ્રિયોને રોકી, પોતાના બન્ધનથી મુક્ત થવા માટે આત્માવલોકન રૂપ યોગ કરે. ૧૧–૧૨

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन्॥ १३
प्रशांतात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः॥ १४

શરીર, મસ્તક અને ડોક એઓને નિશ્ચળ તથા સિધા કરીને સ્થિર થઈ, આડું અવળું ન જોતાં, પોતાની નાસિકાના સન્મુખ દૃષ્ટિ કરી, દિશાઓને ન જોતા, પ્રસન્ન ચિત્તવાળો ભયરહિત. બ્રહ્મચર્યમાં સ્થિત થઈ, મનને રોકી, મારામાં ચિત્ત લગાડી, આત્મનિષ્ઠ પુરૂષ મારૂંજ ચિન્તવન કરતો બેસીજ રહે. ૧૩–૧૪

युंजन्नेवं सदात्मानं योगी नियतमानसः।
शांतिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति॥ १५

આ પ્રમાણે મનને નિશ્ચળ, વશમાં રાખ-વાવાળો યોગી, સદા પુરૂષોત્તમ રૂપ મારા વિષે, મનને લગાડીને, મારા સમાન આત્યન્તિક શાન્તિને પામે છે. ૧૫

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकांतमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन॥१६

હે **અર્જુન!** અત્યન્ત ભોજન કરનાર, તથા નિરન્તર કાંઈ પણ ન ખાવાવાળા, અત્યન્ત સૂવાવાળા તથા વિશેષ ઉજાગરો કરવાવાળાઓનો યોગ સિદ્ધ થતો નથી. ૧૬

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा॥१७॥

[1]યથાયોગ્ય આહાર વિહારવાળાને અને તે

૧ આહાર મિતાહાર-એટલે ભૂખથી પચે તેટલો ખોરાક, એનું પ્રમાણ એ છે કે, પેટમાં જેટલો અવકાશ હોય, તેનો લગભગ અર્ધ ભાગ અન્ન કે ફળ ફુલથી અને ચતુર્થાંસ ભાગ જળથી રોકાય અને બાકીનો ચોથો ભાગ વાયુના આવવા જવા માટે રહે એવો આહાર રાખવો.

પણ નિયમિત ભોજન કરનાર, સર્વ કર્મોમાં નિયમિત ચેષ્ટા કરવાવાળો, પ્રમાણ પૂર્વક શયન કરવાવાળો, તેમ પ્રમાણથી જાગવાવાળો, એવો જે પુરૂષ હોય છે. તેવાનો યોગદુઃખ નાશક છે.+ ૧૭

યુક્ત વિહાર એટલે થાક ન લાગે તેટલું ચાલવું; તો પણ ઓછામાં ઓછું એક યોજન તો નિત્ય ચાલવુંજ જોઈએ. યુક્ત ચેષ્ટા એટલે અતિવાચાલ ન થતાં નિયમિત રીતે પ્રણવાદિ મંત્રનો જપ કરવો, યુક્ત ઊંઘવું જાગવું એટલે કે રાત્રિના ચાર વિભાગ કરી પહેલા અને ચોથા વિભાગમાં જાગવું અને મધ્યના બે વિભાગમાં નિદ્રા કરવી.

+ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે;-સુખની વાસનાથી નિદ્રા કરતો પુરુષ, જેમ સ્વપ્નમાં સુખ માનતો હોય છે; પરન્તુ વાસ્તવિક રીતે તેનો ઉપભોગ કરી શકતો નથી, તેમ માયિક કર્મ માર્ગમાં ભ્રમણ કરનાર પણ કર્મથી પ્રાપ્ત થયેલ તે તે લોકમાં ભટકે છે. પરન્તુ તેને ત્યાં અવિનાશી સુખ મળતું નથી, માટે જ્ઞાની મનુષ્યે નામ માત્ર સંસારના ભોગ્ય પદાર્થોમાંથી, જેટલા પદાર્થોવડે શરીરનો નિર્વાહ થઇ શકે, તેટલા માટેજ પ્રયત્ન કરવો, પણ તેમાં સુખ નથી, એવો નિશ્ચય કરીને તેમાં આસક્ત થવું નહિ.

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा १८

જ્યારે આત્મામાંજ અતિ નિશ્ચળ થયેલું ચિત્ત સ્થિર રહે છે, ત્યારે સર્વ કામનાઓની ઇચ્છાથી રહિત થયેલ પુરૂષ યોગના યોગ્ય કહેવામાં આવે છે. ૧૮

यथा दीपो निवातस्थो नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः १९

જેમ નિર્વાત સ્થાનમાં સ્થિત થયેલો દીપક ચળાયમાન્ થતો નથી, તેમજ સર્વ સ્થળેથી ચિત્તને રોકીને આત્મામાં યોગને યુક્ત કરવાવાળો યોગી નિશ્ચળ રહે છે. એ યોગીને દીપકની ઉપમા આપી છે. ૧૯

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति २०

યોગના સેવનથી સર્વ સ્થળે રોકાયલું ચિત્ત, જે યોગમાંજ ઉપરામ કરે છે, અને જે

યોગમાં (યોગી) મનથી આત્માને જોતો આત્મામાંજ પ્રસન્ન રહે છે. ૨૦

सुखमात्यंतिकं यत्तद्बुद्धिग्राह्यमतींद्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः२१

જ્યાં આત્યંતિક સુખ (બ્રહ્માનન્દ) જે કેવળ બુદ્ધિગ્રાહ્ય (માત્ર બુદ્ધિથી અનુભવાય એવું) અને અતીન્દ્રિય (ઇન્દ્રિયથી ન ભોગવાય એવું) છે તેને અનુભવે છે, ને જેને વિષે સ્થિત થયેલો તે કદાપિ તત્ત્વથી ચળાયમાન થતો નથી. ૨૧

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते २२

જે (સુખ)ને પામી બીજો કોઈ પણ લાભ એથી વિશેષ માનતો નથી, અને યોગમાં સ્થિત થયેલ છતાં દુઃખથી પણ વ્યાકુળ થતો નથી૨૨

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा२३

દુઃખ [ત્રિવિધદુઃખ] સંયોગનો વિયોગ [અભાવ] તેનેજ યોગ એ સંજ્ઞાવાળો જાણવો, અને તે યોગ નિર્વિણ્ણ (કંટાળા વગરનાં દઢ) ચિત્તથી નિશ્ચય પૂર્વક અભ્યાસ કરવાયોગ્યછે૨૩

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं विनियम्य समंततः ॥ २४ ॥
शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् २५

દેહાત્માભિમાન રૂપ સંકલ્પથી ઉત્પન્ન થવાવાળાં વાસના સહિત સકળ કામોને ત્યાગીને, તથા સકળ વિષયોથી ઇન્દ્રિય સમૂહને મનદ્વારા રોકીને, જેણે વિવેકને ગ્રહણ કરેલ છે, એવી બુદ્ધિ કરીને ધીરે ધીરે બાહ્યવિષયોથી યોગી નિવૃત્ત થઈ, મનને આત્મૈકનિષ્ઠ કરી, આત્મવ્યતિરિક્ત કોઈ વસ્તુનું ચિન્તવન ન કરે. ૨૪-૨૫

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥२६॥

ચંચળ સ્વભાવવાળું અસ્થિર મન જ્યાં જ્યાં વિચરે છે; ત્યાં ત્યાંથી એ મનને ખેંચીને, આત્મામાંજ અત્યન્ત સુખની ભાવના કરી વશ કરે, ૨૬

प्रशांतमनसं ह्येनं योगिनंसुखमुत्तमम् ।
उपैति शांतरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

આવા અત્યન્ત શાન્ત મનવાળા અને રજોવૃત્તિ જેની સાવ શાન્ત થઈ છે એવા, બ્રહ્મભુત (બ્રહ્મરૂપ થયેલા) તથા નિષ્પાપ યોગીને ઉત્તમસુખ અવશ્ય આવી મળે છે, ૨૭

युंजन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥ २८ ॥

આ પ્રમાણે સદા આત્મા (ચિત્ત) ને યોજતો યોગી નિષ્પાપ થઈ બ્રહ્મસંસ્પર્શ (પરબ્રહ્મની એકતા) નું અત્યન્ત સુખ તેને સહજમાં અનુભવે છે, ૨૮

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥

યોગમાં આસક્ત મનવાળો પુરૂષ, સઘળી આત્મ વસ્તુઓમાં સમાન બુદ્ધિ થઈ, સર્વ પ્રાણીમાત્રમાં સ્થિત થયેલ પોતાના આત્માને અને સર્વ ભૂતોને પોતાના આત્મામાં પોતાના સમાન નિહાળે છે. ૨૯

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ३०

જે યોગી મારા સ્વરૂપને સકળ આત્મામાં અને સકળ વસ્તુઓને મારામાં દેખે છે, તે યોગીને હું અદ્દશ્ય નથી, તેમ મને તે યોગી (પણ) અદ્દશ્ય નથી.[1] ૩૦

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ३१

જે (યોગી) એકતાને અવલમ્બી સર્વ ભૂતમાં રહેનાર જાણી મને ભજે છે, તે યોગી

---

૧ તાત્પર્ય એ છે કે-તે સમદર્શી પુરૂષને હું દેખું છું, અને તે મને દેખ્યા કરે છે.

સર્વથા (સર્વ પ્રકારે) વર્ત્તતો છતાં મારામાંજ વર્ત્તે છે. ૩૧

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ३२

હે અર્જુન ! જે યોગી પોતાના આત્માને અને અન્યના આત્માને જ્ઞાનૈકાકારતાથી સર્વ આત્મામાં સુખ વા દુઃખ સદૃશ નિરખે છે, તેવા યોગી મારા વિચાર પ્રમાણે પરમોત્કૃષ્ટ છે. ૩૨

अर्जुन उवाच ॥

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चंचलत्वात्स्थितिं स्थिराम्

અર્જુન પૂછે છે કે—મધુસૂદન ! સમાનતાથી સિદ્ધ કરેલો જે આ યોગ તમે કહ્યો, તેની મનની ચંચળતાને લીધે હું સ્થિર (ઘણો સમય નભે એવી) સ્થિતિ દેખતો નથી. ૩૩

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ३४

(કેમકે) હે કૃષ્ણ ! મન નક્કી ચંચળ છે. પ્રમાથી (બહુ વેગવાળું) છે, બળવાન્ અને દૃઢછે, તેનો નિગ્રહ [નિરોધ] હું વાયુની પેઠે ઘણોજ દુષ્કર (કઠણ)માનુંછું. ૩૪

श्री भगवानुवाच ॥

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ३५

શ્રીભગવાન્ કહે છે કે-હે મહાબાહો ! (અર્જુન) મન અત્યન્ત ચપળ છે, તેને રોકવું મહાકઠિન છે, તેમાં જરાપણ સન્દેહ નથી; પરન્તુ હે કુન્તીના પુત્ર ! આત્મ દર્શનના અભ્યાસ વડે, આત્મ વ્યતિરિક્ત વિષયોમાં વૈરાગ્યથી મનનો નિગ્રહ થઈ શકે છે. ૩૫

असंयतात्मनो योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ३६

મનને ન જીતવાવાળાને યોગ દુર્લભ છે, મારો તો એવો નિશ્ચય છે. અને મારા આરા-

ધનરૂપ જ્ઞાનવાળા જેઓએ મનને જીતેલું છે, તેને સમ દર્શન રૂપ યોગ પ્રાપ્ત થઈ શકે છે ૩૬

अर्जुन उवाच ॥

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ३७

અર્જુન પૂછેછે કે-હે શ્રીકૃષ્ણ! શ્રદ્ધાવડે કરીને યોગમાં પ્રવૃત્ત થયેલ જન દૃઢતર અભ્યાસ રૂપ યત્નની વિકળતાથી, જે યોગની સિદ્ધિ થયા વગર યોગથી ચલાયમાન્ થઈ જાય, તે કેવા પ્રકારની ગતિને પામે છે. ૩૭

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ३८

જેમ મહામેઘ-વાદળ સમૂહથી ચાલીને અન્ય મહામેઘ-વાદળમાં જાતાં, વાદળ માર્ગમાંજ ખન્ડિત થઈ જાય છે, તેમ બ્રહ્મ સાધન, સાધન માર્ગથી ભ્રષ્ટ થયેલ પુરૂષ, ઉભય ભ્રષ્ટતાથી નષ્ટ થઈ જાય છે કે નહિ ? કેમકે હે

મહાબાહો ! તે અપ્રતિષ્ઠિત (ચળિગત) બુદ્ધિવાળો અને બ્રહ્મમાર્ગમાં વિમૂઢ છે. ૩૮

एतन्मे संशयं कृष्ण च्छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य च्छेत्ता न ह्युपपद्यते ३९.

હે શ્રીકૃષ્ણ ! આ મારા સન્દેહને નિવૃત્ત કરવાને આપજ યોગ્ય છો. આપ વગર બીજો કોઈ પણ મારા આ સન્દેહને દુર કરનારો સમ્ભવતો નથી. ૩૯

श्रीभगवानुवाच ॥

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ४०

શ્રીભગવાન્ કહે છે કે-હે પૃથાનાપુત્ર ! આ લોકમાં તથા પરલોકમાં બ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં અનુસરવાવાળા પુરૂષનો નાશ થતો નથી. હે તાત ! શુભકર્મ કરવાવાળા કોઇ પણ દુર્ગતિને પામતા નથી. ૪૦

प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ४१

જેમ ભોગની આકાંક્ષાને માટે, યોગથી ભ્રષ્ટ થઈ જાય છે, તેમજ પુણ્ય કરવાવાળાઓના લોકને પ્રાપ્ત થઇને ત્યાં ભોગની તૃષ્ણા પૂર્ણ થતાં સુધી અનેક વર્ષો પર્યન્ત નિવાસ કરીને, પછી ઐશ્વર્ય સમ્પત્તિ યુક્ત પુરૂષોના કુળમાં જન્મ ધારણ કરે છે. ૪૧

अथ वा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥४२॥

જે પરિપક્વ યોગવાળા પુરૂષ યોગથી ચલિત થઈ ગયા હોય, તે તેવો યોગ કરી, ઉપદેશ દેવાવાળા પુરૂષોના કુળમાં ઉત્પન્ન થાયછે, એ બન્ને યોગ્ય અને અયોગ્ય પુરૂષોના કુળમાં જન્મ થવો પ્રાકૃત જનને દુર્લભ છે. ૪૨

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥४३॥

હે કુરૂનન્દન ! તે યોગીઓના કુળમાં ઉત્પન્ન થઈ, પૂર્વ દેહથી કરેલ યોગના વિષયમાં બુદ્ધિ સંયોગને પ્રાપ્ત થઈ જાયછે, [અને] પછી નિર્વિઘ્ન સિદ્ધિમાં યત્ન કરે છે. ૪૩

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥४४॥

પૂર્વાભ્યાસથી યોગભ્રષ્ટ થયેલ યોગી પણ યોગને પ્રાપ્ત થાય છે, અને યોગનેજ જાણુવાની ઈચ્છાવાળા પુરૂષ યોગથી ચલાયમાન્ થઈ જાય, ત્યારે પ્રકૃતિ સમ્બન્ધથી વિમુક્ત થયેલ દેવ-મનુષ્ય-આદિ શબ્દોથી અતિરિક્ત જે આત્મા છે, તેને પ્રાપ્ત થઈ જાય છે. ૪૪

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ४५

અનેક જન્મોથી સંચિત કરેલાં પુણ્યોવડે સંસિદ્ધ થયેલ, પાપોથી શુદ્ધ યત્ન કરતો યોગી, યોગથી ચલિત થઈ ગયો હોય; તો પણ પરમગતિને પામે છે. ૪૫

तपस्विभ्योऽधिकोयोगी ज्ञानिभ्योऽपिमतोऽधिकः
कर्मिभ्यश्चाधिकोयोगी तस्माद्योगीभवार्जुन ४६

કેવળ તપ કરીને, આત્મવ્યતિરિક્ત જ્ઞાનોથી તથા અશ્વમેધ-આદિ કર્મોથી પુરૂષાર્થ

સિદ્ધ કરવામાં આવે છે. એ સર્વના કરતાં પૂર્વોક્ત-પ્રથમ કથેલ યોગી શ્રેષ્ઠ છે. માટે હે અર્જુન ! તું તેવોજ યોગી થા. ૪૬

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ४७

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्र० अध्यात्मयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

મારામાં નિષ્ઠાવાળું મન કરીને, મારી પ્રાપ્તિને અર્થે ત્વરાયુક્ત થયેલો જે યોગી અખિલેશ્વર જે-હું-તેની ઉપાસના કરે છે, તેને સઘળા યોગીઓના મધ્યમાં મેં અત્યન્ત શ્રેષ્ઠ માનેલ છે.[1] ૪૭

ઈતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે 'અધ્યાત્મ યોગ' નામનો અધ્યાય ૬ ઠ્ઠો સમ્પૂર્ણ.

॥ इति प्रथम षट्कं समाप्तम् ॥

---

૧ આ પ્રમાણે ૬ અધ્યાયનું પ્રથમ ષટ્ક સમ્પૂર્ણ કરતાં યોગનું રહસ્ય સમજાવી, 'त्वं' પદ વાચ્ય જીવનું સઘળું સ્વરૂપ શ્રી ભગવાને સ્પષ્ટ કરી દીધેલ છે. હવે બીજા ષટ્કના ૬ અધ્યાયમા 'तत' પદ વાચ્ય ભગવત્ સ્વરૂપનો વિવેક વર્ણવવામાં આવશે

ॐ

*अध्याय ७ मो.

श्रीभगवानुवाच ॥

मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु १.

શ્રીભગવાન્ કહેછે કે—હે **પાર્થ**! મારામાં આસક્ત ચિત્ત થયેલ અને મારા શરણુ યોગમાં પ્રવૃત્ત તું, જે પ્રકારે સંશય રહિત, સર્વ પ્રકારે જ્ઞાનદ્વારા મને જાણીશ, તે જ્ઞાન હું તને કહુંછું, માટે તે જ્ઞાન સાવધાન થઈને તું શ્રવણ કરય. ૧

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते २

* પ્રથમના ષટ્કમાં 'त्वं' પદાર્થનો વિવેક સ્પષ્ટ કરી હવે 'तत्' પદાર્થ અર્જુનને સમજાવવાને આ બીજા ષટ્કનો પ્રારંભ છે.

હું ચિદચિત્ વસ્તુ-વિવિક્તાકાર-વિષયક જ્ઞાનસહ, આ જ્ઞાન સકળ પ્રકારથી તને કહીશ જે જ્ઞાનવડે કરીને પુનઃ મારાવિષે કાંઈ પણ જાણવું અવશેષ રહેશે નહિ. ૨

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ३

હજારો અધિકારીમાં કોઈકજ કૃત સિદ્ધિ પર્યન્ત યત્ન કરે છે, યત્ન કરતા એવા તે હજારો યોગીઓમાં તત્વથી મને તો કોઈકજ જાણે છે. ૩

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥४॥

પૃથિવી, જળ, અગ્નિ, (તેજ) પવન, આકાશ, મન અને બુદ્ધિ તથા અહંકાર એમ આ આઠ પ્રકારની મારી જુદી જુદી પ્રકૃતિ છે. ૪

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥५॥

આ તો અપર (પ્રકૃતિ) પણ એથી જુદી મારી જે જીવરૂપ બીજી પરપ્રકૃતિ છે તે સમજ; કે જેનાવડે, હે મોટીભુજાવાળા ! (અર્જુન !) આ જગત્ ધારણ થાય છે, એટલે જડ વસ્તુઓ જેથી ચેષ્ટા કરવા લાગે છે. ૫

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥६॥

આ ચેતન અને અચેતન સઘળું સમષ્ટિરૂપ વિશ્વ મારી બે પ્રકારની પ્રકૃતિયોથી ઉત્પન્ન થયેલ છે, એમ તું જાણ. અને આ સકળ જગતની ઉત્પત્તિ તથા પ્રલયનું સ્થાન હું છું ૬

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥७॥

હે ધનંજય ! મારાથી અન્ય કોઈપણ ઉત્કૃષ્ટતર નથી. જેમ દોરામાં મણિ પરોવાઈને રહે છે, તેમ આ સકલ વિશ્વ મારામાં ઓતપ્રોત થઈ રહેલું છે. ૭

रसोऽहमप्सु कौंतेय प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥८॥

હે કુન્તીના પુત્ર ! હું જળમાં રસછું, ચન્દ્ર અને સૂર્યમાં પ્રભાછું. સર્વ વેદોમાં પ્રણવ (ॐ) બીજછું, આકાશમાં શબ્દ અને નરમાં પૌરૂષ હું છું. ૮

पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥

વળી પૃથિવીમાં પવિત્ર ગન્ધ (હું) છું, અને અગ્નિમાં તેજ (હું) છું. સર્વ ભૂતોમાં જીવન (હું) છું, અને તપસ્વિયોમાં તપ (પણ હું) છું. ૯

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम्॥१०॥

હે પાર્થ ! મને સર્વ ભૂતો [પ્રાણી] નું સનાતન બીજ જાણ. બુદ્ધિમાનની બુદ્ધિ [હું] છું, અને તેજસ્વીનું તેજ [પણ] હું છું, ૧૦

बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥११॥

હે **ભરતર્ષભ** ! બળવાનનું કામ રાગ વિ-
વર્જિત્ બળ [હું] છું અને ભૂત [પ્રાણી] મા-
ત્રમાં ધર્મથી અવિરૂદ્ધ કામ [હું] છું. ૧૧

ये चैव सात्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि १२

વળી પણ જે જે સત્ત્વગુણથી ઉત્પન્ન થ-
યેલ જે શમ–આદિ, રજોગુણથી ઉત્પન્ન થયેલ
દ્વેષ–આદિ અને તમો ગુણથી ઉત્પન્ન થયેલ
મોહ–આદિ પદાર્થ છે, તે સર્વ મારાથી ઉત્પન્ન
છે, એમ તું જાણ; પરન્તુ તેમાં હું રહેતો નથી,
તે મારામાં રહે છે. ૧૨

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् १३

આ આખું જગત્ આ ત્રિગુણમય ભાવથી
મોહિત થએલું, મને એ સર્વ [ત્રિગુણ] થી

પર [નિર્ગુણ] અને અવ્યય [અવિકારી] તરીકે ઓળખતું નથી. ૧૩

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते ॥१४॥

મારાથી નિર્માણ થએલ મારી [ત્રિ] ગુણમયી દૈવી[1] માયા દુસ્તર છે, (પણ) જે મનેજ શરણ થાય છે તેજ એ[2] માયાને તરે છે. ૧૪

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः १५

દુષ્કૃતિ [દુરાચારી–પાપી] મૂઢ અને અધમ નીચ નરો કે જેનું જ્ઞાન માયાથી ઢંકાયલું છે, તે આસુર ભાવને પામેલા, મને શરણ આવતા નથી. ૧૫

चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ १६

---

૧ અદ્ભુત, ૨ માયા રૂપ સમુદ્ર.

હે અર્જુન ! હે ભરતર્ષભ !! આર્ત (રોગપીડિત) જીજ્ઞાસુ (મુમુક્ષુ) કામી, અને જ્ઞાની એવા ચાર પ્રકારના પુણ્યવંત જનો મને ભજે છે. ૧૬

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः १७

તેઓમાં આત્મજ્ઞાની ઉત્કૃષ્ટ છે; કેમકે નિત્ય યોગયુક્ત, મારીજ ભક્તિવાળા, એવા જ્ઞાની છે, એથી જ્ઞાનીને હું અત્યન્ત પ્રિય છું અને જ્ઞાની મને અત્યંત પ્રિય છે. ૧૭

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितःसहियुक्तात्मामामेवानुत्तमांगतिम् १८

એ સર્વ ભક્ત (જો કે) ઉદાર—ઐશ્વર્ય પ્રકાશક છે; પરન્તુ જ્ઞાની [તો] મારોજ આત્મા છે. એ મારો સિદ્ધાન્ત છે; કેમકે મારામાં ચિત્ત લગાડી, મનેજ સર્વોત્કૃષ્ટ ગતિ માની મારો આશ્રય કરે છે [અને] મારા આત્માનું ધારણ પણ તેના વગર નથી. ૧૮

बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१९॥

ઘણા જન્મોના અન્તમાં વાસુદેવ ભગવાંનજ મને પરમ પ્રાપ્ય અને પરમ ઉપાય છે. અન્ય સર્વ વસ્તુ [પણ] વાસુદેવજ છે. એ પ્રમાણે મને નિશ્ચયપૂર્વક જાણીને રહે છે, તેવો મહાત્મા લોકમાં દુર્લભ છે. ૧૯

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यंतेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया २०

સર્વ લૌકિક પુરૂષ પોતાની પ્રકૃતિની વાસનાવડે કરીને, નિત્યમુક્ત થઈ, વાસનાના અનુરૂપ ગુણુંમય કામો કરીને જેનું જ્ઞાન હણાઈ ગયું છે, એવા થઈને, અન્ય દેવતાને પ્રાપ્ત થઈ, તે તે દેવતાઓને પ્રસન્ન કરવા માટે, તેના નિયમમાં પ્રાપ્ત થઈ, તેઓનુંજ પૂજન કરે છે. ૨૦

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् २१

જે જે પુરૂષ ઈન્દ્રાદિરૂપ મારા શરીરનું વિશ્વાસપૂર્વક, ભક્તિયુક્ત થઈ આરાધન કરવાની જીજ્ઞાસા રાખે છે, તે તે પુરૂષને હું નિર્વિઘ્ન શ્રદ્ધા આપું છું. ૨૧

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हितान् २२

તે શ્રદ્ધા વડે કરીને યુક્ત થયેલ તે પુરૂષ મારા શરીર ભૂત ઈન્દ્રાદિક દેવતાનું આરાધન કરવાની જે જે અભિલાષા કરે છે, તેને અન્તર્યામી મારાં આપેલાં અભિલષિત્ કામો પ્રાપ્ત થઈ જાય છે. ૨૨

अंतवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यांति मद्भक्ता यांति मामपि २३

તે ઈન્દ્ર–આદિ દેવતાઓનું પૂજન કરવાવાળા ભક્તોાજનોનું આરાધનફળ નાશવાન્ છે;

કેમકે દેવતાઓનું પૂજન કરવાવાળા દેવયોનિ-નેજ પ્રાપ્ત થઈ, ત્યાં પુણ્ય ક્ષીણ હોવાથી નીચે આવી જાય છે; પરન્તુ મારૂં પૂજન કરવાવાળા પુનઃ જન્મ લેતા નથી. ૨૩

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यंते मामबुद्धयः ।
परं भावमजानंतो ममाव्ययमनुत्तमम् ॥२४॥

મારા વિષયક્ જ્ઞાન શુન્ય નિરન્તર એક રૂપ ઉત્કૃષ્ટતમ મારા ભાવને ન જાણતા એવા પ્રાકૃત રાજપુત્રના સદૃશ હાલથી હું પ્રથમ અપ્રકટ હતોઃ હવે કર્મના વશથી જન્મ લઈ (મને) પ્રકટ થયેલ છે. આ પ્રમાણે અજ્ઞજનો મને માને છે. તેથી તેઓ મારૂં આરાધન કરતા નથી. ૨૪

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् २५

દેવ અને મનુષ્ય—આદિ સમાન શરીર-સંયોગરૂપ માયાવડે કરીને આચ્છાદિત સ્વરૂપ-

સઉળજનોને પ્રકાશિત નથી, એથી એ મૂઢ અજ્ઞાનીજનો ઉત્પત્તિ અને નાશરહિત જે હું છું, તેને જાણતાં નથી. ૨૫

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन २६

હે અર્જુન ! હું થઈ ગયેલાં, થતાં, તેમ થનારાં સર્વ ભુત (પ્રાણી અને પદાર્થો) ને (હું) જાણું છું, પણ મને તો કોઈ જાણતું નથી. ૨૬

इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥ २७ ॥

હે શત્રુને સન્તાપ કરનારા ભારત ! ઈચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલ સુખ–દુઃખ-આદિ દ્વન્દ્વરૂપ મોહવડે કરીને સર્વ પ્રાણીમાત્ર જન્મ કાળમાંજ મોહને પ્રાપ્ત થઈ જાયછે. ૨૭

येषां त्वंतगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता भजंते मां दृढव्रताः ॥२८॥

જેનાં અનેક જન્મોથી સંચિત કરેલાં

પુણ્ય કર્મોવડે કરીને પ્રથમ કહેલાં પાપ નષ્ટ થઈ જાય છે. તે પોતાના પુણ્યાનુસાર સુખ દુઃખ-આદિ વિમોહથી છુટેલા દૃઢ સંકલ્પ કરેલ મને ભજે છે. ૨૮

जरामरणमोक्षाय मामाश्रित्य यतंति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥२९॥

જે મનુષ્ય જરા-મરણાદિ રૂપ સર્વ દુઃખની નિવૃત્તિને માટે મારા આશ્રય થઇને યત્ન કરે છે, તેજ બ્રહ્મ, અધ્યાત્મ અને સકળ કર્મ એ સર્વને જાણે છે.[1] ૨૯

---

૧ જે સર્વાધાર પરમાત્માનો આશ્રય કરી વ્યાધિ-આદિ દુઃખ, વિયોગજન્ય વાસનાની પીડા, એ બેયથી મુક્ત થવા માટે મારૂં સેવન કરે છે. સર્વ રૂપ મને જાણે છે, તે 'तत्त्वमसि' એ મહાવાકયમાં જેને 'तत्' પદથી વર્ણવેલ છે, એવા બ્રહ્મને તથા આત્મા સમ્બન્ધી જે જાણવાનું એટલે તે મહાવાક્યમાં 'त्वम्' પદથી જે કથ્યું છે, તેના સ્વરૂપને જાણે છે. તથા તે બન્નેના સમ્બન્ધરૂપ જે કર્મ-આદિ છે, તેને પણ જાણે છે.

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः॥३०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्र० ज्ञानयोगो
नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

જે પુરૂષ મને અધિભૂત સહિત, અધિદેવ સહિત અને અધિયજ્ઞ સહિત જાણે છે, તે મારા વિષે ચિત્ત લગાડેલ મરણ સમયમાં પણ મનેજ જાણે છે; અર્થાત્ બીજામાં તેનું ચિત્ત રહેતું નથી. ૩૦

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષે ' જ્ઞાનયોગ '
નામનો અધ્યાય ૭ મો સમ્પૂર્ણ.

ॐ

*अध्याय ८ मो.

(સાતમા અધ્યાયના અન્તના બે શ્લોકની ટીકારૂપ
આ અધ્યાય છે.)

अर्जुन उवाच ॥

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥१॥

અર્જુન કહે છે કે–હે પુરૂષોત્તમ ! તત્ બ્રહ્મ શું ? અધ્યાત્મ શું ? કર્મ શું ? વળી અધિભૂત કહ્યું તે શું અને અધિદૈવ કહેવાય છે તે શું ? ૧

अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः २

* ગૌણ અને મુખ્યમાં મુખ્યત્વે કાર્યની સિદ્ધિ મનાય છે, એ કારણથી જીવાત્માદિને અધ્યાત્માદિ પદવાચ્ય કહેલ છે.

હે મધુસૂદન ! આ દેહને વિષે અધિયજ્ઞ એવું શું ? અને (તે) કેવી રીતે કહેવાય છે. અને નિયત આત્મ (યુક્ત ચિત્તવાળા) થી અન્તકાળે તમે કેમ સમજી શકાઓ છો. ? ૨

श्रीभगवानुवाच ॥

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥३॥

શ્રી ભગવાન્ કહે છે કે—નાશ રહિત પ્રત્યગાત્મ સ્વરૂપ બ્રહ્મ શબ્દાર્થ છે. અને પ્રકૃતિ સમ્બન્ધાદિ—અનાત્મ વસ્તુ, અધ્યાત્મ શબ્દાર્થ છે. મનુષ્ય—આદિરૂપ જન્મના ઉત્પાદક જે સ્ત્રી સમ્બન્ધ તે વડે ઉત્પન્ન જે સૃષ્ટિ તે કર્મ શબ્દાર્થ છે. ૩

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥४॥

ક્ષર સ્વભાવ શબ્દાદિ વિષય અધિભૂત શબ્દાર્થ છે. અને ભોક્તૃત્વાવસ્થાપન્ન જીવ

અધિદૈવત શબ્દાર્થ છે. હે શરીર ધારણ કરવાવાળાઓમાં શ્રેષ્ઠ અર્જુન ! મારા શરીરભૂત આ ઇન્દ્રાદિરૂપ દેહમાં વિદ્યમાન્ છતાં યજ્ઞોમાં આરાધ્ય હું એ અધિયજ્ઞ શબ્દાર્થ છે. ૪

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ५

શરીરના અન્ત સમય મારૂં સ્મરણ કરતો શરીરનો ત્યાગ કરીને જે જીવ જાય છે, તે મારા ભાવને પ્રાપ્ત થાય છે, તેમાં જરાપણ સંશય નથી. ૫

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥६॥

હે કુન્તીના પુત્ર ! જે (પુરૂષ] અન્તકાળે જે જે ભાવનું સ્મરણ કરતો શરીરનો ત્યાગ કરે છે, તે જીવન કાળમાં નિરન્તર તે તે ભાવનું ચિંતન કરીને, વાસિત અન્તઃકરણ થઈને, તે તે ભાવને પ્રાપ્ત થાય છે. ૬

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ॥७॥

એ માટે હે કૌન્તેય ! સકળ કાળમાં મારૂં ચિન્તવન કરતાં વર્ણાશ્રમોચિત કર્મ તું કરય, એથી મારામાં મન–બુદ્ધિ લગાડતો મને પ્રાપ્ત થઈ જઈશ, એમાં સન્દેહ નથી. ૭

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिंतयन् ॥८॥

હે પાર્થ ! પ્રતિદિન મનવડે કરીને ઉપાસ્ય વસ્તુનું સંશીલન કરીને, અન્ય વિષયોમાં સંચારરહિત મન કરીને અપ્રાકૃત પરમપુરૂષ જે હું, તેનું સ્મરણ કરનાર જન મનેજ પ્રાપ્ત થઈ જાય છે.[1] ૮

कविं पुराणमनुशासितार-
मणोरणीयांसमनुस्मरेद्यः ।

---

૧ જે મનને સ્થિર કરી પરમાત્માનું ધ્યાન ધરી દેહ ત્યાગ કરે છે, તે મુક્ત થાય છે.

सर्वस्य धातारमचिन्त्यरूप-
मादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥
प्रयाणकाले मनसाचलेन
भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ १० ॥

જે ભક્તિ યોગબળ યુક્ત થઈ, પ્રયાણ સમય ભ્રૂકુટિયોના મધ્યમાં પ્રાણનો પ્રવેશ કરાવી, સર્વજ્ઞ, પુરાતન, સર્વના નિયન્તા, જીવથી સૂક્ષ્મસ્વરૂપ, સકળને રચવાવાળા, ચિન્તવન કરવામાં અશક્ય, પ્રકૃતિથી પણ પર, અપ્રાકૃત અને સૂર્યના કરતાં પણ વિશેષ કાન્તિમાન્ એવા પરમ પુરૂષ પરમાત્માનું જે કોઈ સ્મરણ કરે, તે પરમ પુરૂષને પ્રાપ્ત થાય છે.[1] ૯—૧૦

૧ મરણના દુઃખથી બચવા તથા પોતાનું કલ્યાણ ઇચ્છવા પ્રથમથીજ ધીરે ધીરે યોગાભ્યાસની વૃદ્ધિ કરવી જોઇએ.

यदक्षरं वेदविदो वदंति
विशंति यद्यतयो वीतरागाः ।
यदिच्छंतो ब्रह्मचर्यं चरंति
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥

વેદાર્થને જાણુવાવાળા, જેને અક્ષર—અવિનાશી કહે છે. વિષયાન્તરમાં અનાસક્ત મુનિ જેમાં પ્રવિષ્ટ થાય છે, અને જેની પ્રાપ્તિની ઇચ્છાવાળા જન બ્રહ્મચર્યનું આચરણ કરે છે. તે અખિલ વેદાન્ત સિદ્ધ પ્રાપ્ય વસ્તુ તને સંક્ષેપથી કહીશ. ૧૧

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनःप्राणमास्थितो योगधारणाम्
ॐमित्येकाक्षरं ब्रह्मव्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् १३

શ્રોત્ર—આદિ ઇન્દ્રિયોને સર્વ વ્યાપારથી દૂર કરી, હૃદય કમળમાં મધ્યસ્થિત જે હું તેને વિષે મનને રોકી, યોગ સ્થિતનિષ્ઠ થઈ, બ્રહ્મ

સ્વરૂપના વાચક ઓંકારનું ઉચ્ચારણ કરતો અને મારૂં અનુસન્ધાન કરતો, પોતાના પ્રાણ [1]બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ કરાવી, (જે) દેહનો ત્યાગ કરે છે, તે મોક્ષ રૂપ ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. ૧૨–૧૩

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः १४

હે પાર્થ ! પ્રતિદિન સકળ અવસ્થાઓમાં કોઈ અન્ય સ્થળે ચિત્તને ન લગાડતાં જે નિરન્તર મારૂં સ્મરણ કરે છે, તે નિત્ય યોગવાળા યોગીને હું સુલભ છું. ૧૪

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवंति महात्मानः संसिद्धिं परमां गताः १५

મને પામ્યા પછી, પરમ સિદ્ધિને પામે-

---

૧ હૃદય વ્યાપારાર્થે એકસોને એક નાડી છે. તેમાંથી એક નાડી બ્રહ્મરન્ધ્રમાં ગયેલી છે. તે નાડીના માર્ગદ્વારા ઉપર ચઢતો પ્રાણ વાયુ મુક્તિને પામે છે, એમ અથર્વ વેદમાં કહેલ છે.

ક્ષા મહાત્માઓ દુઃખ સ્થાન અને ટુંકી મુદ-
તનો એવો પુનર્જન્મ (તેને) પામતા નથી. ૧૫

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौंतेय पुनर्जन्म न विद्यते ॥१६॥

હે અર્જુન! બ્રહ્મલોકથી માંડીને સર્વ
લોક પુનરાવર્તન પામવાવાળા છે, પણ હે
કુન્તીનાપુત્ર! મને પામ્યા પછી પુનર્જન્મ સ-
મ્ભવતોજ નથી. ૧૬

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रांतां तेऽहोरात्रविदो जनाः १७

હજાર ચતુર્યુગ પર્યન્ત બ્રહ્માનો જે દિવસ
થાય છે. અને હજાર ચતુર્યુગ પર્યન્ત બ્રહ્માની
જે રાત્રિછે, તેને જે જાણેછે, તે મનુષ્ય—આદિ
બ્રહ્મા પર્યન્ત અહોનિશની વ્યવસ્થા અવલોકન
કરનાર દીર્ધદર્શી છે. ૧૭

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवंत्यहरागमे ।
रात्र्यागमे प्रलीयंते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥

બ્રહ્માના દિવસના આવાગમનમાં સકળ કાર્ય પદાર્થ પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે. બ્રહ્માની રાત્રિના આવાગમનમાં ઉત્પત્તિના સ્થાન પ્રકૃતિમાં લીન થઈ જાય છે. ૧૮

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥१९॥

હે પાર્થ ! એનો એજ આ ભૂતગ્રામ (સૃષ્ટિ) વારમ્વાર થાય છે, અને વારમ્વાર પ્રલય પામે છે, એ રાત્ર્યાગમે પરવશ (અદૃશ્ય) અને દિવસાગમે પ્રકટ થાય છે. ૧૯

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति २०

એ વ્યક્ત (સૃષ્ટિ) થી પણ પર જે બીજો સનાતન ભાવ જે અવ્યક્ત (અક્ષર) છે, તે નાશવંત સર્વ ભૂતોમાં કહિ પણ નાશ પામતોનથી.૨૦

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तंते तद्धाम परमं मम ॥२१॥

તેથી તેને અવ્યક્ત અક્ષર કહે છે. તે અ-
ક્ષર, શબ્દનિર્દિષ્ટ, પ્રકૃતિ વિવિક્ત આત્મસ્વ-
રૂપને પરમ ગતિ કહે છે. જે આત્માને પ્રાપ્ત
થઈને અધિકારી જનોનો પુનઃજન્મ થતોનથી,
તેજ મારૂં ધામ છે. ૨૧

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यांतःस्थानि भूतानि येन सर्वमिदं ततम् २२

હે **અર્જુન** ! જેના મધ્યમાં સકળભુત
સ્થિતછે, અને જે પરમ પુરૂષવડે કરીને સકળ
જગત્ વ્યાપ્ત છે, તે પરમ પરમાત્મા અનન્ય
એકાગ્ર ગતિથી પ્રાપ્ત થાય છે. ૨૨

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यांति तं कालं वक्ष्यामि भरतर्षभ २३

હે **ભરતર્ષભ** ! યોગીજન જે માર્ગે જતાં
અનાવૃત્તિ અને આવૃત્તિને પ્રાપ્ત થાય છે,
તે માર્ગ હું તને કહીશ. ૨૩

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छंति ब्रह्म ब्रह्मविदो जनाः २४

અગ્નિ, તેજ, દિવસ, શુકલપક્ષ અને ઉત્તરાયણના ૬ મહિના એના વચમાં પ્રયાણ કરવાવાળા બ્રહ્મવેત્તા જન બ્રહ્મને પ્રાપ્ત થાયછે.૨૪

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम्।
तत्र चांद्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते २५

ધૂમાડો, રાત, કૃષ્ણપક્ષ, અને દક્ષિણાયનના ૬ માસમાં શરીર ત્યાગ કરનારો પુણ્ય કર્માંજન ચન્દ્ર સમ્બન્ધી તેજને પ્રાપ્ત થઈ, અર્થાત્ સ્વર્ગ, પિતૃલોક—આદિ લોકમાં પ્રાપ્ત થઈ, ત્યાં સુખાનુભવ કરી પુનઃજન્મ ધારણ કરે છે. ૨૫

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः॥२६॥

એ શુકલ અને કૃષ્ણ બે ગતિ જગત્‌ની સનાતન કથેલી છે, એ શુકલ ગતિવડે કરીને

તો યોગીજન જન્મ લેતા નથી, અને બીજી કૃષ્ણ ગતિથી તો ઇષ્ટા પૂર્ત્ત–આદિ યજ્ઞ કરવાવાળા યોગીલોકો સ્વર્ગ–આદિ સ્થાનને પામે છે.

नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥२७॥

હે અર્જુન ! એ ઉભય માર્ગને જાણવાવાળો કોઈ યોગીજન મરણ સમય મોહને પ્રાપ્ત થતો નથી; એ માટે સર્વ કાળમાં અગ્નિ-આદિ ગતિના નિરન્તર ચિન્તનાખ્ય યોગને કરવા ઉદ્યત થા.[1] ૨૭

वेदेषु यज्ञेषु तपःसु चैव
दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा
योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

---

૧ મૃત્યુના ભયથી ઉગરવાની આકાંક્ષાવાળાએ યોગનો આશ્રય કરવો.

इति श्रीमद्भगवद्गीता० योगशास्त्रेऽक्षरब्रह्मयोगो नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

વેદાભ્યાસ, યજ્ઞ, તપશ્ચર્યા અને દાન એ કરવાથી જે પુણ્ય કર્મફળ કહેલ છે, તેને ભગવન્ માહાત્મ્યને જાણવાવાળા યોગીજન તૃણના સમાન માને છે. ૨૮

ઈતિ શ્રીમદ્ ભગવદ્‌ગીતા વિષે 'અક્ષર બ્રહ્મયોગ' નામનો અધ્યાય ૮ મો સમ્પૂર્ણ.



ॐ

*अध्याय ९ मो.

(રાજયોગના તત્વને આ અધ્યાયમાં શ્રી પરમાત્મા-
કૃષ્ણ, અર્જુનને સમજાવે છે.)

श्री भगवानुवाच ॥

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१॥

શ્રીભગવાન્ કહે છે કે—(હે અર્જુન) ઉપાસન વિશેષ જ્ઞાન સહિત, અતિ રહસ્ય, ભક્તિરૂપ ઉપાસન, ઈર્ષ્યા રહિત, તને હું કહીશ. જેનું અનુષ્ઠાન કરીને સંસારથી છૂટીને (તું) મુક્ત થઈ જઈશ. ૧

---

* સર્વદ્વારનો નિરોધ કરી, ઊર્ધ્વ નાડીદ્વારા, અર્ચિ-આદિ માર્ગે ચડી જે મોક્ષ થાય તેનું વિવેચન આગળના અધ્યાયમાં કરેલું છે. આવો જે યોગ માર્ગ તે વગર બીજો મોક્ષ માર્ગ નથી? એ શંકાના સમાધાન અર્થે આ અધ્યાય છે

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥२॥

આ વક્ષ્યમાણ ઉપાસનરૂપ જ્ઞાન વિદ્યાઓમાં ઉત્તમ છે. ગુહ્ય પદાર્થોમાં શ્રેષ્ઠછે. પરમ પવિત્ર છે. પ્રત્યક્ષ વિષયવાળું છે, ધર્મયુક્ત છે અને અનુષ્ઠાન કરવાવાળાઓને સુખપૂર્વક ગ્રહણ કરવા યોગ્ય છે, નાશ રહિત છે. ૨

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तंते मृत्युसंसारवर्त्मनि ॥३॥

હે શત્રુને સન્તાપ કારક ! ભક્તિરૂપ ઉપાસનમાં અવિશ્વાસવાળો પુરૂષ મને પ્રાપ્ત થતો નથી, તેમજ મૃત્યુરૂપ સંસારથી નિવૃત્ત થતો નથી. ૩

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ४

આ સકળ જગત્ અવ્યક્તરૂપ જે હું તે વડે વ્યાપ્ત છે, એથી મારા અધીન સ્થિતિ-

પ્રવૃત્તિવાળાં સકળ પ્રાણી છે. હું ત્રણે ભૂતોમાં અવસ્થિત–તેને અધીન સ્થિતિ પ્રવૃત્તિવાળો નથી. ૪

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥५॥

જેમ કળશમાં જળ રહે છે, તેમ મારા વિષે ભૂત સંઘ સ્થિત નથી; પરન્તુ મારા સંકલ્પથી સ્થિત છે. એથી મારૂં અઘટિત ઘટનારૂપ ચાતુર્ય તું જો, કે હું ભૂતોનો ધારકછું પણ ભૂતોમાં હું સ્થિત નથી, પણ મારો સંકલ્પજ ભૂતોને ધારણ કરવાનો હેતુ છે. ૫

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय॥६॥

જેમ આકાશમાં નિરાશ્રય સ્થિત થએલ વાયુ સર્વ સ્થળે ગમન કરે છે, તેમ સકળભૂત-પ્રાણી મારા આધીન સ્થિતિવાળાં છે, એમ તું નિશ્ચય કરય.[1] ૬

[1] ચોથા શ્લોકમાં ‘ ભૂતો મારામાં છે ’ એમ કહ્યું,

सर्वभूतानि कौंतेय प्रकृतिं यांति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ७

હે કુન્તીના પુત્ર! સર્વભુત કલ્પાન્તમાં મારા શરીરભુત પ્રકૃતિમાં પ્રવિષ્ટ થાયછે, અને તે ભૂતોને કલ્પના પ્રારંભમાં પ્રકૃતિથી વિભક્ત કરીને હું રચું છું. ૭

અને પાંચમા શ્લોકમાં 'ભૂતો મારામાં નથી' એમ કહ્યું. આ પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ વાતમાં સત્ય શું હશે? એમ સંશય ઉઠે એ સ્વાભાવિક છે; પરન્તુ પરમાત્મા **વિરૂદ્ધ ધર્માશ્રય** છે તેથી તેમાં એક એકથી વિરૂદ્ધ ઉભય ધર્મ સર્વદા સિદ્ધ રહે છે આ સિદ્ધાન્ત સ્પષ્ટ કરવાને માટે તુરતજ છઠ્ઠા શ્લોકમાં આકાશ અને વાયુના ઉદાહરણથી સમજાવેલ છે. આકાશ અને વાયુ ઉભય વ્યાપક ધર્મવાળા હોવાથી, આકાશમાં સર્વત્ર વાયુ રહે છે અને વાયુમાં સર્વત્ર આકાશ રહે છે. તે પ્રમાણે ઈશ્વર સર્વત્ર જગત્માં વ્યાપ્ત છે અને સર્વ જગત્ ઈશ્વરમાં સમાયલું છે. ભૂતો મારામાં નથી એટલે ભૂતો મારામાં રહેલ છતાં મને (ઇશ્વરને) કોઈ પણ રીતે બાધક થતા નથી. એજ ઉપરના પાંચમા શ્લોકમાં કહેલ ઐશ્વર્ય યોગ તથા એજ રાજવિદ્યા અને એજ રાજગુહ્ય જાણ.

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥

હું મારી વિચિત્ર પરિણામવાળી પ્રકૃતિના આઠ પ્રકારથી પરિણામ કરી, પરવશ થઈને હું વારમ્વાર આ અખિલ ભૂત સમૂહને પ્રકટ કરૂં છું. ૮

न च मां तानि कर्माणि निबध्नंति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९ ॥

હે ધનંજય! વિષમ સૃષ્ટિ-આદિ કર્મ મારૂં બન્ધન કરી શકતાં નથી; કેમકે જીવોનાં પૂર્વે કરેલાં કર્મજ વિષમતાના હેતુ છે. હું તો ઉદાસીનના સદૃશ સ્થિત થઈ તે કર્મોમાં આસક્ત નથી. ૯

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौंतेय जगद्विपरिवर्तते ॥ १० ॥

હે કુન્તીના પુત્ર! પ્રત્યક્ષ અવલોકન કરવાવાળા મારાથી સ્થાવર-જંગમાત્મક્ જગત્

ઉત્પન્ન થાય છે. એ કારણથી કુમ્ભારના ચાકડાની પેઠે વારમ્વાર જગત્ આવર્તિત થઇ રહેલ છે; અર્થાત્ કહેલ ચરાચર વારમ્વાર જન્મ લે છે. ૧૦

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

ભૂત–પ્રાણી માત્રનો મહેશ્વર એવો જે હું તેનાં પરમતત્ત્વ સ્વરૂપને ન જાણતા મૂઢજનો સકળભૂતોના નિયન્તા, મનુષ્ય સજાતિય વિગ્રહવાળા મને પ્રાકૃત મનુષ્યના સમાન માનેછે.

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः १२

જે રાક્ષસી, આસુરી, મોહિની, પ્રકૃતિના આશ્રિત છે, તે જન નિષ્ફળ આશાવાળા, નિષ્ફળ આરમ્ભવાળા, અને નિષ્ફળ જ્ઞાનવાળા થાય છે. ૧૨

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजंत्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् १३

પણ હે પાર્થ ! સત્વમય પ્રકૃતિના આશ્રિત મહાનુભાવ, દેવ, મનુષ્ય–આદિનું આદિ કારણ વિકાર રહિત જે હું તેને જાણીને, મારામાંજ ચિત્ત લગાડી, મારી ઉપાસના કરેછે.૧૩

सततं कीर्तयंतो मां यतंतश्च दृढव्रताः ।
नमस्यंतश्च मां भक्त्या नित्ययुक्ता उपासते१४

મારૂં કીર્ત્તન કરતા અને મારા પૂજન–આદિ કર્મોમાં દૃઢ સંકલ્પવાળા થઈને યત્ન કરતા, અને ભક્તિથી નમસ્કાર કરતા નિત્યયોગની ઈચ્છાવાળા મહાત્માજન મારી ઉપાસના કરે છે. ૧૪

ज्ञानयज्ञेन चाप्यन्ये यजंतो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥

અને કોઈ મહાત્માજન કીર્તન–આદિ જ્ઞાન યજ્ઞ કરીને યજન કરે છે. અને કોઈ જન

વિશ્વનો શરીરી જે હું છું, તેની કાર્ય-કારણો-
ભયાવસ્થ જગદાકારથી ઉપાસના કરે છે. ૧૫

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मंत्रोऽहमहमेवाज्यमहमाग्निरहं हुतम् ॥ १६ ॥

અગ્નિષ્ટોમ-આદિ-યજ્ઞ, બ્રહ્મ યજ્ઞાદિ, સ્વધા, ઔષધ, મંત્ર, ઘૃત-ઘી, અગ્નિ અને હોમ એ સર્વ હું જ છું. ૧૬

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च १७

બ્રહ્મા-આદિ સ્તંભ પર્યન્ત જગત્‌નો પિતા, માતા, સરજનારો, પિતામહ, પવિત્ર કરવાવાળો, જ્ઞેય, ઓંકાર, ઋક્, યજુ અને સામ એ સર્વ હું જ છું. ૧૭

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् १८

પ્રાપ્ય, ભર્ત્તા-ધારયિતા, શિક્ષક, અધ્યક્ષ, વાસસ્થાન, ઉપાય, હિતૈષી, સત્પતિ-વિના-

યાનું સ્થાન, ઉપાદાન કારણ, પ્રકૃતિમાં લીન થનારી વસ્તુ, કારણ અને વિકાર શૂન્ય એ સર્વ હુંજ છું. ૧૮

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ १९ ॥

હે અર્જુન ! આદિત્યરૂપથી હુંજ તાપ કરૂં છું. મેઘરૂપથીજ હુંજ જળને ખેંચું છું. હુંજ વૃષ્ટિ કરૂં છું. જીવનનું સાધન, મરણનું સાધન, વર્ત્તમાન, ભૂત અને ભવિષ્યત્ સર્વ વસ્તુ હુંજ છું. ૧૯

त्रैविद्या मां सोमपाः पूतपापा
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोक-
मश्नंति दिव्यान्दिवि देवभोगान् ॥२०॥

ઋક્–આદિ વેદોમાં તત્પર અને યજ્ઞોવડે કરીને ઇન્દ્ર આદિ રૂપથી મારૂં આરાધન કરી યજ્ઞનું અવશિષ્ટ સોમપાન કરી પાપરહિત થઈ

સ્વર્ગ લોકની પ્રાર્થના કરે છે, પછી સ્વર્ગને પ્રાપ્ત થઈ, ત્યાં ઉત્તમ દેવતાઓના ભોગોને ભોગવે છે. ૨૦

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना
गतागतं कामकामा लभंते ॥ २१ ॥

તે સ્વર્ગના ભોગનું પુણ્ય ક્ષીણ થતાં પૃથિવીમાં પ્રાપ્ત થાયછે. એવા વેદત્રયીના સકામ ધર્મોને પ્રાપ્ત થયેલ કામનાની ઇચ્છાવાળા જન સ્વર્ગમાં પ્રાપ્ત થઈ પુનઃજન્મ ધારણ કરેછે.૨૧

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् २२

અન્ય પ્રયોજનથી રહિત થઈ, મારૂં ચિન્ત્વન નિરન્તર કરતા જે જન મારી ઉપાસના કરે છે, તે મારા વિષે નિત્ય અભિયોગની ઇચ્છાવાળાઓનું હું યોગ ક્ષેમ કરૂં છું; અ-

ર્થાત્ અપ્રાપ્ત વસ્તુનો લાભ અને પ્રાપ્ત વસ્તુનું પરિપાલન કરૂં છું. ૨૨

યેઽપ્યન્યદેવતાભક્તા યજંતે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેઽપિ મામેવ કૌંતેય યજંત્યવિધિપૂર્વકમ્ ॥૨૩॥

હે કૌન્તેય! જે અન્ય દેવતાઓના ભક્ત, શ્રદ્ધાવડે કરીને અન્ય દેવતાઓને પૂજે છે, તેઓ પણ મારૂં જ પૂજન કરે છે, પરન્તુ તે વિધિપૂર્વક કરતા નથી; કેમકે મારાં સ્વરૂપને જાણતા નથી. ૨૩

અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।
ન તુ મામભિજાનંતિ તત્ત્વેનાતશ્ચ્યવંતિ તે ૨૪

કેમકે સર્વ યજ્ઞનો ભોક્તા અને સ્વતંત્ર સ્વામી હું જ છું. તે લોકો તત્ત્વથી મને યથાર્થ જાણતા નથી. માટે (તે દેવલોકથી) પાછા પડે છે. ૨૪

યાંતિ દેવવ્રતા દેવાન્ પિતૄન્યાંતિ પિતૃવ્રતાઃ ।
ભૂતાનિ યાંતિ ભૂતેજ્યા યાંતિ મદ્યાજિનોઽપિ મામ્

દેવતાનું વ્રત કરનારા દેવ (લોક) ને પામે છે. પિતૃનું યજન કરનારા પિતૃ (લોક) ને પામે છે. ભૂતને ભજનારા ભૂત (યોની)ને પામે છે, અને મને ભજનારા મને પામે છે, ૨૫

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥२६॥

ભક્તિપૂર્વક જે પત્ર, પુષ્પ, ફળ અને જળ મારા અર્થે સમર્પણ કરે છે, તે પરિશુદ્ધ અન્તઃકરણવાળા ભક્તનું ભક્તિથી અર્પણ કરેલ પત્ર–આદિનો હું અનુભવ કરૂં છું. ૨૬

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥२७॥

હે કુન્તીનાપુત્ર! દેહયાત્રાને અર્થે જે કાંઈ (પણ) તું કરે છે, જે ખાય છે, જે વૈદિક કર્મ કરે છે, જે દાન કરે છે, અને જે તપશ્ચર્યા કરે છે, તે સર્વ મને અર્પણ કરય. ૨૭

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि २८

સર્વ કર્મના સમર્પણ રૂપ સંન્યાસયોગ કરીને યુક્ત મનવાળો તું કર્મરૂપ પ્રાપ્તિને રોકવાવાળા શુભ-અશુભ કર્મ ફલથી વિમુક્ત થઇ, મને પ્રાપ્ત થઈ જશે. ૨૮

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् २९

દેવ, મનુષ્ય-આદિ સકળ પ્રાણીઓમાં હું સમાન છું. મને કોઈ પ્રીતિનો વિષય નથી, તેમ કોઈ દ્વેષનો વિષય નથી; પરન્તુ જે પુરૂષ ભક્તિવડે મારી ઉપાસના કરે છે, તે મારી સાથે અને હું તેની સાથે વિહાર કરૂં છું,+ ૨૯

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ३०

+ તીવ્ર ભક્તિ અને જ્ઞાનથી જે બ્રહ્મને જાણે છે, તે પોતેજ બ્રહ્મ છે, અને બ્રહ્મ તેમના રૂપ છે.

જે પુરૂષ અકૃત્ય કર્મ કરવાવાળા છે, છતાં પણ જો મારામાં એક નિષ્ઠા રાખી મારી ભક્તિ કરે છે, તેનેજ શ્રેષ્ઠમાનવો; કારણ કે તે મને અખિલ સ્વામીભાવથી નિશ્ચય કરવાવાળોછે.૩૦

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांतिं निगच्छति ।
कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ३१

તે દુરાચારી તુરતજ ધર્માત્મા થઇ જાય છે, અને વિરૂદ્ધ આચારથી તુરતજ નિવૃત્ત થઈ જાય છે. હે કૌન્તેય ! મારા ભક્તોનો નાશ થતો નથી, એ અર્થ તું નિશ્ચય પૂર્વક જાણુ. ૩૧

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः।
स्त्रियो वैस्यास्तथा शूद्रा-स्तेऽपि यांति परांगतिम्

હે પાર્થ ! જે પાપ જન્મવાળાં, સ્ત્રી, વૈશ્ય અને શૂદ્ર છે, તે પણ મારો આશ્રય કરીને, ઉત્કૃષ્ટ ગતિને પામે છે.　　૩૨

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोक-मिमं प्राप्य भजस्वमाम् ३३

પુણ્ય જન્મવાળા, મારી ભક્તિ કરવાવાળા, બ્રાહ્મણ અને રાજર્ષિ એ ઉત્કૃષ્ટ ગતિને પ્રાપ્ત થાય તેમાં તો કહેવુંજ શું ? એ કારણથી અસ્થિર, સુખ રહિત અને અતિક્ષુદ્ર આ લોકને પ્રાપ્ત થઈને (તું) મારી ઉપાસના કરય. ૩૩

मन्मना भव मद्भक्तो-मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैव-मात्मानं मत्परायणः॥३४॥

इति श्रीमद्भगवद्गीता० ब्रह्म० राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

તું મારાવિષે અત્યન્ત પ્રીતિયુક્ત થા, મારાવિષેજ તૈલની ધારાના સમાન વિચ્છેદ રહિત-જેનો છેદ ન થાય, અવિચ્છિન્ન સ્મૃતિરૂપ, મનોવૃત્તિ યુક્ત તું થા, અને મારૂં પૂજન કરી મને નમસ્કાર કરય. આ પ્રકારે મારેજ આશ્રય થઈ મને પ્રાપ્ત થઈશ.[1] ૩૪

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે 'રાજવિદ્યા રાજગુહ્યયોગ' નામનો અધ્યાય ૯ સમ્પૂર્ણ.

---

૧ આ શ્લોક પ્રમાણે અનુસરવું, એજ સાક્ષાત્કારનો માર્ગ છે.

ॐ

*अध्याय १० मो.

श्रीभगवानुवाच ॥

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया १.

શ્રીભગવાન કહે છે કે-હે મોટી ભુજા-વાળા ! (અર્જુન !) તારૂં હિત કરવાની ઈચ્છાથી, મારૂં માહાત્મ્ય શ્રવણ કરવાની અત્યન્ત પ્રીતિવાળો જે તું તને ઉત્કૃષ્ટ વચન કહું છું, માટે સાવધાન થઈને (તું) શ્રવણ કરય.૧

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥२॥

દેવતાઓ અને મહર્ષિઓને જ્ઞાન તથા

* આ અધ્યાયમાં ભગવદ્ વિભૂતિનું વર્ણન કરી બ્રહ્મ ધ્યાનનો સ્પષ્ટ માર્ગ દર્શાવે છે, તેમ બ્રહ્મની સર્વમયતા પ્રતિપાદન કરી શુદ્ધ તત્ત્વનો બોધ અનુભાવે છે

શક્તિ આદિકનું મૂળ કારણ હું છું.[1] મારા પ્રભાવને બ્રહ્મા-આદિ-દેવતા અને મહર્ષિ પણ જાણતા નથી. ૨

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः समर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

મોહ રહિત જે મનુષ્ય, ઉત્પત્તિ રહિત, અનાદિ, સર્વ લોકનો સ્વામી મને જાણે છે, તે સઘળાં પાપોથી મુક્ત થઈ જાય છે. ૩

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो-भयं चाभयमेव च ॥४॥
अहिंसा समता तुष्टि-स्तपो दानं यशोऽयशः ।
भवंति भावा भूतानां मत्त एव पृथग्विधाः॥५॥

બુદ્ધિ, જીવ અને પ્રકૃતિનો નિશ્ચય, મો-

---

૧ હું સર્વનું ઉત્પત્તિ કારણછું, માટે મને શીરીતે જાણે? માટે હું કહુંછું કે, અજ અને અનાદિ એવો જે હું છું, તેને યથાર્થ અનુભવવાથી પાપ માત્રથી મુક્ત થવાય છે.

હનો અભાવ, ક્ષમા, સત્ય, બાહ્યેન્દ્રિય અને અન્તર ઇન્દ્રિયનો નિગ્રહ, સુખ, દુઃખ, સ્વસ્થતા, અવસ્થતા, ભય-અભય, અહિન્સા, સર્વત્ર સમ દર્શિત્વ, સન્તોષ, તપ, દાન, યશ-અયશ એ આદિ સર્વ પૃથક્ પૃથક્ સર્વ પ્રાણીમાત્રને મારા સંકલ્પથીજ થાય છે. ૪-૫

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ६

પ્રાચીન [1]સપ્તર્ષિ અને તે પેહેલાનાં ચાર મહર્ષિ[2] એ મારા મનથી ઉત્પન્ન થવાવાળા, મારા સંકલ્પના અનુવર્તી છે. જે સપ્ત મહર્ષિ અને મનુઓના સન્તાન રૂપથી આ લોકમાં સ

૧ ભૃગુ, મરીચિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસીષ્ઠ.

૨ સનક, સનંદન અને સનતકુમાર એ ચારમહર્ષિ અહિ ભગવાન્ શ્રીશંકરાચાર્યજીએ ' પ્રથમના ચારમનુ ' [पूर्वे ऽतितकाल संबन्धिन श्चत्वारो मनवः] એમ ભાષ્ય કરેલ છે. તે પ્રમાણે આનન્દગિરીએ પણ વ્યાખ્યા કરી છે, અને એજ આશય શ્રીશંકરાનંદજીનો પણ છે;

કુળ પ્રજા ઉત્પન્ન થાય છે.[1] ૬

एतां विभूति योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकंपेन योगेन युज्यते नात्र संशयः ॥७॥

આ મારાં ઐશ્વર્ય અને કલ્યાણ ગુણયોગ એને જે યથાયોગ્ય જાણે છે, તે અચળ ભક્તિ યોગ યુક્ત થઈ જાય છે, એમાં સંશય નથી.૭

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजंते मां बुधा भावसमन्विताः ८

હું સકળ પ્રપંચનું કારણ છું. મારાવડેજ સર્વ પ્રવૃત્ત થાય છે. આ પ્રકારે મારૂં ઐશ્વર્ય માની જ્ઞાનીજન પ્રેમપૂર્વક મારૂં ભજન કરે છે.[2]

---

૧ આખી સૃષ્ટિનું નિદાન બ્રહ્મજ છે. આ લોકની પ્રજા સર્વ મનુથી થયેલીછે, માટે તે મનુજ, માનવ, માનવી, મનુષ્ય, માણસ એ નામે ઓળખાય છે, મતલબ કે મનુની પૂર્વે માનસિક (અયોનિજ) સૃષ્ટિ થવા લાગી છે, પણ એ બેયનું કારણ ઈશ્વર છે,

૨ જ્ઞાનીઓ સર્વનું કારણ બ્રહ્મનેજ જાણી, તેનો અનુભવ કરવા અનન્ય ભક્તિ કરે છે.

मच्चित्ता मद्गतप्राणा बोधयंतः परस्परम् ।
कथयंतश्च मां नित्यं तुष्यंति च रमंति च ॥९॥

મારાવિષે ચિત્ત અને પ્રાણ સમર્પણ કરી મારા કલ્યાણ કારક ગુણોનું પરસ્પર વર્ણન કરવાવાળા અને નિરન્તર મારૂં કીર્ત્તન કરવાવાળા પુરૂષ સન્તોષ પામે છે, અને શ્રવણ કરીને (આત્માને વિષે) રમે છે. ૯

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते १०

જે પ્રીતિપૂર્વક નિત્યયોગ યુક્ત થઇને મને ભજે છે, તેઓને એવો બુદ્ધિરૂપ ઉપાય આપુંછું કે, તેઓ તે બુદ્ધિ યોગથી મને પ્રાપ્ત થાય છે. ૧૦

तेषामेवानुकंपार्थ-महमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ११

તે જ્ઞાનિયોના અનુગ્રહને અર્થે તેઓની મનોવૃત્તિ વિષય, જ્ઞાન વિરોધી પ્રાચીન કર્મ-

થી ઉત્પન્ન થયેલી જે વિષયલાલસા તેને પ્ર-
કાશમાન્ જ્ઞાનદીપ દ્વારા હું નષ્ટ કરી દઉં છું. ૧૧

अर्जुन उवाच ॥

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्य-मादिदेवमजं विभुम् ॥१२॥
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे १३

અર્જુન કહે છે કે—આપ પરબ્રહ્મ, પરમ-
ધામ અને પરમ પવિત્રછો. નિત્ય, દિવ્ય, પ્ર-
કૃતિથી વિલક્ષણ, સૃષ્ટિ—આદિરૂપ ક્રીડા કરવાવા-
ળા, કર્મજન્ય ઉત્પત્તિથી રહિત, અને સકળ-
વ્યાપક, એ પ્રકારે આપને સર્વ ઋષિ, દેવર્ષિ-
નારદ, અસિત, દેવલ અને વ્યાસ—આદિ કહે
છે, અને આપ પણ મને કહોછો.　　૧૨–૧૩

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
नहि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः १४

હે કેશવ ! જે આપઆપનું નિરંકુશ એ-

શ્વર્ય મને કહોછો, તે સર્વ હું સત્ય માનું છું.
હે ભગવાન્ ! આપનો વૈભવ પ્રકાર બ્રહ્મા—આ
દિ દેવતા અને દાનવ પણ જાણતા નથી, તો
અન્યની વાતજ શી! ૧૪

त्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥ १५ ॥

સર્વ ભૂત સમુત્પાદક. સર્વ ભૂત નિયામક.
સર્વ દેવ શિરોમણિ. અખિલ જગતના સ્વામિ
ન! હે પુરૂષોત્તમ! આપ આપને, આપનાજ
જ્ઞાનવડે કરીને આપજ જાણોછો. ૧૫

वक्तुमर्हस्यशेषेण-दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि

જે દિવ્ય વિભૂતિવડે આ લોકોને આપ
વ્યાપી રહેલાછો, તે સઘળી આપની વિભૂતિ-
યો કહેવાને આપજ યોગ્ય છો; અર્થાત્ અન્ય
તે કહેવાને શક્તિમાન્ નથી, માટે આપ તે ક-
હેવા અનુગ્રહ કરો. ૧૬

कथं विद्यामहं योगिं-स्त्वां सदा परिचिंतयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया १७

હે યાગી! નિરંતર ચિંતવન કરતો હું આપને કેમ જાણી શકું? અને હે ભગવાન્! કયા કયા ભાવ (સ્વરૂપ પદાર્થ) થી મારે આપનું ચિંતવન કરવું.? ૧૭

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् १८

હે જનાર્દન ! આપનો યોગ અને વિભુતિયો ફરી વિસ્તાર પૂર્વક કહો; કેમકે (આપના વચનરૂપી) અમૃતને સાંભળતાં મારૂં મન ધરાતું નથી. ૧૮

श्रीभगवानुवाच ॥

हंत ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यंतो विस्तरस्य मे १९

શ્રી ભગવાન્! કહેછે કે—અહો! કુરૂશ્રેષ્ઠ! (કુરૂકુળમાં ઉત્તમ!) મારી પોતાની દિવ્ય વિ-

ભૂતિયો મુખ્યતાથી તને કહું છું (કેમકે) મારા વિસ્તારનો પાર (તો) છેજ નહિ. ૧૯

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामंत एव च ॥२०॥

હે ગુડાકેશ[1] ! સર્વ દેહીઓના હૃદયમાં રહેનાર જીવાત્મા હું છું. તેમ ભૂતોનાં આદિ (ઉત્પત્તિ) મધ્ય (સ્થિતિ) અને અન્ત (લય) હુંજ છું. ૨૦

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥२१॥

આદિત્યોમાં[2] વિષ્ણુ હું છું. પ્રકાશોમાં હજાર કિરણવાળો રવિ હું છું મરુતોમાં[3] મરીચિ હું છું. અને નક્ષત્રો (તારાઓ) માં ચન્દ્રમા હું છું. ૨૧

---

૧ ગુડાકા-નિદ્રા તેના ઈશ અર્થાત્ નિદ્રાને જીતનાર

૨ શુક્ર, વિષ્ણુ, અર્યમા, ધાતા, ત્વષ્ટા, પૂષા, વિભાવસુ, ચિત્ર, વરુણ, અંશુભગ, ઉરુક્રમ અને અતિતેજ એમ બાર આદિત્યો   ૩ ૪૯ જાતના વાયુઓ

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इंद्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना २२

વેદોમાં સામવેદ[1] હું છું. દેવોમાં ઇન્દ્ર હું છું. ઇન્દ્રિયોમાં[2] મન હું છું, અને ભુતોમાં ચેતના હું જ છું. २२

रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् २३

રુદ્રોમાં[3] શંકર હું જ છું. યક્ષ અને રાક્ષસોમાં કુબેર, વસુઓમાં[4] અગ્નિ અને ગિરિયોમાં[5] મેરૂ હું છું. २३

૧ ઋગ, યજુ, સામ અને અથર્વ.

૨ કાન, ચામડી, આંખ, જીહ્વા, નાસિકા, વાણી હાથ, પગ, ગુદા, ઉપસ્થ અને મન એ અગ્યાર ઇન્દ્રિયો.

૩ વીરભદ્ર, શંકર, ગિરીશ, અજૈકપાત, અહિર્બુધ્ન્ય, પિનાકી, અપરાજીત, ભવનાધીશ્વર, કપાલી, સ્થાણુ અને ભગ એ ૧૧ રુદ્રો

૪ દ્રોણ, પ્રાણ ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, સોમ, અને વિભાવસુ એ આઠ વસુઓ.

૫ ઉદય, અસ્ત મનક, શંખ, નારાયણ હિમ, ઇશાન અને મેરૂ એ આઠ ગિરિયો,

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कंदः सरसामस्मि सागरः २४

હે પાર્થ પુરોહિતો (ગુરૂઓ) માં મુખ્ય બૃહસ્પતિ મનેજ જાણ. સેનાપતિઓમાં કાર્તિકસ્વામી અને જળાશયોમાં સાગર હું છું ૨૪

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः २५

[1]મહર્ષિઓમાં ભૃગુ, વાણીમાં એક અક્ષર (ૐઓંકાર) હું છું. યજ્ઞોમાં જપયજ્ઞ હું (અને) સ્થાવરો (અચળ પદાર્થો) માં હિમાલય હું છું ૨૫

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गंधर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः २६

સર્વ વૃક્ષોમાં પીપળો, દેવર્ષિયોમાં નારદ, ગંધર્વોમાં ચિત્રરથ, અને સિદ્ધોમાં કપિલ મુની હું છું. ૨૬

* કેટલાક ટીકાકારો, મૂળમાં લખેલા ગિરઃ શબ્દથી પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરીને ગ્રહણ કરે છે.

૧ આ અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં કહેલા મહર્ષિઓ.

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेंद्राणां नराणां च नराधिपम् २७

ઘોડાઓમાં અમૃતમાંથી નિકળેલો ઉચ્ચૈઃશ્રવા,[1] ગજેન્દ્રામાં ઐરાવત[2] અને પુરૂષોમાં રાજા મને જાણ. ૨૭

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः २८

હથિયારોમાં વજ્જર હું, ગાયોમાં કામધેનુ અને પ્રજોત્પત્તિમાં કામદેવ અને સર્પોમાં વાસુકી હું છું. ૨૮

अनंतश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् २९

નાગોમાં[3] અનંત હું જ, જળચરોમાં

૧ સમુદ્ર મંથન કરતાં ૧૪ રત્નો નિકળેલાં તેમાં આ એક ઘોડો હતો.

૨ ઈન્દ્રનો ચારદાંતવાળો સફેત હાથી.

૩ શેષ, વાસુકી, તક્ષક, શંખપાલ, પુલિક, કર્કોટક, પદ્મક, અનંત અને કંબળ એ નવનાગો.

વરૂણ હું, પિતૃઓમાં અર્યમા અને સંયમ કરનારાઓમાં યમ પણ હું જ છું. ૨૯

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेंद्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ३०

દૈત્યોમાં પ્રલ્હાદ હું અને કલયતા (ગણત્રી કરનારા) માં કાળ હું છું. ચારપગવાળામાં સિંહ અને પક્ષીઓમાં ગરૂડ હું છું. ૩૦

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ३१

શુદ્ધિ કરનારામાં પવન હું છું. શસ્ત્રધારિયોમાં શ્રીરામચન્દ્ર હું છું. માછલાંમાં મગર હું છું, અને નદિયોમાં ગંગા હું છું. ૩૧

सर्गाणामादिरंतश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ३२

હે અર્જુન! સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને અંત હું જ છું. વિદ્યાઓમાં અધ્યાત્મ વિદ્યા, અને વાદવિવાદ કરનારાઓમાં વાદ હું છું. ૩૨

अक्षराणामकारोऽस्मि द्वंद्वः सामासिकस्य च ।
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥ ३३ ॥

અક્ષરોમાં અકાર છું. સમાસોમાં દ્વંદ્વ (સમાસ) હું છું. અવિનાશી એવો કાળ અને વિશ્વતોમુખ (સર્વત્ર જોનાર) ધાતા (અન્તર્યામી પણ હું જ છું. ૩૩

मृत्युः सर्वहरश्चाह-मुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥

સર્વને હરનાર મૃત્યુ અને ભવિષ્યમાં થનારાઓમાં ઉદ્‌ભવ (ઉત્કર્ષ) હું. નારીઓમાં કીર્ત્તી, શોભા, વાણી, અને ક્ષમા હું છું. ૩૪

बृहत्साम तथा साम्नां गायत्री छंदसामहम् ।
मासानां मार्गशीर्षोऽह-मृतूनां कुसुमाकरः ३५

સામો (સામવેદના રથંતરાદિકસામો) માં બૃહત્સામ હું, છન્દોમાં ગાયત્રી, માસો (વર્ષના બાર મહિના)માં માગશર મહિનો

અને ઋતુઓમાં વસન્ત[1] ઋતુ હું જ છું. ૩૫

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम्

છળ કરનારાઓમાં જુગાર હું, તેજસ્વીઓમાં તેજ હું, જય હું, ઉદ્યોગ હું અને સાત્વિકોમાં સત્વગુણ હું છું. ૩૬

वृष्णीनां वासुदेवोऽस्मि पांडवानां धनंजयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ३७

યાદવોમાં વાસુદેવ હું, પાંડવોમાં ધનંજય[2] હું, મનનશીલ એવા મુનિઓમાં વેદવ્યાસ હું અને કવિયોમાં શુક્રાચાર્ય પણ હું છું ૩૭

दंडो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ३८

---

૧ વસન્ત, ગ્રીષ્મ, શરદ્, હેમન્ત, અને શિશિર એ છ ઋતુ.

૨ ધર્મ, ભીમ અર્જુન (ધનંજય) નકુળ અને સહદેવ એ પાંચ પાંડવો.

દમનારાઓમાં દંડ હું છું. જય ઇચ્છના-
રાઓમાં નીતિ, ગુપ્ત બાબતોમાં મૌન અને
જ્ઞાનીઓમાં જ્ઞાન હું જ છું. ૩૮

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्या-न्मया भूतं चराचरम् ३९.

હે અર્જુન ! સર્વ ભૂતોનું જે બીજ તે
પણ હું જ છું. જે સ્થાવર-જંગમ (સચરાચર)
ભૂતો છે, તે (સર્વ) માં મારા વગરનું (કોઈ)
છેજ નહિ. ૩૯

नांतोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ।
एष स्तूद्देशतः प्रोक्तो-विभूतेर्विस्तरो मया ४०

હે પરંતપ ! મારી દેવતાઈ વિભૂતિઓનો
પાર નથી, આ તો વિભૂતિઓનો વિસ્તાર મેં
અતિ સંક્ષેપથી કહી સંભળાવ્યો. ૪૦

यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ।।४१।।

જે જે સત્વ (પદાર્થ) વિભૂતિ (ઐશ્વર્ય)

વાળું, સૌન્દર્ય વાળું અથવા ઉત્કર્ષ વાળું (હોય) તે તે સર્વ મારાં તેજ અંશથીજ ઉત્પન્ન થએલું જાણ. ૪૧

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ४२

इति श्रीमद्भगवद्गीता० ब्रह्म० विभूतियोगो नाम
दशमोऽध्यायः ॥ १० ॥

અથવા હે **અર્જુન** ! એ બધું જાણવાનું તને શું કામ છે? હું આ આખા જગતને એક અંશથી ધારી રહ્યો છું; અર્થાત્ સકળ વિશ્વમાં અંશરૂપે હુંજ વ્યાપ્ત છું. ૪૨

ઇતિશ્રીમદ્ભગવદ્ ગીતા વિષે 'વિભૂતિયોગ' નામનો
અધ્યાય ૧૦ મો સમ્પૂર્ણ.



ॐ

*अध्याय ११ मो.

(વિશ્વરૂપ અવલોકનની આકાંક્ષાથી અર્જુન, ભગવાનની પ્રશંસા કરી પુછે છે.)

अर्जुन उवाच ॥

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥१॥

અર્જુન કહે છે કે—મારૂં સારૂં વિચારીને તમે ઘણુંજ છુપું જ્ઞાન જેને અધ્યાત્મ જ્ઞાન કહેછે, તે મને કહ્યું, તેથી આત્મવિષયક મારો ભ્રમ દૂર થઇ ગયો. ૧

* શ્રીકૃષ્ણે પોતાની નાનાપ્રકારની વિભૂતિયો દસમાં અધ્યાયમાં અર્જુનને કહી, અન્તે કહ્યું કે એકજ અંશથી આ સર્વને હું ધારણ કરૂં છું. આવાં ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રનાં વચન શ્રવણ કરીને અર્જુનને ભગવત્ સ્વરૂપ જોવાની જીજ્ઞાસા થતાં, પોતાની ઈચ્છા શ્રીકૃષ્ણને આ અધ્યાયમાં જણાવે છે.

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया।
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् २

હે કમળ સરખી આંખવાળા ! (શ્રીકૃષ્ણ !) સર્વ ભૂતોની ઉત્પત્તિ અને પ્રલય થાય છે, તે વિસ્તારથી મેં આપ પાસેથી સાંભળ્યું, અને અવધિ રહિત આપનો મહિમા પણ (સાંભળ્યો.) ૨

एवमेतद्यथात्थत्व-मात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूप-मैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥

હે પરમેશ્વર ! આપ આમ જે રીતે પોતાને કહો છો, તેવું આપનું રૂપ અને ઐશ્વર્ય (ઈશ્વરતા) હે પુરૂષોત્તમ ! હું જોવા ઈચ્છુંછું. ૩

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥४॥

હે પ્રભુ ! જો તમે એમ માનતા હો કે, તે જોવાને હું શક્તિવાળો છું તો, હે યોગેશ્વર ! તે આપનાં નહિ નાશ પામવાવાળાં રૂપનાં દર્શન કરાવો. ૪

(અર્જુનની વિનતિથી ભગવાન, અર્જુનને પોતાનું
સ્વરૂપ જોવા તત્પર કરે છે.)

श्रीभगवानुवाच ॥

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ५

શ્રીભગવાન્ કહે છે કે–હે પાર્થ ! મારાં સેંકડો અને હજારો, જુદી જુદી તરેહનાં, દેવતાઈ અને જુદા જુદા રંગનાં અને આકારનાં, રૂપ તું જો. ૫

पश्यादित्यान्वसून्रुद्रा-नश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥

હે ભારત ! (૧૨) આદિત્યો, (૮) વસુઓ. (૧૧) રૂદ્રો, (૨) અશ્વિની કુમારો, (૪૯) મરૂતો, તેમજ પૂર્વે નહિ દીઠેલાં એવાં ઘણાં આશ્ચર્યો (ચમત્કારિકરૂપો) જો. ૬

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥ ७ ॥

હે ગુડાકેશ ! (ઊંઘને જીતનાર!) અહિં એકજ ઠેકાણે, મારા શરીરમાં રહેલું, આખું જગત, સ્થાવર અને જંગમ અને બીજું જે જે જોવાની તારી મરજી હોય તે જો. ૭

न तु मां शक्यसे द्रष्टु-मनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ८

પરન્તુ આમ તું મને તારી પોતાની (સાધારણ) આંખથી જોઈ શકે તેમ નથી, માટે હું તને દિવ્ય ચક્ષુ (દેવતાઇ આંખો) આપું છું, તેવડે મારૂં યોગનું ઐશ્વર્ય (ઇશ્વર પણું) દેખ. ૮

संजय उवाच ॥

एवमुक्त्वा ततो राजन् महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥

સંજય કહે છે કે-હે રાજન્ ! (ધૃતરાષ્ટ્ર) આ પ્રમાણે કહીને મહાયોગેશ્વર (એવા) હરિયે ત્યારપછી પાર્થ (અર્જુન) ને પોતાનું એ

પરમ ઐશ્વર્ય સ્વરૂપ દેખાડયું. ૯

अनेकवक्त्रनयन-मनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् १०

(જે સ્વરૂપમાં) ઘણાં મુખ, ઘણી આંખો, અનેક અદ્ભુત દેખાવો, અનેક અલૌકિક આભરણો (ઘરેણાં--અલંકારો) અને અગણિત આયુધ (શસ્ત્ર) ધારી. ૧૦

दिव्यमाल्यांबरधरं दिव्यगंधानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देव-मनंतं विश्वतोमुखम् ॥११॥

દિવ્ય માળા, અને દિવ્ય વસ્ત્ર પેહેરનારા, દિવ્ય સુગંધનું સારી રીતે લેપન કરનારા, સર્વત્ર આશ્ચર્યરૂપ અને સર્વત્ર મુખવાળા અનંત દેવને (દીઠા.) ૧૧

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्या-द्भासस्तस्य महात्मनः १२

આકાશમાં હજારો સૂર્યનો એકવાર ઉદય થવાથી જે પ્રકાશ થાય, તે પ્રકાશ તે મહાત્મા

ભગવાનના તેજ સદૃશ થઈ શકે. ૧૨

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पांडवस्तदा ॥ १३ ॥

તે વેળાએ દેવતાનાં પણ દેવ (ભગવાન)ના શરીરમાં ઘણા જુદા જુદા વિભાગે કરીને એક ઠેકાણે સમાયલું આખું વિશ્વ પાંડવે (અર્જુને) દીઠું.

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृतांजलिरभाषत ॥१४॥

પછી વિસ્મય પામેલો, રોમાંચિત થયેલો, તે ધનંજય (શત્રુના ધનને જીતનાર અર્જુન) હાથ જોડી મસ્તકવડે દેવને પ્રણામ કરી આ પ્રમાણે બોલ્યો. ૧૪

अर्जुन उवाच ॥

पश्यामि देवांस्तव देव देहे
सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थ
मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ १५ ॥

અર્જુન કહે છે કે—હે દેવ ! આપના દેહ-માં દેવતાઓ, તેમજ સર્વ પ્રકારના જુદા જુદા પ્રાણીયોના સંઘો જોઉં છું. આ ઇશ કમળના આસન ઉપર બેઠેલા બ્રહ્મા, સમસ્ત દિવ્ય ઋષિયો તથા નાગોને જોઉં છું. ૧૫

अनेकबाहूदरवक्त्रनेत्रं
पश्यामि त्वां सर्वतोऽनंतरूपम् ।
नांतं न मध्यं न पुनस्तवादिं
पश्यामि विश्वेश्वर विश्वरूपम् ॥ १६ ॥

અનેક (ઘણા) હાથ, અનેક પેટ અનેક મુખ, અને અનેક આંખવાળું, જેનો છેડો દેખાતો નથી, એવું તમારૂં રૂપ તમામ સ્થળે હું જોઉં છું. તેનો છેડો નથી, તેનો વચલો ભાગ નથી, અને તેનો આદિ ભાગ (પણ) નથી હે વિશ્વ (જગત)ના ઇશ્વર. આપને હું વિશ્વરૂપ (જગતરૂપ) જોઉં છું. ૧૬

किरीटिनं गदिनं चक्रिणं च
तेजोराशिं सर्वतो दीप्तिमंतम् ।

पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंताद्
दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥

કિરીટ યુક્ત, ચક્ર તથા ગદા ધારણ કરેલ તેવું જરૂપ, ચારે કોરથી પ્રકાશમાન, દિપ્ત અગ્નિ અને સુર્ય તેની કાન્તિ સદૃશ કાન્તિવાળા, પરિચ્છેદ કરવામાં અશક્ય, ચારે કોરથી અતિ પ્રયાસવંટ પણ જોવામાં અશક્ય એવા અપૂર્વ રૂપવાળા આપને હું જોઊં છું. ૧૭

त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥१८॥

આપ અક્ષરછો. જાણવા યોગ્ય ચીજોમાં સર્વથી શ્રેષ્ટછો. આ વિશ્વના આપ પરમનિધાન (આધાર) છો. આપને અવ્યય, નિત્ય, અનાદિ કાળથી ચાલેલા સનાતન ધર્મના રક્ષક પુરૂષ હું માનું છું ૧૮

अनादिमध्यांतमनंतवीर्य-
मनंतबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं
स्वतेजसा विश्वमिदं तपंतम् ॥ १९ ॥

આદિ, મધ્ય અને અન્ત રહિત, અપાર બળવાળા, અનન્ત ભુજાવાળા, ચન્દ્ર (અને) સૂર્યરૂપી નેત્રવાળા, મુખોમાં પ્રજ્વલિત અગ્નિવાળા, અને પોતાના તેજથી આ વિશ્વને તપાવનારા આપને હું જોઉં છું. ૧૯

द्यावापृथिव्योरिदमंतरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ २० ॥

આકાશ અને પૃથિવીની વચ્ચેનો ભાગ અને સર્વ દિશાઓમાં આપ સમ્પૂર્ણ વ્યાપી રહેલા છો. હે મહાત્મા ! આવું અદ્‌ભુત અને ભયંકર આપનું રૂપ જોઈને ત્રણે લોક ભયભીત થયા છે. ૨૦

अमी हि त्वां सुरसंघा विशंति
केचिद्भीताः प्रांजलयो गृणंति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः
स्तुवंति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

આ દેવતાઓનાં ટોળે ટોળાં આપમાં પેસે છે, કેટલાક તો ભયથી બે હાથ જોડી પ્રાર્થના કરેછે. મહર્ષિઓ અને સિદ્ધોનાં ટોળાં 'કલ્યાણ થાઓ' 'કલ્યાણ થાઓ' એ શબ્દનું ઉચ્ચારણ કરી, નાના પ્રકારની સ્તુતિથી આપનું સ્તવન કરે છે. ૨૧

रुद्रादित्या वसवो ये च साध्या
विश्वेऽश्विनौमरुतश्चोष्मपाश्च ।
गंधर्वयक्षासुरसिद्धसंघा
वीक्षंते त्वां विस्मिताश्चैव सर्वे ॥२२॥

રૂદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્યદેવતા, વિશ્વદેવો, અશ્વિનિકુમારો, વાયુઓ, પિતૃઓ, ગંધર્વો, યક્ષો, રાક્ષસો અને સિદ્ધો (એ)

સર્વેના સંઘો અત્યન્ત વિસ્મય થઈ આપને જુએ છે. ૨૨

रूपं महत्ते बहुवक्त्रनेत्रं
महाबाहो बहुबाहूरुपादम् ।
बहूदरं बहुदंष्ट्राकरालं
दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥२३॥

હે મોટીભુજાવાળા ! (શ્રીકૃષ્ણ !) આપનાં અનેક મુખ, અનેક નેત્ર, અનેક હાથ, અનેક ઉરૂ, અનેક ચરણ અનેક ઉદર અને અનેક દાઢોથી ભયંકર એવું આપનું રૂપ જોઇને, સકળલોક અને હું ભયભીત થઈ રહેલ છીએ. ૨૩

नभःस्पृशं दीप्तमनेकवर्णं
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितांतरात्मा
धृतिं न विंदामि शमं च विष्णो ॥२४॥

હે વિષ્ણુ ! આકાશને અડે એવું પ્રકાશ-

મય અનેક રંગવાળું, ખુલ્લા મુખવાળું, તેજસ્વી, વિશાળ આંખોવાળું, (ઉગ્રકાન્તિવાળું) આપનું આ રૂપ જોઇને મારૂં મન ભયભીત થયેલું છે. હું ધૈર્ય કે શાન્તિ ધારી શકતો નથી. ૨૪

दंष्ट्राकरालानि च ते मुखानि
दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशो न जाने न लभे च शर्म
प्रसीद देवेश जगन्निवास ॥ २५ ॥

આપની દાઢોવડે કરીને અતિ ભયંકર પ્રલયકાળના અગ્નિના સમાન મુખને જોઈ હું દિશાઓને જાણતો નથી. અને સુખને પ્રાપ્ત થતો નથી. (માટે) હે જગન્નિવાસ ! દેવતાઓના ઈશ (આપ) પ્રસન્ન થાઓ. ૨૫

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः
सर्वे सहैवावनिपालसंघैः ।

भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ
सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥
वक्त्राणि ते त्वरमाणा विशंति
दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनांतरेषु
संदृश्यते चुर्णितैरुत्तमांगैः ॥ २७ ॥

સર્વ રાજાઓના સંઘો સાથે આ ધૃતરાષ્ટ્રના પુત્રો, તથા અમારા પણ મુખ્ય મુખ્ય યોદ્ધાઓ, આ ભીષ્મ પિતામહ, ગુરૂ દ્રોણાચાર્ય, સૂતપુત્ર (કર્ણ) વિગેરે ભયાનક દાઢાવડે વિકરાલ એવા આપના મુખોમાં શીઘ્ર પ્રવેશ કરે છે. કેટલાક (તો) આપના દાંતોના વચમાં લાગેલા (છે) કે જેનાં માથાં ચૂર્ણ થઈ ગયેલ છે. એવા દેખાય છે. २६–२७

यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवंति ।

तथा तवामी नरलोकवीरा
विशंति वक्त्राण्यभिविज्वलंति ॥ २८ ॥

જેમ નદિયોના મોટા મોટા જળ પ્રવાહ સમુદ્રમાં પ્રવિષ્ટ થાય છે, તેમજ (આ) નરવીરલોક–રાજાઓ આપના ચારેકોરથી પ્રકાશમાન્ મુખમાં પ્રવેશ કરે છે. ૨૮

यथा प्रदीप्तं ज्वलनं पतंगा
विशंति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशंति लोका
स्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥ २९ ॥

જેમ પ્રજ્વલિત અગ્નિમાં મૃત્યુને માટે પતંગ તુરત વેગથી જઇને પડે છે, તેમજ નાશને માટેજ આ સર્વ વીર આપના મુખોમાં અત્યન્ત વેગથી પેસે છે. ૨૯

लेलिह्यसे ग्रसमानः समंता-
ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।

तेजोभिरापूर्य जगत्समग्रं

भासस्तवोग्राः प्रतपंति विष्णो ॥ ३० ॥

હે વિષ્ણુ! આપ ચારેકોરથી પ્રકાશમાન મુખોવડે કરીને, સર્વ વીર લોકોને ગળતા, વારમ્વાર આસ્વાદન કરી રહેલા છો. અને આપની ઉગ્રપ્રભા સકળ જગત્‌ને વ્યાપ્ત કરીને પોતાનાં તીવ્રતેજથી તપાવી રહેલ છે. ૩૦

आख्याहि मे को भवानुग्ररूपो

नमोऽस्तु ते देववर प्रसीद ।

विज्ञातुमिच्छामि भवंतमाद्यं

न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

આપ આવા ઉગ્રરૂપ કોણ? (છો તે) મને કહો? હે દેવશ્રેષ્ઠ! હું આપને નમસ્કાર કરૂં છું; આપ પ્રસન્ન થાઓ. જગતકર્ત્તા આપને વિશેષ રૂપથી જાણવાની (હું) ઇચ્છા કરૂં છું, આ આપની પ્રવૃત્તિ શા માટે છે, એ હું જાણતો નથી. ૩૧

श्रीभगवानुवाच ॥

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥ ३२ ॥

શ્રી ભગવાન્ કહે છે કે—(હે અર્જુન!) લોકોનો સંહાર કરવાવાળો જે કાળ તે હું છું. સકળ જનોનો સંહાર કરવાને માટે અહિં (કુરૂક્ષેત્રમાં) પ્રવૃત થયો છું. તું (જો) યુદ્ધ કરીશ નહિ; તોપણ આ સેનામાં સ્થિત પ્રત્યેક યોદ્ધા મારા સંકલ્પથી નષ્ટ થશે. ૩૨

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून्भुंक्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ३३ ॥

એ માટે તું ઉઠ, શત્રુઓનો પરાજય કરીને સમૃદ્ધિ અને રાજ્યનો ઉપભોગ કર્ય. હું

+સવ્યસાચિન્ ! મેં તારા ઉદ્યોગના પહેલાં આ દુર્યોધન–આદિ સર્વ રાજાને મારી રાખ્યા છે. તું તો તેઓને મારવામાં નિમિત્ત માત્ર થા. ૩૩

द्रोण च भीष्मं च जयद्रथं च
कर्णं तथाऽन्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा
युद्ध्यस्व जेताऽसि रणे सपत्नान् ॥ ३४ ॥

મારા મારેલા દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ અને અન્ય યોદ્ધાઓને તું માર્‌ય. ખેદ ન કર્‌ય સંગ્રામમાં શત્રુઓને (તું) જીતીશ[1]. ૩૪

(ત્યારપછીનો પ્રસંગ સંજય, ધૃતરાષ્ટ્રને કહે છે.)

संजय उवाच ॥

एतच्छ्रुत्वा वचनं केशवस्य
कृतांजलिर्वेपमानः किरीटी ।

+ડાબે હાથે ધનુષ્ મારનાર.

૧ આ શ્લોકથી ભગવાન્‌ની આજ્ઞા અને આશીર્વાદ બન્ને સૂચિત થાય છે.

नमस्कृत्वा भूय एवाह कृष्णं
सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

સંજય કહે છે કે-(હે ધૃતરાષ્ટ્ર!) કેશવનાં આવાં વચનો શ્રવણ કરીને, મુકુટધારી (અર્જુન) બે હાથ જોડીને, ધ્રુજતો ધ્રુજતો શ્રીકૃષ્ણને નમીને પ્રણામ કરી, ભયભીત થઈ ગદ્ગદ્ કંઠે આ પ્રમાણે કહેવા લાગ્યો. ૩૫

अर्जुन उवाच ॥

स्थाने हृषीकेश तव प्रकीर्त्या
जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवंति
सर्वे नमस्यंति च सिद्धसंघाः ॥ ३६ ॥

અર્જુન કહે છે કે-હે હૃષિકેશ! આપના માહાત્મ્ય કીર્ત્તનથી સર્વ જગત્ પ્રસન્ન અને પ્રેમમગ્ન થઈ રહેલ છે. રાક્ષસ લોક ભયભીત થઇ દિશાઓના તરફ ભાગે છે, અને સર્વે સિદ્ધોના સમૂહો આપને નમસ્કાર કરે છે, તે યોગ્યજ છે. ૩૬

कस्माच्च ते† न नमेरन्महात्मन्
गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनंत देवेश जगन्निवास
त्वमक्षरं सदसत्तत्परंयत् ॥ ३७ ॥

હે **મહાત્મન્! હે અનન્ત ! હે દેવેશ !** હે **જગન્નિવાસ !** ચતુર્મુખ-બ્રહ્માના પણ આદિ-કર્તા આપને કેમ નમસ્કાર ન કરે? આપ સત્[1]-અસત્[2]-શબ્દ વાચ્ય, કાર્ય-કારણો ભય-

† મૂળ શ્લોકમાં તે એટલે સિદ્ધો, સિદ્ધ એટલે યોગમાં સિદ્ધ પામેલા નહિ, પણ મુમુક્ષુ આદિ સમજવા. 'यो ब्रह्माण' એ ઉપનિષદ્નાં વાક્યથી આ અર્થ સિદ્ધ થાય છે. વિષ્ણુજી આદિકારણ છે એમ મુમુક્ષુઓ સમજે છે, તે બ્રહ્માના પિતા અને ગુરૂ છે. આ ઉપરથી અર્જુનને શંકા થાય. ને શ્રીકૃષ્ણજી જ્યારે સર્વ છે, ત્યારે. મુમુક્ષુઓ રામ-કૃષ્ણ-આદિ તેના વ્યક્તભાવને-સગુણ ભાવને નભજતાં નિગુણ ભાવને કેમ ભજે છે? આ શ્લોકનું તાત્પર્ય છે.

1. વિદ્યમાન્ 2 અવિદ્યમાન્

વસ્થ, પ્રકૃતિતત્ત્વ, આપજ છો. જે મુક્તાત્મ સ્વરૂપ છે. તે પણ આપજ છો. ૩૭

त्वमादिदेवः पुरुषः पुराण-
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनंतरूप ॥ ३८ ॥

સર્વથી પેહેલા દેવ તમે છો. પુરાણપુરૂષ (પણ) તમે છો. આ જગતનું ઉંચામાં ઉંચું વગાવાનું ઠેકાણું તે તમે છો. જાણનાર પણ તમે છો. (તેમ) જાણેલી વસ્તુ પણ તમે છો. મોક્ષનું ઠેકાણું (પણ) તમે છો. હે નહિપાર આવે એટલાં રૂપવાળા ભગવાન્! આખું જગત તમારાથી વ્યાપ્ત થઈ રહેલું છે. ૩૮

[ભગવાનમાં આત્યન્તિક ભક્તિ તથા શ્રદ્ધા હોવાથી અર્જુન પુનઃ પુનઃ પ્રણામ કરે છે.]

वायुर्यमोऽग्निर्वरुणः शशांकः
प्रजापतिस्त्वं प्रपितामहश्च ।

नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः
पुनश्चभूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥

આપ વાયુ છો, યમ છો, અગ્નિ, છો, વરૂણ છો, ચન્દ્રમા છો, પ્રજાપતિ (બ્રહ્મા) છો, અને પ્રપિતામહ (બ્રહ્માના પણ પિતા) છો, આપને હજારોવાર નમન અને પ્રણામ થજો, અને ફરીથી પણ આપને વારમ્વાર નમન અને પ્રણામ (થાઓ.) ૩૯

नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तु सर्वत एव सर्व ।
अनंतवीर्यामितविक्रमस्त्वं
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥

હે સર્વ! આપને સન્મુખ નમસ્કાર છે. પાછળ રહીને નમસ્કાર છે. અને આપને સર્વ દિશામાં પ્રણામ છે. આપ અનન્ત વીર્યવાળા, અપાર પરાક્રમી, અને સર્વમાં વ્યાપક છો, તેથી આપ સર્વાત્મક છો. ૪૦

सखेति मत्वा प्रसभं यदुक्तं
हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं
मया प्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥

આપના આ મહિમાને ન જાણતો એવો જે હું તેણે પ્રમાદથી, વા સ્નેહથી, સખામાની-ને હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! એમ મેં હઠથી કહેલું છે. ૪૧

यच्चावहासार्थमसत्कृतोऽसि
विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत तत्समक्षं
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

હે અચ્યુત! વિનોદાર્થે વિહારમાં, શય્યા-માં, આસનમાં, ભોજનમાં, એકાંતમાં, અથવા તત્ (સખાલોક) સમક્ષમાં મેં આપનો જે અનાદર કરેલો છે. તે (સર્વની) આપ અપ્રમેય (અચિંત્ય પ્રભાવવાળા) પાસે ક્ષમા માગું છું.૪૨

पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
कोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ ४३ ॥

હે અપ્રતિમ પ્રભાવ ! આ લોકના સ્થાવર-જંગમ માત્રના[1] આપ પિતા છો. પૂજ્ય છો, અને દેવતાઓના પણ મોટા ગુરૂ છો. સ્વર્ગ. મૃત્યુ અને પાતાલ (એ) ત્રણે લોકમાં આપના સમાન કોઇ (પણ) નથી. (ત્યારેતો) બીજો અધિક તે શેનો ?! (હોય.) ૪૩

तस्मात्प्रणम्य प्रणिधाय कायं
प्रसादये त्वामहमीसमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ४४ ॥

---

૧ જગતના પિતા તથા ગુરૂ બ્રહ્મા તેના પણ શ્રીકૃષ્ણ પિતા અને ગુરૂ તેથી અર્જુને તેમને પૂજ્ય પિતા અને ગુરૂવર એ સંબોધન આપેલ છે,

એ માટે હજાર અપરાધના પાત્રભૂત (જે) હું, (તે) જગત નિયન્તા, જગત્ સ્તુત્ય, (જે) આપ તેને શરીરથી પ્રણામ કરી, કરેલા અપરાધોની ક્ષમા માગું છું કે—હે દેવ! જેમ પુત્રનો પિતા, મિત્રનો મિત્ર અને સ્ત્રીનો પતિ અપરાધ સહન કરે છે તેમજ આપ મારા અપરાધને સહન કરો. ૪૪

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं
प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥

હે દેવ! પ્રથમ કદી ન જોયેલું (એવું આપનું આ રૂપ) જોઈને મને હર્ષ થાય છે; તો પણ ભયવડે મારૂં મન બહુ પીડાય છે. (માટે આ રૂપને ગુપ્ત કરીને) મને તે (પ્રાચીન—ચતુર્ભુજ) રૂપજ દેખાડો. હે દેવેશ! હે જગન્નિવાસ! (આપ) પ્રસન્ન થાઓ. ૪૫

किरीटिनं गदिनं चक्रहस्त-
मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥

હે હજારભુજાવાળા વિશ્વમૂર્તે ! આપ કીરીટ ધારણ કરી, હાથમાં ગદા અને સુદર્શન ચક્ર લઈ, જે ચતુર્ભુજ રૂપમાં હતા, તેજ રૂપવાળા[1] આપના વિગ્રહને અવલોકન કરવાની ઇચ્છા કરૂં છું. ૪૬

(ભગવાન્ અર્જુનને આશ્વાસન આપે છે.)

श्री भगवानुवाच ॥

मया प्रसन्नेन तवार्जुनेदं
रूपं परं दर्शितमात्मयोगात् ।

---

૧ જે સગુણ સાકાર ઉપાસના વડે અંતે સવિકલ્પ યોગ, અથવા કૈવલ્ય અથવા જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે, તે ઉપાસનામાં શ્રીકૃષ્ણના આ સ્વરૂપનું ચિંતન કરવાનું છે, મહામુનિ નારદજીએ, પ્રહ્લાદ અને ધ્રુવજીને પણ આ ઉપાસનાનોજ ઉપદેશ કરેલો હતો, શ્રી-

મદ્ભાગવત

तेजोमयं विश्वमनंतमाद्यं
यन्मे त्वदन्येन नदृष्टपूर्वम् ॥ ४७ ॥

શ્રીભગવાન્ કહે છે કે-હે **અર્જુન** ! પ્રસન્નભૂત મેં મારા સંકલ્પથી પ્રાર્થનાવાળા તને આ પરમોત્કૃષ્ટ રૂપ દર્શાવ્યું. જો કે આ રૂપ તારાથી વ્યતિરિક્ત કોઈએ (પણ) પૂર્વે જોએલું નહતું.[1] ૪૭

---

૧ ધ્રુવજીને મનુજીએ કહ્યું છે કેઃ-કાળમૂર્તિ ભગવાન સર્વ પ્રાણીઓમાં સમાન રીતેજ પ્રવેશ કરેછે, તેને પોતાનો કે પારકો કોઈ પણ નથી, વાતા પવન પાછળ જેમ ધૂળ ઉડે છે, તેમજ દોડતા કાળ પાછળ પ્રાણી સમુદાય પોતપોતાના કર્માનુસાર દોડે છે, એ કાળમૂર્તિ ભગવાન્ વધારા ઘટાડા રહિત તથા સ્વતંત્ર છે, અને તે પરાધીન પ્રાણીઓના આયુષ્યનો વધારો ઘટાડો કરે છે, એ સ્વતંત્ર ભગવાનને કેટલાક કર્મ કહે છે, કેટલાક સ્વભાવ કહે છે, કેટલાક કામ કહે છે, કેટલાક દેવ કહે છે, અને કેટલાક તો કાળ પણ કહે છે, ઇન્દ્રિય-આદિકથી જાણવામાં ન આવતા તથા પ્રમાણોથી પણ જાણવામાં ન આવતા અને મહત્તત્વ-આદિક સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનાર, તે ભગવાનના કર્તવ્યને કોઈ પણ જાણીશકતું

न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥

હે કુરૂપ્રવીર ! આવા સ્વરૂપવાળા મને, મનુષ્ય લોકમાં તારાથી અન્ય પુરૂષ, અંગ સહુવેદના કલ્પ સૂત્રાદિ—યજ્ઞ-વિદ્યાઓનું અધ્યયન, દાન, દશાપૂર્ણમાસાદિ અતિદુષ્કર તપશ્ચર્યાએ વડે કરીને જોવાને અશક્ત છે, અર્થાત્ આ પ્રકારે રૂપ ધારણ કરનાર મને, અન્ય પુરૂષ જોઈ શકતા નથી. ૪૮

मा ते व्यथा मा च विमूढभावो
दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं
तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

નથી ત્યારે સ્વયંભુ ઇશ્વરને તો કોણ જાણી શકે ? શ્રીમદ્ ભાગવત ચતુર્થસ્કન્ધ. અ. ૧૨.

મારાં આવાં અતિભયંકર રૂપને જોઈને તું વ્યથિત અને વિહ્વળ ન થતાં ભયનો ત્યાગ કરજે, અને પ્રસન્ન ચિત્ત થઈ તું પુનઃમારા તેજ સૌમ્ય રૂપને જો. ૪૯

सञ्जय उवाच ॥

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः।
आश्वासयामास च भीतमेनं
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

સંજય કહે છે કે—(હે ધૃતરાષ્ટ્ર !) આ પ્રકારે શ્રીકૃષ્ણ, અર્જુનને કહીને પુનઃપોતાના તેજ રૂપથી દેખાવા લાગ્યા. અને મહાનુભાવ શ્રીકૃષ્ણ તેજ સૌમ્યરૂપ ધારણ કરી, વિશ્વરૂપ દર્શનથી અત્યન્ત બીનેલ અર્જુનને પોતાના બ્યા ૨ હાથવડે સ્પર્શ કરી, ભય દૂર કરવા લાગ્યા. ૫૦

अर्जुन उवाच ॥

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ५१

અર્જુન કહે છે કે—હે જનાર્દન ! આ આપનું સૌમ્ય મનુષ્ય જાતિય દિવ્ય મંગળ વિગ્રહ જોઈને હવે હું પ્રસન્ન ચિત્ત થઈ સ્વસ્થતાને પામ્યો છું. ૫૧

श्री भगवानुवाच ॥

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकांक्षिणः ५२

શ્રીભગવાન્ કહે છે કે—(હે અર્જુન !) મારું આ જે વિશ્વરૂપ તેં જોયું છે, તે જોવું અત્યન્ત દુર્લભ છે, દેવતા પણ આ રૂપના દર્શનની જીજ્ઞાસા કરે છે. ૫૨

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ५३

હું વેદ, તપ, દાન, અને યજ્ઞ એ વડે કરીને પણ જેવો તેં મને જોયો છે, તેવો જોવા યોગ્ય નથી. ૫૩

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ५४ ॥

હે શત્રુ સન્તાપકર અર્જુન ! એ પ્રકારે મને અનન્ય ભક્તિથી જાણી શકવાને, જોઈ શકવાને અને તત્ત્વમાં પેસી શકવાને (મોક્ષ-મેળવવાને) શકય છું. ૫૪

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः मामेति पांडव ॥ ५५ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनि० त्सु० विश्वरूपदर्शनयोगो
नामैकादशोऽध्यायः ॥ ११ ॥

હે પાન્ડવ ! વેદાધ્યયન—આદિ કર્મોને મારા આરાધન રૂપથી જે કરે છે, અને જે સકળ આરંભોમાં મને પરમોદ્દેશ માને છે, અને વિષયોમાં આસક્તિ રહિત એવો મારો ભક્ત સકલભૂતોમાં વૈરરહિત થઇને મને પ્રાપ્ત થાય છે. ૫૫

ઇતિ શ્રીમદ્ ભગવદ્‌ગીતા વિષે ' વિશ્વરૂપયોગ દર્શન '
નામનો અધ્યાય ૧૧ મો સમ્પૂર્ણ

ॐ

*अध्याय १२ मो.

(જ્ઞાનનિષ્ઠ તથા ભક્તિનિષ્ઠમાં વિશેષ ઉત્તમ કોણ છે ? તે જાણવાની જીજ્ઞાસાથી અર્જુન. ભગવાનને પુછે છે,)

अर्जुन उवाच ॥

एवं संततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

અર્જુન કહે છે કે—પૂર્વ અધ્યાયમાં કહેલ જે ભક્તિયોગ, તેમાં યુક્ત થયેલ જે ભક્તજન

---

* અગ્યારમા અધ્યાયમાં અર્જુનને વિરાટ દર્શન કરાવ્યા પછી શંકા થવા સંભવ છે કે પરબ્રહ્મ તે સગુણ છે કે નિર્ગુણ છે. અને તેની પ્રાપ્તિ ભક્તિદ્વારા છે કે જ્ઞાનદ્વારા છે. આમ શંકા થવાનું સબળ કારણ તો એ છે કે-પ્રથમ ષટ્કમાંના ૬ અધ્યાયમાં તથા તેમાં મુખ્યત્વે કરીને બીજા અધ્યાયમાં અક્ષરસ્વરૂપનું વર્ણન કેવળ નિર્ગુણ રૂપે કરેલું છે. અને તત્ ત્વં, નો ભેદ નથી એ તેમાં સ્પષ્ટ દર્શાવ્યું છે. અને અગ્યારમા અધ્યાય ને

આપની ઉપાસના કરે છે, અને ચક્ષુ--આદિ ઇન્દ્રિયોથી અગ્રાહ્ય, પ્રત્યગાત્મસ્વરૂપ–સ્વયંપ્રકાશ જીવાત્માની જે ઉપાસના કરે છે, તે બન્નેમાં વિશેષ ઉત્તમ કોણ છે? (તે કહો.) ૧

श्रीभगवानुवाच ॥

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥२॥

શ્રીભગવાન કહે છે કે--જે મારામાં મન લગાડી, નિત્ય યોગની ઇચ્છા કરતા અને પરમશ્રદ્ધાથી યુક્ત થયેલ, યોગીઓ શ્રેષ્ઠ છે, એમ હું માનું છું. ૨

અંતે તો સગુણ ભાસ થાય તેવા ઉપદેશ આપ્યો, તેથી સહજ શંકા થાય છે કે, સગુણ ભક્તિ અને નિર્ગુણ જ્ઞાન એ બેયમાંથી ઉત્તમ શું સમજવું ? તો કે, સગુણ અને નિર્ગુણ એ બેય ખરાં છે, એમ તો અર્જુનનું માનવું છે, પણ તેનું સમાધાન અધિકારીના ભેદથી થવું જોઇએ, માટે પોતે કેવો અધિકારી છે, એ સમજવું અવશેષ રહેલું છે, માટે શંકા કરીને પુછે છે.

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥

નહિ નાશ પામે એવા, નહિ દેખાય એવા, રૂપ ગુણ વગરનો, સઘળે વ્યાપ્ત થઈ રહેલો, વિચારમાં ન આવે એવા; બદલાય નહિ એવો, અચળ જે બ્રહ્મ તેને જેઓ ભજે છે. ૩

संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥

તેઓ સકળ ઇન્દ્રિઓને ખેંચીને પોતાને તાબે કરી રાખતાં અને સર્વ સ્થળે એક સરખી બુદ્ધિ રાખતાં અને સકળ પ્રાણીનું સારૂં કરવામાં રાજી થતાં, મને પામે છે. ૪

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥५॥

પરન્તુ અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા પ્રત્યગાત્મ સ્વરૂપમાં મન લગાડવાવાળા, ઉપાસકોને અનુષ્ઠાન દશામાં વિશેષ ક્લેશ થાયછે:

કેમકે આત્મસ્વરૂપ વિષયક મનની વૃત્તિ દેહા-ત્માભિમાની જનોને દુઃખથી પ્રાપ્ત થાય છે. ૫

(ભગવત્ કૃપાથી વિના પ્રયાસે ભક્તોની સિદ્ધિ થવા-ની વાર્તા કહે છે,)

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायत उपासते ॥ ६ ॥

જેઓ સર્વ કામ ખરેખર મનેજ અર્પણ કરે છે. અને મારા પરાયણ થઈ રહે છે, અને બીજો કાંઈ પણ યોગ ન સાધતાં મનેજ ભજે છે; અને મારૂંજ ધ્યાન ધરે છે.[1] ૬

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ७

તેવાઓને મૃત્યુયુક્ત સંસાર સાગરમાંથી

૧ સવિકલ્પ યોગીઓની ભક્તિ યોગમાં દઢતા થવા વિષે અહિં સૂચના છે. જીવન્મુક્તદશા પામતાં સવિ-કલ્પ, નિર્વિકલ્પ અને ભક્તિયોગ એ ત્રણે જાણવાની જરૂર છે. માટે સવિકલ્પ યોગીને નિર્વિકલ્પની પણ અ-ગત્ય છે.

હું ત્વરાથી ઉગારી લઉછું; કેમકે હે **પાર્થ** ! તેઓનું મન મારા ઉપર ચોંટેલું છે. ૭

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥८॥

(હે અર્જુન !) પરમ સુલભ મારા વિષે મનને અર્પણ કરય. અને મારા વિષેજ બુદ્ધિ લગાડ. પછી દેહ પર્યવસાનમાં નિઃસન્દેહ મારા વિષે નિવાસ કરશે.[1] ૮

(પરમાત્મામાં મન તથા બુદ્ધિ સ્થિર રાખવાને અશક્ત હોય, તે માટે સુગમ ઉપાય દર્શાવે છે)

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥९॥

જો તું મારા વિષે તારા ચિત્તની વૃત્તિ સ્થિર કરવાને સમર્થ નથી, તો હે **ધનંજય** !

---

૧ અહિંથી ૧૨મા શ્લોક પર્યન્ત શ્રીભગવાને જુદા જુદા અધિકારીઓ માટે ભિન્ન ભિન્ન યોગ પદ્ધતિઓ દર્શાવી છે, કે જેથી જીજ્ઞાસુ યોગ્ય પદ્ધતિ ગ્રહણ કરી અભ્યાસ કરે.

અત્યન્ત પ્રેમ ગર્ભ સ્મરણરૂપ અભ્યાસ યોગ-
વડે કરીને મને પ્રાપ્ત થવાની ઇચ્છા કરચ. ૯

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि १०

જો કહેલ અભ્યાસ યોગ કરવામાં પણ
તું સમર્થ નહિ તો, મારા આરાધનરૂપ કર્મોનું
આચરણ કરચ. મારી પ્રીતિને માટે ઉક્ત કર્મ
કરતો એવો તું મારી પ્રાપ્તિરૂપ સિદ્ધિને પ્રાપ્ત
થઈશ. ૧૦

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥११॥

જો મારા આશ્રિત થઈને એ પણ કરવાને
તું અશક્ત હોય, તો મનનું સંયમન કરી,
ફળની ઇચ્છાનો ત્યાગ કરી, મારા આરાધન
રૂપ યજ્ઞ, દાન-આદિ સમસ્ત કર્મો કરચ.[1] ૧૧

૧ બીજા અને ચોથા અધ્યાયમાં કહેલા કર્મયોગ
વડે બુદ્ધિની શુદ્ધિ થઇ સત્કર્મો પરમ થવાય છે. ૯૦૮

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिरनंतरम् १२

કેમકે મારા સ્મૃતિરૂપ અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન અને ધ્યાનથી કર્મફળના ત્યાગ પૂર્વક અનુષ્ઠિત્ કર્મ ઉત્તમ છે. અને ત્યાગથી તુરતજ રાગ–દ્વેષાદિકની નિવૃત્તિ–શાન્તિ ઉત્તમ છે. ૧૨

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥१३॥

સર્વભૂતોનો અદ્વેષી, સર્વભૂત હિતૈષી અને દયાળુ, મમતા રહિત, અહંકાર રહિત, દુઃખ સુખમાં સમાન (ચિત્તવાળો) તેમજ ક્ષમાવાન્. ૧૩

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः १४

તથા અદૃષ્ટ ફળ ઈશ્વરાધીન છે. એ પ્રમાણે સર્વ ભાર મારામાં આરોપણ કરી, ફળની આશાનો ત્યાગ કરી અનુસરીશ, તો તું મારી અનુકમ્પાવડે કૃતકૃત્ય થઈશ.

નિરન્તર સન્તોષી, યોગી (સમાહિતચિત્ત-વાળો) યતાત્મા (જીતેન્દ્રિય) દૃઢ નિશ્ચયી, મારા વિષે જેણે મન, (તથા) બુદ્ધિ અર્પણ કરેલ છે, તે મારો ભક્ત મને પ્રિય છે.[1] ૧૪

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥

જે કર્મયોગનિષ્ઠથી કોઈજન ઉદ્વેગને પ્રાપ્ત ન થાય, અને જો કોઈ પ્રાણીથી ઉદ્વેગને પ્રાપ્ત ન થાય, એવો જે હર્ષ, અમર્ષ, ભય, અને ઉદ્વેગ એ થકી જે રહિત હોય, તે ભક્ત મને પ્રિય છે. ૧૫

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः१६

આત્મ વ્યતિરિક્ત વસ્તુમાં જે ઇચ્છા ન

૧ અહિંથી તે અધ્યાયના અંત સુધી ધ્યાન અને ધ્યાન યોગવડે જેઓએ જીવન્મુક્ત, સિદ્ધ અથવા ભક્તપદ પ્રાપ્ત કર્યું છે, તેમની સ્થિતિ વર્ણવી છે.

કરે, પવિત્ર, પ્રવીણ, ઉદાસીન, શીતોષ્ણ,—આદિ
માં વ્યથા રહિત, લૌકિક્ વસ્તુમાં મન, વાણી
અને કર્મ એઓના વ્યાપાર રહિત ભક્ત મને
પ્રિય છે. ૧૬

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः १७

જે પ્રિય વસ્તુને પામી હર્ષ કરે નહિ,
(તેમ) અપ્રિય વસ્તુને પામી દ્વેષ કરે નહિ,
અને ઈષ્ટ વસ્તુનો નાશ થવાથી શોક ન કરે.
અવિદ્યમાન્ વસ્તુની ઈચ્છા ન કરે. મારી પ્રાપ્તિના
પ્રતિબન્ધનક્ પુણ્ય-પાપ કર્મને ત્યાગવાવાળા
જે મારા ભક્ત છે, તે મને પ્રિય છે. ૧૭

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥१८॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः १९

શત્રુ, મિત્ર, માન, અપમાન, શીતોષ્ણ, સુખ,

દુઃખ એઓમાં વિકાર રહિત, નિન્દાસ્તુતિને સમાન માનવાવાળા, થોડું ભાષણ કરવાવાળા, જે કાંઈ મળે તેમાંજ સન્તુષ્ઠ, ગૃહ–ક્ષેત્રાદિકોમાં આસક્તિ રહિત અને સ્થિર મતિ એવા મને પ્રિય છે. ૧૮–૧૯

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः २०

इति श्रीमद्भगवद्गीता० भक्तियोगो नाम
द्वादशोऽध्यायः ॥ १२ ॥

મારામાં શ્રદ્ધા કરી, મદેક–પ્રયોજન થઈ આ અમૃતના તુલ્ય ભોગરૂપ ભક્તિયોગરૂપ મારૂં ઉપાસન જે સપરિકર કરે છે. તે ભક્ત મને અત્યન્ત પ્રિય છે: ૨૦

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષે, 'ભક્તિયોગ'નામનો
અધ્યાય ૧૨ નો સમ્પૂર્ણ

द्वितीयं षट्कं समाप्तं.

ૐ

ॐअध्याय १३ मो.

(આ અધ્યાયમાં આત્મજ્ઞાન વગર સંસારથી મુક્ત થવાતું નથી, જેથી તત્વજ્ઞાનના ઉપદેશાર્થે પ્રકૃતિ તથા પુરૂષનું વિ ચન કરેલું છે. તથા અપરા અને પરા એ બન્ને પ્રકૃતિનું યથાર્થ સ્વરૂપ જાણવાનું નિરૂપણ કરે છે.)

श्रीभगवानुवाच ॥

इदं शरीरं कौंतेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्तितं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥१॥

---

* પ્રથમ ષટ્કમાં 'त्व' પદ, બીજા ષટ્કમાં तत् त्वंનું ઐક્ય દર્શાવવામાં આવેલ છે त्वं જે જીવ અને तत् જે બ્રહ્મ તેનો સમ્બન્ધ કેવા પ્રકારનો છે. તે નિશ્ચય કરવાનો છે, તે વાર્તા પ્રથમ જો કે સૂચવાઇ ગઈ છે, પણ તેનું સ્પષ્ટ વિવેચન હવે થશે. દ્વૈતમતોમાં તે બેયનો પારમાર્થિક્ ભેદ માનવામાં આવે છે, તેનો વિચાર પ્રસંગવસાત્ આ અધ્યાયમાં છે.

[1]**શ્રી ભગવાન્ કહેછે કે–હે કૌન્તેય! દેવ, મનુષ્યાદિ શબ્દથી કહેવાતું જે શરીર તેને કર્મબીજ ફળનું ઉત્પત્તિ સ્થાન કહે છે. આ શરીરને જે જાણે તે ક્ષેત્રજ્ઞ છે. એમ આત્મસ્વરૂપ વેત્તાઓ કથે છે.**[2] १

(આ શ્લોક ક્ષેપક છે.)

१ अर्जुन उवाच ॥

प्रकृति पुरुष चैव क्षेत्र क्षेत्रज्ञ मेवच ।
एतद्वेदितु मिच्छामि ज्ञान ज्ञेयं च केशव ॥

અર્જુન પુછે છે કે:–હે **કેશવ!** પ્રકૃતિ અને પુરૂષ, ક્ષેત્ર, અને ક્ષેત્રજ્ઞ તથા જ્ઞાન અને જ્ઞેય એ સર્વ જાણવાની હું જીજ્ઞાસા કરૂં છું.

ભાવાર્થ પ્રકૃતિ–આદિને યથાવત્ જાણવી એજ **પરમ** કલ્યાણનો હેતુ તત્વજ્ઞાન કહેવાય છે. એ પ્રકૃતિ–આદિને યથાયોગ્ય જાણી લીધાથી અન્ય કોઈ જાણવા યોગ્ય વસ્તુ રહેતી નથી. જેનું જાણવું આવશ્યક વા વિશેષ ઉપયોગી જ્ઞાનીને માટે માનવામાં આવે, એ માટે તત્વજ્ઞાનનો ઉપયોગ વિચારશીલ પુરૂષ કરવો જોઇએ.

૨ જે લોક સર્વ જ્ઞાતવ્ય વિષયની અપેક્ષાથી અન્તરંગ સ્વદેહસ્થ [illegible] ચેતનના ભેદને જાણતા નથી; પરન્તુ જડના

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ २ ॥

હે ભારત ! (અર્જુન !) સર્વ શરીરમાં વર્તમાન જે આ ક્ષેત્રજ્ઞ -જીવાત્મા છે, તેને મદાત્મક જાણીને અને ક્ષેત્રને પણ મદાત્મક જાણીને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન તેજ જ્ઞાન મને સમ્મત છે.[1] ૨

કેટલાક બન્નેને ચેતનના ધર્મ માને છે, અને ચેતનના કેટલાક ધર્મ વા ગુણોને જડના ધર્મ માને છે. તે જ્ઞાનના અધિકારી નથી. તેઓને તો હજારો જન્મે પણ જ્ઞાન થતું નથી. એ માટે ઇચ્છાવાન્ પુરુષોએ સર્વ પ્રકારના જ્ઞાનના મૂળ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞના ભેદને જાણવાને માટે ઉદ્યોગ કરવો. પ્રથમ શ્લોકના પ્રશ્નમાં પૂછવા યોગ્ય પ્રકૃતિ-આદિ પદાર્થોના પૂર્વાપર ક્રમની વિવક્ષા પ્રધાન નથી; પરન્તુ છન્દ બનાવવાની સુગમતાને માટે પ્રકૃતિ આદિ ક્રમથી કહેલ છે, પણ સર્વથી પ્રથમ પ્રકૃતિનો પ્રશ્ન થાય વા પછી થાય, એ કાંઈ આવશ્યક નથી. એ માટે પ્રકૃતિ પુરુષને છોડીને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો પ્રથમ પ્રત્યુત્તર આપવામાં આવ્યો છે.

૧ ભક્તિ વિના બીજું કાંઈ છે કે નહીં, એ ભગવાનનું આશય છે, અને તેથી અહંકાર ભિન્ન છે

(સાંસારિક જીવનું રૂપ કહ્યા પછી, પારમાર્થિક સ્વરૂપ કહે છે.)

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥३॥

તે શરીર જે પ્રકારનું છે, જે વિકારોથી યુક્ત છે, અને જે વડે ઉત્પન્ન છે, અને જેવું છે, (અને) જે સ્વભાવોવડે કરીને યુક્ત છે, તે સંક્ષેપથી કહું છું, તે શ્રવણ કર. ૩

ऋषिभिर्बहुधा गीतं छंदोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ४ ॥

તે ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ (પરાશરાદિ) ઋષિયોએ, વેદ, સયુક્તિક નિઃસન્દેહ શારીરક સૂત્ર, એવડે કરીને પૃથક્ પૃથક્ પ્રતિપાદિત છે.* ૪

* છન્દ શબ્દથી વેદ મંત્રોને આ સ્થળે ગ્રહણ કરવા ઈષ્ટ છે, અનેક સ્થળોમાં, વેદ, સ્મૃતિ અને બ્રાહ્મણ તથા ઉપનિષદ્—આદિ ગ્રન્થોમાં યુક્તિ પૂર્વક વાક્યોથી ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના વિષયમાં સ્પષ્ટ વર્ણન પ્રતીત થાય છે તેને તે તે સ્થળેજ વિચારશીલે જોઈ લેવું. આદિ તેનું

(ક્ષેત્ર-શરીરનું સ્વરૂપ કહે છે.)

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इंद्रियाणि दशैकं च पंच चेंद्रियगोचराः ॥५॥

મહાભૂતો,[1] અહંકાર, બુદ્ધિ તથા અવ્યક્ત (માયા—અને તેના ગુણો) તથા દશ (પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેન્દ્રિય) અને એક (મન મળી અગિયાર) ઈન્દ્રિયો તથા પાંચ[2] ઈન્દ્રિયોના વિષયો. ૫

इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ६ ॥

વિવેચન કરતાં દળ્યાને દળવા જેવું થાય તેમ હોવાથી કરેલું નથી. અને વિષયની પ્રશંસાને માટે એ કહેવું છે કે, વેદ આદિ ઉત્તમ પુસ્તકોમાં વર્ણન હોવાથી ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનો વિચાર ઉત્તમ સમજવા યોગ્ય છે.

૧ પૃથિવી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો છે.

૨ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ જ્ઞાનેન્દ્રિયના વિષયો છે,

ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળ શરીર, ચેતન અને ધૃતિ એ સર્વ વિકાર સહિત સંક્ષેપમાં ક્ષેત્ર કહ્યું[1] છે. ૬

(ક્ષેત્રથી ભિન્ન જાણવા યોગ્ય ક્ષેત્રજ્ઞનું વિસ્તાર પૂર્વક વર્ણન કરવા. પ્રથમ ક્ષેત્રજ્ઞનાં સાધન કહે છે.)

अमानित्वमदंभित्व-महिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ७
इंद्रियार्थेषु वैराग्य-मनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधि-दुःखदोषानुदर्शनम् ॥८॥

૧ અહિ ઇચ્છા આદિ ગુણ ઉપલક્ષણાર્થે છે. એથી સંકલ્પ-વિકલ્પ, શ્રદ્ધા--અશ્રદ્ધા-આદિનું પણ ગ્રહણ જાણવું. એમાં પ્રકૃતિ, મહત્તત્વ આદિ સૂક્ષ્મ કારણરૂપ અવિકારી તથા સ્થૂળ ઇન્દ્રિય, સ્થૂળભૂત વિકારી તત્વ છે. અને તે સર્વનું નામ ક્ષેત્ર છે: કેમકે વિદ્યા—અવિદ્યા-આદિનું એ ઉત્પત્તિ સ્થાન છે, ઇચ્છા--આદિની પ્રકટતા જો કે આત્મા વગર કદિ પણ થતી નથી, એથી ઇચ્છા—આદિ આત્માનાં ચિહ્ન કહેવામાં તથા માનવામાં આવે; તોપણ મુખ્યત્વે અહિ તેને મનના ધર્મ માનીને ક્ષેત્ર રૂપે પરિગણન કરેલ છે

ગર્વ રહિત થઈ રહેવું, નિષ્કપટપણું, અહિન્સા, શાન્તિ, આર્જવ, ગુરૂની સેવા, પવિત્રતા, સ્થિરતા, પોતાના મનનો નિગ્રહ, ઈન્દ્રિયોના વિષય શબ્દાદિમાં વૈરાગ્ય, દેહાભિમાન રહિતપણું, જન્મ, મૃત્યુ, શરીર, શૈથિલ્ય અને શરીર પીડા, એવડે કરીને દુઃખરૂપ જે અવર્જનીય દોષ તેને જોવા. ૭–૮

असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्व-मिष्टानिष्टोपपत्तिषु ॥९॥

આત્માર્થી વ્યતિરિક્ત વિષયોમાં આસક્તિ કરવી નહિ, પુત્ર, સ્ત્રી અને ગૃહ ઈત્યાદિકોમાં આસક્તિ કરવી નહિ, અને ઈષ્ટ–અનિષ્ટની પ્રાપ્તિમાં હર્ષ–વિષાદ રહિત રહેવું. ૯

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्व-मरतिर्जनसंसदि ॥ १० ॥

મારાવિષે અનન્યયોગથી અવ્યભિચારિણી ભક્તિ, વિજન દેશમાં નિવાસ (અને)

પ્રાકૃત જનોની સભામાં અરૂચિ. ૧૦

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्त-मज्ञानं यदतोऽन्यथा ११

આત્મજ્ઞાનમાં અવિચ્છિન્ન નિષ્ઠા કરવી, અને તત્ત્વજ્ઞાનનું જે પ્રયોજન છે, તેમાંજ નિરંતર રત રહેવું, એ સર્વ આત્મજ્ઞાનને ઉપયોગી છે, એથી વ્યતિરિક્ત ક્ષેત્ર કાર્ય માત્ર આત્મજ્ઞાનનું વિરોધી અજ્ઞાન છે. ૧૧

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥१२॥

જે યજ્ઞ આત્મ સ્વરૂપ છે, તે કહું છું. જે આત્મ સ્વરૂપને જાણીને પુરૂષ મોક્ષ પામે છે, તે પ્રત્યગાત્મસ્વરૂપ અનાદિ, મચ્છેષ, અણુસ્વરૂપ પણ છે, પણ ગુણથી વ્યાપક છે, સત્—કાર્યાવસ્થ અસત્—કારણાવસ્થ નથી, અર્થાત્ સદ્ સત્ શબ્દ વાચ્ય નથી.[1] ૧૨

---

૧ સામાન્ય જ્ઞાન તો મૂર્ખને તથા પશુને પણ છે.

सर्वतःपाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतःश्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३ ॥

તે આત્મા ચારેકોર હસ્ત, ચરણ, નેત્ર, શિર, મુખ અને કર્ણ યુક્ત છે. લોકમાં જે કાંઈ

સામાન્ય જ્ઞાનથી પુરૂષ જ્ઞાની થતો નથી. પણ મુખ્ય મુખ્ય વિષયોને જાણવા, તેજ જ્ઞાન શબ્દનો વાચ્યાર્થ છે. જે થવાથી પુરૂષ જ્ઞાની વા સ્ત્રી જ્ઞાનિની કહેવાય છે. તે જ્ઞાન ઘણા કાળના અભ્યાસથી કોઈ કોઇને પ્રાપ્ત થાય છે. એ માટે કોઈ પુરૂષ સંસારથી કદિ મુક્તિ પામે છે, પણ સર્વ મુક્તિ પામતા નથી. મનુજીએ કહ્યું છે કે: બ્રાહ્મણને તપ તથા કર્તવ્ય જ્ઞાન સમ્પાદન કરવું જોઇએ બ્રાહ્મણજ જ્ઞાની થઈ શકે છે, બીજા નહિ; અર્થાત્ જ્યાં જે વ્યક્તિમાં ઉંચીકક્ષાનો બ્રાહ્મણ હશે, ત્યાં જ્ઞાન પણ અવશ્ય હશેજ, જેમાં બ્રહ્મત્વ હોવા સાથે જ્ઞાનની સ્થિતિ પણ દેખાય છે. તે ક્ષત્રિય—આદિ અન્ય નામથી લોકમાં પ્રસિદ્ધ છતાં પણ બ્રાહ્મણ છે એમ માનવું જોઇએ. સર્વ અનિષ્ઠ દુઃખથી બચવું અને સર્વ અભિષ્ઠ કલ્યાણને પ્રાપ્ત થતા ઈચ્છતા પુરૂષને ઉચિત્ છે કે, આ ઉક્ત પોતાના આત્મા વા અન્તઃકરણમાં શોધી સ્થિર કરવા માટે મહા પ્રબળ ઉદ્યોગનો યત્ન કરવો.

ચરણુ માત્ર છે, તેમાં ધર્મ ભૂત જ્ઞાનથી વ્યાપ્ત થઈને સ્થિત છે. ૧૩

सर्वेंद्रियगुणाभासं सर्वेंद्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥१४॥

સર્વ ઈન્દ્રિયોની વૃત્તિયો વડે કરીને, વિષયોને જાણવામાં સમર્થ અને સ્વાભાવથીજ સવ ઈન્દ્રિયોના સમ્બન્ધથી રહિત, પુત્ર—આદિમાં આસક્તિ રહિત, સર્વ દેહોનું પોષણ કરવામાં સમર્થ, સ્વભાવથી સત્વાદિ—ગુણ રહિત, કહેલા ગુણોના ભોગમાં સમર્થ છે. ૧૪

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चांतिके च तत् १५

તે આત્મ સ્વરૂપ સર્વ પ્રાણીયોના બાહાર અને અન્દર છે. સ્વાભાવથી ચર, અચર છે, સૂક્ષ્મ હોવાથી શરીર વગર જાણવામાં અશક્ય છે. જ્ઞાન શૂન્ય પુરૂષોને દૂરછે, અને જ્ઞાનિયોને અત્યન્ત સમીપ છે. ૧૫

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च १६

તે આત્મ સ્વરૂપ ભૂતોમાં એકાકારતાથી અવિભક્ત છે, જ્ઞાન રહિતોને વિભક્ત છે,-ભિન્ન પ્રતીત થાય છે. સર્વ પ્રાણિયોનું પાલન કરવાવાળો છે, અન્નાદિકોના ગ્રસનમાં શીલ ઉત્પત્તિનો હેતુ છે અને દેહાદિકોથી વિલક્ષણતાથી જ્ઞાતવ્ય છે. ૧૬

ज्योतिषामपि तज्ज्योति-स्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् १७

તે આત્મ સ્વરૂપ દીપક, સૂર્ય, મણિ ઇત્યાદિ જ્યોતિઓનો પણ પ્રકાશક, પ્રકૃતિથીપર-પ્રધાન, જ્ઞાન, જ્ઞેય અને સાધનોવડે કરીને પ્રાપ્ત થવાને યોગ્ય, સર્વના હૃદયમાં રહેવાવાળોછે.

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १८ ॥

આ પ્રકારે ક્ષેત્ર, આત્મતત્ત્વ, જ્ઞાન આ-

ધન, ક્ષેત્રજ્ઞ સ્વરૂપ એ સંક્ષેપથી કહ્યું, એ ત્રણેયેને જાણીને મારો ભક્ત મારા ભાવને પ્રાપ્ત થાય છે. ૧૮

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् १९

પ્રકૃતિ પુરૂષને અનાદિ—સનાતન જાણ્ય, બન્ધના કારણ રાગ દ્વેષાદિક અને મોક્ષના હેતુભૂત અમાનિત્વ—આદિ ગુણ અને ક્ષેત્રકાર પ્રકૃતિથી ઉત્પન્ન જાણ્ય. ૧૯

(ક્ષેત્રનું વર્ણન કરવાપછી ક્ષેત્રજ્ઞને પ્રકૃતિ તથા પુરૂષનું જગતનું કારણપણું કહેવા સાથે કથે છે.)

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥२०॥

શરીર, મનસહ ઇન્દ્રિય, એઓના ભોગ, વ્યાપાર કરવામાં પ્રકૃતિ કારણ છે. અને સુખ, દુઃખોના ભોક્તાપણમાં જીવાત્મા હેતુ છે. ૨૦

(પ્રકૃતિનું કાર્ય વિકાર છે. તે દર્શાવવા પુરૂષ સંસારનું કારણ છે તે દર્શાવે છે.)

पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥ २१ ॥

પ્રકૃતિમાં સ્થિત થયેલ જીવાત્મા, સત્વ–આદિ ગુણોનાં કારણ સુખ, દુઃખોનો અનુભવ કરે છે, એ પુરૂષનો જન્મ નીચ યોનિયોમાં જન્મ થવાનું કારણ ગુણ સંગ છે.[1] ૨૧

(પ્રકૃતિથી પોતાનો વિવેક પુરૂષ કરી શકતો નથી, તેથી તેને સંસારછે, વસ્તુતઃ નથી, એ આશયથી પુરૂષ સ્વરૂપ કહે છે.

उपद्रष्टानुमंता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥ २२ ॥

અપરિચ્છિન્ન જ્ઞાન શક્તિ જીવ આ દેહમાં સ્થિત રહેલ સાક્ષી, પ્રેરક, ધારક, અનુભવ શીલ, નિયામક અને અન્નમયાદિકોથી

---

૧ પ્રકૃતિ અચેતન તેથી કર્તાપણું તેને સમ્ભવે નહિ. તેમજ પુરૂષ નિર્વિકાર તેથી ભોક્તાપણું સમ્ભવે નહિ. પણ પુરૂષને સાન્નિધ્યથી પ્રકૃતિ કર્તા અને પુરૂષ પોતાના વિવેકને પ્રકૃતિથી જાણતો નથી, માટે તે ભોક્તા છે.

પણ ઉત્કૃષ્ટ કહેલ છે.[1] ૨૨

(જન્મ રહિત તથા નિર્વિકારી આત્માને ભોક્તાપણું ઘટતું નથી.)

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते १३

જે પુરૂષ મુક્ત સ્વભાવ, અત્યઆત્મા પ્રકૃતિ એને ગુણ સહ જાણે છે, તે પુરૂષ સર્વથા સંસારને પ્રાપ્ત થતો નથી.[2] ૨૩

ध्यानेनात्मनि पश्यंति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे २४

---

૧ આત્મા, ક્ષેત્રજ્ઞ અને જીવનેજ મહાન્ ઈશ્વર પરમાત્મા છે. તેજ આ દેહમાં જે દેહથી ભિન્ન અર્થાત્ પરપુરૂષ છે તે છે એમ માનવાનું કારણ એ છે કે દ્રષ્ટારૂપે, અનુમન્તારૂપે અને ભોક્તારૂપે જીવ સર્વત્ર એક રૂપ એક રસ છે; અર્થાત્ સર્વ જે બ્રહ્મ તે રૂપજ છે, માટે બ્રહ્માભિન્ન છે, અને એક રસ બ્રહ્મજ સર્વ છે. આ શ્લોક અન્તર્યામીના વર્ણનનો છે.

૨ આ પ્રમાણે પ્રકૃતિ પુરૂષના વિવેકને સમજે, તથા પ્રકૃતિના ગુણનો પણ કહેલ પ્રકાર સમજે, તે પુરૂષ પ્રકૃતિમાન્ જણાતાં છતાં પણ જીવનમુક્ત છે.

કોઈ પુરૂષ પોતાના દેહમાં સ્થિત આત્માને મનવડે કરીને ભક્તિયોગ દ્વારા સાક્ષાત્કાર કરેછે, અને કોઈ જ્ઞાનરૂપ ઉપાયથી સાક્ષાત્કાર કરે છે. કોઈ ફલાભિસન્ધિ રહિત કર્મનુષ્ઠાનથી આત્માને જુએ છે. ૨૪

अन्ये त्वेवमजानंतः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरंत्येव मृत्युं श्रुतिपरायणाः २५

કોઈ અધિકારી યુક્ત સ્વરૂપ આત્માને ન જાણીને, જ્ઞાનનિષ્ઠ પુરૂષોથી શ્રવણ કરીને, શ્રવણ નિષ્ઠ થયેલ આત્માની ઉપાસના કરે છે, તે મૃત્યુરૂપ સંસારને તરી જાય છે. ૨૫

यावत्संजायते किंचि-त्सत्त्वं स्थावरजंगमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगा-त्तद्विद्धि भरतर्षभ ॥ २६ ॥

હે ભરતશ્રેષ્ઠ ? જે કાંઈ સ્થાવર-જંગમ પદાર્થ ઉત્પન્ન થાય છે, તે સર્વ પ્રકૃતિ-પુરૂષના સંયોગથી ઉત્પન્ન જાણ્ય.[1] ૨૬

---

૧ સંસારમાં જે કાંઈ ઉત્પન્ન થયેલું મનાય છે, તેમાં વિશેષ અવયવો એક નિયત પ્રકારનો સંયોગજ ઉત્પત્તિ

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति २७

ભૂતોના નષ્ટ થયા છતાં પણ જે નષ્ટ થાય નહિ, એવાં મનુષ્યાદિ શરીરમાં સ્થિત પ્રત્યગાત્માને જે સમાનાકાર નિરખેછે, તેજ સાક્ષાત્કાર કરે છે. ૨૭

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनाऽऽत्मानं ततो याति परां गतिम्

કેમકે, સકળ દેવ-આદિ શરીરમાં સ્થિત

પદવાચ્ય માનવામાં આવેલ છે. એથી સંયોગ વિશેષ સૃષ્ટિ અને ઉત્પત્તિ-આદિ પદોનો એકજ અર્થ જાણવો. 'દ્રષ્ટા જાણવાવાળો, દૃશ્ય-જ્ઞાતવ્ય એ ઉભયનો સંયોગ સંસારનો હેતુ-કારણ છે.' યોગસૂત્રથી પણ એજ અભિપ્રાય કહેલો છે. ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ દ્રષ્ટા-દૃશ્ય, પ્રકૃતિ-પુરુષ, ભોગ્ય-ભોગતા અને સ્ત્રી-પુરુષાદિ બંને પદોથી સર્વત્ર એકજ વાચ્ય વસ્તુ લેવી ઇષ્ટ છે. જેમ મૂળને વાસ્તવિક જાણી લીધાથી શાખાઓમાં જાણવું કાંઇ પણ શેષ રહેતું નથી. તેમ આ સંસારના મૂળ પ્રકૃતિ, પુરુષોને જાણી લીધાથી સર્વે જ્ઞાન થઈ જાય છે

ઇશ્વરાત્માને સમાનાકાર જોનારો પુરૂષ મન-વડે કરીને પોતાના આત્માનો નાશ કરતો નથી એથી ઉત્કૃષ્ઠ ગતિને પ્રાપ્તિ થાય છે.¹ ૨૮

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मान-मकर्तारं स पश्यति २९.

અને જે પુરૂષ સકળ કર્મ શરીરાકારથી પરિણત પ્રકૃતિવડે કરીને દેખે છે, તથા આત્માને અકર્તા દેખે છે, તેજ આત્માને યથા વસ્થિત દેખે છે.² ૨૯

(શુભાશુભ કર્મ કરનાર આત્મા હોવાથી તેમાં વિષમતા સ્પષ્ટ દર્શાવે છે; તોપણ તે સર્વમાં સમ છે, તેનું નિરૂપણ કરે છે.)

---

૧ મનુષ્યદેહ પ્રાપ્ત થયા છતાં જે સ્વશ્રેય કરી શકતો નથી, તે આત્મઘાતી છે, અર્થાત્ જે સ્વશ્રે ક ય રે છે, તેજ પરગતિને પામે છે.

૨ હુંજ કર્તા તથા ભોક્તા છું એમ માને છે, તેણે અભિમાનનો ત્યાગ કરવો ઘટેછે, કેમકે અભિમાનનો ત્યાગ કર્યા વગર કોઈ તત્વજ્ઞાની થઈ શકતો નથી, અને તત્વજ્ઞાન થયા વગર મુક્તિ થતી નથી.

यदा भूतपृथग्भाव-मेकस्थमनुपश्यति
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥३०॥

જ્યારે દેવ-મનુષ્યાદિઓ, દેવ-મનુષ્યાદિનો ભેદ અચિદંશરૂપ એક દેશમાં સ્થિત દેખે છે, ત્યારે પરિશુદ્ધ આત્મ સ્વરૂપ દેખે છે. ૩૦

अनादित्वान्निर्गुणत्वा-त्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौंतेय न करोति न लिप्यते ३१

હે કૌન્તેય ! નિષ્કૃષ્ટ સ્વરૂપ અવિનાશી આ જીવ શરીરમાં સ્થિત છતાં પણ અનાદિ નિર્ગુણ હોવાથી કાંઈ પણ કરતો નથી. અને દેહના સ્વભાવોથી લિપ્ત પણ થતો નથી. ૩૧

यथा सर्वगतं सौक्ष्म्या-दाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ३२

જેમ સકળ વસ્તુ સંયુક્ત આકાશ સૂક્ષ્મ હોવાથી તે તે વસ્તુઓએ કરીને લિપ્ત થતું નથી; તે પ્રમાણેજ સર્વ દેહોમાં અવસ્થિત આત્મા પણ લિપ્ત થતો નથી. ૩૨

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ३३

હે ભારત ! જેમ એક સૂર્ય સમસ્ત આ લોકને પ્રકાશિત કરે છે, તેમ આ ક્ષેત્રી—આત્મ, બાહાર, અન્દર, ચરણથી (તે) મસ્તક પર્યન્ત દેહને પ્રકાશિત કરે છે. ૩૩

क्षेत्रक्षेत्रज्ञयोरेव-मंतरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यांति ते परम् ॥३४॥

इति श्रीमद्भगवद्गीता० क्षेत्र क्षेत्रज्ञ विभागयोगो
नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

જે ઉક્ત પ્રકારથી જ્ઞાન ચક્ષુવડે કરીને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞના ભેદને અને મોક્ષના સાધન અમાનિત્વ—આદિ ગુણવૃન્દને જાણે છે, તે સ્વ સ્વરૂપથી અવસ્થિત આત્માને પ્રાપ્ત થઈ જાયછે.[1] ૩૪

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે ' ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગ
યોગ' નામના ૧૩ મા અધ્યાય સમ્પૂર્ણ.

---

૧ આ અધ્યાયમાં જે રીતે પ્રતિપાદન કર્યું, તે પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપને તથા તેમના સમ્બન્ધનો વિવેક અને ભૂત અર્થાત્ જગતની પ્રકૃતિનો વિવેક જે પુરૂષ બરાબર જ્ઞાન દૃષ્ટિવડે કરીને અનુભવે, તે બ્રહ્મ સાક્ષાત્કાર રૂપ ઉત્તમોત્તમ આનન્દને પ્રાપ્ત થાય છે.

ॐ

*अध्याय १४ मो.

(સ્થાવર-જંગમ, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સમ્બન્ધથી થાય છે, એ બેયનો સંયોગ ઇશ્વરેચ્છાથી થાય છે. અને સંસારની વિચિત્રતા સત્વ, રજ અને તમ ગુણની કરેલી છે, એ વિષય વિસ્તારથી કહેવા માટે ભગવાન તેની પ્રશંસા કરે છે.)

श्रीभगवानुवाच ॥

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः १.

* ગુણનું વર્ણન કરી ગુણ-સ્વરૂપ કાર્ય આદિ સમજાવી 'ગુણસંગ' એજ બંધ છે તો, તે બંધનું રૂપ બતાવી, તેથી શી રીતે દૂર થવું એનો માર્ગ સરલ કરવો. તેમજ જીવ ક્ષેત્રજ્ઞ અને જડક્ષેત્ર એ બેથીજ બધા બ્રહ્માન્ડની ઉત્પત્તિનો નિર્વાહ નથી, એ બેય જેને આધીન છે, તેવા પરમ ચૈતન્ય-બ્રહ્મ-ઈશ્વરની પણ અપેક્ષા છે, તે દર્શાવવું. અને સાંખ્યનો નિષેધ કરવો એવું આ અધ્યાયમાં વિવેચન છે.

શ્રી ભગવાન્ કહે છે કેઃ—સકળ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ પૂર્વોક્ત જ્ઞાનથી, ઉત્કૃષ્ટ સત્વાદિ વિષયક જ્ઞાન પુનઃ હું કહું છું. જે જ્ઞાનદ્વારા મુનિજન આ સંસારનો ત્યાગ કરીને ઉત્કૃષ્ટ સિદ્ધિને પ્રાપ્ત થયા છે.[1] ૧

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायंते प्रलये न व्यथंति च ॥२॥

આ જ્ઞાનને પ્રાપ્ત થઇને, પરમસિદ્ધિને પ્રાપ્ત થયેલા સૃષ્ટિ કાળમાં ઉત્પન્ન થતા નથી અને સંહાર કાળમાં ક્લેશને પ્રાપ્ત થતાનથી.૨

[પ્રકૃતિ અને પુરૂષ ઈશ્વરને આધીન સર્વનું કારણ છે. સ્વતંત્ર નથી, એ દર્શાવે છે.]

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥ ३ ॥

---

૧ અજ્ઞાનનું રૂપ અવિદ્યાજ સર્વ અનર્થોના પ્રચારનું કારણ છે. અને વિદ્યા રૂપ જ્ઞાનજ સર્વ સિદ્ધિયોને દેવાવાળું છે

હે ભારત ! સકળ જગતની ઉત્પત્તિનું સ્થાન મૂળભૂત મારી પ્રકૃતિ છે. તેમાં ગર્ભ-ચેતન પુંજને સંયુક્ત કરૂંછું. તે પ્રકૃતિ પુરૂષ સંયોજન ગર્ભાધાનથી બ્રહ્માદિ સ્તમ્બ પર્યન્ત જન્તુઓની ઉત્પત્તિ છે. ૩

[સૃષ્ટિના આરમ્ભમાં ભૂતોની ઉત્પતિ છે એમ નથી; પરન્તુ નિરન્તર તે મારા અધીન રહી સૃષ્ટિ કરેછે.]

सर्वयोनिषु कौंतेय मूर्तयः संभवंति याः ।
तासां ब्रह्म महद्योनि-रहं बीजप्रदः पिता ॥४॥

હે કૌન્તેય ! સર્વ યોનિયોમાં જે શરીર ઉત્પન્ન થાય છે, તેની યોનિ (માતા) મહદ્[1] બ્રહ્મ, અને હું તો બીજને આપવા વાળો પિતા છું. ૪

सत्त्वं रजस्तम इति-गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥५॥

---

૧ કેટલાક આનો અર્થ અક્ષરબ્રહ્મ અને કેટલાક ત્રિગુણાત્મક પ્રકૃતિ કરે છે.

હે મહાબાહો ! મૂળ પ્રકૃતિથી ઉત્પન્ન સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ વિકાર રહિત આ દેહીને દેહમાં બાંધી લે છે; અર્થાત્ પોતાનાં કાર્ય જે સુખ દુઃખ અને મોહ તેથી યુક્ત કરે છે. ૫

(સત્વ ગુણના સ્વરૂપ સાથે તે કેવા પ્રકારે બન્ધનરૂપ થઈ પડે છે, તે કહે છે.)

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ६ ॥

હે પાપ રહિત ! (અર્જુન !) ત્રણે ગુણોમાં સત્વગુણ નિર્મળ હોવાથી વસ્તુયાથાત્મ્ય જ્ઞાનનો જનક, અને શાન્ત છે. એથી એ સત્વ ગુણ જ્ઞાનસંગ અને સુખસંગવડે જીવાત્માને બાંધી લે છે. ૬

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥७॥

હે કૌન્તેય ! તૃષ્ણા—શબ્દાદિક વિષયની ઇચ્છા, સંગ—પુત્ર—આદિમાં આસક્તિ, એ-

એોનું ઉત્પતિ સ્થાન કામરૂપી રજોગુણને જાણુ તે રજોગુણ આ દેહીને પુણ્ય-પાપરૂપ કર્મ સંગથી બાંધી લે છે. ૭

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभि-स्तन्निबध्नाति भारत ॥८॥

હે **ભારત**! સર્વ દેહધારિયોને મોહજનક અન્યથા જ્ઞાનજન્ય તમોગુણ જાણ, તે તમોગુણ પ્રમાદ, આલસ્ય અને નિદ્રાથી દેહીને બાંધી લે છે.[1] ૮

(પોત પોતાનું કાર્ય કરવામાં સત્વ આદિ ગુણોની અતિશય પ્રબળતા છે.)

सत्त्वं सुखे संजयति रजः कर्माणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥

હે **ભારત**! સત્વગુણ કેવળ સુખમાં, રજોગુણ કેવળ કર્મ વિષયમાં અને તમોગુણ વસ્તુ-યાથાત્મ્ય વિષયક જ્ઞાનનું આવરણ કરી, પ્રમા-

---

૧ આ અધ્યાયમાં અવાન્તર ભેદોના સહ સત્વ આદિ ગુણોનું વર્ણન દર્શાવવાને તે ગુણોથી વૈરાગ્ય થવો જ સર્વોત્કૃષ્ટ મુક્તિનું સાધન કથેલ છે.

દમાં દેહીને પ્રયુક્ત કરી દે છે.[1] ૯

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥१०॥

હે ભારત! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્વગુણ ઉદય થાય છે, સત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ ઉદય થાય છે. અને રજોગુણ તથા સત્વગુણને દબાવીને તમોગુણ ઉદય થાય છે. ૧૦

(સત્વ–આદિ ગુણનાં વૃદ્ધિ પામેલાં ચિહ્ન કહે છે.)

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ११

જ્યારે આ દેહમાં ચક્ષુરાદિ સર્વ ઈન્દ્રિયોદ્વારા વસ્તુયાથાત્મ્યજ્ઞાન પ્રસૃત થાય છે,

---

૧ જે જે ગુણ જ્યારે જ્યારે પ્રબળતાથી હૃદયમાં પ્રાદુર્ભાવ પામેછે, ત્યારે ત્યારે તે તે ગુણ પોતાના પ્રતિકૂળ વિદ્યમાન ગુણ સર્વ સંસ્કારોને આચ્છાદિત વા નિરોધિત કરીને બળપૂર્વક પોતપોતાના કાર્યમાં ખેંચીને પ્રાણીને સંયુક્ત કરી દે છે.

ત્યારે સત્વગુણની વિશેષ વૃદ્ધિ થાય છે, એમ (તું) જાણ. ૧૧

लोभः प्रवृत्तिरारंभः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायंते विवृद्धे भरतर्षभ ॥ १२ ॥

હે ભરતર્ષભ ! રજોગુણની વૃદ્ધિમાં લોભ, પ્રવૃત્તિ લૌકિક્ કર્મોનો આરમ્ભ, ઇન્દ્રિયોની અશાન્તિ, અને વિષયોમાં ઇચ્છા એ ઉત્પન્ન થાય છે. ૧૨

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायंते विवृद्धे कुरुनंदन ॥ १३ ॥

હે કુરુનન્દન ! તમોગુણની વૃદ્ધિમાં અજ્ઞાન, સ્તબ્ધતા, અનવધાનતા અને વિપરીત જ્ઞાન ઉત્પન્ન થાય છે. ૧૩

(અવસાન વેળાએ વૃદ્ધિગત સત્વ-આદિ-ગુણોનું ફળ કહે છે.)

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकान्‌ममलान्प्रतिपद्यते ॥ १४ ॥

સત્ત્વગુણની વૃદ્ધિમાં દેહધારી જ્યારે મરણને પ્રાપ્ત થાય છે ત્યારે (તે) નિર્મળ લોકોને પામે છે. ૧૪

रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥१५॥

રજોગુણની વૃદ્ધિમાં મરણને પ્રાપ્ત થઈ, કામ્ય કર્મ કરવાવાળા જનોમાં ઉત્પન્ન થાયછે. અને તમોગુણની વૃદ્ધિમાં મૃત પુરૂષ પશુ-પક્ષી-આદિયોનિમાં ઉત્પન્ન થાયછે. ૧૫

(સત્ત્વ આદિ ગુણ પોતાના અનુરૂપ કર્મદ્વારા, વિવિધ ફળ આપે છે.)

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःख-मज्ञानं तमसः फलम् ॥१६॥

સુકૃત કર્મનું સત્ત્વગુણ જનિત નિર્મળફળ, રજોગુણનું દુઃખફળ (અને) તમોગુણનું અજ્ઞાનફળ કહે છે. ૧૬

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो-भवतोऽज्ञानमेव च ॥१७॥

સત્ત્વગુણથી આત્મ સાક્ષાત્કાર રૂપજ્ઞાન, રજો-

ગુણથી લોભ, અને તમોગુણથી પ્રમાદ, મોહ (અને) અજ્ઞાન ઉત્પન્ન થાય છે. ૧૭

(સાત્વિક, રાજસ્ અને તામસ્ વૃત્તિવાળાનું ફળ કહે છે,)

ऊर्ध्वं गच्छंति सत्त्वस्था मध्ये तिष्ठंति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छंति तामसाः १८

સત્વગુણ નિષ્ઠ પુરૂષ મોક્ષને પ્રાપ્ત થાય છે. રજોગુણ નિષ્ઠ સ્વર્ગનો અનુભવ કરી, પુણ્ય ક્ષીણ થયા પછી મૃત્યુ લોકમાં જન્મે છે. અને અત્યન્ત નિકૃષ્ટ ગુણનિષ્ઠ નીચ યોનિયોમાં જન્મ લઈ નરક ગામી થાય છે. ૧૮

(પ્રકૃતિથી આત્માનો વિવેક જાણવાથી મોક્ષ થાય છે,)

नान्यं गुणेभ्यः कर्त्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति १९

જ્યારે જીવ સત્વવૃદ્ધિ સમયમાં ગુણોથી ભિન્ન કર્ત્તાને જોતો નથી, અને ગુણોથી અતિરિક્ત પરમાત્માને દેખે છે, ત્યારે તે મારા ભાવને પામે છે. ૧૯

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

દેહી દેહથી ઉત્પન્ન ત્રણ ગુણોથી અતિત આત્માને જાણીને, જન્મ, મૃત્યુ, જરા અને દુઃખ એથી મુક્ત થયેલ આત્મ સ્વરૂપનો અનુભવ કરે છે.[1] ૨૦

(જીવન્મુક્તનાં લક્ષણ, તેનાં આચારણ અને જીવન્મુક્ત થવાનો ઉપાય જાણવાની ઇચ્છાથીઅર્જુન પુછેછે.)

अर्जुन उवाच ॥

कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्त्तते २१

અર્જુન કહે છે કે–હે પ્રભો ! કયાં ચિહ્નોવડે કરીને ગુણ ત્રયાતીત પુરૂષ ઉપલક્ષિત થાય છે? શું આચાર છે ? અને ત્રણ્યે ગુ,

૧ સત્વ–આદિ ગુણોથી સિદ્ધ થવાવાળાં કર્મોના કરવાથીજ તે તેના શુભાશુભ ફળ ભોગવવા માટે મનુષ્ય-આદિ પ્રાણી-જન્મ–મરણના પ્રવાહમાં ભ્રમણ કરે છે, માટે જે ગુણોનું ઉલ્લંઘન કરે છે, તેજ મુક્ત થાય છે.

હોનું કયા ઉપાય દ્વારા ઉલ્લંઘન કરે છે.[1]　　૨૧

(આ વાર્તા જો કે બીજા અધ્યાયમાં સમજાવેલ છતાં પણ વિલક્ષણ રીતે ભગવાન્ કહે છે.)

श्रीभगवानुवाच ॥

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पांडव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति २२

શ્રીભગવાન્ કહે છે કે-હે પાન્ડવ ! જે વસ્તુયાથાત્મ્ય જ્ઞાનફળનાં સાધન કર્મોમાં યત્ન અને વિપરીતજ્ઞાન એ પ્રવૃત્ત થવામાં ત્રાસ પામ નહિ. અને નિવૃત્ત થવામાં તેની ઇચ્છા કરચ નહિ.　　૨૨

(જીવનમુક્તજ જીવનમુક્તનું લક્ષણ જાણીશકે, એમ હોવાથી બીજાઓની જાણમાટે તેનાં આચરણ કહે છે.)

---

૧ ગુણથી ભિન્ન થવાનું શું ચિહ્ન થાયછે ? અને કેવાં તથા કયાં કર્મના સેવનથી ગુણ સમ્બન્ધી સંસાર સાગરથી પાર થવાને મનુષ્ય સમર્થ થાય છે. અને ગુણ છૂટી જવાથી તેની શું દશા તથા ચિહ્ન થાય છે ? એ અર્જુનનો પ્રશ્ન છે.

उदासीनवदासीनो-गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तंत इत्येव योऽवतिष्ठति नेंगते ॥२३॥

તથા ઉદાસીન પુરૂષના સમાન સ્થિત થયેલ સત્વાદિ ગુણોવડે કરીને જે ચલાયમાન થતો નથી, અને સત્વાદિગુણ પોતાના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. એ પ્રકારે જાણીને સાવધાન બેસી રહે છે, કોઈ (પણ) પ્રકારની ચેષ્ટા કરતા નથી. ૨૩

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीर-स्तुल्यनिंदात्मसंस्तुतिः २४
मानापमानयोस्तुल्य-स्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥२५॥

અને જે દુઃખ (તથા) સુખમાં અવિકૃત ચિત્ત, સ્વાત્મૈકનિષ્ઠ, લોહું, પાષણ અને સુવર્ણ એઓમાં સમાન બુદ્ધિવાળા, ઈષ્ટાનિષ્ટ વિષયોમાં તુલ્ય, વિવેક, કુશળ, ગુણદોષ નિમિત્ત પોતાની નિન્દા–સ્તુતીમાં સમાનચિત્ત, માનાપમાનમાં તુલ્ય, શત્રુ અને મિત્રોના પક્ષોમાં તુલ્ય. સાંસારીક કર્મ પરિત્યાગી એવા

જે છે, તેજ ગુણાતીત કહેવાય છે. ૨૪-૨૫

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते २६

જે અનન્ય ભક્તિયોગથી, મારી સેવા કરે છે. તે તે ગુણોનું ઉલ્લંઘન કરી, બ્રહ્મભાવને યોગ્ય થાય છે. ૨૬

ब्रह्मणो हि प्रतिष्ठाह-ममृतस्याव्ययस्य च।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांतिकस्य च २७

इति श्रीमद्भगवद्गीता० गुणत्रयविभागयोगो नाम चतुर्दशोऽध्यायः॥

કેમકે, હું ભોગ્યભૂત વિકારરહિત, પ્રત્યગાત્મસ્વરૂપનો તથા ચિરકાળ સ્થાયી ઐશ્વર્યનો, પરમૈકાન્ત્ય લભ્ય, નિરતિશયાનન્દનો આશ્રય, અપરિચ્છિન્ન જ્ઞાનાનન્દ સ્વરૂપ છું.[1] ૨૭

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે 'ગુણત્રય વિભાગયોગ' નામનો ૧૪ મો અધ્યાયસમ્પૂર્ણ

---

૧ બ્રહ્મલોક શિવલોક વિગેરે તે તે દેવલોકની મુક્તિ, તે દેવલોકનો નાશ થતાં સુધીની હોય છે. તેના આધાર તે તે દેવતા ગણાય છે; પણ અવ્યયમુક્તિ કે જેનું સ્વરૂપ આ અધ્યાયના બીજા શ્લોકમાં જણાવ્યું છે, તેનો આધાર તો ભગવાન્ પોતેજ છે.

ॐ

❀अध्याय १५ मो.

(વૈરાગ્ય પૂર્વક જ્ઞાનોપદેશ કરવાની જીજ્ઞાસાથી વૃક્ષના રૂપકથી સંસારનું વર્ણન કરે છે.)

श्रीभगवानुवाच ॥

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् १.

શ્રી ભગવાન્ કહે છે કે–(હે અર્જુન !) આ સંસાર અશ્વત્થ†–વૃક્ષ સદૃશ છે. સાત

* આગળના અધ્યાયમાં ગુણનો વિવેક કરી બતાવતાં 'બ્રહ્મની પ્રતિષ્ઠા હું છું' એ આદિ તાત્પર્યનો શ્લોક અંતે કથીને 'મારી ભક્તિ કરવાથી ગુણાતીત થવાય' એ વચનથી બતાવેલી ભક્તિનું સ્થાન અહં પ્રત્યયવેદ્ય આત્માજ છે એમ સૂચવ્યું હતું. તેનું હવે વિશેષ વિવરણ કરવા માટે આ અધ્યાયનો પ્રારંભ છે. ભક્તિ શી રીતે કરવી ? કોની કરવી ? બ્રહ્મ કોને જાણવું ? એ વાર્તાના સૂક્ષ્મ વિચાર અત્ર દર્શાવ્યા છે.

† 'અ' એટલે નહિ. 'શ્વ' એટલે પ્રાતઃકાળ 'સ્થા'

લોકોના ઉપર સમષ્ટિરૂપ ચતુર્મુખ બ્રહ્મા જેનું મૂળ છે, અને મૃત્યુ લોકમાં સકળ મનુષ્ય સ્થાવર પર્યન્ત જેની શાખાછે. અને પ્રવાહ રૂપથી અવિનાશી છે. શ્રુતિ પ્રતિપાદિત કામ્ય-કર્મ જેનાં પાનડાં છે, એવા વૃક્ષને જે જાણે છે તેજ વેદવેત્તા છે.[1] ૧

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि
कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २ ॥

એટલે સ્થિર રહેનાર, તાત્પર્ય એછે કે, વિનાશ શીલ હોવાને લીધે પ્રાતઃકાળ પર્યન્ત પણ રહેનાર નથી; અર્થાત્ અનિત્ય છે.

૧ આ વાર્તા શંકરભાષ્યમાં વિસ્તાર પૂર્વક કથેલ છે. તેનો સંક્ષેપ આ છે કે—જેની પ્રકૃતિમૂળ, ઈશ્વરાનુગ્રહથી પ્રાદુર્ભાવ, બુદ્ધિ સ્કન્ધ, ઈન્દ્રિય, ગુફા, મહાભૂત-શાખા, વિષય પાનડાં, ધર્માધર્મ પુષ્પ, અને સુખ દુઃખ ફળ છે. એવા સકળ પ્રાણીઓના આશ્રય સનાતન છે.

તે વૃક્ષની શાખા ઉપર અને નીચે પ્રસરી રહેલી છે, અને સત્વ–આદિ ગુણોથી વૃદ્ધિને પામેલ, શબ્દાદિવિષયરૂપ પલ્લવવાળી[1] છે. બ્રહ્મલોકમાં મૂળવાળાં આ વૃક્ષની કર્મોના અનુબન્ધનવાળી જડ નિચેના મનુષ્ય લોકમાંજ છે; કેમકે મનુષ્ય અવસ્થામાંજ કરેલાં કર્મોવડે કરીને નીચે મનુષ્ય, પશુ–આદિ અને ઉપર દેવ–આદિ શરીર પ્રાપ્ત થાય છે. ૨

न रूपमस्येह तथोपलभ्यते
नांतो न चादिर्न च संप्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूल-
मसंगशस्त्रेण दृढेण छित्त्वा ॥ ३ ॥
ततः पदं तत्परिमार्गितव्यं
यस्मिन्गता न निवर्तंति भूयः ।

૧ પલ્લવ એટલે કુમળાં પાનડાં જેમ દેખાવમાં ઘણાં સારાં લાગે છે, પણ તે કાંઇ છાંયડા આપે એવાં નથી. તેમ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો દેખીતા ઘણા સારા લાગે છે, પણ તે પ્રાણીનું જરાપણ શ્રેય કરનાર નથી.

तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

આ વૃક્ષનું રૂપ, અન્ત, આદિ અને સ્થિતિ કોઇ સાંસારિકને દૃષ્ટિગોચર થતી નથી. આ દૃઢ મૂળવાળા સંસારરૂપી અશ્વત્થને, વૈરાગ્યરૂપ દૃઢ શસ્ત્રથી છેદન કરી, પુનઃ જેવડે આ ગુણમય પ્રાચીન સંસારની પ્રવૃત્તિ થાય છે, તે આદ્ય પુરૂષના શરણ થઇને, તે સ્થળ શોધવું જોઇએ કે, જેમાં પ્રાપ્ત થયેલ જન પુનઃ સંસારમાં આવે નહિ. ૩-૪

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥

જે દેહાત્માનુરૂપ, મોહ રહિત, વિષયમાં આસક્તિરૂપ દોષને જીતવાવાળા, આત્મજ્ઞાનમાં નિરત, આત્મવ્યતિરિક્ત વસ્તુમાં કામ-

નાથી નિવૃત્ત સુખ દુઃખ નામના દ્વન્દ્વ પદા-
ર્થોથી મુક્ત, વિવેકી, નાશ રહિત આત્મસ્વ-
રૂપને પ્રાપ્ત થાય છે.[1] ૫

न तद्भासयते सूर्यो-न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्त्तते तद्धाम परमं मम ॥ ६ ॥

જે ધામમાં યોગીજન જઈને નિવૃત્ત થતા નથી, તે મારૂં પરમોત્કૃષ્ટ જ્યોતિઃ સ્વરૂપ ધામ છે, તે આત્મસ્વરૂપ જ્યોતિને સૂર્ય, ચન્દ્ર અને અગ્નિ એ પ્રકાશિત કરી શકતા નથી. ૬

---

૧ અહંકાર અને મોહ—આદિ દોષ ઈશ્વર ભક્તિરૂપ શરણાગતિના પણ શત્રુ છે. એથી અહંકાર—આદિના ત્યાગ વામાં પણ મુમુક્ષુ પુરૂષે મહાપ્રબળ ઉપાય કરવો જોઈએ. ઈશ્વર ભક્તિની અપેક્ષાએ એ અહંકાર—આદિનો ત્યાગ ગૌણ સાધન છે; તો પણ અન્ય નાનાં નાનાં સાધનોની અપેક્ષાએ તેનો ત્યાગ મુક્તિનું મુખ્ય સાધન છે. ઈશ્વ-રભક્તિથી અહંકાર—આદિ દોષોની નિવૃત્તિ થઈ શકે છે. અને ભક્તિ થવાથી હૃદયમાં તે ઠેરી શકતા નથી; પરન્તુ અહંકારાદિ છુટતાં ભક્તિ અવશ્ય થાય એ નિયમ નથી. અને બન્નેથી મોક્ષ થઈ શકે છે. માટે ભક્તિ પ્રધાન અંગ છે

[સંસાર કોને પ્રાપ્ત થાય છે, તે કહે છે.]

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानींद्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥

સનાતન પ્રત્યગાત્મા મારા અંશભૂત અવિદ્યારૂપ વેષ્ટનથી બંધાયલ શરીરમાં સ્થિત મન જેમાં છઠ્ઠું છે, એવી પાંચ ઇન્દ્રિયોને ગ્રહણ કરી, કર્મફળ ભૂમિમાં જ્યાં ત્યાં સંચાર કરે છે. ૭

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गंधानिवाशयात् ८

ઇન્દ્રિયોના નિયન્તા જીવાત્મા જે શરીરને પ્રાપ્ત થાય છે, અને જે શરીરથી નિકળે છે, જેમ વાયુ ચન્દન, કસ્તુરિ—આદિના સૂક્ષ્મ અવયવો સહિત ગન્ધને લઇને ગમન કરે છે, તેમ આ ઇન્દ્રિયોભૂત—સૂક્ષ્મોનો સંગ ગ્રહણ કરીને અન્ય સ્થળે ગમન કરે છે. ૮

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनाश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ અને મન એના અધિષ્ઠીત થઈને જીવાત્મા એઓના શબ્દાદિક વિષયોને ભોગવે છે. ૯

उत्क्रामंतं स्थितं वापि भुंजानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यंति पश्यंति ज्ञानचक्षुषः १०

સત્વ—આદિ ગુણયુક્ત, કોઈ શરીરથી નિકળવાવાળો, કોઇ શરીરમાં સ્થિત રહેવાવાળો, વિષયોનો અનુભવ કરવાવાળો, એવા જ્ઞાનેકાકાર જીવાત્માને મૂઢ જન જાણતા નથી; પરન્તુ જ્ઞાનરૂપ ચક્ષુવાળા સાક્ષાત્કાર કરીશકેછે.૧૦

[આત્માના જ્ઞાનને વિવેકીમાં પણ થોડાજ જાણે છે.]

यतंतो योगिनश्चैनं पश्यंत्यात्मन्यवस्थितम् ।
यतंतोऽप्यकृतात्मानो नैनं पश्यंत्यचेतसः ११

મારી શરણાગતિમાં યત્ન કરનારાળા, યોગીજન શરીરમાં સ્થિત આ જીવાત્મને

જોઈ લેછે, અને વિષયોમાં આસક્ત થયેલ મારી શરણાગતિથી રહિત આત્માવલોકનમાં ચિત્ત રહિત એ પ્રમાણે યત્ન કર્યા છતાં પણ આત્માને જોતા નથી.[1] ૧૧

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् १२

સૂર્ય, ચન્દ્ર, અને અગ્નિ એમાં સ્થિત જે તેજ સકળ જગતને પ્રકાશિત કરે છે, તે સર્વ મારૂં તેજ છે, એમ (તું) જાણ. ૧૨

---

૧ આત્મજ્ઞાન થયા વગર દુઃખથી કોઇ મુકત થતો નથી. એથી પોતાનું કલ્યાણ થવા અને દુઃખથી છુટવાની જીજ્ઞાસાવાળા પુરૂષે જીવાત્મ જ્ઞાનને માટે મહાન્ પ્રયત્ન કરવું જોઇએ; કેમકે જ્યારે સામાન્ય રીતીથી યોગાભ્યાસ કરતા જીવાત્માના સ્વરૂપને જોતા નથી, એથી તે કૃતકાર્ય થતો નથી. તેથી જન્મ—મરણ અને શરીર ધારણ કરવા સમય વિશેષ ઉપાયો દ્વારા અન્દર સૂક્ષ્મ વિચારરૂપ જ્ઞાન ચક્ષુથી આત્માની ગતિ શોધવી જોઈએ. જીવાત્મ જ્ઞાન થવાથી પરમાત્માને જાણવા અતિ સમીપ અને સુલભ છે.

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीःसर्वाः सोमो भूत्वा रसात्मकः १३

હું પૃથિવીમાં પ્રવિષ્ટ થઇને પોતાના સામર્થ્યથી સકળ ભૂતોને ધારણ કરૂં છું, અને રસાત્મક ચન્દ્રમા થઇને સકળ ઔષધીઓનું પોષણ કરૂં છું. ૧૩

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् १४

હું જઠરાગ્નિ થઇને પ્રાણિયોના દેહમાં પ્રવિષ્ટ છું અને પ્રાણવાયુ અપાન વાયુથી સંયુક્ત થઈ ચાર[1] પ્રકારનાં ભોજન કરેલ પ્રાણીઓનાં અન્નને પચાવું છું. ૧૪

सर्वस्य चाहं हृदि सन्निविष्टो
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।

---

૧ દાંતવડે ચાવીને ખાવાના પદાર્થ, ભક્ષ્ય, દાંતવગર જીભથી જમાય તે ભોજ્ય જેવાં કે દાળ, દુધપાક વિગેરે. ચાટીને ખાવાના પદાર્થ તે લેહ્ય અને ચુસીને ખાવાના પદાર્થ તે ચોષ્ય એ ચાર પ્રકારનો ખોરાક.

वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदांतकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

હું સકળ ભૂતોના હૃદય કમળમાં સન્નિવિષ્ટ છું, મારાથીજ સ્મૃતિ, પ્રત્યક્ષાદિરૂપ, વસ્તુ યાથાત્મ્ય જ્ઞાન્ વિલક્ષણ તર્ક ઉત્પન્ન થાય છે, એથી હુંજ મુખ્યતાથી સર્વ વેદ પ્રતિપાદ્ય કર્મ ફળ દાતા અને વેદવેત્તા છું. ૧૫

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते १६

જગત્માં ક્ષર અને અક્ષર એમ બે પુરૂષ પ્રસિદ્ધ છે, ત્યાં બ્રહ્માદિ સ્તમ્બ પર્યન્ત સર્વ ભૂતક્ષર કહેવાય છે, અને મુક્તાત્મા પુરૂષ અક્ષર કહેવાય છે. ૧૬

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः॥१७॥

જે વિકાર રહિત, સર્વ નિયન્તા, પરમાત્મા બદ્ધ, મુક્ત, નિત્યરૂપ ત્રણે લોકમાં પ્રવિષ્ટ

થઇને ધારણ પોષણ કરેછે, તેજ બદ્ધ મુક્તથી અતિરિક્ત પરમાત્મા વેદાન્તમાં કહે છે. ૧૭

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः १८

જે કારણથી હું ક્ષર–જીવાત્મા અને અક્ષર મુક્ત પુરૂષ એઓથી પણ ઉત્કૃષ્ટછું. એથી લોક તથા વેદમાં પુરૂષોત્તમ નામથી પ્રસિદ્ધછું. ૧૮

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥१९॥

હે ભારત! જે ઉત્તમ જ્ઞાનિજન આ પૂર્વોક્ત પ્રકારથી મને પુરૂષોત્તમ જાણેછે, તે મારી સમસ્ત પ્રાપ્તિના ઉપાય જાણનાર છે, એ માટે સર્વ પ્રકારે મારૂં ભજન કરે છે. ૧૯

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत॥२०॥

इति श्रीमद्भगवद्गीतासू० पुरुषोत्तमयोगो नाम
पंचदशोऽध्यायः ॥ १५ ॥

હે પાપરહિત ! (અર્જુન !) આ પ્રકારે અતિ ગુહ્ય શાસ્ત્ર મેં કથેલ છે હે ભારત ! એને જાણીને પુરૂષ બુદ્ધિ યુક્ત થઈને કૃત કૃત્ય થઈ જાય છે. ૨૦

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે, 'પુરૂષોત્તમ યોગ' નામનો ૧૫ મો અધ્યાય સમ્પુર્ણ.

ॐ

*अध्याय १६ मो.

(તત્વજ્ઞાનના અધિકારીમાં રહેવાવાળી દૈવી સમ્પત્તિ કહે છે.)

श्रीभगवानुवाच ॥

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् १
अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् २
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

શ્રીભવાન્ કહે છે કે:—અભય, અન્તઃકરણ શુદ્ધિ, જ્ઞાનયોગ નિષ્ઠા, ન્યાયવડે ઉપાર્જન-

---

* આ અધ્યાયમાં તત્વજ્ઞાનના અધિકારી તથા અનધિકારીનો વિવેક દર્શાવ્યો છે.

કરેલું દ્રવ્ય સુપાત્રને આપવું, મનનો નિગ્રહ, ફલાભિસન્ધિ રહિત મહાયજ્ઞનું અનુષ્ઠાન, વેદાભ્યાસ, ભગવત્ પ્રીતિજનક શરીર ક્લેશ–આદિ, સર્વમાં સરલતા, પારકાની પીડાની નિવૃત્તિ ભૂત હિત વાક્ય, અક્રોધ, ત્યાગ, ઈન્દ્રિય નિગ્રહ, કોઈની ચાડી કરવી નહિ, સર્વ પ્રાણીમાત્રમાં દયા રાખવી, વિશેષલોભ કરવો નહિ, મૃદુતા અકૃત્ય કરવામાં લજ્જા, ચપળતાનો ત્યાગ, તેજ, ક્ષમા, ધૈર્ય, શૌચ, અન્તર્બાહ્યશુદ્ધિ, અદ્રોહ અને વિશેષ માન ન ઇચ્છવું. હે ભારત! મારીદૈવી આજ્ઞાનુરૂપ સમ્પત્તિ ભોગવવાને માટે જન્મવાળા પુરૂષોમાં આ સર્વ ગુણ હોય છે. ૧–૩

(આસુરી સમ્પત્તિ કહે છે.)

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ४

હે પાર્થ! દમ્ભ–ધાર્મિકતા દર્શાવવા માટે

ધર્માનુષ્ઠાન કરવું, દર્પ—વિદ્યાધનાદિકથી હર્ષ પામવો, અભિમાન, ક્રોધ—ચિત્તનો ક્ષોભ, પારુષ્ય, સાધુજનોને ઉદ્વેગ કરવાવાળો સ્વભાવ અને અજ્ઞાન એ સર્વ આસુરી સમ્પત્તિ ભોગવવાને માટે જન્મ લેવાવાળા પુરૂષોને થાય છે. ૪

दैवी संपद्विमोक्षाय निबंधायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव ५

દૈવી સમ્પત્તિથી મોક્ષ અને આસુરી સમ્પત્તિથી બન્ધન થાય છે. હે પાન્ડવ ! તું શોક ન કરય; કેમકે તું દૈવી સમ્પત્તિ ભોગવવાને માટે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો છે. ૫

(આસુરી સૃષ્ટિમાં રાક્ષસી તથા આસુરી અન્તર્ગત સમજવી.)

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ६

આ લોકમાં પ્રાણીઓના દૈવ અને આસુર

એવા બે પ્રકારના સર્ગ છે. તેમાં દૈવ-કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ, એ સર્ગ વિસ્તાર પૂર્વક કહ્યા. હવે હે પાર્થ ! આસુર સર્ગ કહું છું, તે તું શ્રવણ કરય. ૬

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ७

આસુર સ્વભાવવાળાં જન[1] પ્રવૃત્તિ-અભ્યુદય સાધન વૈદિક કર્મ, નિવૃત્તિરૂપ કર્મ મોક્ષ સાધન વૈદિક કર્મને જાણતાં નથી. શૌચ શાસ્ત્રોક્ત આચરણ અને સત્ય-હિતરૂપ ભાષણ એ સર્વ એઓમાં નથી. ૭

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

તે આસુર સ્વભાવવાળા જન જગત્‌ને અસત્ય,[2] અનીશ્વર-જેનો કર્તા ઇશ્વર નથી.

૧ ચાર્વાક તેનું બીજું નામ લૌકાયતિક છે. અને તેને નાસ્તિક પણ કહે છે.

૨ ચાર્વાકોનો એ સિદ્ધાન્ત છે કે त्रयो वेदस्य क-

બ્રહ્મમાં પ્રતિષ્ઠિત જગત્‌ને અપ્રતિષ્ઠિત એમ કથે છે. અને એમ પણ કથે છે કે–પરસ્પર કામથી પ્રેરિતસ્ત્રી–પુરૂષના સંયોગથી [1]જગત્ ઉત્પન્ન થાય છે. બીજું કાંઇ (પણ) કારણ નથી. ૮

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥९॥

આ કહેલ દૃષ્ટિનું અવલમ્બન કરી, નષ્ટ-સ્વભાવ અલ્પબુદ્ધિવાળા જન, જગત્‌ના કંટક રૂપ થયેલ જગત્‌ના નાશને અર્થે ઉગ્રહિંસા આદિ કર્મોમાં પ્રવૃત્ત રહે છે. ૯

काममाश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ।
मोहाद्गृहीत्वासद्ग्राहान्प्रवर्तंतेऽशुचिव्रताः ॥१०॥

नारो भण्ड धूर्त्त निशाचराः । અર્થાત્ વેદના, ભાંડ, ધૂર્ત્ત અને નિશાચાર એ ત્રણ કર્તા છે.

[1] માખીના સંયોગથી મધના સમાન સ્ત્રી પુરૂષના સંગથી જીવ ઉત્પન્ન થાય છે. અને જડ સ્વભાવ સિદ્ધ છે.

કોઈ (પણ) પ્રકારે પૂર્ણ ન કરી શકાય, એવા કામના આશ્રય થઈને અજ્ઞાનથી અન્યાય ગૃહિત અર્થોને ગ્રહણ કરી શાસ્ત્ર વિરૂદ્ધ નિયમવાળા, દમ્ભ, માન અને મદ એ વડે યુક્ત થઈને રહે છે. ૧૦

चिंतामपरिमेयां च प्रलयांतामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ११

અને અપરિચ્છિન્ન પ્રલય કાળ પર્યન્ત ચિન્તાના આશ્રિત થયેલ કામ, અને ઉપભોગોને પરમ પુરૂષાર્થ માનતા જન, એથી વિશેષ પુરૂષાર્થ નથી એવા નિશ્ચયવાળા રહેછે. ૧૧

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहंते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥१२॥

અનેક આશારૂપ ફાંસીયોથી બંધાયલ કામ અને ક્રોધમાં તત્પર તે કામોપભોગને માટે, અન્યાયથી દ્રવ્ય સંચય કરવાની ઈચ્છા કરે છે. ૧૨

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥१३॥

હવે આ ક્ષેત્ર–પુત્રાદિક મેં પુરૂષાર્થ કરીને લબ્ધ કરેલ છે, અને આ મનોરથને હુંજ પ્રાપ્ત થઊં. મારીશક્તિથી આ ધન પ્રાપ્ત થાય છે. પુનઃમારાં સામર્થ્યથી પ્રાપ્ત થશે. ૧૩

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी १४

મેં આ શત્રુ માર્યા, અને અન્યને મારીશ. ઈશ્વર, ભોગી, સિદ્ધ, બળવાન્ અને સુખી હુંજ છું. ૧૪

आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः १५

ધનાઢય, (અને) ઉત્તમ કુળમાં ઉત્પન્ન હુંજછું. આ લોકમાં મારા સમાન અન્ય કોઈ પણ નથી. હું સ્વતઃજ યજ્ઞ કરીશ, દાનદઈશ, અને આનન્દ કરીશ. એમ અજ્ઞાનથી વિમોહિત થઇને માને છે. ૧૫

अनेकचित्तविभ्रांता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतंति नरकेऽशुचौ ॥१६॥

મનની અનેક વૃત્તિયોવડે કરીને ક્ષોભયુક્ત મોહજાળથી આચ્છાદિત, કામ ભોગોમાં અત્યન્ત આસક્ત થયેલ, તે મનુષ્ય અતિનિંદ્ય નરકમાં પડે છે. ૧૬

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ।
जयंते नामयज्ञैस्ते दंभेनाविधिपूर्वकम् ॥१७॥

તે જન પોતાની મોટાઈમાં તત્પર, પૂર્ણ અભિમાનથી પોતાને કૃતકૃત્ય માનવાવાળા ધન, માન અને મદ એ વડે કરીને યુક્ત થયેલ ખ્યાતિરૂપ એક પ્રયોજન છે, માટે શાસ્ત્રોક્ત પ્રકાર પરિત્યાગ પૂર્વક યજન કરે છે. ૧૭

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषंतोऽभ्यसूयकाः ॥१८॥

અહંકાર, બળ, દર્પ, કામ, અને ક્રોધ તેના આશ્રિત રહેલ મનુષ્ય પોતાના તથા અન્યોના

દેહ વિષે રહેલા પુરુષોત્તમ મારી સ્થિતિમાં હું
યુક્તિયો કરીને દોષારોપણ પ્રકટ કરી, મને
સહન ન કરી, નિન્દા કરે છે. ૧૮

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥१९॥

માારા વિષે દ્વેષ કરવાવાળા, ક્રૂર, અમંગળ
અને નરાધમ એ અસુરોને સકળ જગત્‌નો
નિયન્તા હું નિરન્તર જન્મ-મરણાદિરૂપ સં-
સારમાં ક્રૂર કર્મવાળી આસુરી યોનિયોમાંજ
વારમ્વાર નાખું છું. ૧૯

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् २०

હે કુન્તીના પુત્ર! તે આસુરી યોનિને
પ્રાપ્ત થઈ, જન્મોજન્મ જ્ઞાન રહિત થઈ, મને
યથાયોગ્ય ન જાણીને પુનઃ પૂર્વ જન્મથી પણ
અધમ નીચ યોનિને પ્રાપ્ત થાય છે. ૨૦

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् २१

કામ, ક્રોધ, અને લોભ એ ત્રણેય આત્મ સ્વરૂપના, નાશક તથા નરકના હેતુ છે; એ માટે (એ) ત્રણેયનો તું ત્યાગ કરય. ૨૧

एतैर्विमुक्तः कौंतेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् २२

હે કુન્તીના પુત્ર ! વિપરીત જ્ઞાનના હેતુ કામ, ક્રોધ અને લોભ એથી વિમુક્ત થયેલ પુરૂષ પોતાના કલ્યાણ રૂપ ભક્તિયોગનાં આચરણ કરે છે, તે ભક્તિયોગથી પરમ ગતિને પ્રાપ્ત થઈ જાય છે. ૨૨

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् २३

જે પુરૂષ શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી, પોતાની ઈચ્છાનુસાર આચરણ કરેછે, તે સ્વર્ગાદિ રૂપ સિદ્ધિને પ્રાપ્ત થતો નથી. તો (પછી) પરમગતિ (મોક્ષ)ની પ્રાપ્તિ તેને થવાનો સમ્ભવજ નથી. ૨૩

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि २४

इति श्रीमद्भगवद्गीतासू० दैवासुरसंपद्विभागयोगो
नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

એથી કાર્ય—અકાર્યની વ્યવસ્થામાં શાસ્ત્ર પ્રમાણ કરી, તે શાસ્ત્ર વિધાનમાં કહેલ કર્મોને પણ જાણીને તેજ કર્મોને ગ્રહણ કરવાને તું યોગ્ય છો.　　૨૪

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે. 'દૈવાસુર સંપદ્વિભાગ'
યોગ નામનો ૧૬ મો અધ્યાય સમ્પુર્ણ.



ॐ

*अध्याय १७ मो.

(શાસ્ત્રોક્ત વિધિનો ત્યાગ કરી, યદૃચ્છા પ્રમાણે ન અનુસરતાં માત્ર શ્રદ્ધાવંત અનુસરણ કરે છે. તેને અધિકાર છે કે નહિ ? એ અર્જુન પુછે છે.)

अर्जुन उवाच ॥

ये शास्त्रविधिमुत्सृज्य यजंते श्रद्धयान्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः १.

અર્જુન કહે છે કે:—હે કૃષ્ણ ! શાસ્ત્રરૂપ આપની આજ્ઞાનો ત્યાગ કરીને, આસ્તિક બુદ્ધિવડે કરીને યુક્ત થયેલ જે પુરૂષ યજન કરે છે, તે પુરૂષોની કેવા પ્રકારની નિષ્ઠા—શ્રદ્ધા અર્થાત્ શું સ્વરૂપ છે ? એટલે કે તેઓની સા-

* આ અધ્યાયમાં શાસ્ત્ર ન જાણનાર જનો પણ નિષ્કામ રહી શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રોક્ત કર્મમાં પ્રવૃત્ત રહે- નાર જનોને, શમાદિ સંપત્તિ પ્રાપ્તિદ્વારા જ્ઞાન તથા મોક્ષ સમજવાની યોગ્યતા થાય છે, એમ બતાવવામાં આવ્યો

ત્વિકી, રાજસી કે તામસી નિષ્ઠા છે.[1]   ૧

श्रीभगवानुवाच ॥

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु २

શ્રી ભગવાન્ કહે છે કેઃ—દેહધારિયોની પ્રાચીન વાસના નિમિત્તિક સાત્વિકી, રાજસી અને તામસી એ પ્રમાણે ત્રણ્ય પ્રકારની શ્રદ્ધા છે, તે તું શ્રવણ કરય.   ૨

(શ્રદ્ધા ત્રણ્ય ગુણ મિશ્રિત હોવાથી ત્રણ પ્રકારની થાયછે.)

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ३

૧ જે લોક વેદશાસ્ત્રમાં લખેલા યજ્ઞ—આદિના વિધાનને જાણે છે, અને તે વિધાનને છોડીને શ્રદ્ધાથી યજ્ઞ કરી શકતા નથી. અને લોક રૂઢી પ્રાયઃ શાસ્ત્રના અનુસાર સર્વથા હોતી નથી; અર્થાત્ લોકમાં સદા શાસ્ત્ર વિરૂદ્ધ પરમ્પરા ચાલ્યા કરે છે, એ માટે વેદશાસ્ત્રને ન જાણવા-વાળા કર્મમાં તત્પર શ્રદ્ધાળુ મનુષ્ય લોકચાલ અનુસાર શુભ કર્મોનાં આચરણ કરતાં કેવાં ફળ પામે છે, એ અર્જુનનો આશય છે.

હે **ભારત**! સકળ દેહધારિયોની અન્તઃકરણાનુગુણ શ્રદ્ધા હોય છે; અર્થાત્ જેવું ગુણ વિશિષ્ટ અન્તઃકરણ હોયછે, તેવીજ શ્રદ્ધા હોય છે. એ શ્રદ્ધામય છે; અર્થાત્ શ્રદ્ધારૂપ પરિણામવાળો (પુરૂષ) છે. જે પ્રકારે જેની શ્રદ્ધા થાય છે, તે તેવોજ થાય છે; અર્થાત્ શ્રદ્ધા વિશેષ જન્ય ફળવાળો થાય છે. ૩

यजंते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजंते तामसा जनाः॥४॥

સાત્વિકજન ઇન્દ્રાદિક દેવતાઓનું, રાજસ્‌જન; યક્ષ–રાક્ષસોનું અને તામસ્‌જન, ભૂત–પ્રેતાદિકોનું પૂજન કરે છે. ૪

अशास्त्रविहितं घोरं तप्यंते ये तपो जनाः ।
दंभाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥५॥
कर्षयंतः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवांतः शरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ६

[1]દમ્ભ અને અહંકારથી યુક્ત કામ તથા અનુરાગથી વેષ્ટિત શરીરમાં રહેલ પંચમહાભૂત અને શરીરના મધ્યમાં રહેવાવાળા જીવાત્માને ક્લેશ આપતા જે મૂઢજન શાસ્ત્ર વિરૂદ્ધ અતિ દારૂણુ તપ કરે છે, તેનો અસુરોના સમાન નિશ્ચય છે, એમ તું જાણ. ૫-૬

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥७॥

સર્વના આહાર અને યજ્ઞ, તપ અને દાન એ ત્રણુ ત્રણુ પ્રકારનાં હોય છે, તેના ભેદને શ્રવણુ કરચ. ૭

[સત્વગુણી આહારનુ સેવન કરવું જોઇએ]

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याःस्निग्धाःस्थिराहृद्याआहारासात्त्विकप्रिया

૧ મનુષ્યોને ઠગવાને માટે કાંટા ઉપર શયન કરવું પોતાના પગ વૃક્ષની ડાળીમાં બાંધી ઊંધે માથે લટકવું, દસ વીશ છાણાંની ઢગલીયો કરીને સળગાવી તેના વચમાં બેસવું, અર્થાત્ પંચધુણી તાપવી ઇત્યાદિ શાસ્ત્રવિરૂદ્ધ આગર વ્રત સુપ્રસિદ્ધ છે

આયુ, જ્ઞાન, બળ, આરોગ્ય, શરીરસુખ, પ્રીતિને વધારનાર, રસયુક્ત, સ્નિગ્ધ, સ્થિર અને રમણીય આહાર સાત્વિક્ પુરૂષોને પ્રિય હોય છે. ૮

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ९

કડવા, ખાટા, ખારા, અતિ ઉષ્ણ, તીખા, ઉદરમાં દાહ કરવાવાળા, દુઃખ, શોક અને રોગને દેવાવાળા, આહાર રાજસ્ જનને પ્રિય હોય છે. ૯

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् १०

ઘણા સમયથી રાખી મુકેલું, સ્વાભાવિક્ રસરહિત, દુર્ગન્ધવાળું, વાશી, ઉચ્છિષ્ટ-એઠું અને અપવિત્ર ભોજન તામસ્ જનને પ્રિય હોય છે. ૧૦

(ત્રણ પ્રકારના યજ્ઞ કહે છે.)

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः११

ભગવદારાધનરૂપ યજ્ઞ અવશ્ય કરવા જોઇએ. આ પ્રકારે મનને સાવધાન કરી, ફળની ઇચ્છા ન કરતાં વિધિપૂર્વક જે યજ્ઞ કરવામાં આવે છે, તે સાત્ત્વિક્ છે. ૧૧

अभिसंधाय तु फलं दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम्॥१२॥

હે ભરત શ્રેષ્ઠ ! જે પુરૂપ ફળની ઇચ્છા કરીને, પ્રશંસાને માટે યજ્ઞ કરે છે, તેને તું રાજસ્ જાણ. ૧૨

विधिहीनमसृष्टान्नं मंत्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥१३॥

શાસ્ત્રમાં કહેલ વિધિ વગરનો, ઉચિત્ અન્ન, દ્રવ્ય—આદિથી હીન, મંત્રહીન અને દક્ષિણા રહિત, શ્રદ્ધાથી રહિત જે યજ્ઞ તેને તામસ્ અભિજ્ઞ જન કહે છે. ૧૩

તપના ત્રણય ભેદ કહ્યા પહેલાં શરીર--આદિ ત્રણય
પ્રકારનું તપ કહે છે.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥१४॥

દેવ, બ્રાહ્મણ, આચાર્ય અને વિદ્વાન્ એઓનું પૂજન–પ્રત્યુત્થાન, પ્રદક્ષિણા અને નમસ્કાર–આદિ, અને તીર્થાચરણ, મન–વાણી અને શરીરનું ઐક્ય, બ્રહ્મચર્ય–સ્ત્રીઓમાં અનુરાગસહ અવલોકન ન કરવું, અને અહિંસા એ શારીરિક તપ કહેવાય છે. ૧૪

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च सत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते १५

કોઈના મનને ઉદ્વેગ ન કરનાર, સત્ય, પ્રિય અને હિત એવું ભાષણ તથા વેદાભ્યાસ એ વાંગ્મય તપ કહેવાય છે. ૧૫

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥१६॥

મનની પ્રસન્નતા, સૌમ્યતા—પરપુરૂષના અભ્યુદયમાં પ્રવીણ, મૌન, મનોનિગ્રહ અને હૃદય શુદ્ધિ એ માનસિક્ તપ કહેવાય છે. ૧૬

(ત્રણ્ય તપના ત્રણ્ય પ્રકાર ફરીથી કહે છે.)

श्रद्धया परया तप्तं तपस्तत्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते १७

ફળની ઇચ્છા રહિત, ભગવત્ ધ્યાનમાં તત્પર મનુષ્યોવડે કરીને શ્રદ્ધા પૂર્વક જે ત્રણ્ય[1] પ્રકારનું તપ તેને સાત્વિક્ (તપ) કહે છે. ૧૭

सत्कारमानपूजार्थं तपो दंभेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् १८

અને જે તપ પોતાના સત્કાર, માન અને પૂજનને અર્થે દમ્ભથી કરવામાં આવે છે, તે ચંચળ, અસ્થિર રાજસ્ (તપ) કહેવાય છે.૧૮

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम्॥१९॥

---

૧ કાયિક, વાચિક અને માનસિક્.

જે દુરાગ્રહથી પોતાની શક્તિ વગર પીડા કરીને અને શત્રુઓના નાશને માટે અભિચારાદિરૂપ તપ કરવામાં આવેછે, તે તામસ તપ કહેવાયછે

[દાનના ત્રણ્ય પ્રકાર કહે છે.]

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् २०

ભગવદારાધનક વેષથી દાન આવશ્યક કર્ત્તવ્ય છે. એ વિચારથી જે દાન અનુપકારીઓને અર્થે પુણ્ય[1] ક્ષેત્ર, ગ્રહણ—આદિ પુણ્ય[2]—કાળ અને પાત્રમાં[3] દાન અપાય છે, તે સાત્વિક્ દાન કહેવાય છે. ૨૦

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् २१

પ્રત્યુપકાર માટે અથવા પુનઃફળ થવાની આકાંક્ષાથી તથા મનથી કચવાઇને પણ જે દેવાય તે રાજસ્ દાન કહેવાય છે. ૨૧

---

૧ કાશી પ્રયાગ- આદિ.
૨ ગ્રહણ, સંક્રાંતિ, અને વ્યતિપાત-આદિ.
૩ યોગ્ય પુરૂષ.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

અયોગ્ય દેશમાં, અયોગ્ય કાળમાં કુપાત્ર પુરૂષને અસત્કાર પૂર્વક જે દાન દેવામાં આવે છે, તે તામસ (દાન) કહેવાય છે. ૨૨

(રજોગુણી તથા તમોગુણી દાનને સત્વગુણી કરવાનો પ્રકાર કહે છે,)

ओं तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा २३

[1]ઓમ્-તત્-સત્ એ ત્રણ પ્રકારનો નિર્દેશ, બ્રહ્મનો કથેલ છે; અર્થાત્ વેદ પ્રતિપાદ્ય

૧ કર્તા, કર્મ અને સાધન વા પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા એ ત્રણેય પદાર્થોના સર્ગારમ્ભમાં પરમાત્માએ ભિન્ન ભિન્ન પોતાના ત્રણ નામોના અભિપ્રાયાર્થને સિદ્ધ કરવાને માટે બનાવેલ છે. વેદને સર્વોપરી પ્રમાણ કરેલ છે કે, એ પરમોત્તમ પ્રમાણથી પ્રમાતા એટલે બ્રાહ્મણ વા જે વેદને પરમ પ્રમાણ પોતાના ચક્ષુ માનીને ચાલે છે, તે બ્રાહ્મણ અને જે યજ્ઞ-આદિ ધર્મ કૃત્યને પ્રમાતા લોક પ્રમાણરૂપ વેદથી જાણી, પોતે અનુષ્ટાન કરે, (અને) અન્યને કરાવે તે પ્રમેય છે. એ ત્રણેયના અભિપ્રાયને જે યથાર્થ જાણે છે, અને તદનુસાર અનુસરણ કરે છે, તે પીડિત ન થતાં સુખ પામે છે અને

કર્મના આદિમાં ॐ એ શબ્દનો પ્રયોગ કરે, અન્તમાં તત્–સત્ શબ્દનો અન્વય આવા વિભાગથી ત્રિવિધ નિર્દેશ સહિત બ્રાહ્મણ, વેદ અને યજ્ઞ પ્રથમ મેં રચેલ છે, ૨૩

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपः क्रियाः ।
प्रवर्तंते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् २४

એ માટે ॐ ઉચ્ચારણ કરીને, બ્રહ્મવાદિયોની શાસ્ત્રોક્ત યજ્ઞ, દાન અને તપરૂપ ક્રિયા સર્વદા પ્રવૃત્ત થાય છે. ૨૪

तदित्यनभिसंधाय फलं यज्ञतपः क्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियंते मोक्षकांक्षिभिः२५

મોક્ષની ઇચ્છાવાળા પુરૂષ કોઈ પ્રકારે ફળની ઇચ્છા ન કરતાં 'तत इदंकर्म तद्ब्रह्म' એ પ્રકારે અભેદ ઉચ્ચારણ કરી, યજ્ઞ, તપ અને દાન–આદિ નાનાપ્રકારની ક્રિયા કરે છે. ૨૫

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते २६

પરમાત્માના શરણાગત રહેવાવાળાજ લોક ઠીક ઠીક યજ્ઞ-આદિ કામો કરી શકે છે. એ પણ સૂચવ્યું છે.

હે પાર્થ ! વિદ્યમાનતા, સમીચીનત્વ અને ઉત્તમ કર્મ એમાં સચ્છબ્દનો પ્રયોગ કરવામાં આવે છે; અર્થાત્ એ સત્કર્મ એમ કહેવાય છે. ૨૬

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥२७॥

યજ્ઞ, તપ અને દાન એમાં જે નિષ્ઠા તે સ-ત્ કહેવાય છે, અને તેના નિમિત્ત કરવામાં આવતું જે કર્મ તે પણ સત્–સત્કર્મ કહેવાછે. ૨૭

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह २८

इति श्रीमद्भगवद्गीता० श्रद्धात्रयविभागयोगो
नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

હે અર્જુન ! જે શ્રદ્ધા વગર દાન, તપ અને અન્ય કાંઈ શુભ કર્મ કરાય છે, તે અસત્ કહેવાય છે, તેનો આ લોક કે પરલોકમાં કાંઈ ઉપયોગ નથી. ૨૮

ઇતિ શ્રીમદ્ ભાગવદ્ગીતા વિષે ' શ્રદ્ધાત્રયવિભાગ યોગ ' નામનો ૧૭ મો અધ્યાય સમ્પૂર્ણ.

ॐ

*अध्याय १८ मो.

(કર્મત્યાગ તથા કર્મ કરવાં એ બેનો અવિરોધ જાણવાની જીજ્ઞાસાથી અર્જુન પુછે છે.)

अर्जुन उवाच ॥

संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

* સંન્યાસના ત્રણ પ્રકાર બતાવી સંન્યાસીના પણ ત્રણ પ્રકાર દર્શાવવાના છે ગૌણ સંન્યાસીને ઉદ્દેશીને આ અધ્યાયનો આરંભ છે. પૂર્વે જે છઠે અધ્યાયમાં સંન્યાસયોગ કહેલ છે, અને આ અધ્યાયમાં જે સંન્યાસ યોગ કહ્યો છે, તેમાં માત્ર ભેદ એટલોજ છે કે-તત્વ જીજ્ઞાસાવાળા મુમુક્ષુને ઉપયુક્ત જે સંન્યાસ તે પાંચમા અધ્યાયમાં કહેલ છે. અને આ અધ્યાયમાં તો અતત્વજ્ઞ અને અજીજ્ઞાસુ એવા કર્માધિકારીના સંન્યાસથી પ્રારંભ કરી, પરમ બ્રહ્મચર્યરૂપ સંન્યાસ, તથા આખા ગીતા શાસ્ત્રના તેમ વેદના રહસ્યરૂપ તત્વજ્ઞાનોત્તરભાવી સંન્યાસ દર્શાવવાનો છે

અર્જુન કહે છે કે—હે મોટી ભુજાવાળા! હે કેશિ નામના રાક્ષસનો વિધ્વંશ કરવાવાળા!! હે **હૃષીકેશ**!!! ભેદથી પ્રતીયમાન સંન્યાસ અને ત્યાગનું યથાર્થ સ્વરૂપ જાણવાની હું ઇચ્છા રાખું છું.[1] ૧

श्रीभगवानुवाच ॥

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥२॥

શ્રી ભગવાન્ કહે છે કે—(હે અર્જુન!) કામ્ય કર્મોના સ્વરૂપથી જે ત્યાગ તેને પન્ડિતો સંન્યાસ જાણે છે, અને વિચક્ષણ પન્ડિત સર્વ કર્મોનાં ફળથી જે ત્યાગ તેને ત્યાગ કથે છે.[2] ૨

૧ આ શ્લોકમાં 'तत्त्व' એ શબ્દથી આખા ગ્રન્થનો સંક્ષેપથી આશય સાંભળવા તથા પુછવાની આકાંક્ષાથી અર્જુને પ્રશ્ન કરેલ છે. તથા સમ્બોધનમાં એક શબ્દના સ્થાનમાં ત્રણ્ય પદ શ્લોક પૂર્તિને માટે કથેલ છે.

૨ સ્ત્રી, પુત્ર, ધન, ઐશ્વર્ય અને રાજ્ય પ્રાપ્તિ— આદિ દુઃખમિશ્રિત ફળ જેનું કથેલ છે, તેજ કામ્યકર્મ કહેવાય છે. સંન્યાસ, અમને પ્રાપ્ત થવાવાળો તે કા-

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

કપિલદેવજીના મતને અનુસરવાવાળા જન કહે છે કે,—કર્મો રાગ–આદિ દોષ યુક્ત હોવાથી સર્વ યજ્ઞાદિક કર્મ ત્યાગ કરવા યોગ્ય છે. કોઈ એમ (પણ) કહે છે કે—યજ્ઞ, દાન અને તપરૂપ જે કર્મ છે, તે ત્યાગવા યોગ્ય કર્મ નથી; અર્થાત્ કર્મ ન કરવામાં પ્રત્યવાયનું સ્મરણ થવાથી, સ્વરૂપથી કર્મોનો ત્યાગ યોગ્ય નથી. ૩

મ્ય કર્મોનો ન્યાસ કરે, તેથી તેનું સાર્થક સંન્યાસી નામ થઇ શકે છે, અને તે બ્રહ્મચર્ય–આદિ કર્મોના આત્મા, મન વા શરીરનું સંશોધન થવું સામાન્ય ફળ છે. તે પણ ધન, પ્રતિષ્ઠા–આદિ પ્રાપ્તરૂપ વિશેષ ફળના ઉદ્દેશથી કરવામાં આવેલ વિશેષ ફળ દેનાર થઇ શકે છે, તેનું તથા પ્રતિષ્ઠા–આદિ પ્રાપ્તિરૂપ વિશેષ ફળનો ઉદ્દેશ માત્ર છોડવો જોઇએ: પરંતુ અગ્નિયજ્ઞ, સંધ્યોપાસન–આદિ કર્મોનો ત્યાગ મુમુક્ષુ સંન્યાસીએ પણ કરવો નહિ. એ સર્વ શાસ્ત્રોને અનુકૂળ તત્ત્વરૂપ સિદ્ધાન્ત છે,

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ॥४॥

હે ભરતસત્તમ ! એના ત્યાગવાના વિષયમાં (તું) મારો નિશ્ચય શ્રવણ કરય. હે પુરૂષસિંહ ! અનુષ્ઠીય માન કર્મોનો ત્યાગ ત્રણ પ્રકારે (ફળ પ્રયુક્ત, કર્તૃત્વ પ્રયુક્ત અને મમતા પ્રયુક્ત) મેં કથેલ છે. ૪

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥५॥

યજ્ઞ, દાન અને તપ–આદિ જે વૈદિક કર્મ છે, તે ત્યાગ કરવા યોગ્ય નથી; પરન્તુ તે કરવા યોગ્યજ છે; કેમકે યજ્ઞ, દાન, તપ અને વર્ણાશ્રમોચિત કર્મ, એ ઉત્તમ જનોને પવિત્ર કરનાર છે. ૫

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥६॥

હે પાર્થ ! આ પ્રથમ કહેલ સર્વ કર્મ આ

સક્તિ ફળને ત્યજીને અવશ્ય કરવા યોગ્ય છે. એવો મારો નિશ્ચયપૂર્વક ઉત્તમ મત છે. ૬

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः॥७॥

વર્ણાશ્રમોચિત્ દુસ્ત્યજ કર્મોનો ત્યાગ યુક્ત થતો નથી, કદાચ બન્ધનના ભ્રમથી જો તેનો પરીત્યાગ કરવામાં આવે, તો તે તામસ્ ત્યાગ કહેવામાં આવે છે. ૭

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ८

કર્મ દુઃખ દેવાવાળાં છે, એ વિચારથી જે શરીર કલેશના ભયથી કર્મોનો ત્યાગ કરે છે, તે કર્મ ત્યાગ કરવાના ફળને પામતા નથી, અને તે રાજસ્ ત્યાગ કહેવાય છે. ૮

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
संगं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः९

હે અર્જુન ! વર્ણાશ્રમ અનુબન્ધ કર્મ અ-

વશ્ય કરવા યોગ્ય છે, એ અભિપ્રાયથી આસક્તિ-મમત્વ અને ફળની પ્રયોજનાન્તરથી ઇચ્છાનો ત્યાગ કરી, જે કર્મ,-ભગવદારાધનરૂપ, કરવામાં આવે છે, તે સાત્વિક્ ત્યાગ કહેવાય છે. ૯

(સાત્વિક્ ત્યાગમાં સ્થિત પુરુષનું લક્ષણ કહે છે.)

नद्वेष्ट्यकुशलं कर्म कुशलेनानुषज्यते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः १०

સત્વગુણથી યુક્ત, યથાવસ્થિત તત્વજ્ઞાન યુક્ત, નિવૃત્ત સન્દેહ, સાત્વિક ત્યાગવાળો જે પુરૂષ છે, તે અનિષ્ઠ ફળ દેવાવાળાં કર્મમાં દ્વેષ કરતો નથી, અને સ્વર્ગાદિરૂપ ફળ દેવાવાળાં કર્મમાં આસક્તિ કરતો નથી. × ૧૦

× ત્યાગીમાં સત્વગુણ આવે છે, અને સત્વગુણીમાં ત્યાગ પણ થાયછે જ, તથા ધારણાવતી બુદ્ધિ થતાં સન્દેહ નિવૃત્ત થાય છે, અને સન્દેહ દૂર થતાં બુદ્ધિ ધારણાવતી થાય છે. અને સન્દેહ થતાં અન્તઃકરણ ચળાયમાન રહે છે, બુદ્ધિ સ્થિર થતી નથી. એ સર્વ સહ-

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ११

કેમકે શરીર ધારણ કરનાર પુરૂષ સર્વ કર્મનો ત્યાગ કરવાને સમર્થ નથી, એ માટે જેણે કર્મ ફળ-મમતાજ કર્તૃત્વનો ત્યાગ કરેલો છે, તે ત્યાગી કહેવાય છે. ૧૧

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् १२

અનિષ્ટ-નરક-આદિ, ઇષ્ટ-સ્વર્ગ-આદિ, મિશ્ર-પશુ-પક્ષી અને પુત્ર-આદિ એ ત્રણ પ્રકારનાં કર્મનાં ફળ છે, તે સાત્વિક ત્યાગ રહિત પુરૂષોને કર્માનુષ્ઠાનાંતર પ્રાપ્ત થાય છે, અને સાત્વિક ત્યાગવાળા મુમુક્ષુઓને કદિ પણ થતાં નથી. ૧૨

ચારી ગુણ છે. પ્રથમ કહેલ સત્વગુણી ત્યાગ થતાં પ્રતિકૂળમાં દ્વેષ, અને અનુકૂળમાં આસક્તિ હોય થતાં નથી, એ સાત્વિક ત્યાગનાં ચિહ્ન છે અને તે સાથેજ વૈરાગ્ય-આદિ ગુણ પણ તેમાં આવી જાય છે.

पंचैतानि महाबाहो कारणानि निबोध मे ।
सांख्ये कृतांते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् १३

હે મોટી ભુજાવાળા ! (અર્જુન !) સાંખ્ય સિદ્ધાન્તમાં સર્વ કર્મોની ઉત્પત્તિને માટે પાંચ કારણો કહેલાં છે, તે હું તને કહું છું, તે (તું) શ્રવણ કરજ. ૧૩

अधिष्ठानं तथा कर्त्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पंचमम् १४

અધિષ્ઠાન-(શરીર) કર્ત્તા-(જીવ) કારણ-(ઇન્દ્રિય સમૂહ) અનેક પ્રકારની પ્રાણ-આદિ પાંચ-વાયુઓની ચેષ્ટા, અને પાંચમા દૈવ-(પરમાત્મા.) ૧૪

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेतवः १५

મનુષ્ય શરીર, વાણી, અને મન તે દ્વારા શાસ્ત્ર વિહિત વા અવિહિત કર્મ કરવાનો યત્ન કરે છે, તે સર્વ કર્મોનાં ઉપર કહેલાં પાંચ કારણો છે. ૧૫

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥१६॥

જે જીવાત્મા પોતાના આત્માનેજ કેવળ કર્ત્તા નિહાળે છે, તે વિપરીત મતિવાળા છે, તે યથાર્થ વસ્તુના જ્ઞાનથી હીન છે, એ માટે યથાવસ્થિત કર્તૃત્વ સ્વરૂપને જાણતા નથી. ૧૬

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हंति न निबध्यते १७

જે પુરૂષની કર્તૃત્વ વિષયક મનની વૃત્તિ 'હુંજ કરૂંછું' એવા અભિમાનથી રહિત છે, તેની બુદ્ધિ કર્માના સંગમાં આસક્ત થતી નથી. તે પુરૂષ પ્રાણીઓને મારીને પણ તેને મારતો નથી, અને કર્મ ફળનો અનુભવ કરતો નથી. ૧૭

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥१८॥

જે કર્મમાં જે પ્રવૃત્ત થાય છે, તેને પ્રથમ

એવી ઈચ્છા થાય છે કે,—આ કર્મ શી રીતે સિદ્ધ થશે. એ વિચાર પછી એ કર્મ સિદ્ધ કરવાનું અમુક યત્ન છે. એમ તેના ચિત્તમાં ભાસે છે. ત્યારપછી તે તદનુસાર તે કર્મ સિદ્ધિને માટે યત્ન (પણ) કરે છે, એવી દશામાં જે કર્તવ્ય કર્મને જ્ઞેય અર્થાત્ જાણવા યોગ્ય છે. તે જ્ઞેય કર્મની પ્રાપ્તિના ઉપાયભુત વિચાર જ્ઞાન, છે. અને જેના મનમાં એ ઉત્પન્ન થયું તે પરિજ્ઞાતા છે. આ પ્રકારે કર્મની પ્રવૃત્તિમાં જ્ઞાન. જ્ઞેય અને પરિજ્ઞાતા એ ત્રણ્ય કારણ છે. [1]કરણ અર્થાત્ ક્રિયાની સિદ્ધિ કરવાનું સાધન, [2]કર્મ અર્થાત્ કરવાવાળાનું અત્યન્ત ઇષ્ટ અને

---

૧ જેમ ‘ શ્રી રામચન્દ્રજીએ બાણ દ્વારા વાલીને માર્યો ’ એ વાક્યમાં બાણની ‘કરણ’ સંજ્ઞા છે. આશય એ છે કે વાલીના વધરૂપ ક્રિયા કરવામાં બાણની સહાયતા છે.

૨ જેમ ‘ ભક્તજન ગીતાને જાણે છે ’ એ વાક્યમાં ગીતાની ‘કર્મ’ સંજ્ઞા છે. આશય એ છે કે ભક્તજનોને ગીતા જાણવી, એ અત્યંત ઈષ્ટ છે.

કર્તા[1] એટલે ક્રિયા કરનાર, એ [2]ત્રણ પ્રકારના કર્મ સંગ્રહ અર્થાત્ અનેક ક્રિયાઓની ઉત્પત્તિનું દ્વાર છે.[3] ૧૮

---

૧ જેમ પ્રથમના ઉદાહરણમાં 'શ્રી રામચન્દ્ર' અને બીજામાં 'ભક્તજન' એ 'કર્તા' કહેવાય છે; કેમકે બાલીના વધરૂપ ક્રિયા અને ગીતા પઠનરૂપ ક્રિયાના ક્રમથી તે કરવાવાળા છે.

૨ વ્યાકરણ શાસ્ત્રાનુસાર જો કે સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ પણ ક્રિયાનાં ઉત્પાદક છે, તોપણ સાક્ષાત્ સંબન્ધથી કરણ આદિક ત્રણજ કારક ક્રિયાને સિદ્ધ કરવાવાળાં છે. અને સંપ્રદાનાદિક ત્રણ પરમ્પરા સમ્બન્ધથી ક્રિયાને સિદ્ધ કરે છે, એ માટે અહિં મુખ્યજ સંગ્રહ કરેલ છે.

૩ અહિં ત્રણય પ્રેરક અને ત્રણય પ્રેરણા કરવાવાળા છે. આત્માને જાણવો કર્તૃપન, અન્તઃકરણ, ઇન્દ્રિયો અને અનાદિજ્ઞેય વસ્તુનું ઘડું તૈયાર કરવારૂપ કર્મના પ્રેરક હેતુ થાય છે; અર્થાત તૈયાર કરવા યોગ્ય વસ્તુનું જ્ઞાન ઘડું તૈયાર કરવાની પ્રેરણામાં મુખ્ય હેતુ છે. જગત્માં વિચાર પૂર્વક થવાવાળાં સર્વ કર્મ જ્ઞાન-આદિ—છ હોવાથી થાય છે, પરન્તુ કેવળ કર્તાથી નહિ, અને જ્ઞાતા, કર્તા એ બન્ને એકજના બે ભેદ અવસ્થાભેદથી છે.

ज्ञानं कर्म च कर्त्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि १९

જે જ્ઞાનવડે કરીને બ્રાહ્મણ, ક્ષત્રિય–આદિ રૂપથી પૃથક્ પૃથક્ થયેલ સર્વ ભૂતો વિષે જ્ઞાનૈકાકારતાથી વર્ત્તમાન બ્રાહ્મણત્વ–આદિ–ભેદ રહિત, આત્મ સ્વરૂપનું અવલોકન કરે છે, તે જ્ઞાનને સાત્વિક્ જાણ. ૧૯

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम्

કર્ત્તવ્ય કર્મ વિષયક્ જ્ઞાન, અનુષ્ઠીય માન કર્મ, અને કર્ત્તા એવા ત્રણ પ્રકારથી એ પણ ગુણ, કારયની સંખ્યામાં કથેલ છે, તેને યથાયોગ્ય શ્રવણ કરય.[1] ૨૦

---

૧ સાત્વિક્, રાજસ્ અને તામસ્ એ ભેદથી ત્રણે જ્ઞાન–આદિના ત્રણ્ય ત્રણ્ય ભેદ હોવાથી નવ પ્રકારના થાય છે, તેનું સાંખ્ય શાસ્ત્રાનુસાર અહિ વ્યાખ્યાન કરવામાં આવશે, એ જ્ઞાન–આદિ ત્રણ્યનાજ નામ પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા પણ છે. એ ત્રણ્યેદ્વારા સં-

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् २१

જે જ્ઞાનવડે કરીને અનેક પ્રકારનાં પ્રાણી-માત્રમાં આત્માને ભિન્ન ભિન્ન જાણે છે, તેને રાજસ્ જ્ઞાન જાણ. ૨૧

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥२२॥

જે જ્ઞાન ભૂતગણ–આરાધન–આદિ એકજ કારયમાં, એથીજ કામ સિદ્ધ થઈ જશે, એવા આસક્ત થયેલ અને જે તત્ત્વ અર્થવાળું નહોય અને સ્વલ્પ ફળવાળું હોય, તે તામસ્ જ્ઞાન કહેવાય છે. ૨૨

नियतं संगरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते २३

જે પોતાના વર્ણાશ્રમોચિત્ કર્મ, આસક્તિ

સારનો વ્યવહાર ચાલે છે, તેના ત્રણ ભેદ હોવાથી સર્વને ત્રણ પ્રકારનું ફળ પ્રાપ્ત થાય છે

રાગ અને દ્વેષનો ત્યાગ કરીને, ફળની ઇચ્છા ન કરતાં નિયમથી કરવામાં આવે છે, તે સત્વિક્ કર્મ કહેવાય છે, ૨૩

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥२४॥

મોક્ષ વ્યતિરિક્ત ફળની ઇચ્છાવાળા, 'હું કરૂં છું' એવાં અભિમાને કરીને યુક્ત પુરૂષ જે ક્લેશપૂર્વક કર્મ કરે છે, તે રાજસ્ કર્મ કહેવાય છે. ૨૪

अनुबंधं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म तत्तामसमुदाहृतम् ॥२५॥

જે કર્મ કર્યા પછી દુઃખ યુક્ત થવું, દ્રવ્ય–આદિનો ક્ષય થવો, અને હિન્સા થતી હોય, તથા જે કર્મ પોતાનો પુરૂષાર્થ જોયા વગરજ અજ્ઞાનથી કરવામાં આવે છે, તે તામસ્ કર્મ કહેવાય છે.[1] ૨૫

---

૧ સાત્વિક્–આદિ કર્માથી તેવુંજ ફળ પ્રાપ્ત થાય છે. સંગ દોષ અને રાગ દ્વેષથી સર્વથા રહિત દશાનું

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारःकर्त्ता सात्त्विक उच्यते

કર્મમાં આસક્તિ--આદિ રહિત, અહંકાર રહિત, ધૈર્ય અને ઉત્સાહથી યુક્ત, કાર્યની સિદ્ધિ--અસિદ્ધિથી વિકાર રહિત જે કર્મ કરે છે, તેવા કર્ત્તા સાત્વિક કહેવાય છે. ૨૬

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्त्ता राजसः परिकीर्तितः २७

પ્રશંસાને ઇચ્છવાવાળો, મોક્ષ વ્યતિરિક્ત કર્મ ફળની પ્રાપ્તિની ઇચ્છાવાળો, લોભી, હિંસક, અપવિત્ર, જય-અજય-આદિ કર્મોમાં હર્ષ, વિષાદ-આદિ વિકારવાળો જે કર્ત્તા તે રાજસ કહેવાય છે. ૨૭

अयुक्तः प्राकृतः स्तब्धः शठोऽनैष्कृतिकोऽलसः।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते २८

નામજ મુક્તિ છે. અને તેજ સત્વગુણની પ્રધાનતાનું ફળ છે, તથા રજોગુણી, તમોગુણી કર્મોનાં મધ્યમ, નિકૃષ્ટ તમાંજ ફળ થાય છે. એ માટે કલ્યાણ ઇચ્છવાવાળાએ રજોગુણી, તમોગુણી કર્મોનો ત્યાગ કરવો જોઈએ.

અયુક્ત-નિષિદ્ધ કર્મમાં સ્થિત, પ્રાકૃત-અવિદ્વાન્! સ્તબ્ધ-પારંભ કરવામાં સ્વભાવ રહિત, શઠ-હિન્સા-આદિ કર્મમાં અભિરૂચિ વાળો, નૈષ્કૃતિક-વંચક-અલસ-નિરૂદ્યમી, વિષાદિ, શોકયુક્ત, દીર્ઘસૂત્રી-એક દિવસના કારયને માસ પર્યન્ન ન કરવાવાળો, એવો જે કર્તા તે તામસ્ કહેવાય છે.[1] ૨૮

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥ २९ ॥

હે **ધનંજય** ! બુદ્ધિના તથા ધૈર્યના ભેદ, સત્વ-આદિગુણોથી ત્રણ્ય પ્રકારનાં છે, તે સર્વ

---

૧ તમોગુણુથી રજોગુણી કર્તા ઉત્તમ છતાં પણ સત્વગુણ્ કરતાં નીચ છે; માટે સાત્વિક્ કર્તૃત્વની પ્રાપ્તિ માટે મનુષ્યે અવશ્ય ઉદ્યોગ કરવો જોઇયે. સાત્વિક્ કર્તા જ યજ્ઞ-આદિને કરવાવાળો હોય તો ઠીક ધર્માત્મા કહેવાય છે; કેમકે હિન્સા-આદિ અધર્મ સમ્બન્ધી કામોને અહિ રજોગુણ, તમોગુણના લક્ષણોમાં સ્પષ્ટ દર્શાવેલછે. સત્વગુણીજ કર્તા વા જ્ઞાતા, સત્વગુણની પ્રધાનતાવાળા ધર્મ કાર્યોનું સેવન કરી તેને વાસ્તવિક્ જાણી શકે છે.

ભિન્ન ભિન્ન કહું છું, તે (તું) શ્રવણ કર્ય.[1] ૨૯

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बंधं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी

હે પાર્થ ! (અર્જુન !) જે બુદ્ધિ પ્રવૃત્ત-સ્વર્ગના સાધન ધર્મ, નિવૃત્તિ-મોક્ષના સાધન ધર્મ, કર્ત્તવ્યાકર્ત્તવ્ય, ભયસ્થાન, અભયસ્થાન, બન્ધ-પ્રવૃત્તિનો સમ્બન્ધ, અને મોક્ષ જાણે છે (વિષયકરે છે) તે સાત્વિકી બુદ્ધિ છે. ૩૦

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ३१

હે પૃથાના પુત્ર ! જે બુદ્ધિવડે કરીને ધર્મ-ભગવદારાધન-આદિ, કર્મરૂપ, અધર્મ, કારય અને અકારયને જે પુરૂષ યથાયોગ્ય

---

[1] પદાર્થનો નિસ્સન્દેહ નિશ્ચય જે દ્વારા થાય છે, તે પ્રકૃતિ સમ્બન્ધી પદાર્થ જ્ઞાનનું સાધન છે, ને બુદ્ધિ અને ધૈર્યરૂપ ગુણના સત્વ-આદિ ત્રણ્ય ભેદ થાય છે, તેમાં સત્વગુણવાળી બુદ્ધિ અને ધૃતિ સર્વ અનર્થોથી બચાવનાર તત્વજ્ઞાનને સિદ્ધ કરાવવાવાળી થાય છે.

જાણે છે, તે રાજસી બુદ્ધિ કહેવાય છે. ૩૧

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ३२

હે પાર્થ ! જે તમે ગુણથી આચ્છાદિત બુદ્ધિ ધર્મને અધર્મ, અને અધર્મને ધર્મ તથા સકળ અર્થોને વિપરીત માને છે. તે તામસી બુદ્ધિ કહેવાય છે. ૧ ૩૨

धृत्या यया धारयते मनःप्राणेंद्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी

હે પૃથાના પુત્ર ! ભગવદ્ ઉપાસનરૂપ યોગથી નિરતિશયાનન્દ વ્યતિરિક્ત ફ્લાન્તરને સ્પર્શ ન કરવાવાલી જે ધારણા તે વડે કરીને પુરૂષ, મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિ-

---

૧ સત્વગુણી બુદ્ધિનો આશ્રય રાખવાવાળો પુરૂષ કલ્યાણનો ભાગી થઇ શકે છે; પરન્તુ અન્ય નહિ. એથી વેદાભ્યાસ અને સત્સંગ-આદિ સાધનોના સંચયદ્વારા સાત્વિકી બુદ્ધિ કરવા જોઇએ. ત્યારે તત્વજ્ઞાનના અધિકારી થઈ શકાય છે.

યાઓને ચલાવે છે, તે બુદ્ધિ સાત્વિકી કહે
વાય છે. ૩૩

यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।
प्रसंगेन फलाकांक्षी धृतिः सा पार्थ राजसी ३४

હે અર્જુન ! ફળની ઈચ્છાવાળો પુરૂષ, જે ધારણાથી પ્રકૃષ્ટ સંગવડે કરીને, ધર્મ, કામ અને અર્થ એને પ્રાપ્ત થઇ જાય છે, તે રાજસી બુદ્ધિ કહેવાય છે. ૩૪

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ३५

દુષ્ટબુદ્ધિ પુરૂષ જે બુદ્ધિવડે કરીને નિદ્રા, ભય-ભયનું સાધન, શોક-શોકનું સાધન, વિષાદ-મનોવિષાદનું સાધન, અને મદ-ગર્વનો સાધન ધર્મ એનો ત્યાગ કરતો નથી, તે તામસી ધારણા છે. ૩૫

सुखं त्विदानीं त्रिविधं श्रुणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखांतं च निगच्छति ३६

હે ભરતર્ષભ! સાત્વિક્-આદિ ગુણોના ભેદથી ત્રણેય પ્રકારના સુખને હું કહું છું, તે (તું) શ્રવણ કરય. જે સુખમાં ઘણા કાળ સુધી અભ્યાસ કરવાથી નિરતિશય સુખને અને સાંસારિક્ દુઃખોના અન્તને પ્રાપ્ત થઇ જાય છે.[1] ૩૬

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ३७

જે સુખ પ્રથમ વિષ સમાન કડવું, અને પછીથી અમૃતના સમાન મધુર અને આત્મવિષયક્ જે બુદ્ધિ તેના પ્રસાદ-નૈર્મલ્યથી ઉત્પન્ન થયેલું (જે) સુખ તે સાત્વિક્ કહેવાય છે. ૩૭

विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ३८

જે સુખ અનુભવ કાળમાં વિષય-ઇન્દ્રિ-

---

૧ જ્ઞાન-આદી સર્વ કારકો અને ક્રિયાઓના સત્વ-આદિ રૂપથી ત્રણ ત્રણ ભેદ કહ્યા. હવે ક્રિયા અને કારકોના પરિણામરૂપ તેવાજ ત્રણ પ્રકારના સુખના ફળનું વ્યાખ્યાન કરવામા આવશે

યોના સંયોગથી અમૃતના સદૃશ મધુર; પરન્તુ પરિણામે વિષના સમાન છે, તે સુખ રાજસ કહેવાય છે. ૩૮

यदग्रे चानुबंधे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ३९

અનુભવ સમયમાં તથા અન્ત સમયમાં જે સુખ મોહજનક છે, અને નિદ્રા, આલસ્ય તથા પ્રમાદથી ઉત્પન્ન થવાવાળું છે, તે તામસ સુખ કહેવાય છે.[1] ૩૯

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ४०

દેવ લોકમાં તથા પૃથિવીમાં એવો કોઇ પણ પ્રાણી નથી, કે જે પ્રકૃતિજનક સત્વ—આદિ ત્રણ ગુણથી મુક્ત હોય છે.[2] ૪૦

---

૧ વિચારશીલે મધ્યમ તથા નિકૃષ્ટના ત્યાગ કરી, ઉત્તમ સાત્વિક સુખનો અનુભવ કરવાનો ઉદ્યોગ કરવો જોઇએ.

૨ સર્વ બ્રહ્માન્ડમાં જે કાંઈ વસ્તુ છે તે સર્વ સત્વ-

(સર્વ ગીતા શાસ્ત્રના અર્થના સારને એકત્ર કરી દર્શાવવા માટે ભગવાન્ હવે અન્યપ્રકરણનો આરંભ કરે છે,)

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ४१

હે શત્રુઓને સન્તાપ કરવાવાળા અર્જુન! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ વર્ણોના પોતાના પ્રાચીન કર્મોથી ઉત્પન્ન, સત્વ- આદિ ગુણો વડે કરીને સહિત, કર્મ ભિન્ન ભિન્ન કથેલ છે. ૪૧

शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ४२

બાહ્યેન્દ્રિયનો નિગ્રહ, અન્તઃકરણનો નિરોધ, શાસ્ત્રમાં કથેલ કામ ક્લેશ, કર્માનુષ્ઠાન યોગ્યતા, ક્ષમા, મન, (વાણી અને શરીરનું ઐકયરૂપ તત્વજ્ઞાન, વિજ્ઞાન, પરતત્વગત વિ-

---

આદિ ગુણત્રયરૂપજ છે. ગુણત્રયથી ભિન્ન નથી. અને બ્રહ્માંડથી ભિન્ન પણ કાંઈ નથી. માટે પરમ કલ્યાણ કર્તા સત્વગુણછે. તેથી તેનો આશ્રય કરવો જોઇએ

શેષ જ્ઞાન) અને શ્રદ્ધા એ બ્રાહ્મણનાં સ્વાભાવિક્ કર્મ છે.[1] ૪૨

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥४३॥

શૌર્ય, તેજ, ધૈર્ય, ઉત્સાહ, શીલતા, યુદ્ધમાં સ્થિર રહેવું, પાત્રને દાન દેવું, પ્રજાને નિયમમાં રાખવી, અને સામર્થ્ય એ ક્ષત્રિયનાં સ્વાભાવિક્ કર્મ છે. ૪૩

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ४४

ખેતી, ગાયોનું સંરક્ષણ, લેવું અને વેહેંચવું, એ વેશ્યનાં સ્વાભાવિક્ કર્મ છે, અને સેવા કરવી, એ શુદ્રનું સ્વાભાવિક્ કર્મ છે. ૪૪

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ४५

પોત પોતાના શાસ્ત્રોક્ત ધર્મમાં તત્પર

---

૧ સ્વભાવ સિદ્ધ.

મનુષ્ય મોક્ષરૂપ સિદ્ધિને પ્રાપ્ત થાય છે. પોતાના કર્મમાં પ્રવૃત્ત જે પ્રકારે મોક્ષને પ્રાપ્ત થાય છે, તે પ્રકાર હું કહું છું તે (હે અર્જુન !) શ્રવણ કરઃ. ૪૫

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः ४६

જે વડે સકળભૂતોની ઉત્પત્તિ—આદિ વ્યાપાર ચાલે છે, અને જે વડે કરીને આ જગત્ વ્યાપ્ત થઈ રહેલું છે, તે પુરૂષોત્તમનું વર્ણાશ્રમોચિત્ સ્વકર્મવડે પૂજન કરવ, (તેમ કરવાથી) મનુષ્ય મારી પ્રાપ્તિરૂપ સિદ્ધિને પ્રાપ્ત થઈ જાય છે. ૪૬

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ४७

ભગવદ્ આરાધનરૂપ કર્મ યોગાખ્ય ધર્મ અંગથી વિકળ પણ હોય, (પણ) અંગસહ અનુષ્ઠિત પરધર્મથી શ્રેષ્ઠ છે, માટે પોતાના

જન્મમાં ઉચિત કર્મ કરતો પુરૂષ પાપને પ્રાપ્ત થતો નથી. ૪૭

सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।
सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ४८

હે કુન્તીના પુત્ર ! દોષયુક્ત પણ સ્વાભાવિક્ કર્મનો ત્યાગ કરવો નહિ, કેમકે જેમ ધુળથી આચ્છાદિત્ અગ્નિ તેમ સર્વ ઉપાય દુઃખ રૂપ દોષથી વેષ્ટિત છે. ૪૮

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ४९

સર્વ કર્મોમાં આસક્તિ રહિત મનને જીતવાવાળો, ફળના પ્રારમ્ભમાં ઇચ્છા રહિત સાત્વિક્ ત્યાગથી મુક્તરૂપ જ્ઞાન નિષ્ઠાને પ્રાપ્ત થઇ જાય છે. ૪૯

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा ५०

હે કુન્તીના પુત્ર ! આ પ્રમાણે કહેલ સિ-

દ્ધિને પ્રાપ્ત થયેલ પુરૂષ જે પ્રકારે બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે, તે સંક્ષેપથી હું કહું છું, તે શ્રવણ કરચ, જે આ જ્ઞાનની ઉત્તમ પર્યવસાન ભૂમિ છે. ૫૦

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ५१
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम्।
विमुच्य निर्ममः शांतो ब्रह्मभूयाय कल्पते ५२

દોષ રહિત બુદ્ધિથી યુક્ત, ધૈર્યથી મનને રોકી, શબ્દ—આદિ વિષયોનો ત્યાગ કરી, એકાન્તદેશમાં નિવાસ કરી, મિતાહારી થઈ, શરીર, વાણી અને મનને પોતાના વશ્ય કરી, ધ્યાનમાં તત્પર, નિત્ય વૈરાગ્યને ધારણ કરી, અહંકાર, બળ, અભિમાન, કામ, ક્રોધ, પરિગ્રહ અને મમતાનો ત્યાગ કરી, આત્માનુ-

ભાવ સુખમાં સ્થિત થયેલ પુરૂષ બ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૫૧–૫૩

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥५४॥

બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલ પુરૂષ, નિર્મળ સ્વરૂપ થઈ, શોક કરતો નથી, મારા વગર અન્ય કાંઈ પણ ઈચ્છા કરતો નથી, (અને) સર્વ ભૂતોમાં સમાન બુદ્ધિ થઈ, મારી ઉત્કૃષ્ટ ભક્તિને પ્રાપ્ત થઈ જાય છે. ૫૪

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ५५

સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિથી[1] જેટલો હું[2] છું, તેમને ભક્તિવડે કરીને તત્ત્વ પૂર્વક જાણીને ભક્તિથી મને પ્રાપ્ત થઈ જાય છે. ૫૫

---

૧ મૂળમાં 'यावान' પદ છે, તેનો ફલિતાર્થ છે

૨ મૂળમાં 'यश्चास्मि' પદ છે. તેનો ફલિતાર્થ છે

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ५६

સર્વ નિત્ય, નૈમિત્તિક્ કામ્ય કર્મ કરવા-વાળા મારા આશ્રય થઇ, મારા અનુગ્રહથી પ-રમપ્રાપ્ય મને પ્રાપ્ત થાય છે. ૫૬

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥५७॥

ચિત્તવડે કરીને સર્વ કર્મ મારામાં અર્પ-ણ કરીને, મારા તત્પર થયેલ બુદ્ધિ યોગને ગ્રહણ કરી, સર્વદા મારામાં ચિત્ત લગાડ. ૫૭

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि ५८

મારામાં ચિત્ત લગાડીને, કર્મયોગનું અનુષ્ઠાન કરવાવાળો, મારા અનુગ્રહથી મારી પ્રાપ્તિના પ્રતિબન્ધક સર્વ આવરણોને તરી જશે, જો કદાચ અહંકારથી, મારાં હિતકારી વચન તું શ્રવણ કરીશ નહિ, તો નષ્ટ થઈ જાઇશ. ૫૮

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैव व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ५९

જે અહંકારને આશ્રિત થઇ, હું યુદ્ધ નહિ કરૂં એમ (જે) તું માને છે, તો તે તારો નિશ્ચય મિથ્યાજ છે; કેમકે તારો સ્વભાવ તને યુદ્ધમાં પ્રવૃત્ત કરશે. ૫૯

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत्

હે કુન્તીના પુત્ર! શૌર્ય સ્વભાવથી ઉત્પન્ન, પોતાના યુદ્ધ કર્મથી બંધાયલો તું, અજ્ઞાનવડે કરીને યુદ્ધ કરવાને ઈચ્છતો નથી, છતાં પણ (તું) તે યુદ્ધને પરવશ થઇને કરીશ. ૬૦

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥६१॥

હે અર્જુન! સર્વનો નિયન્તા વાસુદેવ, સર્વભૂતોના હૃદયમાં શરીરરૂપ યંત્રથી અધિષ્ઠિત સર્વભૂતોને પોતાની માયાવડે કરીને પ્ર-

વૃત્ત કરતો સ્થિત છે.[૧] ૬૧

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम्

હે ભારત! સર્વ પ્રકારથી હૃદયસ્થ તે પરમાત્માના શરણ તું પ્રાપ્ત થા. તેના અનુગ્રહથી પરમોત્કૃષ્ટ શાશ્વત સ્થાનને પ્રાપ્ત થઈશ. ૬૨

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥६३॥

[૨] આ પ્રકારે આ અત્યન્ત રહસ્ય જ્ઞાન—ભક્તિયોગ વિષયક સકળ જ્ઞાન તને મેં ઉપ-

---

૧ જેમ માયાવી પુરૂષ એકાંત સ્થાનમાં બેસી તારમાં બાંધેલી લાકડાંની પૂતળીઓને નચાવે છે તેમ પોતાની માયાવડે કરીને સર્વ પ્રાણીઓને ભ્રમણ કરાવતા ઈશ્વર સર્વના હૃદયમાં સ્થિત છે.

૨ આ આખા ભગવદ્ગીતા ગ્રન્થના આશયને જે સમ્યક્ વિચારે છે, તેના હૃદયમાંથી અજ્ઞાનાન્ધકાર નિવૃત્ત થઇ જાય છે અને પોતાના કર્તવ્યનો વાસ્તવિક નિશ્ચય કરી, વિચારપૂર્વક જાણીને ઇષ્ટ સુખને પ્રાપ્ત થાય છે, અને અનિષ્ટમાંથી બચી જાય છે.

દિષ્ટ કરયું, તેનો પૂર્વાપર વિચાર કરીને, (પછી) જેવી તારી ઈચ્છા હોય તેમ કરય; અર્થાત્ વર્ણાશ્રમોચિત્ કર્મ યોગ, જ્ઞાનયોગ વા ભક્તિયોગ કરય. ૬૩

(ત્રણ શ્લોકવડે સકળગીતાનો સાર કહે છે.)

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ६४

ગુહ્ય કર્મયોગ—આદિના મધ્યમાં પરમ-ઉત્કૃષ્ટ મારાં જે (આ) વચન છે, તે તું શ્રવણ કરય; કેમકે તું મારો અત્યન્ત પ્રીતિનો વિષય છે, (માટે) તારૂં હિત હું કરીશ. ૬૪

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ६५

મારામાં મન લગાડીને, મારીજ ભક્તિ-યુક્ત થઈ, મારૂંજ પૂજન કરય, મનેજ નમસ્કાર કરય, એમ કરવાથી મનેજ પ્રાપ્ત થઈશ. એ હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું; કેમકે તું મને પ્રિય છે. ૬૫

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ६६

મારી પ્રાપ્તિના સર્વ ઉપાય કર્મ જ્ઞાનયોગને કરી (તથા)-વાસના સહુ ત્યાગ કરીને અર્થાત્ સર્વ ધર્મોનો પરિત્યાગ કરી, મારી પ્રાપ્તિનો ઉપાય હું જ છું, (માટે) મનેજ તું પ્રાપ્ત થા. હું તને સર્વ પાપોથી મુક્ત કરી દઈશ, કોઈ પણ પ્રકારનો શોક ન કરય,[1] ૬૬

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ६७

આ રહસ્યનો જેણે તપ ન કર્યું હોય, જે મારો ભક્ત ન હોય, જે સેવા કરવાવાળો ન હોય, (અને) મારી નિન્દા કરવાવાળો હોય, એવા પુરૂષોને કદિ ઉપદેશ કરવો નહિ. ૬૭

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ६८

---

૧ આ શ્લોકનો અર્થ કેટલાક સર્વ ધર્મનો પરિત્યાગ કરવા એમ કરે છે; પરન્તુ વાસ્તવિક અર્થ તે નથી. આ શ્લોકમાં કોને શરણ જવું ? એનો સ્પષ્ટ ખુલાસો છે; અર્થાત્ ધર્મોને શરણ જવાનું છોડી એક ભગવાનનેજ શરણ જવું એ આશય છે.

જે કોઈ આ પરમગુહ્ય ગીતા શાસ્ત્ર, મારા ભક્ત જનોને કહી સંભળાવશે, તે નિઃસન્દેહ મનેજ પ્રાપ્ત થશે. ૬૮

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ६९

મારાં કહેલાં આ ગીતા શાસ્ત્રનું વ્યાખ્યાન કરનારા પુરૂષ કરતાં (મને) અન્ય કોઈ પુરૂષ પ્રિય કરવાવાળો આ પૃથિવી ઉપર (હાલમાં) નથી, થયો નથી (અને) થવાનો (પણ) નથી. ૬૯

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ७०

મારા (અને) તારા આ સમ્વાદનું જે પુરૂષ ગુરૂદ્વારા અધ્યયન કરશે, તે પુરૂષે જ્ઞાન યજ્ઞવડે કરીને મારૂં આરાધન કર્યું એમ હું માનું છું. ૭૦

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपिमुक्तःशुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम्

જે મનુષ્ય શ્રદ્ધાયુક્ત મારા વિષે નિન્દા રહિત થઈ જે આ શાસ્ત્રને શ્રવણ કરે, તે મારી ભક્તિના વિરોધી ઉપાયોથી મુક્ત થઈ, સુકૃતિ જનોના શુભ લોકોને પ્રાપ્ત થાય છે. ૭૧

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥ ७२ ॥

હે પૃથાના પુત્ર! તેં એકાગ્રચિતથી આ શાસ્ત્ર સાંભળ્યું કે નહિ? હે ધનંજય! (અર્જુન!) તારો સર્વ અજ્ઞાન જનિત ભ્રમનાશ થયો કે નહિ?[1] ૭૨

अर्जुन उवाच ॥

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ७३

અર્જુન કહે છે કે-હે અચ્યુત! આપના

૧ આ આખા ગ્રન્થનું ઉપદેશરૂપ કથન તેં (અર્જુને) સારી રીતે સમજી લીધું તેથી તને તારા પોતાના કર્તવ્યનો ઠીક બોધ થયો કે કેમ? અને જો ન થયો હોય તો ફરી બીજું કાંઈક કહું એ પ્રશ્નનો આશય છે

અનુગ્રહથી મારો મોહ નષ્ટ થઈ ગયો, અને ચિદચિદીશ્વરના તત્ત્વ યાથાત્મ્ય વિષયક બુદ્ધિને પ્રાપ્ત થઇ, નિવૃત્ત સન્દેહ હું સ્થિત છું. હવે આપનાં વચન અવશ્ય કરીશ.[1] ૭૩

संजय उवाच ॥

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥

સંજય કહે છે કે—(હે ધૃતરાષ્ટ્ર !) આ પ્રકારે આશ્ચર્યભૂત, રોમાંચોત્પાદક વાસુદેવ ભગવાન્ અને મહાબુદ્ધિ અર્જુનનો આ સમ્વાદ મેં શ્રવણ કર્યો. ૭૪

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ७५

---

૧ જે એકાગ્ર ચિત્તથી આ ગીતારૂપ શાસ્ત્રનો પુનઃ પુનઃ અભ્યાસ કરશે, અને આશયને વાસ્તવિક રીતે જાણશે, તે પોતાના કર્તવ્ય વિષયમાં સન્દેહ રહિત થઈ અજ્ઞાનાન્ધકારથી મુક્ત થઈ પોતાના કર્તવ્યને વાસ્તવિક રીતે જાણી ઇષ્ટને પ્રાપ્ત થશે.

શ્રીકૃષ્ણનાં આ પરમોત્કૃષ્ટ રહસ્યને, શ્રીમદ્ વેદવ્યાસજીના અનુગ્રહ પૂર્વક સ્વયં-યોગને કહેતા, (એવા) યોગેશ્વર શ્રીકૃષ્ણજીથી મેં (સંજયે) શ્રવણ કરેલ છે. ૭૫

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ७६

હે રાજન્ ! (ધૃતરાષ્ટ્ર !) કેશવ અને અર્જુનના આ અદ્ભુત પરમપવિત્ર સમ્વાદનું પુનઃપુનઃ સ્મરણ કરીને હું (સંજય) વારમ્વાર પ્રસન્ન થાઊં છું. ૭૬

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनः पुनः

હે રાજા ! (ધૃતરાષ્ટ્ર !) શ્રી કૃષ્ણનાં એ અદ્ભુત વિશ્વરૂપનું સ્મરણ કરી કરીને મને મહાઆશ્ચર્ય થાય છે, અને હું વારમ્વાર પ્રસન્ન થાઊં છું. ૭૭

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे संन्यासयोगो
नामाष्टादशोऽध्यायः ॥१८॥

[1]જે પક્ષમાં શ્રી કૃષ્ણ વિદ્યમાન્ છે, અને

---

૧ મહાત્માઓનો સમ્વાદ અન્ય સાધારણ મનુષ્યોનું કલ્યાણ કરનાર છે. આ ભગવદ્ ગીતારૂપ સમ્વાદ તો મહાત્માઓમાં ઉત્તમ વેદજ્ઞ મહાત્માનો ધર્મ માર્ગ વિષયક છે. તેથી વિદ્વાનોનું પણ કલ્યાણ કરનાર આ સમ્વાદ છે. જેમકે જે સ્થળે અગ્નિ હોય છે, ત્યાં પ્રકાશ ત્યાં દાહ ગુણ હોય છે. તેમ જ્યાં ધર્મનિષ્ટ ધર્મના તત્વને જાણનારા પુરૂષ હોય છે, ત્યાં ધર્મ પ્રકાશ સાથે દઢ સ્થિર, ધન-આદિ સમ્પત્તિ અને સ્થિર સુખ હોય છેજ. અને તેજ પક્ષ અન્તે વિજય સમ્પાદન કરે છે. એ માટે હે ધૃતરાષ્ટ્ર! તમારે પાંડવો સાથેનો વિગ્રહ છોડી દઈ રાજ્ય વહેંચી આપવું જોઇયે. જો એ પ્રમાણે કરશો નહિ, તો સર્વ કુળના નાશ થતાં તમે શોક સમુદ્રમાં ડૂબી જશો. આ પ્રમાણે સ્વશ્રેયની ઈચ્છાવાળાએ દેવ પ્રકૃતિ, ધાર્મિકજનો સાથે કદિ વૈર વિરોધ ન કરવો જોઈયે, એ સંજયનો અન્તિમ આશય છે.

જે પક્ષમાં અર્જુન વિદ્યમાન્ છે, ત્યાંજ રાજ્ય -આદિ ભોગસિદ્ધિ, વિજય, ઐશ્વર્ય અને નીતિ નિશ્ચળ છે એવી મારી (તો) મતિ છે. (પણ) તમારી નથી; અર્થાત્ જ્યાં યોગેશ્વર કૃષ્ણ અને ધનુષ્‌ને ધારણ કરનાર પાર્થ, ત્યાં લક્ષ્મી, વિજય, સંપત્તિ (અને) નીતિ અચળ છે, એમ મારો (તો) મત છે, અર્થાત્ ગમે તે કાળમાં અને ગમે તે સ્થળમાં કે ગમે તે પક્ષમાં જ્યાં યોગેશ્વર શ્રી કૃષ્ણ સમાન તત્ત્વ-વક્તા ગુરૂ હોય અને પૃથાપુત્ર અર્જુન સદૃશ શુદ્ધાન્તઃકરણવાળા શિષ્યો હોય, ત્યાંજ દ્રવ્ય, જય, વૈભવ અને નીતિ સદૈવ રહે છેજ. ૭૮

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાવિષે ' સંન્યાસયોગ ' વર્ણન નામનો ૧૮ મો અધ્યાય સમ્પૂર્ણ.

इति भगवद्‌गीता समाप्ता. ॥

સહજ સૂચના !

આ ક્ષણભંગુર જગત્‌ના ત્રિવિધ તાપને દૂર કરવા માટે, અને અખિલેશ્વરનું ઓળખાણ કરાવવા સારૂ પ્રાચીન ઋષિ-મહર્ષિએ ગીર્વાણગીરામાં અનેક ગ્રન્થો તયાર કરી, આર્ય જનોને ઉપકારી કરેલા છે; પરંતુ સાંપ્રતકાળમાં ગીર્વાણગીરાને જાણનારો ભાગ ઘણોજ થોડો હોવાથી અમોએ ઐહિક્ અને પારમાર્થિક્ સુખને ઇચ્છવાવાળા જનોની તૃપ્તિ માટે તેવા સર્વ માન્ય ગ્રન્થો જેવા કે-**શ્રીમદ્ ભાગવત, તુલસીકૃત રામાયણ,** અને **શ્રીમદ્ ભગવદ્ગીતા**-આદિ ગ્રન્થોનું શુદ્ધ-સરલ ગુજરાતી ભાષાન્તર અદ્ભુત છટાથી **જામનગર નિવાસી રા. કલ્યાણજી રણછોડજી વ્યાસદ્વારા** તૈયાર કરાવેલ છે. આ પ્રમાણે સાંપ્રતકાળમાં અમારા તરફથી ઉપરાચાપરી સંખ્યાબંધ પુસ્તક પ્રકટ થતાં હોવાથી, કેટલાક અમારૂં અનુકરણ કરવા લાગ્યાછે. એટલે કે આજકાલ ભાડુતી ભાષાંતરકારનો વૃદ્ધિંગત થયેલો વ્યાપાર એટલો બધો તીડની માફક ઉભરાઇ જતો જોવામાં આવે છે કે એક સારા પુસ્તકને નબળી સ્થિતિમાં નિહાળવાને આપણે મન્દ ભાગ્યવાળા થઇએ છીએ, અને પુસ્તક નિહાળતાંની સાથેજ ખરેખર આપણી સ્થિતિ શોચનીય બને છે. અમારા નિત્યક્રમમાં ઈશ્વર કૃપાથી અમો ઉત્તરોત્તર

આગળ વધતા જઇએ છીએ તથા કેટલાક સારાં ભાષાં-તર કરાવવામાં અને સારાં પુસ્તકોની ચુંટણી કરવામાં અમોને પાછા હઠી શકયા નહિ, એટલે **ડૂબતો જેમ ફીણને ઝાલે** તેમ ગ્રાહકોને સમજાવવા માટે જુઓ અમારી છાપ કેવી છે? કાગળ કેવા છે? આમ બતાવવા લાગે છે. પણ વાચકવૃંદ અવશ્ય વિચારશે કે, **ઇંદ્રવરણું** ઉપરથી સારૂં દેખાવવાળું હોય છે. પણ અંદર કડવું હોય છે, તેમ માત્ર કાગળથી કે છાપથી મોહ પામવાનું નથી, પરંતુ અંદરના તાત્વિક અર્થને સમજવાની ઘણી જરૂર છે અમારા તરફથી પ્રકટ થતા પુસ્તકોનું ભાષાંતર કરનાર **જામનગર નિવાસી વ્યાસ કલ્યાણજી રણછોડજી** કે જેમણે શ્રીમદ્ ભાગવત, તુલસીકૃત રામાયણ અને મણિરત્નમાલા–આદિ અનેક વિશ્વવિખ્યાત ગ્રન્થોનું ભાષાંતર એવા તો અદ્ભુત છટાથી લખેલ છે કે, જે વાંચીને સર્વ કોઇ તેના નખ માટે ઉચ્ચ અભિપ્રાય દર્શાવે છે. જેથી અમો આર્ય સદ્ગૃહસ્થોને સવિનય વિજ્ઞપ્તિ કરીએ છીએ કે–તેઓએ પુસ્તકના અંદરના લેખ તરફ દૃષ્ટિ કરી પુસ્તક ખરીદવા તરફ ખાસ લક્ષ રાખવું પણ ઉપરના આડંબરથી રાચી જવું નહિ. **सुज्ञेषु किं बहुना.**

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—**અમદાવાદ.**

નવીન જાહેર ખબર.

શ્રી ગોવર્ધનનાથજીનાં રંગીન ચિત્રવાળું

[શ્રીધરી ટીકાને અનુસારે.]

શ્રીમદ્ ભાગવતનું

ગુજરાતી ભાષાન્તર.

શ્રીધરી ટીકાના અનુસાર આ ભાષાન્તર ઘણી સરલ ભાષામાં તૈયાર કરાવવામાં આવ્યું છે. શંકા, સમાધાનસહ, વિશેષ રસિક અને વિશેષ ચિત્તાકર્ષક કરવામાં લખનાર **શા. કલ્યાણજી રણછોડજી વ્યાસે** જરાપણ ન્યૂનતા રાખી નથી. અસંગવસાત્ ભાગવતની જે જે અન્ય ટીકાઓ છે, તેના દાખલાઓ પણ આપવામાં આવ્યા છે. તેથી અમો નિઃશંકપણે ખરાપણું અતિશયોક્તિ કર્યા વગર કહીએ

છીએ કે, આ શ્રીમદ્ ભાગવતના ભાષાન્તરની બરોબરી કરી શકે, એવું એકપણ શ્રીમદ્ ભાગવતનું ભાષાન્તર આજપર્યન્ત પ્રકટ થયું નથી. પુંઠાં ખાસ વિલાયતથી મંગાવેલાં છે. છતાં કિમ્મત માત્ર સાડાચાર રૂપિયા. દેશાવરના ગ્રાહકોને પોષ્ટેજ જુદું આપવું પડશે.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર.
ત્રણદરવાજા—અમદાવાદ.

મણિરત્નમાલા.

(લખનાર કલ્યાણજી રણછોડજી વ્યાસ.)

આ ગ્રન્થ મહાગહન છે. તેના ઉપદેશ કરવામાં ગુરૂને પણ પરિશ્રમ પડે તેમ છે. અને ગુરૂ ઉપદેશ આપે; તોપણ સંસ્કૃત ભાષાનાં સમ્પૂર્ણ જ્ઞાન વગર તેનો યથાર્થ ઉપદેશ ગ્રહણ કરી શકાય તેમ ન હોવાથી, એ ગ્રન્થનું શુદ્ધ-સરલ ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે. જેથી અધિકારી વર્ગને સમજવું સુગમ થઇ પડે તેમ છે. પુંઠાં વિલાયતથી મંગાવેલાં છે. કિમ્મત એક રૂપિયો પોષ્ટેજ નિરાળું.

સતી-તારામતી.

આ સદ્ગુણના ભંડાર અને પતિ સેવા પરાયણ મહારાજા **હરિશ્ચન્દ્રની** પત્નિના નામથી કયો સહૃદય અજાણ હશે. સતિ-તારામતિના વૃત્તાંતનું ટુંક અને સુબોધક પુસ્તક અમારા તરફથી શુદ્ધ-સરળ ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવ્યું છે. કહોકે આવી મહાપતિવ્રતા તારામતિનું વૃત્તાંત વાંચવાની કયા સહૃદયને તથા કવિ આર્યમહિલાને જીજ્ઞાસા નહિ થાય. તારામતિના વૃત્તાંતથી આર્યમહિલાઓને નાનાપ્રકારનું શિક્ષણ મળે છે. માટે પ્રત્યેક સમજુ નરે પોતાનાં કુટુંબનાં શ્રેયાર્થે આ પુસ્તક ગનતી તાકીદે ખરીદવું ઘટે છે. કિમ્મત ૦-૪-૦

સતીદમયન્તી.

સતી દમયન્તી—આ પુસ્તક પ્રત્યેક ગૃહસ્થે ઘરમાં રાખવા લાયક છે. આ પુસ્તક સ્ત્રીઓને વાસ્તવિક પતિવ્રત ધર્મ શિખવનાર છે સંકટ સમયે ધૈર્યનું શિક્ષણ આપનાર આના જેવું બીજું એક પણ પુસ્તક નથી, માટે પ્રત્યેક સદ્ગૃહસ્થે આ પુસ્તકનો અવશ્યલાભ લેવા ચુકવું નહિ. કિમ્મત ૦-૪-૦